ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ / 1217 / 170-179 / છ, તા. 15/03/2017

# ગુજરાતી

## (પ્રથમ ભાષા)

## ધોરણ 10

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો, વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક**

તમસો મા જ્યોતિર્ગમય
ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સૅક્ટર 10-એ, ગાંધીનગર- 382010

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે.
આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**
શ્રી મનસુખ સલ્લા

**લેખન-સંપાદન**
ડૉ. રમેશ પંડ્યા (કન્વીનર)
ડૉ. પિંકીબહેન પંડ્યા
ડૉ. અજયસિંહ ચૌહાણ
શ્રીમતી હેતલબહેન નાયક
ડૉ. સંતોષ દેવકર
ડૉ. રામદેવસિંહ ગોહિલ
ડૉ. અંજનાબહેન મોદી
શ્રીમતી ભારતીબેન જાની

**સમીક્ષા**
ડૉ. યોગેન્દ્ર વ્યાસ
ડૉ. નરેશ કે. શ્રીમાળી
શ્રી હિનાબહેન શુક્લ
શ્રીમતી પુષ્પાબહેન જે. જોશી
ડૉ. રાજેશ વણકર
શ્રી લલિતભાઈ બગડા
શ્રી જસુબહેન પરમાર
શ્રી તળશી એમ. મકવાણા
શ્રી લાલજીભાઈ એ. પરમાર
શ્રી તખુભાઈ સાંડસુર
શ્રી ધરમસિંહ પરમાર
શ્રી મંગળદાસ મકવાણા
શ્રી મીનાબહેન બ્રહ્મભટ્ટ

**સંયોજન**
ડૉ. ક્રિષ્ના દવે
(વિષય-સંયોજક : અંગ્રેજી)

**નિર્માણ-સંયોજન**
શ્રી હરેન શાહ
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચિયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

એન. સી. ઈ. આર. ટી. દ્વારા તૈયાર કરવામાં આવેલા નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમોના અનુસંધાનમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરે રાજ્યના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાના વિવિધ વિષયોના નવા અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. જેને ગુજરાત સરકારના શિક્ષણવિભાગ દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમના પરિપ્રેક્ષ્યમાં તૈયાર કરાયેલા જુદા જુદા વિષયોના નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ **ધોરણ 10, ગુજરાતી (પ્રથમ ભાષા)**નું આ પાઠ્યપુસ્તક આ સ્તરે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરતાં આનંદ થાય છે. લેખક-સંપાદક સભ્યશ્રીઓએ આ પાઠ્યપુસ્તકની હસ્તપ્રતની નિર્માણ-પ્રક્રિયામાં પૂરતી કાળજી લીધી છે. લેખક-સંપાદકોએ રાજ્યનાં પાઠ્યપુસ્તકો વધુ ગુણવત્તાસભર બનાવવા માટે ખૂબ જ જહેમત ઉઠાવી છે.

આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરતાં પહેલાં આ હસ્તપ્રતની શિક્ષણકાર્ય કરતાં શિક્ષકો-તજ્જ્ઞો દ્વારા સર્વાંગીણ સમીક્ષા કરાવવામાં આવી છે. સમીક્ષાના સુધારા-વધારા આમેજ કરવામાં આવ્યા છે. તેમ જ મંજૂરી-ક્રમાંક-પ્રક્રિયા દરમિયાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરે કરેલ ચકાસણી-અહેવાલ બાદ મળેલા સુધારા-વધારા આમેજ કરી આ પાઠ્યપુસ્તકની આખરી પ્રત તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

નવા અભ્યાસક્રમમાં ભાષા-અભિવ્યક્તિ અને લેખન અંગેની વિગતો દ્વારા વિદ્યાર્થીઓ ભાષાની ખૂબીઓ સમજે અને વધુ મહાવરો કરે તથા તેમની સંવેદનશીલતા કેળવાય તેવી કૃતિઓ પસંદ કરવા અંગે પૂરતું ધ્યાન આપ્યું છે. શિક્ષક વર્ગખંડમાં કૃતિ રજૂ કરતી વખતે કઈ કઈ કાળજી લે તે અંગેની વિગતો પણ આ વખતે ઉમેરવામાં આવી છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે પૂરતી કાળજી લીધી છે તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પાઠ્યપુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો હરહંમેશ આવકાર્ય છે.

**પી. ભારતી (IAS)**
નિયામક — કાર્યવાહક પ્રમુખ
તા. 04-11-2019 — ગાંધીનગર

**પ્રથમ આવૃત્તિ : 2017, પુનઃ મુદ્રણ : 2018, 2019, 2020**

**પ્રકાશક** : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી પી. ભારતી, નિયામક
**મુદ્રક** :

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે, તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-(ક)

# અનુક્રમણિકા


| | | | | |
|---|---|---|---|---|
| 1. | વૈષ્ણવજન | (પદ) | નરસિંહ મહેતા | 1 |
| 2. | રેસનો ઘોડો | (નવલિકા) | વર્ષા અડાલજા | 4 |
| 3. | શીલવંત સાધુને | (ભજન) | ગંગાસતી | 11 |
| 4. | ભૂલી ગયા પછી | (એકાંકી) | રઘુવીર ચૌધરી | 14 |
| ● | **વ્યાકરણ : એકમ-1 ધ્વનિશ્રેણી, જોડણી, સંધિ, સમાસ** | | | 22 |
| 5. | દીકરી | (ગઝલ) | અશોક ચાવડા 'બેદિલ' | 40 |
| 6. | વાઈરલ ઈન્ફેક્શન | (નિબંધ) | ગુણવંત શાહ | 43 |
| 7. | હું એવો ગુજરાતી | (ગીત) | વિનોદ જોશી | 48 |
| 8. | છત્રી | (હાસ્યનિબંધ) | રતિલાલ બોરીસાગર | 51 |
| ● | **વ્યાકરણ : એકમ-2 સંજ્ઞા, વિશેષણ, ક્રિયાવિશેષણ અને તેના પ્રકારો** | | | 56 |
| 9. | માધવને દીઠો છે ક્યાંય ? | (ઊર્મિગીત) | હરીન્દ્ર દવે | 70 |
| 10. | ડાંગવનો અને... | (નિબંધ) | મહેન્દ્રસિંહ પરમાર | 73 |
| 11. | શિકારીને | (ઊર્મિકાવ્ય) | કલાપી | 77 |
| 12. | ચોપડાની ઈન્દ્રજાળ | (આત્મકથાખંડ) | ચંદ્રકાંત પંડ્યા | 80 |
| ● | **વ્યાકરણ : એકમ-3 વાક્યપ્રકારઃ કર્તરિ, કર્મણિ, ભાવે અને પ્રેરક; વાકયરૂપાંતર** | | | 86 |
| 13. | વતનથી વિદાય થતાં | (સૉનેટ) | જયંત પાઠક | 94 |
| 14. | જન્મોત્સવ | (નવલિકા) | સુરેશ જોષી | 97 |
| 15. | બોલીએ ના કાંઈ | (ગીત) | રાજેન્દ્ર શાહ | 102 |
| 16. | ગતિભંગ | (લઘુકથા) | મોહનલાલ બા. પટેલ | 105 |
| ● | **વ્યાકરણ : એકમ-4 અંલકાર** | | | 108 |
| 17. | દિવસો જુદાઈના જાય છે | (ગઝલ) | 'ગની' દહીંવાલા | 113 |
| 18. | ભૂખથીય ભૂંડી ભીખ | (નવલકથાખંડ) | પન્નાલાલ પટેલ | 116 |
| 19. | એક બપોરે | (ઊર્મિકાવ્ય) | રાવજી પટેલ | 123 |
| 20. | વિરલ વિભૂતિ | (ચરિત્રનિબંધ) | આત્માર્પિત અપૂર્વજી | 125 |
| ● | **વ્યાકરણ : એકમ-5 છંદ** | | | 130 |
| 21. | ચાંદલિયો | (લોકગીત) | - | 138 |
| 22. | હિમાલયમાં એક સાહસ | (પ્રવાસ) | જવાહરલાલ નહેરુ | 141 |
| 23. | લઘુકાવ્યો | (દુહા-મુક્તક-હાઈકુ) | રઈશ મણિયાર, બરકત વીરાણી, મુરલી ઠાકુર, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ | 145 |
| 24. | ઘોડીની સ્વામીભક્તિ | (લોકકથા) | જોરાવરસિંહ જાદવ | 150 |
| ● | **એકમ-6 લેખનકૌશલઃ અર્થવિસ્તાર, અહેવાલલેખન, સંક્ષેપીકરણ, નિબંધ** | | | 155 |


**● પૂરક વાચન ●**


| | | | | |
|---|---|---|---|---|
| 1. | બહાદુર બાળકો | (પ્રેરક પ્રસંગો) | સંકલિત | 160 |
| 2. | નદીવિયોગ | (લલિત નિબંધ) | પ્રફુલ્લ રાવલ | 162 |
| 3. | તારે પગલે | (ઊર્મિકાવ્ય) | રવીન્દ્રનાથ ટાગોર | 164 |
| 4. | મારી બા | (ચરિત્ર) | શરીફા વીજળીવાળા | 165 |
| 5. | વીરભૂમિ | (એકાંકી) | અરવિંદ પંડ્યા | 169 |


●

# 1 વૈષ્ણવજન



**નરસિંહ મહેતા**

**(સમયઃ ઈ.સ. પંદરમી સદી)**

નરસિંહ મહેતાનો જન્મ ભાવનગર જિલ્લાના તળાજામાં થયો હતો. તેમની કર્મભૂમિ જૂનાગઢ હતી. તેમના જીવન વિશે આધારભૂત વિગતો મળતી નથી. તેઓ 'આદિકવિ' તરીકે જાણીતા છે. તેઓ ઉત્તમ ઊર્મિકવિ છે. તેમની 'શામળશાનો વિવાહ', 'હાર', 'હૂંડી', 'મામેરું', 'શ્રાદ્ધ' જેવી ચરિત્રાત્મક કાવ્યરચનાઓ છે. એમનાં પદ 'પ્રભાતિયાં' તરીકે જાણીતાં છે. 'ચાતુરીઓ', 'હિંડોળાનાં પદ', 'વસંતનાં પદ', 'કૃષ્ણલીલાનાં પદ' વગેરે તેમની રચનાઓ છે. એમનાં પદોમાં ઉપનિષદ્‌વાણીનું ભાષાબળ છે.

ભક્તકવિ નરસિંહ મહેતાનાં અનેક પદો સદીઓથી ગુજરાતની પ્રજાના હૈયે અને હોઠે વસેલાં છે. 'વૈષ્ણવજન' પદ ગાંધીજીને અતિ પ્રિય હતું. એ કારણે ગુજરાત બહાર ભારત અને વિશ્વમાં પણ આ પદ જાણીતું થયું છે. આ પદમાં વૈષ્ણવજન એટલે કે સાદી ભાષામાં જેને ભગવાનનો માણસ અથવા સજ્જન કહીએ છીએ, એનાં લક્ષણો બતાવવામાં આવ્યાં છે. જે બીજાનું દુઃખ જાણે, કોઈની પર ઉપકાર કરે છતાં મનમાં અભિમાન ન રાખે, બધાંને માન આપે, કોઈની નિંદા ન કરે, મન-વચન-કર્મથી શુદ્ધ હોય, બધાં તરફ સમભાવ રાખનાર હોય, પરસ્ત્રીને માતાની દૃષ્ટિથી જુએ, અસત્ય વચન ન બોલે, બીજાના ધનને હાથ પણ ન અડાડે, મોહ-માયા ત્યાગી દીધાં હોય અને મનમાં વૈરાગ્ય ધારણ કર્યો હોય, લોભ-કપટ-કામ-ક્રોધરહિત હોય તે ખરો સજ્જન છે. એવા માણસના દર્શનથી આપણી ઈકોતેર પેઢી તરી જાય.

---

વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે.

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ, કાછ, મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે.

સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્‌વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે.

મોહ માયા વ્યાપે નહિ તેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામ શું તાળી રે લાગી, સકળ તીરથ તેના તનમાં રે.

વણલોભી ને કપટરહિત છે, કામ-ક્રોધ નિવાર્યા રે;
ભણે નરસૈંયો તેનું દરશન કરતાં, કુળ ઈકોતેર તાર્યાં રે.

**('નરસિંહ મહેતાનાં શ્રેષ્ઠ પદ'માંથી)**

## શબ્દ-સમજૂતી

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**જન**-માણસ, વ્યક્તિ; **સકળ**-બધું, સઘળું; **પીડ**-પીડા, દુઃખ; **પરાયું**-બીજાનું, પારકું; **તૃષ્ણા**- લાલસા, ઈચ્છા; **જનની**-જન્મ આપનારી માતા, જનેતા; **જિહ્‌વા**-જીભ, (અહીં) વાણી; **તન**-શરીર, દેહ; **વણલોભી**-લોભ વિનાનું

## તળપદા શબ્દો

**આણે**-લાવે; **વાચ**-વાણી; **કાછ**-કાછડી, (અહીં) ચારિત્ર્ય; **ધન**-ધન્ય, ભાગ્યશાળી; **નવ**-ના, નહીં **ભણે**-કહે,બોલે; **ઝાલે**-પકડે, લે; **કેની**-કોઈની

## વિરુદ્ધાર્થી શબ્દો

**ઉપકાર**×અપકાર; **અસત્ય**×સત્ય; **વણલોભી**×લોભી; **અભિમાન**×નિરભિમાન

## રૂઢિપ્રયોગ

**તાળી લાગવી** એકતાન થવું

## શબ્દસમૂહ માટે એક શબ્દ

**લોભ વગરનું** વણલોભી; **સમાનદૃષ્ટિ રાખનાર** સમદૃષ્ટિ

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :**

(1) નીચેનામાંથી કઈ બાબત વૈષ્ણવજનને લાગુ પડતી નથી ?

(A) બીજાના દુઃખને સમજી શકે છે. (B) નિરભિમાની હોય છે.

(C) અભિમાની હોય છે. (D) કોઇની પણ નિંદા કરતા નથી.

(2) વાચ, કાછ, મન નિર્મળ રાખે એટલે...

(A) વાણી, ચારિત્ર્ય અને મનને કપટથી દૂર રાખે

(B) વાણી, કાયા અને મનને કપટી બનાવે

(C) વાણી, ચારિત્ર્ય અને મનને સ્થિર રાખે

(D) વાણી, કાયા અને મનને ચંચળ રાખે

**2. એક - એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) ''સકળ તીરથ તેના તનમાં રે'' - પંક્તિનો અર્થ જણાવો.

(2) મોહમાયા કોને સ્પર્શી શકતાં નથી ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ લીટીમાં જવાબ આપો :**

(1) કોનાં દર્શન કરવાથી એકોતેર પેઢી તરી જાય છે ?

(2) પરસ્ત્રી જેને માત રે - પંક્તિ સમજાવો.

**4. નીચેના પ્રશ્નોના સાત - આઠ લીટીમાં જવાબ આપો :**

(1) નરસિંહ મહેતા વૈષ્ણવજનનાં કયાં - કયાં લક્ષણો જણાવે છે ? તમારા શબ્દોમાં વર્ણવો.

**5. નીચેની કાવ્યપંક્તિ સમજાવો :**

''વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઇ જાણે રે,
પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે,''

## ભાષા-અભિવ્યક્તિ

● કવિએ આ કાવ્યમાં જાણે, માણે, કેની, તેની, મનમાં, તનમાં, નિવાર્યાં, તાર્યાં જેવા પરિચિત શબ્દોથી અંત્યાનુપ્રાસ રચ્યો છે. તેની સાથે 'રે'નો વિનિયોગ કાવ્ય પંક્તિઓમાં લયનો હિલ્લોળ મૂકી દે છે. લયને કારણે કાવ્ય વધુ અસરકારક બન્યું છે.

● કવિએ વૈષ્ણવજન કેવા હોય ? - એ બાબત સમજાવતાં કહ્યું છે 'મન અભિમાન ન આણે', 'પરધન નવ ઝાલે હાથ', 'મોહમાયા વ્યાપે નહિ' અહીં નકાર માટેની ત્રણ વિવિધતા ન, નવ, નહિ - થી દર્શાવાઈ છે જે તમે નોંધ્યું હશે.

● અંતિમ પંક્તિઓમાં નકાર સૂચવવા 'વણ' અને 'રહિત' શબ્દોનો પ્રયોગ થયો છે.

## વિદ્યાર્થીની પ્રવૃત્તિ

● પ્રાર્થનાસભામાં 'પ્રભાતિયાં ગાન'નો કાર્યક્રમ રાખો.

- વૈષ્ણવજન પદ કંઠસ્થ કરો.

● પ્રવાસ આયોજનમાં જૂનાગઢ, તળાજા, ગોપનાથની મુલાકાત ગોઠવો અને નરસિંહ મહેતાના જીવન સાથે સંકળાયેલી બાબતોની વિશેષતા સમજો.

● નરસિંહ મહેતાનાં પદોની ઓડિયો - વીડિયો સીડી મેળવીને કે યુ-ટ્યૂબ જેવા માધ્યમનો ઉપયોગ કરી વર્ગખંડમાં તે સાંભળવાનું ગોઠવો.

## શિક્ષકની ભૂમિકા

વૈષ્ણવજન એટલે હરિનો માણસ (ભક્ત) કેવો હોય તેનાં લક્ષણો નરસિંહ મહેતાએ આ ભજનમાં દર્શાવ્યાં છે. વિદ્યાર્થીઓમાં આવા વૈષ્ણવજનના ગુણોનો આવિર્ભાવ થાય તે માટે શિક્ષકે સ્વયં આચરણ કરી વિદ્યાર્થીઓને આદર્શ પૂરો પાડવો.

દયારામનું 'વૈષ્ણવ નથી થયો તું રે' પદ મેળવી બંને કાવ્યોનો તુલનાત્મક પદ્ધતિથી રસાસ્વાદ કરાવી શકાય.

●

| 2 | # રેસનો ઘોડો |
|---|---|



**વર્ષા અડાલજા**

**(જન્મ: 10-4-1940)**

વર્ષા ગુણવંતરાય આચાર્યનો જન્મ મુંબઈમાં થયો હતો. તેમણે આકાશવાણી મુંબઈમાં પ્રવક્તા તરીકે કાર્ય કર્યું હતું. રંગભૂમિ સાથે પણ સંકળાયેલાં હતાં. 'ગાંઠ છૂટ્યાની વેળા', 'અણસાર', 'ખરી પડેલો ટહુકો', 'રેતપંખી', 'મારે પણ એક ઘર હોય' 'ક્રોસ રોડ' એ તેમની નોંધપાત્ર નવલકથાઓ છે. 'એ', 'સાંજને ઉંબર', 'વર્ષા અડાલજાની શ્રેષ્ઠ વાર્તાઓ' તેમના નોંધપાત્ર વાર્તાસંગ્રહો છે. નાટક અને નિબંધમાં પણ તેમનું પ્રદાન છે. તેમને સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને દિલ્હીના ઍવૉર્ડ પ્રાપ્ત થયા છે.

શિક્ષણનો પાયાનો સિદ્ધાંત આનંદ આપવાનો છે. બાળકને સારો માણસ બનાવવાનો છે. વાલીઓની અપેક્ષાઓને કારણે આજનું શિક્ષણ વધુ સ્પર્ધાત્મક બન્યું છે, પરિણામે નાનપણથી જ વધુ ગુણ પ્રાપ્ત કરવાના ભારણને કારણે તેનું બાળપણ છિનવાઈ જાય છે. એ બાબતે લાલબત્તી ધરતી આ વાર્તા છે. બાળકોને પોતાની રીતે વિકસવા દેવાની શીખ આ કૃતિમાંથી મળે છે. ઘડપણમાં માતા-પિતાને પૈસા કરતાં પોતાના સંતાનોના સહારાની વધુ અપેક્ષા હોય છે. ડૉક્ટર બનીને પરદેશ જનાર છોકરા કરતાં દેશમાં રહીને પરિવાર સાથે આનંદથી રહેતો દીકરો કુટુંબ, સમાજ અને દેશ માટે વધુ આવકાર્ય છે એવા ઘણા મુદ્દાઓ પર પ્રકાશ પાડતી આ વાર્તા છે.

---

વિનુકાકા વાતવાતમાં હંમેશાં કહેતા, નિશાન ઊંચું રાખવું જોઈએ. અંકિત પ્લાસ્ટિકની લાંબી ગન, ઉપર ઝુમ્મર તરફ તાકીને પૂછતો, અંકલ આટલું ઊંચું ?

- ચાલ બદમાશ ક્યાંનો !

વિનુકાકા ગન લઈ લેતા, પછી નાનકડા અંકિતને બાજુમાં બેસાડી સમજાવતા. બેટા, સામાન્ય તો બધા ભણે, જીવે પણ લાંબી લાંબી ડિગ્રી મેળવે, હરીફાઈઓમાં ચંદ્રક લાવે, ટી.વી. અખબારમાં ઈન્ટરવ્યૂ અને ફોટા આવે, બસ તબ ક્યા બાત હૈ !

અંકિત થોડું સમજે, ન સમજે. પણ મને અને સંજયને સંતોષ થતો. અંકિતને સલાહ-શિખામણ આપવાની અમારે જરૂર ન રહે. ઘણી વાર બાળકોને મા-બાપની વાતો કચકચ લાગતી હોય છે. જ્યારે વિનુકાકા અંકિત અને એમના પુત્ર સૌરભને જુદી જુદી રમતો રમાડે, ચૉકલેટ આપે અને પછી આવી બધી વાતો કરે. બંનેની ઉંમરમાં ઝાઝો ફરક નહોતો. સાંજે માથે બેસીને હોમવર્ક પણ કરાવે પછી ટી.વી. પર નૅશનલ જ્યોગ્રાફિક કે ડિસ્કવરી ચૅનલ મૂકે. મંજુકાકી ઘણીવાર કંટાળી જતાં.

- તમે તો છોકરાંને જાણે જેલમાં પૂર્યા છે. રમવા જવા દો ને ! એની ઉંમરનાં છોકરાંઓ સાથે જરા ભળવા તો દ્યો. બાળક છે.

- સામાન્ય છોકરાંઓ સાથે રમીને એને શી પ્રાપ્તિ થવાની છે ?

- નિર્ભેળ, નિર્દોષ આનંદની.

- જો અત્યારે એના ચહેરા પર આનંદ જ છે ને !

- કપાળ તમારું. એ આનંદ આઈસ્ક્રીમનો છે. ચોવીસ કલાક ચોકી કરશો એટલે છોકરો ભણેશરી થઈ જવાનો છે ?

- મંજુ, મૂર્તિને કંડારવી પડે છે. દુનિયા તેજ ગતિથી દોડી રહી છે. તીવ્ર હરીફાઈ છે બધાં ક્ષેત્રમાં.

- તો ?

- અરે તો ? લક્ષ્યાંક પર પહોંચવું હોય તો ઘોડો દોડાવવો પડશે મંજુ. હારી ગયેલાનો કોઈ ભાવ પૂછતું નથી.

- હે ભગવાન ! તમારા ભેજામાં ક્યાંથી આ ભૂસું ભરાયું છે ? ગયે મહિને એસ.એસ.સી.નું પરિણામ આવ્યું. ઝૂંપડપટ્ટીનો છોકરો પહેલો આવ્યો કે નહીં !

- તારી સાથે માથાકૂટ નક્કામી છે. આવતા મહિનાથી સૌરભના કમ્પ્યૂટર ક્લાસ શરૂ થશે.

મંજુકાકી વીફર્યાં.

- અત્યારથી પાંચમા ધોરણથી ક્લાસ ? સૌરભ, ના પાડી દે બેટા પપ્પાને, જોઉં છું કેમ તને પરાણે લઈ જાય છે ?

સૌરભે તરત કહી દીધું.

- ના મમ્મી મારે કમ્પ્યૂટર શીખવું જ છે, પછી ક્લાસમાં મારો વટ પડી જશે.

મંજુકાકીએ બે હાથ જોડ્યા.

- હે માતાજી ! બાપ-દીકરા બેયને સાથે સદ્બુદ્ધિ આપજે.

એ સાંજે વિનુકાકા ઘરે આવ્યા. આમ તો એક જ મકાનમાં ઉપર-નીચે અમે રહીએ અને સૌરભ સાથે અંકિતનેય ઘણી વાર એ ભણાવે એટલે એમના આવવાની નવાઈ નહોતી. પણ આજે તો એ ખાસ આવ્યા હતા. એમનો આગ્રહ હતો કે સૌરભની સાથે અમારે અંકિતનેય કમ્પ્યૂટરના ક્લાસમાં દાખલ કરવો.

હું અને સંજય ખુશ થયા. વિચાર સરસ હતો, જોકે ફી ઘણી વધારે લાગી. પણ સંતાનના ભવિષ્ય માટે થોડી વધુ મહેનત કરીશું વિચારી અમે પણ સંજયને કમ્પ્યૂટર ક્લાસમાં દાખલ કર્યો. અઠવાડિયામાં ત્રણ દિવસ સાંજે બે કલાક અને રવિવારે ચાર કલાક. જોકે અંકિત નારાજ હતો પણ બાળક પોતાનું ભલુંબૂરું ક્યાંથી સમજી શકે ? ઘરથી નજીકના બાલમંદિરમાં હું સાંજે ગરીબ વસ્તીનાં બાળકોને ભણાવતી હતી. એ કામ માટે પગારનો તો કોઈ સવાલ જ નહોતો. હું ખૂબ ઉમળકાથી એમને ભણાવતી હતી. એ બાળકો પણ મારી સાથે હળી ગયાં હતાં. તોય ભારે હૃદયે મેં એ કામ છોડી દીધું અને અંકિતની ફી માટે ટ્યુશન કરવા લાગી.

હું સંજયને ઘણી વાર કહેતી, આપણે કેટલાં નસીબદાર છીએ કે વિનુકાકા આપણા પાડોશી છે ? સૌરભ સાથે અંકિતનુંય ઘડતર થઈ રહ્યું છે.

- શેનું ઘડતર નીનાબહેન ?

એક દિવસ મંજુકાકીએ રીતસર મારી પર હલ્લો કર્યો.

- આ ટાંકણાં ટોચી ટોચીને બિચારા જીવને શી પીડા થાય છે તે તમને નથી દેખાતી ?

- જુઓ મંજુબહેન, આપણે મધ્યમ વર્ગનાં માણસ. તમારી - મારી કોઈ ઇન્ડસ્ટ્રી નથી કે દીકરાને સીધો ઍરકન્ડિશન્ડ કૅબિનમાં બેસાડી દઈએ. અત્યારથી મહેનત નહીં કરીએ તો એ લોકો આગળ કેમ આવશે ?

મંજુબહેનની આંખ ભીની થઈ ગઈ.

- તમારી વાત હું નથી સમજતી ? હું મા છું, દુશ્મન તો નથી ને ?

- તો પછી...

- પણ ખરું પૂછો તો હું એકલી પડી ગઈ છું. એ બાપ-દીકરાની જાણે અલગ દુનિયા છે અને હું માત્ર ઉંબરે ઊભી છું. મારા દીકરાને રેસના ઘોડાની જેમ દોડાવે છે.

- વિનુકાકાને તમારે માટે ખૂબ લાગણી છે.

- નહીં જાણતી હોઉં ? પણ કોણ જાણે મનમાં ઊંડે ઊંડે ખોટું લાગે છે.

- અરે ના, ના મંજુકાકી, થોડા વખતમાં બધું ઠીકઠાક થઈ જશે.

- તો તમારા મોંમાં ઘી-સાકર. લ્યો જાઉં ?

મંજુકાકી ઉતાવળે ગયાં પણ મારા મનમાં પ્રશ્નાર્થ મૂકી ગયાં. મંજુકાકીનું આવું વિચારવું ઠીક હતું ? હું તૈયાર થવા લાગી. અમારા ઘરથી થોડે દૂર નાનો બગીચો છે. સંજયને ઑફિસેથી આવતાં મોડું થવાનું હોય ત્યારે હું અને અંકિત... સાડીની પાટલી હાથમાં જ રહી ગઈ. કેટલા વખતથી અંકિત તો રમવાના વખતે મારી સાથે બગીચામાં રમવા આવ્યો જ નથી ! હીંચકા ખાવા તો એને ખૂબ ગમે. શનિ-રવિમાં દરિયાકાંઠે અચૂક જવાનું જ. અમે ત્રણ સાથે મળી રેતીમાં ઘર બનાવીએ પછી કુલફીની લિજ્જત. હું અરીસામાં મને જોઈ રહી. આ કોનું પ્રતિબિંબ હતું ? કે પછી હું... હું બદલાઈ ગઈ હતી ?

બારણે ઉપરાછાપરી ઘંટડી વાગી. સાડી જેમતેમ વીંટાળી દઈ મેં બારણું ખોલ્યું તો અંકિત. એકદમ નિમાણો એનો ચહેરો. ગભરાઈને મેં એને કપાળે હાથ મૂક્યો તો શરીર ગરમ. મેં એને તેડી લીધો, જલદી કપડાં બદલાવી સુવડાવી દીધો. દવા આપી, અને માથે હાથ પસવારતી બેસી રહી. અંકિત થોડી વારમાં તો ઘસઘસાટ ઊંઘી ગયો.

ફરી ઘંટડી. બારણું ખોલ્યું તો વિનુકાકા અને સૌરભ.

- અંકિત હજી શાળાએથી આવ્યો નથી ? કમ્પ્યૂટર ક્લાસમાં જવાનું મોડું થાય છે.

- આજે ક્લાસમાં નહીં આવે. એને તાવ છે વિનુકાકા.

- દવા આપી ને ? બસ ત્યારે. મોકલો. આપમેળે સારું થઈ જશે. ચાલો હું જ ઉઠાડું!

તરત મેં કહ્યું,

- ના કાકા, ક્લાસ ક્યાં જવાના છે ? આજે નહીં તો કાલે. પણ તાવમાં અંકિતને નહીં મોકલું. કાલે શાળાએ પણ નહીં.

નવાઈ પામી એ મને જોઈ રહ્યા.

- નીનાબહેન, તમે તો અંકિતને માયકાંગલો કરી મૂકશો. ચાલો, ઉઠાડો જોઉં. અત્યારથી પંપાળશો તો ભવિષ્યમાં કરશે શું ?

- એને મોટા થઈને ભવિષ્યમાં જે કરવું હોય તે ત્યારે એ નક્કી કરશે. પણ તાવમાં તો હું એને નહીં જ મોકલું !

વિનુકાકા કદાચ અંદર આવી જાય એ ડરથી બારણામાં જ ઊભા રહી મેં મક્કમતાથી કહ્યું, એ નારાજ થયેલા લાગ્યા. પણ હું તો કશું બોલી નહીં. એ ચાલી ગયા. હું સાંજની રસોઈમાં પરોવાઈ ત્યાં મેં ટી.વી.નો અવાજ સાંભળ્યો, નવાઈ પામી હું બહાર આવી. જોયું તો અંકિત ટી.વી. પરના કોઈ ગીતને રસપૂર્વક જોઈ રહ્યો હતો.

- અરે અંકિત બેટા, તારી તબિયત સારી નથી. તું આરામ કર જોઉં.

એણે હસીને કહ્યું,

- હવે મને સારું છે મમ્મી.

મેં કપાળે હાથ મૂક્યો તો તાવ ગાયબ. એણે મારો હાથ પકડ્યો. લાડથી કહ્યું,

- ચાલ ને મમ્મી ! ઘણા વખતથી આપણે બગીચામાં ગયાં નથી.

- પણ પછી તને તાવ અને તારું હોમવર્ક...

- હવે તાવ ઊતરી ગયો છે.

અમે બંને બગીચામાં ગયાં. એ સાંજે અંકિતે ખૂબ હીંચકા ખાધા.

કમ્પ્યૂટર ક્લાસમાં પરીક્ષા થઈ. અંકિત માંડ પાસ થયો, સૌરભને સર્ટિફિકેટ ઑફ મેરિટ મળ્યું. એ સાંજે સંજય અંકિત પર પહેલી વાર ગુસ્સે થયો. વિનુકાકા આવ્યા. ઠપકાના સૂરે કહેવા લાગ્યા,

- આ બધું તમારા લાડનું પરિણામ છે નીનાબહેન. હવે આ વખતે હું જ ધ્યાન રાખીશ.

કશું વિચારું એ પહેલાં મેં તરત કહ્યું,

- ના વિનુકાકા, હવે મારે અંકિતને કોઈ ક્લાસ કરાવવા નથી.

- અરે પણ એમ તે હોય ? એક વાર ઓછા માર્ક આવ્યા એમાં...

- એટલા માટે નહીં. પણ જરા મોટો થાય ત્યારે અમે એને જ પસંદ કરવા દઈશું કે એણે શું કરવું છે.

એ રાત્રે સંજય પણ મારા પર નારાજ થઈ ગયો.

- તું જાણે છે નીના, મારા સંજોગો એવા હતા કે હું જિંદગીમાં બહુ આગળ ન આવી શક્યો. અંકિત માટે હું બધું કરી છૂટવા તૈયાર છું.

- તમે એને એક ચીજ આપશો ? અંકિત પણ ખુશ, હું પણ ખુશ !

- જરૂર. પણ મોંઘી તો નથી ને ?

- ખૂબ કીમતી છે. પણ તમારે રોકડા ચૂકવવા નહીં પડે !

- એટલે ?

- અંકિતને એનું શૈશવ આપો, સંજય !

સાંજે ઘણી વાર હું અને અંકિત બગીચામાં જતાં, ત્યાં એને હીંચકા ખાતો, બીજાં બાળકો સાથે રમતો જોતાં મને થતું, ના, મારો નિર્ણય સાચો છે.

પણ એમ કંઈ વિનુકાકા અંકિતને છોડે એમ નહોતા. વિનુકાકા સૌરભને ભણાવે ત્યારે અંકિતને લઈ જતા. પણ મને સ્પષ્ટ દેખાતું કે એ નારાજ થઈ જતો. સંજયના ધ્યાનમાં પણ આ વાત આવી. એક રવિવારની સાંજે અમે દરિયાકિનારે અંકિત સાથે ખૂબ રમ્યાં. પાણીમાં ભીંજાયાં પછી આઈસ્ક્રીમ ખાતાં ખાતાં એને પૂછ્યું,

- બેટા અંકિત ! તારે વિનુકાકા પાસે કેમ નથી ભણવું ? એ કહેતા હતા કે તું ભણવામાં ધ્યાન નથી આપતો !

સૂર્યાસ્ત થઈ ગયો હતો અને હળવે હળવે અંધકાર ઊતરી રહ્યો હતો. હાથમાંનો ફુગ્ગો એણે છોડી દીધો અને એને દૂર સુધી હવામાં ઊડતો જોઈ રહ્યો. પછી અચાનક એ જોરથી બોલ્યો.

- મને વિનુકાકા જરાય નથી ગમતા.

અમે બંને આઘાતથી એને જોઈ રહ્યાં. આવો ધિક્કાર અંકિતમાં અમે કદી જોયો ન હતો. પછી ધીમે ધીમે મંજુકાકી પાસેથી મને ખબર પડી.

- નીનાબહેન, મારું માનો તો અંકિતને મારે ત્યાં ભણવા મોકલતાં જ નહીં. મારા વરને અક્કલ નથી. વારે વારે અંકિતને ઉતારી પાડે. બિચારો કુમળો જીવ. એમ તો મારા સૌરભનેય ન છોડે. પણ તમે માનશો ? અમે ત્રણેય જણાંએ ભેગાં બેસીને નિરાંતે ખાધું નથી.

અને અમે અંકિતને વિનુકાકાને ત્યાં ભણવા મોકલવાનું બંધ કર્યું. વિનુકાકા ધૂંઆપૂંઆ થયા. લડ્યા. પણ અમે મક્કમ રહ્યાં. અંકિત પહેલેથી જ નબળા બાંધાનો છે. આ એક વરસ જવા દ્યો. આવતા વરસથી વાત. હજી તો પાંચમું ધોરણ છે. એવી શી ચિંતા છે !

એ વર્ષે સૌરભને શાળાના શ્રેષ્ઠ વિદ્યાર્થીનું શિલ્ડ મળ્યું અને અંકિત સાતમે નંબરે પાસ થયો. પરિણામ તો અમે પહેલેથી જ જાણતાં હતાં એટલે અમે પહેલેથી થોડા દિવસ બહારગામ જવાનો કાર્યક્રમ ગોઠવી રાખેલો. એક નાના હિલસ્ટેશન પર સંજયે સૅનેટોરિયમમાં બુકિંગ કરાવ્યું હતું. અમે ત્રણે જણાં ખૂબ ફર્યા. ટ્રેકિંગ કર્યું. એના ઉત્તીર્ણ થવાની ખુશાલીમાં મેં એને રામાયણ-મહાભારતની બાળકથાઓનાં પુસ્તકો ભેટ આપેલાં. વાંચવાનો એવો નાદ લાગ્યો કે એણે બધાં જ પુસ્તકો બબ્બે વાર વાંચી નાંખ્યાં.

અમે ચિંતામાં હતાં કે અંકિત અને સૌરભને જુદા પાડવા શાળા બદલીએ તો સારું. ત્યાં તો બંનેના વર્ગ જુદા થવાથી અમને મોટી હાશ થઈ ગઈ.

અંકિત પણ આનંદમાં રહેવા લાગ્યો. જાણે મુઠ્ઠીઓ વાળી સતત દોડવામાંથી એનો છુટકારો થઈ ગયો.

પછી આખી વાત પરથી અમારું ધ્યાન હટી ગયું. મને દિવસો હતા અને મારી તબિયત સારી રહેતી ન હતી. હું તો શરૂઆતમાં ખૂબ ઉદાસ રહેતી હતી પણ અંકિત તો ખુશ ખુશ ! મારી ખૂબ કાળજી રાખે. સાંજે સ્કૂલેથી આવી પોતાની મેળે જ દૂધ પી લઈ જલદી હોમવર્ક કરી લે, પછી સાંજની રસોઈમાં મને મદદ કરે. વિનુકાકા એ દૃશ્ય જોઈ ગયેલા. એથી તો એમની નારાજી ખૂબ વધી ગઈ. અને હવે તો એક બિલ્ડિંગમાં રહેવા છતાં એ લિફ્ટમાં મળી જાય એ પૂરતો જ સંબંધ રહ્યો હતો. હા, મંજુકાકી બપોરે ડોકિયું કરતાં, મારા માટે અચૂક ગરમ નાસ્તો લાવતાં. સૌરભ સીડીનું એક એક પગથિયું ચડી રહ્યો હતો. તોય એમની આંખમાં વિષાદ ડોકાતો હું જોઈ શકતી.

મને દીકરી જન્મી. અંકિતને ગાંડોઘેલો થતો જોતાં હું અને સંજય હસી પડતાં. અંકિતને એની પર ઓળઘોળ થતો જોઈ મનમાં કોઈ અજબ સુખ અનુભવાતું. મંજુકાકી તો એને રમાડતાં રડી જ પડેલાં. અંકિતે લાડથી એનું નામ પાડ્યું ફોરમ. હજુ તો થોડા મહિનાની હતી અને એને કમળો થઈ ગયો. અમારા સૌના જીવ ઊંચા થઈ ગયા. કમળો મટ્યો ત્યાં આખા શરીરે એને ફોડલીઓ ફૂટી નીકળી.

એ વર્ષે અંકિતનો ક્લાસમાં 31મો નંબર આવ્યો. અમે બે એને વઢી શકીએ એમ પણ નહોતાં, ભણવાનો એને ખાસ સમય જ ક્યાં મળ્યો હતો ?

મંજુકાકી બપોરે વિનુકાકાથી છાની કેક લઈને આવેલાં.

- બેટા, મારી પરીક્ષામાં તો તું પાસ હોં !

ફોરમ બીમાર પડી જતી ત્યારે, એને કે.જી.માં દાખલ કરી ત્યારે કે પછી સંજયને સ્કૂટરનો ગંભીર અકસ્માત થયો ત્યારે અંકિત હંમેશાં મારી સાથે હતો.

એસ.એસ.સી.માં સૌરભને 92 ટકા આવ્યા. અંકિતને 68 ટકા. સૌરભે સાયન્સમાં એડમિશન લીધું, અંકિતે કૉમર્સમાં. મેં અને સંજયે એને સરસ કીમતી ઘડિયાળ ભેટ આપી ત્યારે ઘણા સમયે મેં એના ચહેરા પર ફરી ઉદાસી જોઈ.

- સોરી પપ્પા. તમારા લોકોનું સપનું હું પૂરું ન કરી શક્યો !

મેં કહ્યું:

- તું માત્ર ડિગ્રી મેળવે એ અમારું સપનું નહોતું બેટા. તું એક ઉમદા માણસ બને એવું અમે બંને જરૂર ઇચ્છતાં હતાં અને એ સપનું સાચું પડશે એવી મને શ્રદ્ધા છે !

અગિયાર વર્ષ પછી.

અંકિત એક બૅન્કમાં સરસ નોકરી કરે છે. કિડની ફેઈલ થવાથી સંજયનું મૃત્યુ થયું છે. અંકિતે બૅન્કમાં એની સાથે કામ કરતી નંદા નામની યુવતી સાથે લગ્ન કર્યાં છે. એમને નાનકડો મીઠડો દીકરો છે યશ. ફોરમ બી.એસસી.માં અભ્યાસ કરે છે. સંજયના મૃત્યુ પછી અંકિતે અમને મા-દીકરીને સાચવી લીધાં છે. કોઈ ખોટ પડવા દીધી નથી. ઘણીવાર સાંજે અમે બધાં જ બગીચામાં જઈએ છીએ. યશને મોટા હીંચકા ખાવા ખૂબ ગમે છે.

સૌરભ અમેરિકામાં ડૉક્ટર થયો અને ત્યાંની મોટી હૉસ્પિટલમાં એ કામ કરે છે. ત્યાં એનું નામ ઘણું મોટું છે. વિશાળ બંગલો, કાર બધું જ એની પાસે છે. માત્ર માતાપિતા માટે એની પાસે સમય નથી.

વિનુકાકા-મંજુકાકી શરૂઆતમાં તો પહેલાં હોંશભેર અમેરિકા જતાં. પણ ત્રણ વર્ષ પહેલાં, છેલ્લી વાર પાછાં આવ્યાં, પછી હવે અહીં જ છે. ક્યારેક હું એમને પૂછતી, હવે ક્યારે જશો ? ત્યારે માથું ધુણાવી ચૂપ રહે છે. એમની આંખને ખૂણે બાઝેલું નાનું આંસુ આથમતા સૂરજના કિરણમાં ચમકી ઊઠે છે.

અમે ફરવા જઈએ ત્યારે અંકિત અચૂક એમને સાથે લઈ આવે છે. વિનુકાકા અને મંજુકાકીની ઉંમર જાણે એકદમ વધી ગઈ લાગે છે. કાકીને ગોઠણનો દુખાવો થયો છે. ફોરમનો હાથ પકડીને ધીમે ધીમે ચાલે છે.

બગીચો ખાલી થવા લાગે છે, હલકો અંધકાર ઊતરે છે. અંકિત કાકાનો હાથ પકડી ઉઠાડે છે.

- ચાલો વિનુકાકા, ઘરે જઈશું ?

કાંડે બાંધેલી કીમતી ઘડિયાળમાં જોયા વગર તેઓ કહે છે,

- હા બેટા, ચાલ, બહુ મોડું થઈ ગયું.

**('કોઈ વાર થાય કે'માંથી)**

## શબ્દ-સમજૂતી

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**નિર્દોષ**-દોષ વિનાનું; **ઉમળકો**-હેતનો ઊભરો; **લિજ્જત**-લહેજત, મજા; **માયકાંગલું**-નબળું, માવડિયું

### રૂઢિપ્રયોગ

**ભારે હૃદયે**-દુઃખી હૃદયે; **આંખ ભીની થવી**-લાગણીસભર થવું; **મોંમાં ઘી-સાકર**-સુખદ આભારની લાગણી વ્યક્ત કરવી; **માથું ધુણાવવું**-માથું હલાવી 'હા' કે 'ના'નો ઈશારો કરવો.

## સ્વાધ્યાય

**1. સાચો વિકલ્પ પસંદ કરો.**

(1) વિનુકાકા વાતવાતમાં કહેતા...

(A) નિશાન ઊંચું રાખવું.
(B) નિશાન નીચું રાખવું.
(C) અન્યને નિશાન બનાવવું.
(D) ક્યારેય કોઈ નિશાન ન રાખવું.

(2) અંકિતનાં માતા-પિતાનું સ્વપ્ન હતું કે...

(A) તે માત્ર ડિગ્રીઓ મેળવે.
(B) તે ઉમદા માણસ બને.
(C) તે ડૉક્ટર બને.
(D) તે ખૂબ પૈસાવાળો બને.

**2. એક - એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) અમેરિકામાં રહેતા ડૉક્ટર સૌરભ પાસે કોના માટે સમય નથી ?

(2) અંકિતને પરીક્ષામાં ઉત્તીર્ણ થવાની ખુશીમાં કયાં પુસ્તકો ભેટમાં મળ્યાં હતાં ?

**3. બે-ત્રણ વાક્યમાં ઉત્તર આપો.**

(1) ''બેટા ચાલ, બહુ મોડું થઈ ગયું'' વિનુકાકાના આ વાક્યનો ગૂઢાર્થ સમજાવો.

(2) 'હવે અમેરિકા ક્યારે જશો ?' પ્રશ્નના ઉત્તરમાં વિનુકાકાની પ્રતિક્રિયા તમારા શબ્દોમાં વર્ણવો.

**4. સાત - આઠ લીટીમાં ઉત્તર લખો :**

(1) 'રેસનો ઘોડો' વાર્તાને આધારે બાળકના ઘડતરમાં અડચણરૂપ બનતાં પરિબળોની ચર્ચા કરો.

(2) 'આખરે તો શિક્ષણનું ધ્યેય બાળક ઉમદા માણસ બને તે છે.' આ વિધાન વિગતે સમજાવો.

(૩) 'રેસનો ઘોડો' શીર્ષકની યથાર્થતા ચર્ચો.

## ભાષા-અભિવ્યક્તિ

- ''એમની આંખને ખૂણે બાઝેલું નાનું આંસુ આથમતા સૂરજનાં કિરણમાં ચમકી ઊઠે છે.''

અહીં 'નાનું' અને 'આથમતા' આ શબ્દો વિશેષણો તરીકે વપરાયાં છે. છતાં 'સૂરજ' સાથે વપરાયેલ 'આથમતા' વિશેષણ વાર્તાકથાની દૃષ્ટિએ ખૂબ મોટો ભાર ઉપાડી લે છે. આ એક જ શબ્દ 'અલ્પમાં અધિક' અર્થ સૂચવી દે છે. 'આથમવું' ના અહીં વિવિધ અર્થો સૂચિત થયા છે જેમકે... સૂર્યનું આથમવું, આશા આથમી જવી, વૃદ્ધાવસ્થા આવી જવી, જિંદગી આથમી રહેવી, આનંદ જતો રહેવો વગેરે...

- ''તમારી વાત હું નથી સમજતી ? હું મા છું, દુશ્મન તો નથીને ?

અહીં બે પ્રશ્નાર્થવાક્યો 'નથી' અને 'નથીને' જેવા નકાર સાથે મુકાયા છે છતાં વાક્યનો મૂળ ભાવ હકારાત્મક છે. 'હું સમજું જ છું', 'હું મા છું, તે સમજુ છું.' એવો અર્થ અહીં સૂચિત થયો છે. આવી રચનાથી વાત વધુ અસરકારક રીતે સૂચવાય છે તે ધ્યાનમાં લો.

## શિક્ષકની ભૂમિકા

આજના સમયમાં દરેક વાલી પોતે જીવનમાં જે ન કરી શક્યા હોય તે પોતાના બાળક દ્વારા સિદ્ધ કરવા ઈચ્છતા હોય છે. પોતાનું સંતાન ઊંચા ટકા સાથે પ્રથમ ક્રમે આવે એ માટે વિવેક ચૂકીને બાળક ઉપરનો બોજ વધારતા જાય છે. પરિણામે બાળક તાણમાં જીવે છે અને તેનું બાળપણ કેમ છીનવાઈ જાય છે, એ સ્પષ્ટ કરવું. એનાં કેવાં અનિષ્ટ પરિણામ આવે છે એ ચર્ચવું.

ભણવામાં તૈયારી કરીને આગળ રહેવું આવકાર્ય છે, પરંતુ સ્પર્ધામાં પડીને બાળક માણસાઈ ભૂલતો જાય તે મનોવૃત્તિ અનિષ્ટ છે એ સ્પષ્ટ કરવું. આ વાર્તામાં સૌરભ અને અંકિતની કથા છે. સૌરભ અમેરિકા સુધી પહોંચે છે, રેસમાં આગળ રહે છે, પણ માતાપિતાની કાળજી લેતો નથી. માતાપિતા માટે એની પાસે સમય નથી. અંકિત દેશમાં સારી નોકરી કરી પરિવારને પ્રેમથી સંભાળે છે તેની તુલના વિદ્યાર્થીઓ આગળ કરવી. વ્યક્તિના વિકાસનું માપ સંબંધ અને પ્રેમ છે એ વિદ્યાર્થીઓને સમજાવવું.

શિક્ષણનો ઉદ્દેશ 'વિદ્યાર્થી સારો માણસ બને' એ છે. જેથી કુટુંબ, સમાજ અને રાષ્ટ્રને લાભ થાય. વ્યક્તિ કામ ગમે તે કરે, ગમે તેટલું કમાય પણ અંતે તેની માણસાઈ વિકસવી જોઈએ તે વિદ્યાર્થીઓ આગળ ચર્ચવું.

સંતાનો વૃદ્ધ માતાપિતાની કાળજી નથી લેતા એથી ઘરડાંઘર વધે છે. એ સાંસ્કૃતિક સમસ્યા પણ વિદ્યાર્થીઓ આગળ ચર્ચવી.

•

# 3 શીલવંત સાધુને



**ગંગાસતી**

**(જન્મ: 1846, અવસાન: 1894)**

ગંગાબા કહળસંગ ગોહિલનો જન્મ ભાવનગર જિલ્લાના રાજપરામાં થયો હતો. તેમણે સમાધિ લેતાં પહેલાં તેમનાં શિષ્યા પાનબાઈને બાવન દિવસ સુધી એક-એક રચના સંભળાવી હતી, જે આજે ભજનો રૂપે પ્રચલિત છે. 'વીજળીને ચમકારે', 'મેરુ રે ડગે', 'શીલવંત સાધુને', 'ભક્તિ કરવી તેણે' વગેરે ગંગાસતીનાં જાણીતાં પદો છે.

ગંગાસતી યોગમાર્ગે ખૂબ આગળ વધેલાં હતાં. જ્ઞાનમાર્ગની ઉત્તમ રચનાઓ તેમની પાસેથી મળે છે. મનુષ્યને મળેલા ક્ષણિક જીવનનો સદ્ઉપયોગ કરી, ભક્તિથી જીવનને તરબોળ કરવાની તેમણે વાત કરી છે.

ગંગાસતીનાં ઘણાં ભજન પ્રચલિત બન્યાં છે. પ્રસ્તુત ભજનમાં એક આદર્શ સંત કેવા હોય એની વાત કરી છે. જેનામાં સર્વ ગુણનો વિકાસ થયો હોય એ શીલ છે. જેનું ચિત્ત શુદ્ધ હોય, જેના મનમાં શત્રુ કે મિત્ર એવા કોઈ ભેદ ન હોય, પ્રભુમાં જ જેનું મન પરોવાયેલું હોય, મન-વચન-કર્મ જેનાં એક હોય, આઠે પ્રહર આનંદમાં રહેતા હોય એવા સાધુને વારે વારે નમવાની વાત ગંગાસતીએ કરી છે.

---

શીલવંત સાધુને વારેવારે નમીએ,
જેના બદલે નહીં વર્તમાન રે.
ચિત્તની વૃત્તિ જેની સદાય નિરમળ,
જેને મા'રાજ થાય મહેરબાન રે....શીલવંત-૧
જેને શત્રુ ને મિત્ર એકે નહીં ઉરમાં,
જેને પરમાર્થમાં પ્રીત રે.
મન વચન ને વાણીમાં ચાલે ને
રૂડી પાળે એવી રીત રે. ...શીલવંત-૨
આઠે પો'ર મન મસ્ત થઈ રેવે,
જેને જાગી ગયો તૂરિયાનો તાર રે.
નામ ને રૂપ જેણે મિથ્યા કરી જાણ્યું ને
સદાય ભજનનો વ્યાપાર રે. ...શીલવંત-૩
સંગતુ કરો તો તમે એવાની કરશો ને
તો ઊતરશો ભવ પાર રે.
ગંગાસતી એમ બોલિયાં રે, પાનબાઈ
જેને વચનુંમાં વિશ્વાસ રે. ...શીલવંત-૪

**('ગંગાસતીની ભજનગંગા'માંથી)**

## શબ્દ-સમજૂતી

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**શીલવંત**-શીલવાળું, સદાચારી, ચારિત્રવાન; **ઉર**-હૈયું; **મિથ્યા**-ફોગટ, વ્યર્થ; **પ્રહર**-ત્રણ કલાક, સાડા સાત ઘડી

### તળપદા શબ્દો

**નિરમળ**-નિર્મળ; **રૂડી**-સારી; **મા'રાજ**-મહારાજ; **પરમારથ**-પરમાર્થ; **રે'વે**-રહે; **વચનુંમાં**-વચનોમાં; **વ્યાપાર**-વ્યવહાર; **પો'ર**-પ્રહર; **સંગતું**-સંગત

### વિરુદ્ધાર્થી શબ્દો

**નિર્મળ**×મલિન; **શત્રુ**×મિત્ર; **વ્યવહાર**×દુર્વ્યવહાર

### રૂઢિપ્રયોગ

**નામ ને રૂપ મિથ્યા કરવું**-નિર્મોહી થઈને જીવવું; **તુરિયાનો તાર જાગી ઊઠવો**-સમજણશક્તિનો ઉદય થવો. (ચોથી અવસ્થા, બ્રહ્મ અવસ્થા); **આઠે પહોર આનંદ**-હંમેશાં પ્રસન્ન રહેવું

### શબ્દસમૂહ માટે એક શબ્દ

**પારકાના હિત માટે કાર્ય કરવું**-પરમાર્થ; **મલિન નથી તેવું**-નિર્મળ

### સ્વાધ્યાય

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :**

(1) 'જેને શત્રુ કે મિત્ર એકે નહીં ઉરમાં' - પંક્તિનો ભાવ શો છે ?

(A) બધા દુશ્મનો હોવાનો ભાવ
(B) બધા મિત્રો હોવાનો ભાવ
(C) જીવનથી નિર્લેપ બનવાનો ભાવ
(D) શત્રુને મિત્ર બનાવવાનો ભાવ

(2) 'શીલવંત સાધુ'નો શબ્દાર્થ

(A) ચારિત્ર્યવાન
(B) શરમાળ
(C) નાશવંત
(D) લજ્જાશીલ

**2. નીચેના પ્રશ્નોનો એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) ભજનની અંતિમ પંક્તિમાં ગંગાસતી કોને ઉદ્દેશીને વાત કરી રહ્યાં છે ?

(2) શીલવંત સાધુના ચિત્તની વૃત્તિ કેવી હોય છે ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :**

(1) ગંગાસતી પાનબાઈને કેવી વ્યક્તિની સંગત કરવાનું કહે છે ?

(2) કવયિત્રી વારંવાર નમવાનું શા માટે કહે છે ?

**4. નીચેના પ્રશ્નનો સાત-આઠ લીટીમાં જવાબ આપો :**

(1) 'શીલવંત સાધુ' તમે કોને કહેશો તે કાવ્યના આધારે જણાવો.

## વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- ગંગાસતીના પદને આધારે શીલવાન મનુષ્યનાં જે જે લક્ષણો વર્ણવ્યાં છે તેને ચાર્ટરૂપે રજૂ કરો. વર્ગની સંખ્યાના પાંચ ભાગ પાડી પદ વિશેના પાંચ ચાર્ટ્સ પણ તૈયાર કરાવી શકાય.
- સૌરાષ્ટ્રના પ્રવાસ આયોજનમાં ભાવનગર જિલ્લાના સમઢિયાળા ગામમાં આવેલ ગંગાસતીના આશ્રમના સમાધિસ્થાનની મુલાકાત ગોઠવો.

## ભાષા-અભિવ્યક્તિ

- આપણા ભક્તિ સાહિત્યમાં રચાયેલાં પદ-ભજનો ગાવા માટે રચાયેલાં હતાં. નિશ્ચિત રાગને કારણે એ શ્રવણ-મધુર તો થયાં જ છે, પણ એ માધુર્યમાં કોઈને કોઈ શબ્દ વિશેષ ફાળો આપી ગયો છે. અહીં એકાંતરે, પંક્તિને અંતે 'રે' વપરાયો છે. નાદમાધુર્યમાં એનો ફાળો નાનોસૂનો નથી તે ધ્યાનમાં લો.
- લોકઢાળમાં રચાયેલા આ ભજનમાં 'દિન-રાત' કે 'સતત' જેવા શબ્દોને બદલે 'આઠે પહોર' શબ્દો વપરાયા છે. 'પહોર' એટલે પ્રહર-બરાબર ત્રણ કલાક થાય. ચાર પ્રહર દિવસના અને ચાર રાત્રિના ગણાય... આમ ચોવીસ કલાક થાય.
- સરળ-સહજ રીતે ગંગાસતીએ શીલવંત સાધુનાં લક્ષણો વર્ણવ્યાં છે. સાધુઓ તો ઘણા હોય પણ સાધુ શબ્દ આગળ મુકાયેલું 'શીલવંત' વિશેષણ 'સાધુ' અને 'કહેવાતા સાધુ' વચ્ચે તફાવત બતાવી દે છે તે સમજાયું હશે.
- અહીં 'વચન' અને 'સંગત'ના બહુવચનરૂપ 'વચનું' અને 'સંગતુ' વપરાયાં છે જે પ્રાદેશિક ખાસિયત બતાવે છે. બહુવચન માટે 'ઓ' ને બદલે 'ઉ' પ્રત્યયનો થતો ઉપયોગ સૌરાષ્ટ્રની પ્રાદેશિક ખાસિયત બતાવે છે.

## શિક્ષકની ભૂમિકા

ચારિત્ર્યવાન હોય તેને જ સાધુ કહેવાય. વેશધારણ કરનારા બધા શીલવંત સાધુ ના પણ હોઈ શકે. સાચા સાધુની ઓળખ કેવી રીતે કરવી તે માટેનાં લક્ષણો ગંગાસતીએ આ કૃતિમાં રજૂ કર્યાં છે તે વિશે વિદ્યાર્થીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવી.


પ્રસ્તુત કાવ્યમાં 'જેને જાગી ગયો તૂરિયાનો તાર રે' એવો ઉલ્લેખ આવે છે. તૂરિયા એટલે તૂરીવાદ્ય દ્વારા ઈશ્વર સાથે તંતુ જોડવો કે તંબૂર દ્વારા પ્રભુનું ધ્યાન લાગી જવું એવા સીમિત અર્થને બદલે તેનો વ્યાપક અર્થ સ્પષ્ટ કરવો. મનુષ્યજીવનની વિવિધ અવસ્થાઓ જેવી કે જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ પછી ચોથા પ્રકારની અવસ્થા તે તુરિયાવસ્થા છે જેને ધ્યાનાવસ્થા પણ કહી શકાય તેવી સમજ આપવી.

***'અજવાળું હવે અજવાળું, ગુરુ આજ તમ આવ્યે અજવાળું...'*** અને

**'गुरु बिन कौन बतावे बाट'** જેવાં ગુરુનો મહિમા દર્શાવતાં અન્ય કવિઓનાં ભજનોનો સંદર્ભ આપવો.

●

# 4 ભૂલી ગયા પછી



**રઘુવીર ચૌધરી**

**(જન્મ: 5-12-1938)**

રઘુવીર દલસિંહ ચૌધરીનું વતન બાપુપુરા (જિ.ગાંધીનગર) છે. નવલકથા, વાર્તા, નાટક, એકાંકી, નિબંધ, વિવેચન, રેખાચિત્ર, પ્રવાસ, ચિંતન, સંપાદન એમ સાહિત્યના મોટાભાગના પ્રકારોમાં તેમનું નોંધપાત્ર પ્રદાન છે. 'અમૃતા', 'વેણુવત્સલા', 'ઉપરવાસ કથાત્રયી', 'લાગણી', 'ગોકુળ-મથુરા-દ્વારકા', 'સોમતીર્થ' તેમની નોંધપાત્ર નવલકથાઓ છે; 'આકસ્મિક સ્પર્શ', 'નંદીઘર', 'પ્રાણપ્રતિષ્ઠા' તેમના મહત્ત્વના વાર્તાસંગ્રહો છે; 'અશોકવન','ઝૂલતા મિનારા','સિકંદર સાની',નાટકના અને 'ડિમલાઈટ','ત્રીજો પુરુષ' એકાંકીના નોંધપાત્ર સંગ્રહો છે; 'સહરાની ભવ્યતા' અને 'તિલક' રેખાચિત્રનાં પુસ્તકો છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક, ગુજરાત સાહિત્ય અકાદમી ઍવોર્ડ અને સાહિત્ય અકાદમી દિલ્હીનો ઍવોર્ડ, દર્શક ઍવોર્ડ તથા સાહિત્ય માટેનો સર્વોચ્ચ રાષ્ટ્રીય જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત થયા છે.

આ એકાંકીમાં સંબંધ, વિચ્છેદ અને ફરી સંબંધ બંધાવાની ઘટનાઓ છે. અને તેનું કારણ પિતા વિરાટનું પુત્રી મનીષાની ક્ષમતા વિશેનું અજાણપણું છે. મનીષા અને નરેન લગ્ન ન કરી શક્યાં, પરંતુ તેમનો પ્રેમ જળવાયો છે. આબુ ઉપર પર્વતારોહણ દરમિયાન એક કુટુંબને રીંછથી બચાવવાનું મનીષાનું પરાક્રમ સૌને નવેસરથી વિચાર કરવા પ્રેરે છે. બાહ્ય બનાવો અને અંદર વહેતા પ્રવાહને લેખકે સંવાદમાં એવી રીતે ગૂંથ્યા છે કે એકાંકીનું રહસ્ય, પાત્રોનો પરિચય અને સુખદ અંત અહીં અખંડ રીતે પ્રગટ થાય છે. લેખકની સંવાદશક્તિ આ એકાંકીને બળકટ બનાવે છે.

---

**પાત્રો : સલોની, નરેન, મનીષા, કનોજ, આનંદ, વિરાટ**

(આબુ પર પર્વતારોહણ-શિબિરમાં આવેલાં સલોની અને કનોજ ખભે દોરડાં ભરાવી સ્ફૂર્તિથી ચાલ્યાં આવે છે. એમની વચ્ચે (૧) બાળપણના સ્નેહી નરેનને જોઈને મનીષા ભાષણ કરતાં અટકી ગયેલી.(૨)અકસ્માતો નડવા છતાં એણે હિમાલયનાં શિખરો સર કરેલાં અને (૩) ગઈ કાલે એણે એક કુટુંબને રીંછ સામે રક્ષણ આપી બચાવી લીધું - એ વિશે વાતચીત થાય છે. એ બંને હવે વનાધિકારી નરેનના નિવાસે આવી પહોંચ્યાં છે.)

**સલોની:** નરેનભાઈ, ગઈ કાલે ચારેકના અરસામાં તમે ભરત ટેન્ક પાસે થઈને પસાર થયા હતા?

**નરેન:** **( પુસ્તક બાજુ પર મૂકતાં )**હા, તમે લોકો એ વિસ્તારમાં હતાં ? તો મને બોલાવ્યો કેમ નહીં ? અહીં જંગલમાં કોઈ ઓળખીતો અવાજ કાને પડે એવું બનતું જ નથી. - મને કોઈ એ બોલાવેલો ?

**સલોની:** ના, તમને જોઈને કોઈક બોલતાં અટકી ગયેલું.

**નરેન:** મારા જેવા સાદા માણસને તારી આ ગોપિત વાણી નહિ સમજાય.

**સલોની:** લો, આ સમાચાર વાંચો. લો. એમાં ફોટો છે અને સમાચાર તમારા માટે અજાણ્યા નથી. બધાં પર્વતારોહકો જાણે છે. દીદીએ રીંછના હુમલામાંથી પેલા સુરતી કુટુંબને બચાવ્યું નહોતું ?

**કનોજ:** અહીંનાં રીંછ વિશે તો નરેનભાઈ જાણતા જ હશે.

**નરેન:** હા, એ માનવભક્ષી નથી હોતાં. માણસને જોઈને ઝનૂનથી પ્રતિકાર કરે છે, એમના હાથના પંજા આપણા મોં પર વાગી ગયા તો ભારે જોખમ અને આ સમાચાર મુજબ તો ભાગ્યે જ બચત. આઠ-દસ વર્ષનાં બે બાળકો સાથે નીકળનાર એ કુટુંબને ધન્ય છે.

**કનોજ:** કદાચ રસ્તો ભૂલ્યાં હશે અથવા અમારી ટુકડીને દૂરથી જોઈને ટૂંકો રસ્તો લીધો હશે.

**સલોની:** એમને ખબર હતી કે અહીં કોચ તરીકે સેવાઓ આપતાં બહેન સુરતનાં છે, મનીષા દેસાઈ !

**નરેન : (ધીમેથી)** મનીષા ? સુરત ? ખેર, જે હોય તે . સારું થયું. આ સમાચાર છપાયા તેથી લોકો જરા સંભાળીને ફરશે.

**સલોનીઃ** આમાં પણ તમને કશું રોમાંચક ન લાગ્યું ?

**નરેનઃ** તું કેમ આજે બધું આ રીતે પૂછે છે ? છે શું સલોની ?

**સલોનીઃ** એ જ કે હું પૂછું છું એ બધું એળે જાય છે. તમે આવા શુષ્ક કયારથી થઈ ગયા ? મમ્મી તો કહેતી હતી કે મામાના નરેનભાઈ મોટા કવિ થશે.... કહે છે કે નૈસર્ગિક સૌંદર્ય પાછળ તમે ગાંડા હતા તેથી તો ફોરેસ્ટ ઓફિસરની તાલીમ લીધેલી.

**નરેનઃ** એમાં તથ્ય હશે. પણ મારી રીતે કહું તો હું માનવ - હૃદયના સૌંદર્ય પાછળ ગાંડો હતો. પ્રકૃતિ એની બાહ્ય છબિ હતી. પણ જીવનમાં એક અણધારી ક્ષણ આવી, ઊંડો આઘાત કરી ગઈ. મૂળ વસ્તુ ગુમાવ્યા પછી એની બાહ્ય છબિનો - આ નૈસર્ગિક સૌંદર્યનો પણ એટલો મહિમા ન રહ્યો. હવે માત્ર નોકરી કરં છું, અલબત્ત નિષ્ઠાથી.

**સલોનીઃ** તમે લગ્નનાં બધાં માગાં કેમ પાછાં ઠેલો છો ? એટલા માટે કે મનીષા દેસાઈ નામની એક નમણી ને નાજુક કન્યા પર તમે કવિતાઓ લખતા પણ એણે લગ્નની ના પાડી-

**નરેનઃ** એ નમણી અને નાજુક હતી એ ખરું, પણ એના પર કવિતા નહોતો લખતો. હું એને જ કવિતા માનતો હતો. અને બીજું , એણે ના નહોતી પાડી. ખેર, એ નાજુક કન્યાનું નામ મનીષા હતું , અટક દેસાઈ અને ગામ સુરત હતું. તેથી આ ખડતલ અને નિર્ભય કન્યાને હું મારા પૂર્વજીવનની મનીષા માની લઉં ? હવે તો એની અટક પણ બદલાઈ ગઈ હશે.

**સલોનીઃ** અને ન બદલાઈ હોય તો ? જે વ્યક્તિ નાજુક અને નમણી હોય એ જ ખડતલ અને નિર્ભય ન થઈ શકે ? આ મુદ્દા પર તો અમને કુમારી મનીષા દેસાઈએ એક દિવસ ભાષણ આપેલું. જુઓ, જરા ફોટો ધ્યાનથી જુઓ.

**નરેનઃ** આંખો તો એવી જ છે પણ સૈનિકબાળા જેવો યુનિફોર્મ ? ના ના, સલોની, એ ન હોય.

**સલોનીઃ** તમે આ ફોટા સાથે તમારી કલ્પનામૂર્તિને સરખાવો છો કે મૂળ વસ્તુને ? મનીષા દેસાઈને ?

**નરેનઃ** એ મનીષાનું આવું રૂપાન્તર ? મારે અભિનંદન આપવા આવવું જોઈએ, જો ખાતરી થાય કે-

**સલોનીઃ** પ્રયત્ન કરી જોઈએ. મનીષાબહેનને ખ્યાલ ન આવે એ રીતે.

**નરેનઃ** કનોજ, તું આનંદને અહીં મોકલશે ? હું પછી એની સાથે કૅમ્પ પર આવી જઈશ.

**સલોનીઃ** ચાલો વરંડામાં બેસીએ ! સૂર્યનો પ્રકાશ છે ત્યાં સુધીમાં આ તમારા બંગલાના ફૂલછોડની શોભા જોઈએ.

**નરેનઃ** તું ચાલ, ખુરશીઓ હું લાવું છું. મારી અત્યાર સુધીની નોકરીમાં આ સહુથી સુંદર મકાન મળ્યું છે ! જાણે કે હું અહીંનો માનવંતો મહેમાન ન હોઉં !

**સલોનીઃ** અરે ! પેલો ગુલમોર કેવો ખીલ્યો છે !

**નરેનઃ** એની ઉમ્મર ખબર છે ? આપણા બંનેની ઉમ્મરના સરવાળાથી પણ વધારે હશે. નજર પડી ત્યારે મને પણ આવો જ પ્રશ્ન થયેલો ! આટલું ઘરડું ઝાડ આટલું પ્રફુલ્લિત થઈ શકે ?

(દૂર જોતાં )

અરે, આ પેલો દોડતો આવે એ તો મનીષાનો નાનો ભાઈ ! આટલાં વર્ષેય બાળક જ રહ્યો ! બરાબર ચાર-સાડાચાર વર્ષે હું એને જોઉં છું.

**સલોનીઃ** હવે કંઈ બાકી છે ખાતરી કરી લેવામાં ?

**નરેનઃ** હા, મૂળ વસ્તુ, મનીષાનું મન.

**સલોનીઃ** તમને દૂરથી જોતાં જ જેની વાણી ખોવાઈ ગયેલી, તેના મન વિશે બાતમી આપનાર મારાથી ચડિયાતું તમને મળવાનું નથી. એ તમને ચાહે છે. એના પ્રેમમાંથી જ એનું આ શૌર્ય જાગ્યું હશે.

**નરેનઃ** શકય છે. આવ આનંદ ! કેમ આમ દોડતો આવ્યો ?

**સલોનીઃ** અહીં આવ્યા પછી એ ચાલવાનું ભૂલી ગયા છે. બસ દોડે છે.

**આનંદઃ** આજે તો કારણ પણ હતું. કનોજે કહ્યું કે મને અહીં બોલાવ્યો છે. તમને મળીને પાછું બસ સ્ટેન્ડે જવું છે. તાર હતો. પપ્પા અ ાવવાના છે. હું અને દીદી એમને લેવા જતાં હતાં ત્યાં કનોજે અમારી કાર રોકી અને એ મારી જગાએ ગયો !

**નરેનઃ** પણ તારા પપ્પા આમ એકાએક ?

**આનંદઃ** આ મનીષાના પરાક્રમ વિશે છાપામાં વાંચ્યું હશે. અભિનંદન આપવા પધારતા હશે.

**નરેનઃ** મનીષા કોણ ?

**આનંદઃ** હં? તમે પૂછો છો ? મનીષા કોણ ? એની હાજરીમાં આવો પ્રશ્ન ન કરતા, નહિ તો એ આત્મહત્યા કરશે.

**નરેનઃ** અત્યાર સુધી જીવી છે તો હવે કદાપિ એવું ન કરે.

**આનંદઃ** દીદીનું ભલું પૂછવું, અહીંના ઊંચામાં ઊંચા શિખર પર જઈનેય કૂદે. જેને કાજે આવું આકરું તપ કરીને સિદ્ધિ મેળવી એ પૂછે કે મનીષા કોણ તો પછી -

**નરેનઃ** ખરેખર ? હું તો ભૂતકાળ બાદ કરી ને જીવતો હતો.

**આનંદઃ** મનીષા યાદ કરીને જીવતી હતી. ખરેખર તો એમ કહેવું જોઈએ કે એ ભવિષ્ય માટે જીવતી હતી. પપ્પાએ તમારી સાથે એની સગાઈની ના પાડી એનો આઘાત સમજવાની ત્યારે મારી ઉંમર ન હતી. છતાંય મેં એની તરફેણમાં દલીલ કરી હતી. પપ્પાએ મને કહેલું : જા, મનીને કહે કે એક ગરોળી પકડી લાવે. તુરત હા પાડી દઉં એમની વાત સાચી હતી. મનીષા ત્યારે સુકુમાર તો હતી જ, ડરપોક પણ હતી. પપ્પાને ખાતરી હતી કે સિંહની એકાદ ત્રાડ સાંભળીને જ મનીષા મરી જશે અને નરેન્દ્રકુમારે વિધુરનું જીવન જીવવું પડશે. પણ હવે આખી વાત બદલાઈ ગઈ છે. પપ્પા ઘણા વખતથી તમારું સરનામું શોધતા હતા. એ મનીષા પાસેથી જાણશે તો સીધા અહીં જ આવશે.

**નરેનઃ** આ બધું માન્યામાં આવે એવું નથી. વધુ પડતું સારું લાગે છે. જેને માટેની મારી યોગ્યતા મેં કદી કલ્પી પણ ન હતી. (જીપનું હૉર્ન સંભળાય છે. )

**આનંદઃ** દીદી હૉર્ન વગાડતી લાગે છે. હું જાઉં.

**નરેનઃ** ખરેખર તો મારે જવું જોઈએ. પણ જો એ અહીં આવવા માગતા ન હોય તો- કહેજો કે કાલે સવારે અભિનંદન આપવા કેમ્પ પર આવીશ.

**સલોનીઃ** પાંચ વાગે અમે તાલીમ માટે નીકળી જઈએ છીએ.

**નરેનઃ** અને સાડા દસે આવી જાઓ છો

**સલોનીઃ** ખબર તો ઘણી રાખો છો.

**નરેનઃ** મારી જવાબદારીનો ભાગ છે.

**કનોજઃ** **(પ્રવેશતાં)** સલોની, ચાલ તારે નથી આવવું ?

**સલોનીઃ** કેમ દીદી અહીં નથી આવતાં ?

**કનોજઃ** એ આવે છે  પણ હું અને આનંદ વિરાટબાબુને ગેસ્ટ હાઉસમાં મૂકવા જઈએ છીએ.

**સલોની:** એમને નરેનભાઈ વિશે કશી ખબર નથી ?

**કનોજઃ** દીદીએ કશું કહ્યું નથી.

**સલોની:** તો જીપ અહીં કેમ લાવ્યાં ?

**કનોજઃ** આનંદ અને તને લેવા. ચાલ, આવજો, નરેનભાઈ.

**નરેનઃ** આવજો !

(સલોની અને કનોજ જાય છે, નરેન થોડાંક ડગલાં ચાલે છે. જીપ ઊપડવાનો  અવાજ) અરે ! એક માણસને મૂકીને જીપ ઊપડી ગઈ ! શું એને માટે એમાં જગા નહીં હોય કે - એ મનીષા હશે ! અહીં જ આવે  છે. ( સામે જતાં ) આવ મનીષા, આ  છોકરાંઓએ ભૂમિકા તૈયાર કરી ન હોત તો હું તને ઓળખી શકયો ન હોત. તું તો જાણે કે સુન્દરીમાંથી શક્તિ બની ગઈ છે. તેં એક કુટુંબને બચાવ્યું એ બદલ અભિનંદન.

**મનીષાઃ** આભાર ! મને હતું કે આ સ્વરૂપે જોઈને તું મને ભેટી પડશે.

**નરેનઃ** તું પહેલાં એટલી સુકુમાર હતી કે આવેશથી ભેટી પડતાં સંકોચ થાય. અને હવે તું એવી દીપ્તિવંત લાગે છે કે તારા તેજની અદબ રાખવાનું મન થાય. સાચે જ, એક એક પલકારે પ્રશ્ન થયા કરે છે કે તું એ જ મનીષા છે ?

**મનીષા :** છું અને નથી. નહોતી  તે થઈ શકી એનો આનંદ છે.  ગરોળીથી  ડરનાર હવે મગર સાથે પણ લડી શકે એમ છે.

**નરેન :** બહુ આનંદ થયો તને આમ ખડતલ થયેલી  જોઈને.

**મનીષાઃ** પણ મારા પપ્પાને થયો છે એટલો નહિ. બસસ્ટેન્ડ  પર એમણે મને ઊંચકી લીધી અને બધા પેસેન્જરોને બતાવી. ગાંડા માણસની  જેમ મોટેથી બબડાટ કર્યો. બધાં ભેગાં થઈ ગયાં અને એમને પોતાનું  ઑડિયન્સ બનાવીને ભાષણ કર્યું. એમાં સાર્ત્રનો પણ હવાલો આપ્યો. કહ્યું કે કાયર માણસ બહાદુર થઈ શકે છે, સુકુમાર શકિતશાળી થઈ શકે છે. એક શેર પણ બોલ્યા - ઈકબાલનો

ખુદી કો કર બુલંદ ઈતના કિ હર તકદીર સે પહલે

ખુદા બંદે સે ખુદ પૂછે  બતા તેરી રઝા કયા હૈ ?

**નરેનઃ** વાહ ! હું ત્યાં હાજર હોત તો તારી પ્રશંસા સાંભળીને ધન્ય થઈ જાત.

**મનીષાઃ** અથવા મારા પપ્પાને  સીધા દવાખાને લઈ જાત. આવેશ શમી જતાં એ રડવા  લાગ્યા. એ તો અમે સોગંદ  દઈને જીપમાં  બેસાડી દીધા, નહિ તો છાપા માટે એક બીજા સમાચાર બનત ‘દીકરીના પરાક્રમથી  પાગલ બની  ગયેલા પિતા ! અને  એમનો આનંદ, ખરેખર તો પોતે ખોટા પડ્યા તેનો હતો.

**નરેનઃ** કઈ બાબતે ?

**મનીષાઃ** ગરોળીથી ડરનારે રીંછને ડરાવ્યાં એ ! પપ્પા મોટેથી કહેતા હતા : સાંભળો, હે મુસાફરો, દુનિયાથી થાકેલા લોકો, સાંભળો, માણસ માટે કશું અશક્ય નથી. સાર્ત્ર કહે  છે તેમ એ આકાશના તારા સુધી પહોચી શકે છે. હું કહીશ કે એ

આકાશના તારાને ફૂલની જેમ વીણી શકે છે... પપ્પા શિકારી હતા ને એક વાર મમ્મીને સાથે લઈ ગયેલા. એની ઇચ્છા નહોતી, આજ્ઞા માનીને ગયેલી. માંચડા પર હોવા છતાં નીચે વાઘની છલાંગ જોઈને એ ચીસ પાડી ઊઠેલી. એ પછી હૃદયના ધબકારાનું દર્દ કોઈ ઉપાયે દૂર ન થયું, તે ન થયું . આજે મમ્મી જીવતી હોત તો આ સમાચાર વાંચીને એના ધબકારા કાયમ માટે શમી ગયા હોત- પપ્પા કહેતા હતા, એમની વાત મને સાચી લાગી.

**નરેનઃ** તું તો સાહસમાં મારાથી પણ આગળ નીકળી ગઈ. નિર્ભય થતાં જ તું પ્રેમસ્વરૂપ બની ગઈ અને સર્વાત્મભાવે એક ભયંકર પ્રાણીના પંજા-

**મનીષાઃ** ખબર હતી કે જે ભયંકર લાગે છે એ હિંસક નથી. હવે તો મારો રોજનો અનુભવ છે કે આ પ્રકૃતિ માતા છે, વરદાત્રી છે. માણસો કેમ ભૂલી જાય છે કે -

(દૂરથી અવાજ આવે છે . શી ઈઝ ગ્રેટર ધેન મી, બીકોઝ શી ઈઝ માઈ ડોટર )

**નરેનઃ** મનીષા, આ કોનો અવાજ છે ?

(સહેજ નજીકથી અવાજ - હા, એ મારાથી પણ મહાન છે. સાક્ષાત્ શકિત છે. એ સિંહ પર સવારી કરે એવી છે તો પછી રીંછનું શું ગજું)

**મનીષાઃ** (હસી પડતાં) આ તો પપ્પા , બીજું કોણ ? સાચે જ એમનું ચસકી ગયું છે.

(અવાજ - આ વિશ્વમાં સહુથી સુખી માણસ હું છું. ઈશ્વરની ઇચ્છા હોય તો એની પાસેથી હું આખો પર્વત ખરીદી લઉં.)

**વિરાટઃ** નો નેવર. હું કંઈ યુધિષ્ઠિર નથી, એકેય વાર શા માટે ખોટું બોલું?

**આનંદઃ** યાદ કરી જુઓ, આ સજ્જનને ઓળખો છો ?

**નરેનઃ** નમસ્તે મુરબ્બી, પધારો

**વિરાટઃ** નમસ્તે, યંગ મેન !

**આનંદઃ** પપ્પા , આ નરેન્દ્રકુમાર છે આબુના ફોરેસ્ટ ઑફિસર - જેમની આગળ તમે એક વાર ખોટું બોલેલા.

**વિરાટઃ** ઓહો પેલો કવિ, મનીષા પર કવિતા લખતો હતો એ?

**નરેનઃ** હવે કોઈના પર કવિતા લખતો નથી !

**વિરાટઃ** તો મારા પર લખ ! હું આજે સહુથી સુખી છું - મોસ્ટ હૅપી મૅન ઈન ધ યુનિવર્સ. એક શું બે કવિતા લખ !

**નરેનઃ** દુઃખી માણસ સુખી વિશે લખે તો સાચો અર્થ ભાગ્યે જ પ્રગટ થાય.

**વિરાટઃ** તને શુ દુઃખ છે ભાઈ ? આ મારી પરી જેવી નાજુક છોકરી તારું નામ રટીરટીને તપ કરતી રહી અને એક પછી એક શિખર જીતતી રહી ને તું તારી જાતને દુઃખી માને છે ?

**આનંદઃ** પપ્પા, એમનું દુઃખ દૂર કરવાનો ઉપાય તમારા હાથમાં છે.

**વિરાટઃ** શુ મનીષા, આ તારો તોફાની ભાઈ સાચું કહે છે. તારું મૌન સંમતિ સૂચવે છે. અલ્યા છોકરાઓ, પેલી મીઠાઈ લાવો ! અને આનંદ, તું જીપ લઈને જા, કોઈ જોશી - બોશીને પકડીને ઉઠાવી લાવ.

**મનીષાઃ** પણ પપ્પા, પાંચ પાંચ વરસ સુધી કોઈ કોઈને યાદ રાખી શકે ?

**વિરાટઃ** હજી ક્યાં પાંચ પૂરાં થયાં છે ? છ માસ બાકી છે. એ પહેલાં તો હું તમને પરણાવી દઈશ.

**નરેનઃ** એની ઉતાવળ નથી. મનીષા મનમાં હતી, છે અને રહેશે. જો પ્રેમ કોઈ મુદતી વસ્તુ હોત તો અમે આમ શિખરો ભણી ગતિ કરી ન હોત. રહેવા દે આનંદ !

**મનીષાઃ** હા . જોશીને બોલાવવાની જરૂર નથી. પહેલાં તો હું આ શિબિર પૂરી કરીશ. પછી અમે થોડા દિવસ સાથે હરી ફરીશું, જૂનો સમય તાજો કરીશું.!

**કનોજઃ** સલોની , આ ધીરજ આપણે રાખી શકીશું ? આપણે તો નક્કી કર્યુ હતું કે -

**સલોનીઃ** માત્ર મીઠાઈ ખાવાનું નક્કી કર્યું હતું. આપણે આ શિબિરમાં સાહસ શીખવા આવ્યાં છીએ, દુ:સાહસ નહિ! ખરું ને દાદાજી ?

**વિરાટઃ** યસ, ધેર ઈઝ અ પૉઈન્ટ, મારી દીકરી તમને બધું બરોબર શીખવી રહી છે. મારા આશીર્વાદ છે. તમે લોકો બહાદુર જ નહીં, બુદ્ધિશાળી પણ બનશો ! અને તમારા પ્રેમમાંથી જ શૌર્ય જાગશે . લો આ મીઠાઈ , આશીર્વાદના ભાગ રૂપે ખાઓ અને ખવડાવો ! ગાઓ અને ગવડાવો. તમારા ભવિષ્યમાં પ્રેમશૌર્ય અંકિત ધ્વજ ફરકાવો ! (બધાં એકમેકને મીઠાઈ ખવડાવે છે. વિરાટબાબુ ગાય છે :

- ધ્વજ પ્રકાશશે ઝળળ કસુંબી પ્રેમશૌર્યઅંકિત.

**('ત્રીજો પુરુષ'માંથી )**

## શબ્દસમજૂતી

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**પ્રતિકાર**-સામનો; **અણધારી**-ઓચિંતી; **નૈસર્ગિક**-કુદરતી; **શૌર્ય**-બહાદુરી, વીરતા; **શુષ્ક**-નીરસ; **ગોપિત**-છૂપી; **તથ્ય**-હકીકત; **રઝા**-મરજી, ઇચ્છા; **બુલંદ**-ભવ્ય,(અહીં) ઊંચી યોગ્યતાવાળું; **સાર્ત્ર**-એક મહાન ફ્રેંચ વિચારક

### વિરુદ્ધાર્થી શબ્દો

**અશક્ય** × શક્ય; **નિર્ભય** × ભયભીત; **સાહસ** × દુ:સાહસ

### રૂઢિપ્રયોગ

**હૃદય છલકાઈ જવું**-આનંદિત થઈ ઊઠવું; **શિખરો સર કરવાં**-સફળતા પ્રાપ્ત કરવી; **ધ્વજ ફરકાવવો**-વિજય મેળવવો

**શબ્દસમૂહ માટે એક શબ્દ**

**માનવનું ભક્ષણ કરનાર**-માનવભક્ષી; **શારીરિક રીતે સશક્ત**-ખડતલ

## સ્વાધ્યાય

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો. :**

(1) મનીષા દેસાઈએ સુરતી કુટુંબને કોના હુમલામાંથી બચાવેલું.?

(A) રીંછ　　(B) વાઘ

(C) દીપડો　　(C) જંગલી ભૂંડ

(2) નરેને કઈ તાલીમ મેળવી હતી ?

(A) ઘોડેસવારીની　　(B) વન સંરક્ષણની

(C) પોલીસની　　(D) પર્વતારોહણની

**2. એક વાક્યમાં ઉત્તર આપો.**

(1) રીંછ માણસને જોઈને શું કરે છે ?

(2) નરેન લગ્નનાં માગાં પાછાં શા માટે ઠેલતો હતો ?

**3. બે - ત્રણ વાક્યમાં ઉત્તર આપો.**

(1) નરેન જે મનીષાને ઓળખતો હતો તે મનીષા કેવી હતી ?

(2) વિરાટભાઈએ મનીષા અને નરેનની સગાઈની ના પાડી કારણ કે...

**4. સાત-આઠ લીટીમાં ઉત્તર લખો.**

(1) મનીષાનું પાત્રચિત્રણ કૃતિને આધારે લખો.

## વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- પર્વતારોહણને લગતી માહિતી અને ફોર્મ મેળવો. વેકેશનમાં તક મેળવીને પર્વતારોહણમાં ભાગીદાર બનો.
- તમારા પર્વતારોહણના અનુભવો લખીને બાલ સામયિકો અને દૈનિકોના બાલ વિભાગોમાં પ્રગટ કરવા મોકલો.
- 'વર્ટિકલ લિમિટ' નામની પર્વતારોહણની સાહસપૂર્ણ ફિલ્મ જુઓ.
- મલાલા જેવી બહાદુર બાળાઓનો પરિચય મેળવો.

## ભાષા-અભિવ્યકિત

'મારી રીતે કહું તો હું માનવ-હૃદયના સૌંદર્ય પાછળ ગાંડો હતો. પ્રકૃતિ એની બાહ્ય છબી હતી.' એકાંકીના નાયક નરેન પાસે લેખકે આ વાક્ય બોલાવીને એનો પાત્ર પરિચય આપી દીધો છે. નાયકને પ્રકૃતિનું આકર્ષણ છે જ, પરંતુ એને વિશેષ ખેંચાણ માનવહૃદયની સુંદરતાનું છે. વળી, લેખકે એ સંકેત આપી દીધો છે કે માનવની બાહ્ય સુંદરતા કે દેખાવ કરતાં આંતરિક સુંદરતા વધારે મહત્ત્વની છે. આ શબ્દોથી આ સાચી વાત લેખકે રજૂ કરી છે - 'કાળા માથાનો માનવી ધારે તે કરી શકે છે. આ વિચાર મનીષાના પાત્ર દ્વારા રજૂ કર્યો છે. માનવી સંકલ્પથી અને પ્રયાસથી સફળતાનાં શિખરો સર કરી શકે છે એ વાત કૃતિમાં નીચેનાં વાક્યો સમજાવે છે તે જુઓઃ

- ગરોળીથી ડરનાર હવે મગર સાથે પણ લડી શકે છે.

- માણસ માટે કશું અશક્ય નથી.
- એ આકાશના તારા સુધી પહોંચી શકે છે.
- તું તો જાણે સુંદરીમાંથી શક્તિ બની ગઈ છે.

નારી માટે વપરાતા વર્ણસગાઈના આ બે શબ્દો 'સુંદરી' અને 'શક્તિ' સાથે વપરાયા છે તેથી શબ્દ ચમત્કૃતિ સર્જાઈ છે. વળી, સુંદરીથી શક્તિ સુધીની યાત્રા એ કોમળનું 'શક્તિશાળી'માં થયેલું રૂપાંતર પણ મનીષાના પાત્રનો એક જ વાક્યમાં કેવો આબેહૂબ પરિચય પ્રગટ કરે છે તે પણ જુઓ.

## શિક્ષકની ભૂમિકા

સાચો અને નિઃસ્વાર્થ પ્રેમ ઊર્ધ્વગતિ અર્પે છે. વ્યક્તિને મુક્ત, વિશાળ અને સાહસિક બનાવી શકે છે તે વાત વિદ્યાર્થીઓને સમજાવવી. પ્રેમ એ મુદતી વસ્તુ નથી, એ તો સ્થાયી આવિર્ભાવ છે. પ્રેમમાં ધૈર્ય, ગંભીરતા, સમજ અને જવાબદારી અનિવાર્ય છે.

પ્રકૃતિ, પશુ અને પ્રાણીઓ સાથે સમજપૂર્વક આત્મીયતા કેળવવાની જરૂર છે. એ મનુષ્યને ઉપકારક બને છે તેથી મનુષ્યે સંહારક બનવું ન જોઈએ તે અંગે સ્પષ્ટતા કરવી.

કોમળ સ્ત્રી પણ સાહસિક બની શકે છે, 'સ્ત્રીમાં ખૂબ શક્તિ છે, તેને માર્ગદર્શન અને તક આપવામાં આવે તો સિદ્ધિનાં શિખરો સર કરી શકે છે' તે વિશે અન્ય ઉદાહરણો દ્વારા સમજ આપવી.

•

# વ્યાકરણ

## એકમ 1 | ધ્વનિશ્રેણી, જોડણી, સંધિ, સમાસ

### ધ્વનિશ્રેણી

ધોરણ-9માં શબ્દોને ધ્વનિશ્રેણી તરીકે જોતાં શીખ્યાં. આપણે જોયું કે કોઈ શબ્દ બોલાય છે ત્યારે આપણે ખરેખર કયા ધ્વનિઓ બોલીએ છીએ અને કયા ક્રમમાં બોલીએ છીએ. જેમકે, 'ગિરિધર' શબ્દની ધ્વનિશ્રેણી 'ગ્+ઇ+ર્+ઇ+ધ્+અ+ર્' કે 'દૂરબીન' શબ્દની ધ્વનિશ્રેણી 'દ્+ઊ+ર્+અ+બ્+ઈ+ન્' થશે.

આપણે જોયું હતું કે 'વહાલો' શબ્દની ધ્વનિશ્રેણી 'વ્+અ+હ્+આ+લ્+ઓ' થાય છે, પણ 'ગોપાળ' શબ્દની ધ્વનિશ્રેણી 'ગ્+ઓ+પ્+આ+ળ્' થશે. એટલે 'વહાલો' શબ્દની ધ્વનિશ્રીણીમાં અંતે 'ઓ' સ્વર છે પણ 'ગોપાળ' શબ્દની ધ્વનિશ્રેણીના અંતે માત્ર 'ળ્' વ્યંજનધ્વનિ છે. તેના પછી 'અ' સ્વર લખ્યો નથી. કારણકે ગુજરાતી ભાષામાં શબ્દના છેલ્લા વ્યંજનધ્વનિ પછી 'અ' સિવાયના અન્ય સ્વર હોય તો જ બોલાય છે. એટલે કે, ગુજરાતી ભાષા વ્યંજનાન્ત ભાષા છે.

પરંતુ, તમને 'પદ્ય', 'સર્પ', 'સૂર્ય' શબ્દોની ધ્વનિશ્રેણીનો ખ્યાલ છે ? આ શબ્દોની ધ્વનિશ્રેણી અનુક્રમે 'પ્+અ+દ્+ય્+અ', 'સ્+અ+ર્+પ્+અ' અને 'સ્+ઊ+ર્+ય્+અ' થશે. આ ધ્વનિશ્રેણીના અંતે 'અ' સ્વર આવ્યો છે. તમને થશે કે ગુજરાતી વ્યંજનાન્ત ભાષા છે, તો આ શબ્દોને અંતે 'અ' સ્વર શા માટે ? ચાલો, આ વાત સમજીએ. એક રમત રમીએ. નીચે કેટલીક શબ્દજોડ આપી છે. તમે તમારા બન્ને કાનમાં આંગળી નાંખી દો. તમે આ શબ્દજોડ બોલો અને ધ્યાનથી સાંભળો.

| **વિભાગ અ** | **વિભાગ બ** |
|---|---|
| રમ | રમ્ય |
| જશ | જશ્ન |
| જન | જન્મ |
| નિત | નિત્ય |
| કર | કર્ણ |

તમને ખ્યાલ આવશે કે 'રમ' બોલતી વખતે અંતે 'મ' સંભળાય છે પણ જ્યારે 'રમ્ય' બોલો છો ત્યારે 'ય' વ્યંજન પછીનો 'અ' પણ સંભળાય છે. શબ્દજોડ ફરીથી સાંભળી જુઓ. વિભાગ અ-ના શબ્દો બોલતાં અંતે વ્યંજન સંભળાશે, જ્યારે વિભાગ-બના શબ્દો બોલતાં અંતે સ્વર સંભળાશે. કારણ કે જોડાક્ષરને યોગ્ય રીતે ઉચ્ચારવા તેની સાથે સ્વર બોલાય છે. ચાલો, આ શબ્દોની ધ્વનિશ્રેણી જોઈએ.

| **વિભાગ અ** | **ધ્વનિશ્રેણી** | **વિભાગ બ** | **ધ્વનિશ્રેણી** |
|---|---|---|---|
| રમ | ર્+અ+મ્ | રમ્ય | ર્+અ+મ્+ય્+અ |
| જશ | જ્+અ+શ્ | જશ્ન | જ્+અ+શ્+ન્+અ |
| જન | જ્+અ+ન્ | જન્મ | જ્+અ+ન્+મ્+અ |
| નિત | ન્+ઇ+ત્ | નિત્ય | ન્+ઇ+ત્+ય્+અ |
| કર | ક્+અ+ર્ | કર્ણ | ક્+અ+ર્+ણ્+અ |

તમને યાદ હશે કે ગયા વર્ષે અન્ય વિશિષ્ટ જોડાક્ષર જોયા હતા. છતાં ફરી એક વાર યાદ કરી લઈએ?

| | |
|---|---|
| ક્ષ | ક્+ષ્+અ |
| જ્ઞ | જ્+ઞ્+અ |
| ત્ર | ત્+ર્+અ |

(નોંધઃ- 'જ્ઞ' જોડાક્ષર ગુજરાતી ભાષામાં 'ગ્+ન્+ય્+અ' તરીકે સંભળાય છે. પરંતુ સંસ્કૃત ભાષાને અનુસરીને તે 'જ' વ્યંજનનો જોડાક્ષર ગણાય છે. તેથી તેની ધ્વનિશ્રેણી 'જ્+ઞ્+અ' તરીકે છૂટી પાડવામાં આવે છે.)

ગુજરાતી વ્યંજનો 'દ' અને 'શ' જોડાક્ષરમાં પૂર્વ વ્યંજન તરીકે આવે ત્યારે તેનું દેવનાગરી લિપિચિહ્ન પ્રયોજાય છે તે પણ જોયું હતું.

| **'દ'ના જોડાક્ષર** | **'શ'ના જોડાક્ષર** |
|---|---|
| દ્ + દ = દ્દ | શ્ + ર = શ્ર |
| દ્ + ધ = દ્ધ | શ્ + વ = શ્વ |
| દ્ + મ = દ્મ | શ્ + ચ = શ્ચ |
| દ્ + ય = દ્ય | |
| દ્ + ર = દ્ર | |
| દ્ + વ = દ્વ | |
| દ્ + ઋ = દૃ | |

'ર' વ્યંજન જોડાક્ષરમાં પ્રયોજાય ત્યારે જો એ પૂર્વ-અર્ધ વ્યંજન તરીકે હોય તો જુદું ચિહ્ન પ્રયોજાય છે અને અન્ય વ્યંજન પૂર્વ-અર્ધ વ્યંજન હોય ત્યારે ર વ્યંજન માટે જુદું ચિહ્ન પ્રયોજાય છે. યાદ છે ને !

| **'ર' પહેલાં આવે તો 'ર્' તરીકે** | | **અન્ય વ્યંજન પહેલાં આવે તો '્ર' તરીકે** | |
|---|---|---|---|
| **ધ્વનિશ્રેણી** | **શબ્દ** | **ધ્વનિશ્રેણી** | **શબ્દ** |
| ક્ + આ + ર્ + ય્ + અ | કાર્ય | વ્ + ર્ + અ + ત્ | વ્રત |
| વ્ + અ + ર્ + ત્ + અ + ન્ | વર્તન | ક્ + ર + અ + મ્ | ક્રમ |

યાદ આવ્યું ને ! તો કેટલાક શબ્દોની ધ્વનિશ્રેણી તપાસીએ ? વિવિધ સ્વર અને વ્યંજન ધરાવતી ધ્વનિશ્રેણી, એકથી વધુ વ્યંજનો ધરાવતા જોડાક્ષરની ધ્વનિશ્રેણી છૂટી પાડીશું ને?

| | |
|---|---|
| હૃદય | હ્+ઋ+દ્+અ+ય્ |
| કટાક્ષ | ક્+અ+ટ્+આ+ક્+ષ્+અ |
| નિશ્ચિત | ન્+ઈ+શ્+ચ્+ઈ+ત્ |
| વિજ્ઞપ્તિ | વ્+ઈ+જ્+ઞ્+અ+પ્+ત્+ઈ |
| અગ્ન્યસ્ત્ર | અ+ગ્+ન્+ય્+અ+સ્+ત્+ર્+અ |

તમે નીચેના શબ્દો સામે આપેલી ધ્વનિશ્રેણી સાચી છે કે કેમ, તે કહી શકશો ? જો એ ધ્વનિશ્રેણી ખોટી હોય તો તમે સુધારશો ને!

(1) મુઠ્ઠી - મ્+ઊ+ટ્+ઠ્+ઈ

(2) તૃષ્ણા - ત્+ઋ+ષ્+ણ્+આ

(3) સર્વોત્તમ - સ્+અ+ર્+વ્+ઓ+ત્+અ+મ્

(4) પ્રાયશ્ચિત - પ્+ર્+આ+ય્+અ+શ્+ચ્+ઈ+ત્

(5) કાર્યક્રમ - ક્+આ+ર્+ય્+અ+ર્+ર્+અ+મ્

ધ્વનિશ્રેણીઓ ધ્યાનથી વાંચી ને ! બોલો, કઈ કઈ ધ્વનિશ્રેણી સાચી છે ? બીજી અને ચોથી ધ્વનિશ્રેણી સાચી છે. તો બાકીની ધ્વનિશ્રેણી સુધારીએ?

મુઠ્ઠી - મ્+ઉ+ઠ્+ઠ્+ઈ

સર્વોત્તમ - સ્+અ+ર્+વ્+ઓ+ત્+ત્+અ+મ્

કાર્યક્રમ - ક્+આ+ર્+ય્+અ+ક્+ર્+અ+મ્

તમને ખ્યાલ આવ્યો હશે કે 'ઠ્ઠી' એ 'ટ્+ઠ્+ઈ' શ્રેણી નથી. પરંતુ, 'ઠ્+ઠ્+ઈ' છે. 'સર્વોત્તમ'ની ધ્વનિશ્રેણીમાં શું ધ્યાનમાં આવ્યું ? ત્યાં 'ત્ત' એ બેવડો 'ત' છે. 'ઉત્તમ', 'મહત્ત્વ', 'સત્તા' વગેરે જેવા શબ્દોમાં આ બાબત ધ્યાનમાં રાખવી જોઈએ. તો 'કાર્યક્રમ'માં 'ય્' પહેલા 'ર્' વ્યંજન આવ્યો હોવાથી 'ય' પર રેફ છે તો 'ક્' પછી 'ર્' આવ્યો હોવાથી '/' નિશાની પ્રયોજાઈ છે.

આવા કેટલાક શબ્દોની ધ્વનિશ્રેણી જાતે છૂટી પાડીશું ?

ઉત્કૃષ્ટ

સ્નિગ્ધ

વિદ્વત્તા

જ્ઞાનચક્ષુ

નિઃસ્તબધતા

## જોડણી

સામાન્ય રીતે 'જોડણી' શબ્દ સાંભળો ત્યારે તાણ અનુભવાય છે. ખોટું લખાઈ જશે તો? એમ થાય કે કોઈ જાદુની લાકડી મળી જાય અને બધી જોડણી સાચી જ લખાય તો કેવી મઝા પડી જાય! એના નિયમો સમજી શકાય તો કેટલું સારું થાય!

તમે ગુજરાતી શબ્દભંડોળ વિશે ભણી ગયા છો. ગુજરાતીમાં તદ્ભવ, તત્સમ અને અંગ્રેજી, અરબી-ફારસી જેવા અન્ય ભાષાના શબ્દો છે, તે તમે જાણો છો. સાર્થ જોડણીકોશમાં આ તત્સમ, તદ્ભવ કે અન્યભાષી શબ્દો માટે જુદા નિયમો છે. મહદંશે જોડણીના નિયમો તદ્ભવ શબ્દોને લાગુ પડે છે. તત્સમ તથા અન્યભાષી શબ્દોની જોડણી તેમની મૂળ ભાષાની જોડણીને અનુસરીને કરવાની હોય છે. જેમ કે, 'ઈરાક' મૂળ અરબી જોડણી અનુસાર હ્રસ્વ 'ઇ' ધરાવે છે તો 'ઈરાન' ફારસી જોડણીને અનુસરીને દીર્ઘ 'ઈ' ધરાવે છે. 'દિવેટ' કે 'દિવેલ' જેવા શબ્દો તદ્ભવ શબ્દો હોવાથી તે ગુજરાતી જોડણીના નિયમ અનુસાર છે પણ 'દીવાન' અરબી અને 'દીવાલ' ફારસી શબ્દ હોવાથી ગુજરાતી જોડણીના નિયમો તેને લાગુ પડતા નથી, તેથી તેની જોડણી જુદી થાય છે. એ સંજોગોમાં સાચી જોડણી કરવાનો સૌથી સરળ ઉપાય છે, ખૂબ વાંચવું. આંખોને તેની આદત પાડવી તે. અહીં આપણે કેટલાક નિયમો જોઈશું. જેનું જોડણી સંદર્ભે ધ્યાન રાખવું જોઈએ તેવા સરખા લાગતા શબ્દોની યાદી પણ આપી છે. તમે તેનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરશો.

તદ્‌ભવ શબ્દોની જોડણીના અભ્યાસના મુખ્ય આધાર નીચે મુજબ છે.

1. ઉચ્ચારણગત
2. અક્ષર (શબ્દમાં સ્થાન)
3. જોડાક્ષર
4. અનુસ્વાર
5. અંગસાધક પ્રત્યય

**1. ઉચ્ચારણગતઃ**

1) <u>શબ્દને અંતે આવતો 'ઈ'દીર્ઘ હોય છે.</u>

ઉદાહરણઃ સખી, ઘંટી, કીડી, શીશી, ગળી, ખાલી, ડાળી, મૂડી, દૂધી, સુખી, પૂંજી વગેરે

(નોંધઃ સંસ્કૃત તત્સમ શબ્દો નીતિ, રીતિ, પ્રીતિ, સૃષ્ટિ - વગેરેને જુદો પ્રત્યય લાગ્યો હોવાથી હ્રસ્વ ઇ આવે)

2) <u>'ય' અક્ષર પહેલાં આવતો 'ઈ' હંમેશાં હ્રસ્વ હોય છે.</u>

ઉદાહરણઃ પ્રિય, દરિયો, સાથિયો, ઘડિયાળ, વરિયાળી, ખાસિયત, હોશિયાર, અઠવાડિયું વગેરે.

**2. અક્ષરઃ શબ્દમાં સ્થાનઃ**

1) એકાક્ષરી શબ્દઃ

<u>સામાન્ય રીતે અનુસ્વાર વગરના એકાક્ષરી શબ્દોમાં આવતાં 'ઈ' કે 'ઊ' દીર્ઘ હોય છે.</u> જેમકે,

દીર્ઘ 'ઈ' ઘી, ફી, બી, સ્ત્રી વગેરે

દીર્ઘ 'ઊ' જૂ, દૂ, ભૂ, રૂ, બૂ વગેરે

પરંતુ, <u>જો એકાક્ષરી અક્ષર સાનુનાસિક હોય તો તે હ્રસ્વ હોય છે.</u>જેમ કે,

હ્રસ્વ 'ઉ'- હું, શું, તું વગેરે

2) બે અક્ષરના શબ્દઃ

<u>સામાન્ય રીતે બે અક્ષરના શબ્દમાં પહેલો અક્ષર દીર્ઘ હોય છે.</u> જેમ કે,

દીર્ઘ 'ઈ'- ગીધ, ચીજ, જીત, ફીણ, મીણ, રીત, શીખ, શીરો, હીરો, છીણી, ખીલી,

દીર્ઘ 'ઊ'- ઊઠ, ઊડ, ઊન, કૂચ, ચૂનો, દૂધ, ધૂળ, ફૂલ, ફૂગ, દૂર, બૂચ, જૂન, ચૂલો

(નોંધઃ 'આદિ' - તત્સમ શબ્દ, 'દિલ' - ફારસી શબ્દ, 'ગુનો' - અરબી શબ્દ - એમ ગુજરાતીમાં પ્રયોજાતા અન્ય ભાષાના શબ્દોની જોડણી આ નિયમથી જુદી હોઈ શકે.)

3) ત્રણ અક્ષરના શબ્દઃ

ત્રણ અક્ષરની જોડણી ખૂબ સરળ છે. તેમાં માત્ર તમારે એક જ વાત યાદ રાખવાની છે. સામાન્ય રીતે પહેલો અને બીજો - બન્ને અક્ષર સરખા નહીં હોય, એટલે કે બન્ને અક્ષર હ્રસ્વ કે બન્ને અક્ષર દીર્ઘ નહીં હોય. જો પહેલો અક્ષર હ્રસ્વ હોય તો બીજો અક્ષર દીર્ઘ અને પહેલો અક્ષર દીર્ઘ હોય તો બીજો અક્ષર હ્રસ્વ હોય. બસ, આટલું જ યાદ રાખવાનું.

સામાન્ય રીતે ત્રણ અક્ષરના શબ્દમાં બીજો અક્ષર દીર્ઘ હોય તો પહેલો અક્ષર હ્રસ્વ હોય છે. જેમકે,

'ઇ'- ઇનામ, ઇરાદો, કિનારો, વિદાય, વિસાત, શિકાર, દિવેટ, દિવેલ, બિલાડી, સિસોટી વગેરે

'ઉ'- ઉધાર, ઉનાળો, કુહાડી, ગુલામ, સુથાર, ધુમાડો, દુકાન, દુકાળ, ઉજાણી, ગુલાબી, ધુળેટી વગેરે

સામાન્ય રીતે ત્રણ અક્ષરના શબ્દમાં બીજો અક્ષર હ્રસ્વ હોય તો પહેલો અક્ષર દીર્ઘ હોય છે. જેમકે,

'ઈ'- કીમત, શીતળ, ચીપિયો, ધીરજ, કીટલી, દીકરી, ચીકણું વગેરે

'ઊ'- ઊપજ, ઊથલો, પૂનમ, સૂરત, ઊધઈ, સૂતળી, ઊજળું, ઊલટું, દૂઝણું, કૂતરું, રૂપિયો વગેરે

4) ચાર કે તેથી વધુ અક્ષરના શબ્દઃ

ચાર કે પાંચ અક્ષરના શબ્દમાં પહેલો અક્ષર હ્રસ્વ હોય છે. જેમ કે,

હિલચાલ, ભુલામણી, ખિસકોલી, કુતૂહલ, કિરતાર, કિફાયતી, સુવાવડ, પિચકારી, નિસરણી

તો મિત્રો, અક્ષરની સંખ્યાને ધ્યાનમાં રાખીને જોડણી સમજવી સહેલી થશે ને! હવે જોડાક્ષરને આધારે જે નિયમ છે તે વિશે જોઈએ.

**3. જોડાક્ષરઃ**

1) મૂળ શબ્દમાં જોડાક્ષર પહેલાંનાં 'ઈ' અને 'ઉ' હ્રસ્વ હોય છે. જેમ કે,

'ઇ'- ઇસ્ત્રી, કિસ્સો, ચિઠ્ઠી, જિલ્લો, ડિગ્રી, પિસ્તા, રિક્ષા, લિફ્ટ, લિજ્જત, નિશ્વાસ, પિસ્તાળીસ વગેરે

'ઉ'- ઉલ્લુ, કુસ્તી, ગુસ્સો, ફુગ્ગો, મુઠ્ઠી, તુક્કો, સુધ્ધાં, સુસ્તી, મુશ્કેલી, ઉજ્જડ, હુન્નર, ઉશ્કેરાટ વગેરે

(નોંધઃ અહીં ઇસ્ત્રી, જિલ્લો, ડિગ્રી, લિફ્ટ, ગુસ્સો, ઉલ્લુ, હુન્નર વગેરે જેવા અન્યભાષી શબ્દો પણ ગુજરાતી જોડણીના નિયમોને સમાંતર જોડણી ધરાવતા હોવાથી, તમે સરળતાથી યાદ રાખવા તેની નોંધ લઈ શકો માટે નોંધ્યા છે.)

**4. અનુસ્વારઃ**

અનુસ્વાર નાસિક્ય સ્વરનો નિર્દેશ કરવા માટે પણ પ્રયોજાય છે અને અનુનાસિક વ્યંજન (ઙ,ઞ, ણ, ન, મ)ની જગ્યાએ પણ પ્રયોજાય છે. અનુનાસિક વ્યંજનના નિર્દેશ માટે પ્રયોજાય ત્યારે તે વર્ગના વ્યંજન સાથે તે જોડાક્ષરના ભાગ રૂપે હોય. જેમકે, 'ચંદ્ર' - 'ચન્દ્ર', કિંમત - કિમ્મત, પરંતુ, 'આંસુ' - 'આન્સુ' / 'આમ્સુ/...નથી હોતું. કારણકે 'ચંદ્ર' લખાય ત્યારે ખરેખર તેના વર્ગના અનુનાસિક વ્યંજન સાથે 'ચન્દ્ર' બોલાય છે. અથવા 'કિંમત' લખાય ત્યારે ખરેખર તેના વર્ગના અનુનાસિક વ્યંજન સાથે 'કિમ્મત' બોલાય છે. જ્યારે 'આંસુ'માં સ્વર પોતે જ નાસિક્ય છે, તેના નાસિક્યપણાને કોઈ વર્ગના વ્યંજન સાથે આપણે જોડતા જ નથી. તેથી 'ચંદ્ર', 'કિંમત' આદિ બોલતી વખતે જોડાક્ષરની જેમ ઉચ્ચારણમાં થડકો લાગે છે, જે 'આંસુ'માં નથી લાગતો. તેથી 'ચંદ્ર', 'કિંમત' આદિ અનુનાસિક વ્યંજનસૂચક અનુસ્વાર તીવ્ર કહેવાય છે, જ્યારે 'આંસુ', 'ભીંત' આદિમાં ઉચ્ચારાતો અનુસ્વાર કોમળ કહેવાય છે.

તીવ્ર અનુસ્વાર ધરાવતો શબ્દ જોડાક્ષરનો નિયમ ધરાવે છે. તેથી તેમાં પૂર્વેનો સ્વર હ્રસ્વ સ્વર લખાય છે. જેમકે,

ઇ - બિંદી, સિંધી, હિંદ, જિંદગી, ઢિંગુજી, લિંબોળી, શિંગડું, સિંધવ, હિંડોળો, હિંમત વગેરે

ઉ - કુંજો, કુંભ, બુંદી, ભુંડ, ઉંદર, ઉંબરો, ઉંમર, કુંડળ, કુંદન, કુંભાર, ગુંજાશ, ગુંદર, ગુંબજ વગેરે

આ શબ્દોને ઉચ્ચારતાં 'બિન્દી', 'લિમ્બોળી'; 'કુમ્ભ', 'ગુન્દર' એમ જુદું ઉચ્ચારાય છે, તેવો ખ્યાલ આવશે. તેથી

'બિ'-'લિ' કે 'કુ', 'ગુ'ની સ્વરમાત્રા હ્રસ્વ છે.

પરંતુ, નાસિક્ય સ્વરસૂચક અનુસ્વાર હોય ત્યારે તેના ઉચ્ચારણને 'કોમળ' ગણાવાય છે. તેની પહેલાં આવતાં 'ઈ-ઊ' દીર્ઘ હોય છે. જેમ કે,

ઈ - છીંક, પીંછી, ભીંત, રીંછ, ખીંટી, વીંટી, વીંછી, રીંગણ, લીંપણ, હીંચકો, જીંડવું, પીંજરું વગેરે

ઊ - ઊંટ, ઊંઘ, ખૂંટ, ગૂંથ, ઘૂંટ, ટૂંક, છૂંદો, સૂંઠ, હૂંફ, સૂંઢ, પૂંછડી, ઊંચું, ઊંધું, પૂંજી, હૂંડી, લૂંટારો વગેરે

આ શબ્દોને 'ભીન્ત' કે 'ગૂન્થ' ઉચ્ચારી શકાતા નથી. માત્ર 'હીંચકો' અને 'હિંડોળો' બોલી જોશો તો પણ 'હિં' અને 'હીં'ના ઉચ્ચાર વચ્ચેનો ભેદ સમજાશે.

**5. અંગસાધક પ્રત્યયઃ**

તમે અગાઉ અંગસાધક પ્રત્યય વિશે ભણી ગયા છો. અંગસાધક પ્રત્યયની જોડણી યાદ રાખવાથી તેની સાથે જોડાઈને બનતા શબ્દોની જોડણી સરળતાથી યાદ રહી શકશે.

અ) હ્રસ્વત્વ ધરાવતા પ્રત્યયોઃ

1) પૂર્વ પ્રત્યયઃ

- ઉપ - ઉપકથા, ઉપગ્રહ, ઉપનામ, ઉપમંત્રી, ઉપાંગ, ઉપાંત્ય
- ઉત્ - ઉત્કંઠા, ઉદ્યમ, ઉલ્લેખ, ઉડ્ડયન
- સુ - સુપુત્ર, સુદૃઢ, સુદીર્ઘ, સુપાત્ર, સુમેળ, સુગંધ, સુરુચિ, સુશીલ
- કુ - કુવિચાર, કુસંસ્કાર, કુછંદ, કુસંપ, કુદૃષ્ટિ, કુપાત્ર
- અનુ - અનુકૂળ, અનુકરણ, અનુભૂતિ, અનુમતિ

('પછી'નો અર્થઃ અનુજ, અનુચર, અનુસ્નાતક, અનુક્રમ)

('અન્'- પ્રત્યયઃ અનુત્તર- અન્ +ઉત્તર, અનુચિત - અન્ +ઉચિત, અનુપમ -અન્ + ઉપમ)

- દુઃ/દુસ્/દુર્ઃ દુર્જન, દુર્ગમ, દુષ્કાળ, દુરાચાર, દુષ્પ્રાપ્ય
- નિઃ/નિસ્/નિર્ઃ
    - નિઃ - નિઃશબ્દ, નિઃસત્ત્વ, નિઃશસ્ત્ર, નિઃશુલ્ક, નિઃસહાય, નિઃસંકોચ, નિઃસંતાન
    - નિશ્ - નિશ્ચેતન, નિશ્ચલ, નિષ્કામ, નિષ્ફળ, નિષ્કંટક, નિષ્કર્મ, નિષ્ક્રિય, નિષ્પક્ષ
    - નિર્ - નિર્મળ, નિર્દોષ, નિરંકુશ, નિર્દય, નિરામિષ, નિરાવરણ, નિરાશ, નિરાશ્રય, નિરાહાર, નિરુત્તર

(નોંધઃ સ્વર અને ઘોષ વ્યંજન પહેલાં 'નિર્', 'દુર્'; ઊષ્માક્ષરો પાસે 'નિ', 'દુ'; 'ચ,' પહેલાં 'શ'; 'ક','પ', 'ફ' પહેલાં 'ષ')

- વિ- વિકેન્દ્રિત, વિસર્જન, વિજાતીય, વિદેશ, વિદેહ, વિધવા, વિધર્મ વગેરે (વિ - વિરોધ, નકાર આદિ અર્થ)
- વિશિષ્ટ, વિખ્યાત, વિશુદ્ધ, વિજ્ઞાન, વિજય, વિનાશ, વિનમ્ર, વિદ્રોહ વગેરે (વિ - વિશેષનો અર્થ દર્શાવે)

- પરિ - (ચારે તરફનું, પરિપૂર્ણ) પરિક્રમા, પરિગ્રહ, પરિજન, પરિણામ, પરિણીત, પરિભાષા, પરિમાણ

પરિવર્તન, પરિવેશ, પરિતાપ, પરિપત્ર, પરિપાટી, પરિપૂર્ણ, પરિબળ, પરિસર, પરિશ્રમ

- પ્રતિ - પ્રતિકૃતિ, પ્રતિહિંસા, પ્રતિસાદ, પ્રતિલિપિ, પ્રતિબિંબ, પ્રતિસ્પર્ધા, પ્રતિકૂળ, પ્રતિદિન
    - સંધિને કારણે - પરીક્ષા, પ્રતીક્ષા
- અધિ -(ઉપર) અધિકારી, અધિનિયમ, અધિપતિ
- અભિ- (-ના સંદર્ભમાં) અભિનવ, અભિમાન, અભિરુચિ, અભિજ્ઞાન, અભિપ્રેત
- પરિ - પરિમિતિ, પરિણીત
- પુરસ્- (પહેલાં) પુરોહિત, પુરોગામી, પુરાતત્ત્વ
- બિન - બિનજરૂરી, બિનઅનુભવી, બિનશરતી, બિનચૂક, બિનઆવડત, બિનઉપજાઉ, બિનજવાબદાર

2) <u>પરપ્રત્યય:</u>

- ઈક - આ પ્રત્યય લાગે ત્યારે સામાન્ય રીતે પૂર્વ સ્વર દીર્ઘ થાય છે. અ-આ, ઈ/એ - ઐ, ઉ/ઓ - ઔ
    - અ/આ -(સમાજ)) સામાજિક, (પ્રમાણ) પ્રામાણિક, (સમય) સામયિક,(શરીર) શારીરિક, વાર્ષિક
    - ઈ/એ- ઐ - (દ્વિતીય) દ્વૈતીયિક, વૈજ્ઞાનિક, (દિન) દૈનિક, (સેના) સૈનિક, વૈદિક વગેરે
    - ઉ/ઓ - ઔ - (ઉદ્યોગ) ઔદ્યોગિક, (ભૂગોળ) ભૌગોલિક વગેરે
    - (ક્યારેક પ્રથમ સ્વર દીર્ઘ થતો નથી: ધનિક, પંથિક, રસિક, અઠવાડિક, ક્ષણિક, ક્રમિક)
- ઈકા - લેખિકા, નાયિકા, બાલિકા, સંપાદિકા, માર્ગદર્શિકા, નવલિકા વગેરે
- ઈત - ગણિત, રચિત વગેરે
- ઈલ - ઊર્મિલ, જટિલ વગેરે
- ઈષ્ઠ - કનિષ્ઠ, સ્વાદિષ્ઠ, ધર્મિષ્ઠ વગેરે
- ઈમા - ગરિમા વગેરે
- ઈય - ભારત + ઈય = ભારતીય, નાટકીય, પૂજનીય વગેરે

જોડણીના આ નિયમો જોયા પછી કેટલીક જોડણી સમજવી અને તેથી યાદ રાખવી સરળ રહેશે. તમને ખબર છે કે અંગ્રજી શબ્દોની ગુજરાતી જોડણી માટે પણ આવા કેટલાક નિયમો જોવાથી જોડણી સહેલી લાગી શકે?

1. જ્યાં 'i' આવે ત્યાં હ્રસ્વ ઇ પ્રયોજાય. જેમકે, પોલિસી, ટાઈપિસ્ટ વગેરે
2. જ્યાં 'u' આવે ત્યાં હ્રસ્વ ઉ પ્રયોજાય. જેમકે, યુનિટ, સ્યુટ વગેરે
3. જ્યાં 'ee', 'ea' અને 'ie' આવે ત્યાં દીર્ઘ 'ઈ' ની માત્રા પ્રયોજવી. જેમકે, સીટ, ફી, બીયર વગેરે
4. જ્યાં 'oo' આવે ત્યાં દીર્ઘ 'ઊ'ની માત્રા પ્રયોજવી. જેમકે, સ્કૂલ, ફૂટ, હૂક વગેરે
5. જ્યાં શબ્દના અંતે 'ઈ'ની માત્રા આવે ત્યાં દીર્ઘ 'ઈ'ની માત્રા પ્રયોજવી, અન્ય તમામ 'ઇ' હ્રસ્વ માત્રામાં લખાશે. જેમકે, યુનિવર્સિટી, મ્યુનિસિપાલિટી, કમિશનર વગેરે.
6. અંગ્રેજીના પહોળા ઉચ્ચાર દર્શાવવા 'ઑ'ની માત્રાનો ઉપયોગ કરવો. જેમકે, કૉફી, ઑફિસ, ઑગસ્ટ વગેરે

હ્રસ્વ - દીર્ઘ 'ઇ-ઈ, ઉ-ઊ' કે અનુસ્વાર સંદર્ભે કેટલાક નિયમો જોયા. પણ ઘણી વખત લખતી વખતે બેદરકારીમાં, ઉતાવળમાં કે ઉચિત શબ્દ ખ્યાલ ન હોવાને કારણે કોશમાં હોય તેવી, પરંતુ સંદર્ભને યોગ્ય ન હોય તેવી જોડણી લખાઈ જાય છે. જેમ કે,

ક્લોરોફોર્મ એટલે શસ્ત્રક્રિયા સમયે દરદીને બેહોશ કરવા વપરાતી દવા.

- ને બદલે આમ લખાય:

ક્લોરોફોર્મ એટલે શાસ્ત્રક્રિયા સમયે દરદીને બાહોશ કરવા વપરાતી દવા.

તમે ધ્યાનથી વાંચશો તો ખ્યાલ આવશે કે એકને બદલે પ્રયોજાયેલ અન્ય શબ્દ 'શસ્ત્ર - શાસ્ત્ર' અથવા 'બેહોશ - બાહોશ' કોશની દૃષ્ટિએ સાચા છે. પરંતુ સંદર્ભની દૃષ્ટિએ તે ઉચિત અર્થ ધરાવતા શબ્દ નથી. તેથી આ પણ સંદર્ભગત ખોટી જોડણી જ કહેવાય. આવા કેટલાક શબ્દો નીચે આપ્યા છે. તમારે લખતી વખતે હંમેશાં ધ્યાન રાખવું જોઈએ.

**<u>જોડણીભેદે અર્થભેદ:</u>**

| | | | |
|---|---|---|---|
| અકસ્માત્ | - એકાએક, અણધાર્યું | અપેક્ષા | - ઇચ્છા, આશા |
| અકસ્માત | - અણધાર્યો બનાવ | ઉપેક્ષા | - તિરસ્કાર, અવગણના |
| અફર | - અચલ, નિશ્ચલ | અબજ | - સો કરોડ દર્શાવતી સંખ્યા |
| અફળ | - નિષ્ફળ | અજબ | - આશ્ચર્યકારક |
| અભિનય | - અદાકારી | અલિ | - ભમરો |
| અભિનવ | - તદ્દન નવું | અલી | - સખીને સંબોધન |
| અસ્ત્ર | - ફેંકવાનું હથિયાર | અંશ | - ભાગ |
| શસ્ત્ર | - હાથથી લડવાનું હથિયાર | ઔંસ | - વજનનું એક માપ |
| આકરું | - કઠણ | આજ | - આજે |
| આકળું | - ઝટ ગુસ્સે થનાર | આ જ | - આ +નિપાત 'જ' |
| આર | - કાંજી | આરસ | - સંગેમરમર |
| આળ | - આરોપ | આળસ | - સુસ્તી |
| ઇનામ | - બક્ષિશ | ઉદર | - પેટ |
| ઈમાન | - પ્રામાણિકતા | ઉંદર | - એક પ્રાણી |
| ઉપહાર | - ભેટ | ઊછરવું | - મોટા થવું |
| ઉપાહાર | - નાસ્તો | ઊછળવું | - કૂદવું |
| કઠોર | - કઠણ, નિર્દય | કડુ | - એક પ્રકારની કડવી ઔષધિ |
| કઠોળ | - એક પ્રકારનું અનાજ | કડું | - હાથનું ઘરેણું |
| કમર | - કેડ | કૂચી | - મહોલ્લો |
| કમળ | - એક ફૂલ | કૂંચી | - ચાવી |

| | | | |
|---|---|---|---|
| કેશ | - વાળ | કોશ | - ભંડાર |
| કેસ | - મુકદ્દમો | કોસ | - ગાઉ -દોઢ માઈલ |
| ખાધ | - ખોટ | ગુણ | - મૂળ લક્ષણ, કાયદો |
| ખાદ્ય | - ખવાય એવું | ગૂણ | - થેલો (ચાર મણ) |
| ખાંધ | - ખભો | | |

આ નિયમોને સમજવાની કોશિશ કરવાથી, લખતી વખતે ધ્યાન રાખવાથી જોડણીની ભૂલો ઓછી થશે. પણ ભાષા અને જોડણી પર પ્રભુત્વ મેળવવા સતત વાંચવું અને સતત લખવું - એ જ ઉત્તમ ઉપાય છે.

તમે જો પાઠ ધ્યાનથી વાંચ્યો હશે તો તમને ક્યાંક આશ્ચર્ય થયું હશે, જેમકે, સામાન્ય રીતે 'કિંમત' લખ્યું-વાંચ્યું હશે પણ અહીં નિયમો વાંચતી વખતે ત્રણ અક્ષરના નિયમ વખતે 'કીંમત' જોડણી વાંચી, તમને થશે કે આમાંની કઇ જોડણી સાચી હોઈ શકે. હા, તેને વૈકલ્પિક જોડણી કહે છે. સાર્થ જોડણીકોશ અનુસાર ગુજરાતી ભાષામાં કોઈ એક શબ્દની બે, ત્રણ કે ચાર વૈકલ્પિક જોડણી જોવા મળે છે. તમારા પરિચય માટે કેટલીક વૈકલ્પિક જોડણી નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ચડાઈ- ચઢાઈ | દરમ્યાન- દરમિયાન | રાષ્ટ્રિય- રાષ્ટ્રીય |
| વિગત-વીગત | સુતાર-સુથાર | સૂચિ-સૂચી |
| નિશ્વાસ-નિઃશ્વાસ | વિનતી-વિનંતી-વિનંતિ | હંમેશ-હંમેશા-હમેશ-હમેશાં |

નોંધઃ અનુસ્વાર સંદર્ભે કવિ સુંદરમ્ રચિત કાવ્ય 'અનુસ્વાર-અષ્ટક' મેળવીને વાંચો.

## સંધિ

ગયા વર્ષે આપણે જોયું કે જ્યારે બે શબ્દ પાસે આવે ત્યારે પહેલા શબ્દના છેલ્લા અક્ષર અને બીજા શબ્દના પ્રથમ અક્ષરમાં ઉચ્ચારણ સંદર્ભે પરિવર્તન આવે - તે સંધિ, એટલે કે સંધિ એ 'બોલવા' -નો વિષય છે. હવે તમે સ્વરસંધિ, વ્યંજનસંધિ અને વિસર્ગસંધિથી પરિચિત છો.

આપણે પુનરાવર્તન કરીએ? ગયા વર્ષે જોયેલા સંધિના નિયમો યાદ હશે. તમે સ્વરસંધિ, ગુણસંધિ, યણ સંધિ, અયાદિ, વિસર્ગસંધિ અને વ્યંજનસંધિ જોઈ હતી. તો થોડાક સ્વાધ્યાય કરીને સંધિ વિશે પુનરાવર્તન કરીએ?

નીચેનાં વાક્યો વાંચો, આ વાક્યોમાં સંધિ છે. તમે ઓળખી શકશો?

1) મનીષાબહેનને બધા પર્વતારોહકો જાણે છે.

2) અરવલ્લીનો પિંડ, પ્રાણમાં ધબકે છે રત્નાકર

3) સમયનો સદુપયોગ કરવા અમે જીવલાના ખેતરમાં ઊપડ્યા.

4) એકલતાના શૂન્યાવકાશમાં સુશીને કોઈ સાદ દેતું હતું.

5) સત્રોત્સવ નિમિત્તે મંબોજંબોના નગરમંદિરના શણગાર પણ આ પવિત્ર અવસરને છાજે એવા હતા.

ખ્યાલ આવ્યો? ઉપરનાં વાક્યોમાં તમને કયા સંધિશબ્દો મળ્યા?

ચાલો, સાથે જોઈએ. 1) પર્વતારોહક, 2) રત્નાકર, 3) સદુપયોગ, 4) શૂન્યાવકાશ, 5) સત્રોત્સવ.

આ સંધિને છૂટી પાડી શકશો? તમે પ્રયત્ન કરો. પછી ઉત્તર આપણે સાથે જોઈએ.

પર્વતારોહક - પર્વત + આરોહક

રત્નાકર - રત્ન + આકર

સદુપયોગ - સત્ + ઉપયોગ

શૂન્યાવકાશ - શૂન્ય + અવકાશ

સત્રોત્સવ - સત્ર + ઉત્સવ

દૃઢીકરણ માટે વિશેષ સ્વાધ્યાય કરીએ? ચાલો, નીચે આપેલી સંધિનો યોગ્ય વિગ્રહ કરો.

દિગંબર, તદાનુસાર, વાક્પતિ, સન્મતિ, સચ્ચરિત્ર.

ધ્યાન રાખીને પ્રયત્ન કરજો. સાથે ઉત્તર જોઈએ.

| **સંધિશબ્દ** | **વિગ્રહ** | **નિયમ** |
|---|---|---|
| દિગંબર | દિક્ + અંબર | અઘોષ વ્યંજન + સ્વર - ઘોષ વ્યંજન |
| તદનુસાર | તત્ + અનુસાર | અઘોષ વ્યંજન + સ્વર - ઘોષ વ્યંજન |
| વાક્પતિ | વાક્ + પતિ | અઘોષ વ્યંજન + અઘોષ વ્યંજન - યથાવત્ |
| સન્મતિ | સત્ + મતિ | સ્પર્શ વ્યંજન + અનુનાસિક વ્યંજન - વર્ગીય અનુનાસિક વ્યંજન |
| સચ્ચરિત્ર | સત્ + ચરિત્ર | ત્ + તાલવ્ય વ્યંજન - બેવડાય |

બીજી સંધિનો વિગ્રહ તમે કરી શકશો?

વિદ્યુલ્લેખા, ષડ્રિપુ, સદ્ગૃહસ્થ, ઉત્તરાયણ.

સંધિના વિગ્રહ જોઈએ?

1) વિદ્યુલ્લેખા - વિદ્યુત્ + લેખા
2) ષડ્રિપુ - ષષ્ + રિપુ
3) સદ્ગૃહસ્થ - સત્ + ગૃહસ્થ
4) ઉત્તરાયણ - ઉત્તર + અયન

તમે આ સંધિ છોડી શક્યા હતા ને! અહીં આપેલા સંધિવિગ્રહ સાથે જવાબ મેળવી જુઓ. જવાબ મળે છે? તમે વિગ્રહ સાથે નિયમ વિચારવાની, સમજવાની આદત પાડજો. જવાબનો તાળો એની જાતે જ મળતો જશે.

ચાલો, તો બીજી રીતે સંધિનો અભ્યાસ કરીએ. નીચે વિગ્રહ આપ્યો છે. તમારે સંધિ કરવાની છે. આ તો સરળ છે ને!

1. સત્ + નારી
2. વાક્ + બાણ
3. દિક્ + અન્ત
4. નિઃ + વિવાદ
5. શાળા + ઉપયોગી

ચાલો આ શબ્દોની સંધિ કરીએ.

1. સત્ + નારી - સન્નારી
2. વાક્ + બાણ - વાગ્બાણ
3. દિક્ + અન્ત - દિગંત
4. નિઃ + વિવાદ - નિર્વિવાદ
5. શાળા + ઉપયોગી - શાળોપયોગી

સંધિ જોડી શક્યા હતા ને!

ચાલો, એક રમત રમીએ. તમને સંધિનું જૂથ આપવામાં આવે. તેમાંથી વિગ્રહ સંદર્ભે કયા વિકલ્પની ખોટી સંધિ થઈ છે તે તમારે જણાવવાનું.

1) (ક) મનુ + અંતર - મન્વંતર (ખ) સુ + અલ્પ - સ્વલ્પ
   (ગ) અનુ + એષણા - અનેષણા (ઘ) વન + ઔષધિ - વનૌષધિ
2) (ક) વિદ્યા + ઉપાસના - વિદ્યોપાસના (ખ) સપ્ત + ઋષિ - સપ્તર્ષિ
   (ગ) ગંગા + ઉદક - ગંગોદક (ઘ) જીર્ણ + ઉદ્ધાર - જીર્ણદ્ધાર
3) (ક) યથા + ઈષ્ટ - યથેષ્ટ (ખ) તથા + એવ - તથોવ
   (ગ) ઉમા + ઈશ - ઉમેશ (ઘ) રાજ + ઈશ્વર - રાજેશ્વર
4) (ક) વિ + અગ્ર - વિગ્ર (ખ) હૃદય + ઐક્ય - હૃદયૈક્ય
   (ગ) સદા + એવ - સદૈવ (ઘ) વિશ્વ + એકતા - વિશ્વૈકતા
5) (ક) નિઃ + મળ - નિર્મળ (ખ) પરિ + આવરણ - પરાવરણ
   (ગ) પરમ +ઈશ્વર - પરમેશ્વર (ઘ) દુઃ + ગમ - દુર્ગમ

જો જો, બધા વિગ્રહ અને સંધિ ધ્યાનથી વાંચવા પડશે. તો જ કઈ સંધિ ખોટી છે, તે ખબર પડશે. સાથે ઉત્તર જોવા છે? ચાલો, તો સાથે ઉત્તર જોઈએ. પણ પછી તમારે સાચી સંધિ કઇ હોઈ શકે જણાવવાનું.

1. (ગ) અનુ + એષણા - અનેષણા સાચો ઉત્તર.........................
2. (ઘ) જીર્ણ + ઉદ્ધાર - જીર્ણદ્ધાર સાચો ઉત્તર.........................
3. (ખ) તથા + એવ - તથોવ સાચો ઉત્તર.........................
4. (ક) વિ + અગ્ર - વિગ્ર સાચો ઉત્તર.........................
5. (ખ) પરિ + આવરણ - પરાવરણ સાચો ઉત્તર.........................

સંધિના ઉત્તર જણાવી શકોઃ 1. અન્વેષણા, 2. જીર્ણોદ્ધાર, 3. તથૈવ, 4. વ્યગ્ર, 5. પર્યાવરણ. ઉત્તર સ્પષ્ટ છે ને!

તમે ધ્યાનપૂર્વક વાંચીને સંધિ, વિગ્રહ અને તે દ્વારા નિયમનું દૃઢીકરણ કરો.

## સમાસ

નવમા ધોરણમાં તમે સમાસ વિશે અભ્યાસ કર્યો હતો. તમે શીખ્યા હતા કે બિનજરૂરી પુનરાવર્તન ટાળવા, લાઘવ સાધવા જે પ્રયુક્તિ યોજાય છે તે સમાસ છે. જ્યારે ભાષાવ્યવહારમાં સમાસ પ્રયોજાય ત્યારે તેનું અર્થઘટન મહત્ત્વનું હોય છે. એટલે કે સમાસને સમજવા માટે ઉપરથી - બહારથી અર્થનું આરોપણ નથી કરવાનું હોતું. પણ તેની રચના વખતે જે વીગતો ટાળવામાં આવી હોય તે અર્થ સમજવાનો હોય છે. આ 'નહીં મુકાયેલી' વીગતોને ફરીથી મૂકવાની ક્રિયાને 'સમાસવિગ્રહ' કહે છે. સમાસને સમજવા માટે, ઓળખવા માટે વિગ્રહ અનિવાર્ય બાબત છે.

તમે સમાસના દ્વન્દ્વ, તત્પુરુષ, કર્મધારય અને ઉપપદ વિશે અભ્યાસ કર્યો હતો. તમને આ સમાસ યાદ છે ? ચાલો, પાછળ કેટલાંક વાક્યો આપ્યાં છે. તેમાંથી દ્વન્દ્વ અને તત્પુરુષ સમાસ ઓળખી તેમને જુદા તારવો.

1. દસ રૂપિયે હારો ભાત, એ જ પ્રમાણે બધી ચીજવસ્તુ.

2. સૂર્યમંદિરે ગુંજરતો હું ધવલતેજનો ભૃંગ.

3. રિક્ષાભાડાના જવા-આવવાના બીજા એંશી રૂપિયા થયા.

4. દશેરાના દિવસે રાવણવધ કરવાની જરૂર નથી.

5. શરીફ ડાકુઓ ગરીબ પ્રજાના હાડમાંસ ચૂંથવામાં અરેરાટી નહોતા અનુભવતા.

ંતારવી શક્યાં ? સમાસને તારવ્યા બાદ શું કરવાનું... ? સમાસનો વિગ્રહ કરવાનો. વિગ્રહને આધારે પ્રકાર નકકી કરવાનો...યાદ આવ્યા સમાસ? ચાલો, તમે તારવેલા સમાસને તપાસીએ. સાથે વિગ્રહ કરીએ અને ઓળખીએ.

| | | |
|---|---|---|
| 1. ચીજવસ્તુ | - ચીજ, વસ્તુ વગેરે | - દ્વન્દ્વ |
| 2. સૂર્યમંદિર | - સૂર્યનું મંદિર | - તત્પુરુષ |
| 3. રિક્ષાભાડું | - રિક્ષાનું ભાડું | - તત્પુરુષ |
| 4. જવા-આવવાના | - જવાના અને આવવાના | - દ્વન્દ્વ |
| 5. રાવણવધ | - રાવણનો વધ | - તત્પુરુષ |
| 6. હાડમાંસ | - હાડ અને માંસ | - દ્વન્દ્વ |

હવે સમાસ તારવીને ઓળખી શકશો ને? તો નીચેનાં વાક્યો વાંચો અને તેમાં રહેલા સામાસિક શબ્દોને ઓળખીને તેનો વિગ્રહ કરીને ઓળખાવો.

1. જે વ્યક્તિ દાવપેચ રમે અને છળકપટમાં રાચે તેનું શરીર સાવ નીરોગી ન રહી શકે.

2. ભણેલા લોકો ખાવાપીવામાં અભણની માફક વર્તે છે.

3. દાળચોખા આપું તે ખીચડી બનાવી લાખ(નાખ)!

4. ભણવાગણવાની ઉંમરે ને રમવાની ઉંમરે કોઈ ખેતરમાં ચાર કાપતો કે બળતણ માટે લાકડાં કાપતો.

5. જીવલો આવે ત્યારે બાનું થોડુંઘણું કામ પણ કરી જાય.

આ વાક્યોમાં કયા કયા સામાસિક શબ્દો છે. ધ્યાનથી વાંચજો, કોઈ રહી ન જાય. તારવ્યા? તેનો વિગ્રહ કર્યો? તો જ પ્રકાર ઓળખી શકાશે...નીચે આ સામાસિક શબ્દો અને તેના વિગ્રહ આપીને પ્રકાર ઓળખાવ્યો છે. તમે જવાબનો તાળો મેળવી જુઓઃ

1. દાવપેચ - દાવ અને પેચ - દ્વન્દ્વ

2. છળકપટ - છળ, કપટ વગેરે - દ્વન્દ્વ

3. ખાવાપીવામાં - ખાવામાં અને પીવામાં - દ્વન્દ્વ

4. દાળચોખા - દાળ અને ચોખા - દ્વન્દ્વ

5. ભણવાગણવાની - ભણવાની અને ગણવાની - દ્વન્દ્વ

6. થોડુંઘણું - થોડું કે ઘણું - દ્વન્દ્વ

તમે આ સમાસ તારવી શક્યાં હતાં? દ્વન્દ્વ સમાસ ઓળખી શક્યા હતા? જો ઓળખી શક્યા હોવ તો આગળ વધો ને નીચેનાં વાક્યો વાંચો, સામાસિક શબ્દ શોધો, તેનો વિગ્રહ કરો અને પ્રકાર ઓળખો.

1. શ્રી વીરચંદ ગાંધીનો દેશપ્રેમ તેમની વાતોમાંથી ઝળકતો હતો.

2. આવી રીતે તો જીવલો ક્યારેય ઋણમુક્ત નહીં થઈ શકે.

3. વજન વધે તો વધે, પણ મનગમતું ખાવાનું, એવી આપણી જીવવાની શૈલી.

4. બાપુજીના સ્વર્ગવાસ પછી બધું બાએ સંભાળી લીધું.

5. તમે પ્રયોગ વાંચીને શીખો તેના કરતાં પ્રયોગશાળામાં પ્રયોગ કરીને શીખો, એની તો મઝા જ જુદી છે.

અહીં નીચે આપેલા ઉત્તર જોયા વિના તમારી નોટબુકમાં સામાસિક શબ્દો ઓળખાવી તેના પ્રકાર શોધો. પછી અહીં આપેલા ઉત્તર સાથે મેળવો. તમારા કેટલા વિગ્રહ અને પ્રકારની ઓળખ સાચાં છે તે ચકાસો.

| **સામાસિક શબ્દ** | **વિગ્રહ** | **પ્રકાર** |
|---|---|---|
| દેશપ્રેમ | દેશ માટેનો પ્રેમ | તત્પુરુષ |
| ઋણમુક્ત | ઋણમાંથી મુક્ત | તત્પુરુષ |
| મનગમતું | મનને ગમતું | તત્પુરુષ |
| સ્વર્ગવાસ | સ્વર્ગમાં વાસ | તત્પુરુષ |
| પ્રયોગશાળા | પ્રયોગ માટેની શાળા | તત્પુરુષ |

હવે નીચેના સમાસ વાંચો અને ગંભીરતાથી વિચારો કે આ સમાસનો વિગ્રહ શું થઈ શકે...

1. ખાદીભંડાર 2. ભાડાખત 3. કન્યાકેળવણી 4. મિલમજૂર 5. મૂડીરોકાણ

વિગ્રહ સહેલો લાગે છે ને!

1. ખાદીનો ભંડાર     2. ભાડાનો ખત     3. કન્યા માટેની કેળવણી     4. મિલનો મજૂર

5. મૂડીનું રોકાણ

બરાબર! કે આના સિવાય બીજો કોઈ વિગ્રહ કર્યો છે? પણ... તમે ખરેખર વિચારો કે

1. ખાદીનો ભંડાર એટલે શું?

1) ખાદીનો બનેલો ભંડાર,

2) ખૂબ ખાદી જ્યાં ભેગી કરવામાં આવી છે તેવો ભંડાર,

3) ખાદીનું વેચાણ કરતો ભંડાર

અને આવા અન્ય વિગ્રહો પણ હોઈ શકે... તમને કયા વિગ્રહનો અર્થ વધુ યોગ્ય લાગે છે? (૩). બરાબર ને!એટલેકે જ્યારે તમે 'ખાદીનો ભંડાર' કહો છો ત્યારે તમારા મનમાં રહેલો ખરેખર અર્થ છે - 'ખાદીનું વેચાણ કરતો ભંડાર'. એટલેકે વિગ્રહ બદલાઈ ગયો. પહેલી નજરે 'ખાદીનો ભંડાર' વિગ્રહ સાચો લાગે તેવો છે. પણ તે અધૂરો છે. એટલે સમાસની દૃષ્ટિએ છેતરામણો છે. જો તમે માત્ર '-નો', '-ની', '-નું', '-માં', '-થી', '-માટે' - વગેરે ઉમેરો તો તત્પુરુષ સમાસ થાય. પણ યોગ્ય અર્થ મેળવવા વિગ્રહ કરતી વખતે વચ્ચે અન્ય પદ ઉમેરવાં પડે તો એ સમાસને મધ્યમપદલોપી સમાસ કહે છે. કારણકે આ સમાસની રચના કરવા માટે મધ્યના - વચ્ચેના પદનો લોપ કરવો પડે છે.

હવે તમે ઉપરના સમાસનો વિગ્રહ ફરીથી કરશો?

| | | |
|---|---|---|
| 2. ભાડાખત | ભાડાનો ખત | ભાડાની વીગતો ધરાવતો ખત |
| 3. કન્યાકેળવણી | કન્યા માટેની કેળવણી | કન્યાને ધ્યાનમાં રાખીને અપાતી વિશિષ્ટ કેળવણી. |
| 4. મિલમજૂર | મિલનો મજૂર | મિલમાં કામ કરતો મજૂર |

તમને થશે કે બધા સમાસનું આવું જ થાય? તો પછી તત્પુરુષ સમાસ છે જ નહીં. બધામાં વચ્ચે એક શબ્દ ઉમેરી દો એટલે મધ્યમપદલોપી થઈ જાય... પણ એવું નથી. તત્પુરુષ સમાસમાં તમે ઈચ્છો તો પણ વચ્ચે શબ્દ નહીં ઉમેરી શકો. અને કદાચ ઉમેરશો તો એ યોગ્ય નહીં હોય. જેમ કે,

5. મૂડીરોકાણ     મૂડીનું રોકાણ.

તમે અહીં બીજા શબ્દો ઉમેરી જુઓ. શું લાગે છે ? તમે વાક્યમાં પ્રયોગ કરી જુઓ એટલે ખ્યાલ આવશે.

2. બાએ મને ભાડાખત સાચવવા આપેલો.

બાએ મને <u>ભાડાની વીગતો ધરાવતો ખત</u> સાચવવા આપેલો.

3. ભગવતસિંહજીએ કન્યાકેળવણીને મહત્ત્વ આપ્યું. -

ભગવતસિંહજીએ <u>કન્યાને ધ્યાનમાં રાખીને અપાતી વિશિષ્ટ કેળવણી</u>ને મહત્ત્વ આપ્યું.

4. શેઠે બધા મિલમજૂરોને બોલાવ્યા. -

શેઠે <u>મિલમાં કામ કરતા મજૂરો</u>ને બોલાવ્યા.

5. મનહરના દાદાએ જમીનમાં મૂડીરોકાણ કરેલું.

મનહરના દાદાએ જમીનમાં મૂડીનું રોકાણ કરેલું.

તમે જુઓ કે વાક્ય 5.માં યોગ્ય અર્થ મેળવવા માટે અન્ય પદને ઉમેરવું પડ્યું નથી. તેથી 'મૂડીરોકાણ' તત્પુરુષ સમાસ જ છે. પણ 1. ખાદીભંડાર, 2. ભાડાખત, 3. કન્યાકેળવણી, 4. મિલમજૂર - એ મધ્યમપદલોપી સમાસ છે.

સમજાયું?

ચાલો, તો નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. તેમાંથી મધ્યમપદલોપી સમાસ શોધી તેનો વિગ્રહ કરો.

1) સંગ્રામસમિતિની બેઠક ચાલે છે.

2) શિલાલેખ કે કોઈ તામ્રનો પટ નહીં માંગું.

3) ભજનાનંદ તાણમાં ઘટાડો કરે છે.

4) મુંબઈની ટ્રેનમાં ભજનમંડળી ધૂમ મચાવે છે.

5) મારી આ પત્રચેષ્ટા ગમી ને!

મધ્યમપદલોપી સમાસ મળ્યા? સારું, ચાલો સાથે જોઈએ, તેનો વિગ્રહ કરીએ.

1) સંગ્રામસમિતિ - સંગ્રામના આયોજન અને સંચાલન માટે નિયત થયેલી સમિતિ

2) શિલાલેખ - શિલા ઉપર લખાયેલો લેખ

3) ભજનાનંદ - ભજનમાંથી મળતો આનંદ

4) ભજનમંડળી - ભજન ગાતી મંડળી / ભજન ગાવા ભેગી થતી મંડળી

5) પત્રચેષ્ટા - પત્ર લખવાની ચેષ્ટા.

તમે આ વિગ્રહનો ઉપયોગ કરીને વાક્યો ફરીથી લખો. જેમ કે,

1. સંગ્રામના આયોજન અને સંચાલન માટે નિયત થયેલી સમિતિની બેઠક ચાલે છે....

બાકીનાં વાક્યો તમે લખો.

વધુ દૃઢીકરણ માટે નીચેનાં વાક્યોમાંથી મધ્યમપદલોપી સમાસ શોધો, વિગ્રહ કરો અને વિગ્રહનો ઉપયોગ કરી ફરીથી વાક્ય લખોઃ

1. ઋણરાહતનો ત્યારે કોઈ કાયદો નહોતો.

2. એણે જકાતનાકે છકડો ઊભો રાખ્યો.

3. આ મુખપરિવર્તન મહંતને ચમત્કારિક લાગ્યું.

4. મંબોજંબો દેવાધિદેવનો એ ઇજનસાદ!

5. એમનાં પ્રવચનોમાં સહુને ભારતીય જીવનશૈલી પ્રત્યેનો આદર જોવા મળ્યો.

મધ્યમપદલોપી સમાસ ઓળખી શક્યા ને ! ચાલો, વિગ્રહ સાથે જોઈએ.

1. ઋણરાહત - ઋણમાં અપાતી કે ઋણમાંથી મળતી રાહત
2. જકાતનાકે - જકાત લેતા કે આપવાના નાકે
3. મુખપરિવર્તન - મુખ પર આવેલું પરિવર્તન
4. ઈજનસાદ - ઇજન - આમંત્રણ આપતો સાદ
5. જીવનશૈલી - જીવન જીવવાની શૈલી.

તો, હવે મધ્યમપદલોપી સમાસ સ્પષ્ટ છે?

તમે ગયા વર્ષે જે સમાસ શીખ્યાં હતાં, તેમાં એક સમાસનો વિગ્રહ કરતી વખતે વિશેષણ-વિશેષ્યનો સંબંધ મળતો હતો, યાદ છે? પરમેશ્વર - પરમ ઈશ્વર, વૃદ્ધાવસ્થા - વૃદ્ધ અવસ્થા, બાળવય - બાળ વય. યાદ આવ્યું? કયો સમાસ હતો? એ હતો કર્મધારય સમાસ. આ સમાસનો પણ એક પ્રકાર છે, તમને ખબર છે? નીચે કર્મધારય સમાસના આ પ્રકારનાં ઉદાહરણ આપ્યાં છે. એ તમે વાંચો અને વિચારો કે આ સમાસની વિશેષતા શી છે?

ત્રિકોણ     પંચાંગ     ષડ્દર્શન     સપ્તપદી     અષ્ટદિશા

તમે થોડું વિચારો તો તરત સમજાય એવું છે. ખ્યાલ આવ્યો? વિશેષણ - વિશેષ્ય છૂટાં પાડી શક્યા છો? ચાલો વિશેષણ-વિશેષ્ય છૂટાં પાડીએ, એટલે સ્પષ્ટ થઈ જશે.

ત્રિકોણ - ત્રણ કોણનો સમૂહ

પંચાંગ - પંચ અંગનો સમૂહ

ષડ્દર્શન - ષડ્-છ દર્શનનો સમૂહ

સપ્તપદી - સાત પગલાં (સાથે ચાલવાની વિધિ)

અષ્ટદિશા - આઠ દિશાનો સમૂહ.

હવે ખ્યાલ આવ્યો, બિલકુલ સાચું. અહીં ત્રણ, પાંચ, છ, સાત, આઠ - એવાં સંખ્યાવાચક વિશેષણ છે. જ્યારે પૂર્વપદ સંખ્યાવાચક વિશેષણ હોય ત્યારે તેને દ્વિગુ સમાસ કહે છે. છે ને સાવ સહેલો સમાસ! ચાલો, તો નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. તેમાં દ્વિગુ સમાસ પ્રયોજાયેલો છે. તમે એને ઓળખીને બાજુમાં લખો.

1. તમે ચાતુર્માસમાં ઘરે રહો ને પ્રભુભજન કરો.
2. તમને નવરાત્રિમાં ગરબા રમવા જવાનું ગમે?
3. સીતાજીને પંચવટીમાં રાખવામાં આવ્યાં.
4. શિવજીની મૂર્તિ પાસે હંમેશાં ત્રિશૂળ અને ડમરુ જોવા મળશે.

5. મનુષ્ય પંચેન્દ્રિય છે અને તેનું મગજ વધુ વિકસિત છે.

ઉપરનાં વાક્યોમાં દ્વિગુ સમાસ છે, મળ્યા? લખ્યા? ચાલો, એનો વિગ્રહ કરીએ.

1. ચાતુર્માસ - ચાર માસનો સમૂહ
2. નવરાત્રિ - નવ રાત્રિનો સમૂહ
3. પંચવટી - પાંચ વડનો સમૂહ
4. ત્રિશૂળ - ત્રણ શૂળનો સમૂહ
5. પંચેન્દ્રિય - પાંચ ઈન્દ્રિયનો સમૂહ

સમજાય એવું છે ને! આ સમાસની વિશેષતા ખબર છે? તે હંમેશાં સમૂહનો નિર્દેશ કરે છે. અને સમાસ પોતે એકવચનમાં પ્રયોજાય છે, સમૂહવાચક સંજ્ઞાની જેમ જ.

દ્વિગુ સમાસ સમજાઈ ગયો? તો હવે એ વિચારો કે 'દશાનન' દ્વિગુ કહેવાય કે નહીં? 'દશાનન'નો સંધિવિગ્રહ તો કરી શકોઃ 'દશાનન', 'આનન' એટલે 'મસ્તક'. તો શું 'દશાનન' એટલે 'દશ મસ્તકનો સમૂહ' કહી શકાય? કોઈ વર્ગમાં દસ જણ બેઠા હોય ત્યાં તમે કહી શકશો કે 'એ વર્ગમાં દશાનન છે'....? નહીં કહી શકાય. એનો અર્થ એ કે 'દશાનન'નો અર્થ 'દશ માથાનો સમૂહ' નથી થતો. એટલે એ દ્વિગુ સમાસ નથી. અર્થાત્ જેનો પહેલો શબ્દ - પૂર્વ પદ સંખ્યાવાચક વિશેષણ હોય તે બધા જ દ્વિગુ સમાસ હોય તે જરૂરી નથી.

તો 'દશાનન' કહેતાં તમારા મનમાં કયો અર્થ આવ્યો? કયો શબ્દ આવ્યો? 'રાવણ'. શા માટે? કારણ કે તમે એનો અર્થ સમજો છો - 'જેને દશ માથાં છે તે' બરાબર? તો તમે જુઓ અત્યાર સુધીના સમાસ કરતાં અહીં કંઈક જુદું છે. તમે જ્યારે 'ચીજવસ્તુ' સમાસ પ્રયોજો છો ત્યારે સંદર્ભમાં 'ચીજ' અને 'વસ્તુ' બન્નેની વાત કરો છો. તમે જ્યારે 'દેશપ્રેમ' સમાસ પ્રયોજો છો ત્યારે 'પ્રેમ'ની વાત કરો છો, 'દેશ'ના સંદર્ભમાં. જ્યારે 'દશાનન' કહો છો ત્યારે ન 'દશ'ની વાત છે, ન 'આનન - મસ્તક'ની વાત છે. 'જે દશ મસ્તક ધરાવે છે તે'-ની અર્થાત સમાસમાં જે બે પદ છે તે સિવાયના-અન્ય પદની. આ સમાસને ઓળખવાની સૌથી સરળ રીત છે - તેનો પ્રયોગ. આ સમાસ એવો છે, જે હંમેશાં વિશેષણ તરીકે જ આવશે. તેનાં ઉદાહરણ જોઈએ તો આ વિભાગ - બાબતનો ખ્યાલ આવશે. નીચેનાં વાક્યો વાંચો, તેમાંના સામાસિક શબ્દ પર વર્તુળ કરો.

1. એ જ વખતે ધોધમાર વરસાદ તૂટી પડ્યો.
2. વહાણમાં છ-સાત બંદૂકધારી આરબો હતા.
3. મેદનીએ ગગનભેદી નાદ કર્યો.
4. ઘોંઘાટ અને કર્ણપ્રિય સંગીત વચ્ચે કોઈ ભેદ જ નહીં!!!
5. સૌએ એકમેકની સામે ચિંતાતુર નજરે જોયું.

કયા સામાસિક શબ્દો તારવ્યા છે? 1. ચિંતાતુર 2. બંદૂકધારી 3. ગગનભેદી 4. કર્ણપ્રિય 5. ધોધમાર

આ સમાસનો વિગ્રહ પણ કરી જ શકાયઃ 1.ધોધ જેવો માર 2. બંદૂકને ધારનાર 3. ગગનને ભેદનાર 4. કર્ણને પ્રિય

5. ચિંતાથી આતુર.

અર્થાત્ તત્પુરુષ, ઉપપદ કે કર્મધારય જેવા આ સમાસ લાગે. પણ તમે એનો પ્રયોગ જુઓ.

ચિંતાતુર - ચિંતાતુર નજર

બંદૂકધારી - બંદૂકધારી આરબ

ગગનભેદી - ગગનભેદી નાદ

કર્ણપ્રિય - કર્ણપ્રિય સંગીત

ધોધમાર - ધોધમાર વરસાદ

તમે જોઈ શકો છો કે પ્રયોજાયેલો સમાસ અન્યનું વિશેષણ છે. અને આ સમાસ પ્રયોજાયા વિના પણ વાક્યપ્રયોગ થઈ શકે છે -

- એ જ વખતે વરસાદ તૂટી પડ્યો.

- વહાણમાં છ-સાત આરબો હતા.

- મેદનીએ નાદ કર્યો.

અર્થાત્, આ સમાસ વિશેષણનું કાર્ય કરે છે, વિશેષ્યના અર્થને વધુ ચોક્કસ કરવાનું. એટલે તેના અન્ય સમાસ સાથેના દેખીતા સામ્યથી મૂંઝાયા વિના તેના કાર્યને તપાસી, તે અન્ય પદનું વિશેષણ હોય તો તેને બહુવ્રીહિ સમજવો.

તમારા પાઠ્યપુસ્તકમાંથી વધુ સમાસ શોધો, તેનો યોગ્ય અર્થ આપતો વિગ્રહ કરો અને તેનો પ્રકાર નિશ્ચિત કરો.

•

# 5 દીકરી



**અશોક ચાવડા 'બેદિલ'**

**(જન્મ: 23-8-1978)**

અશોક પીતાંબર ચાવડાનું વતન સુરેન્દ્રનગર જિલ્લાનું મનડાસર ગામ છે, હાલ ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટીમાં મદદનીશ રજિસ્ટ્રાર તરીકે કાર્યરત છે. 'પગલાં તળાવમાં', 'પગરવ તળાવમાં' તેમના ગઝલસંગ્રહો છે. 'ડાળખીથી સાવ છૂટા' પ્રતિબદ્ધ કવિતાનો સંગ્રહ છે. સાહિત્ય અકાદમી દિલ્હીનો યુવા પુરસ્કાર અને ગુજરાત સાહિત્ય અકાદમીના યુવા ગૌરવ પુરસ્કાર તથા અન્ય પુરસ્કારોથી તેઓ પુરસ્કૃત થયા છે.

આ કાવ્ય ગઝલ સ્વરૂપ છે. તેમાં વહાલનો દરિયો એવી દીકરીના ગૌરવભર્યા સ્થાન અને માનની સંવેદનાનું આલેખન થયું છે. જાણે સ્વર્ગની એકેક દેવીની ઝલક દીકરીમાં જોવા મળે છે. દીકરી સ્નેહનું ઝરણું છે. તેની હાજરી સુગંધ અને શીતળતા આપે છે. ખડકમાંથી શિલ્પ કોતરાય એમ માબાપ દીકરીને ઉછેરે છે. ભારતીય સંસ્કૃતિનાં પ્રતીકો દ્વારા દીકરીનું વ્યક્તિત્વ પ્રગટ થયું છે. મોટી થયા પછી સમજણી દીકરી બાપને હાથ દે છે, સહાયભૂત થાય છે એ નાજુક ચિત્ર યાદગાર છે. દીકરીની વિદાય પછી ભીની થતી પાંપણમાં દરેક વખતે દીકરી પ્રત્યક્ષ થાય છે. પિતાની નજરે આલેખાયેલું દીકરીનું વત્સલ અને મધુર વ્યક્તિત્વ છે. દીકરીના વ્યક્તિત્વની મહત્તા અને માતાપિતાના મનોભાવોને ગઝલમાં સુંદર વાચા આપવામાં આવી છે.

---

સ્વર્ગની એકેક દેવીની ઝલકમાં દીકરીઃ
છે સુખડ-ચંદન ને કુમકુમનાં તિલકમાં દીકરી.

સ્નેહનું ઝરણું ફૂટે એનું જ આ પરિણામ છે,
કોતરે છે કોઈ વરસોથી ખડકમાં દીકરી.

લાજ-મર્યાદા, શરમ, ગૌરીવ્રતોની હારમાં
ઊછરે છે રોજ કાયમથી ફડકમાં દીકરી.

જે શિરે હું હાથ ફેરવતો, હવે એ હાથ દે,
વિસ્તરે છે એમ સમજણના ફલકમાં દીકરી.

સૂર, શરણાઈ, સગાંસંબંધીઓની ભીડમાં,
રોજ ભીની થાય છે ભીની પલકમાં દીકરી.

**('પગરવ તળાવમાં' માંથી)**

## શબ્દ-સમજૂતી

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**સ્નેહ**-પ્રેમ; **ફડક**-ચિંતા; **શિર**-મસ્તક, માથુ; **ફલક**-વિસ્તાર; **પલક**-પાંપણનો પલકારો; **ઝલક**-શોભા, તેજસ્વિતા; **ખડક**-ધારદાર ભેખડ; **ગૌરીવ્રત**-ગૌરી (પાર્વતી) પૂજાનું વ્રત

### વિરુદ્ધાર્થી શબ્દો

**શરમ** × બેશરમી; **સમજ** × અણસમજ; **ભીનું** × સૂકું; **સ્વર્ગ** × નરક

### રૂઢિપ્રયોગ

**માથે હાથ ફેરવવો**-આશિષ આપવા, કાળજી લેવી; **હાથ દેવો**-સહારો આપવો, હૂંફ આપવી

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને લખો.**

(1) દીકરી સ્વર્ગમાં કયા સ્વરૂપે દેખાય છે ?

(A) દેવોની ઝલકમાં (B) પરીની ઝલકમાં

(C) દેવીઓની ઝલકમાં (D) અપ્સરાની ઝલકમાં

(2) દીકરીની સમજણ વિસ્તરી છે તેવું કયા કારણે કહી શકાય ?

(A) પિતાને સહારો આપે છે તેથી (B) પિતાને ખર્ચ કરાવે છે તેથી

(C) સાસરે જાય છે તેથી (D) ABC માંથી એકપણ નહિ

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં લખો.**

(1) કવિ સ્નેહનું ઝરણું કોને કહે છે ?

(2) 'દીકરીને માથે હાથ ફેરવવો' અને 'દીકરી હાથ દે' એમાં શો ફરક છે ?

**3. નીચેના પ્રશ્નોના પાંચ-સાત વાક્યોમાં ઉત્તર લખો.**

(1) દીકરીનો ઉછેર કેવી રીતે થવો જોઈએ તે તમારા શબ્દોમાં લખો.

(2) નીચેની કાવ્યપંક્તિ સમજાવો.

'સ્વર્ગની એક એક દેવીની ઝલકમાં દીકરી
છે સુખડ-ચંદન ને કુમકુમનાં તિલકમાં દીકરી'.

## ભાષા-અભિવ્યક્તિ

● ગઝલ સ્વરૂપે લખાયેલી આ કૃતિમાં કવિએ પ્રયોજેલા રદીફ-કાફિયા જુઓ ; 'ઝલકમાં દીકરી', 'તિલકમાં દીકરી', 'ખડકમાં દીકરી', 'ફડકમાં દીકરી', 'ફલકમાં દીકરી', 'પલકમાં દીકરી' ખૂબ જ અસરકારક અને અર્થસભર બની રહ્યા છે. નાદવૈભવમાં શબ્દ પસંદગી વિશેષ મહત્ત્વ ધરાવે છે તે તમને સમજાયું હશે. પ્રતીકોનો ઉપયોગ પણ સાંકેતિક રીતે થયો છે, જે કાવ્યાર્થને વધુ ભાવવાહી બનાવે છે, તે નોંધો.


ગઝલમાં પ્રત્યેક શે'રનો સ્વતંત્ર અર્થ હોય છે છતાં સમગ્ર ગઝલમાંથી ઉપસતું દીકરીનું વ્યક્તિત્વ વૈવિધ્યસભર રંગોથી રળિયામણું બનેલું અનુભવાય છે. આંસુ માટે યોજાયેલ શબ્દ-પસંદગી અર્થોચિત બની છે તે જુઓઃ
'રોજ ભીની થાય છે ભીની પલકમાં દીકરી'

## શિક્ષકની ભૂમિકા

માતાપિતાના જીવનમાં દીકરી કેટલી વ્યાપ્ત છે તેની ઉદાહરણ સાથે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી. માત્ર માતા-પિતા જ નહિ; કુટુંબ, સમાજ, ધાર્મિક વિધિ, પ્રસંગ અને પૃથ્વી ઉપરાંત સ્વર્ગની દેવીમાં પણ જેની ઝલક દેખાય તેવી દીકરી સાપનો ભારો નહિ પણ સમજણનું પ્રતીક છે તે સ્પષ્ટ કરવું. આવી દીકરી વ્યક્તિ, સમાજ કે કોમના ભય વગર જીવી શકે તે જોવાની આપણી સૌની ફરજ છે તે વિશે વિદ્યાર્થીઓને જાગ્રત કરવા. સ્ત્રીદાક્ષિણ્ય, નારી સન્માન અને સમાનતાની ભાવના વધુ વ્યાપક બને તેવી ચર્ચા વિદ્યાર્થીઓ સાથે કરવી.

●

# 6 વાઈરલ ઈન્ફેક્શન



**ગુણવંત શાહ**

**(જન્મ: 12-03-1937)**

ગુણવંત ભૂષણલાલ શાહનું વતન સુરત જિલ્લાનું રાંદેર છે. તેમણે વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, અમેરિકાની મિશિગન યુનિવર્સિટી અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે સેવાઓ આપેલી છે. 'કાર્ડિયોગ્રામ', 'રણ તો લીલાંછમ', 'વગડાને તરસ ટહુકાની', 'વિચારોના વૃંદાવનમાં' તેમના નોંધપાત્ર નિબંધસંગ્રહો છે. 'બિલ્લો ટિલ્લો ટચ' અને 'જાત ભણીની જાત્રા' તેમની આત્મકથા છે. 'ગાંધીનાં ચશ્માં', 'રામાયણ : માનવતાનું મહાકાવ્ય' અને 'મહાભારત : માનવસ્વભાવનું મહાકાવ્ય' તેમના વ્યક્તિ-વિચાર-ચિંતનના ગ્રંથો છે. તેમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' તથા 'દર્શક' એવોર્ડ અને ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા 'સાહિત્યરત્ન' ઍવોર્ડ મળ્યો છે. ભારત સરકારના 'પદ્મશ્રી' પુરસ્કારથી પણ તેઓ સન્માનિત થયા છે.

આ નિબંધમાં લેખકે આપણા સમાજની અનેક મર્યાદાઓ તરફ આંગળી ચીંધી છે. આપણે આરોગ્યની કાળજી બરોબર લેતા નથી, જેના કારણે અનેક હઠીલા રોગો શરીરમાં ઘર કરી જાય છે. 'પહેલું સુખ તે જાતે નર્યા' એ આપણે ત્યાં કહેવત છે, પણ જીવનમાં ભાગ્યે જ કોઈ ઉતારે છે. કુટેવો અને આરોગ્ય એક સિક્કાની બે બાજુ છે. અહીં લેખક આપણું ધ્યાન દોરે છે કે જો સફાઈનો મહિમા થશે તો આપોઆપ આરોગ્યમાં પણ સુધારો થશે. એ જ રીતે પાન, ગુટખા, સિગારેટ જેવાં વ્યસનોમાં લોકો ડૂબેલા છે. માત્ર પ્રેમતત્ત્વ જીવનને સુંદર બનાવે છે એ સંદેશ પણ આ નિબંધમાં પડેલો છે. સરળ ગદ્યમાં અનેક મહાનુભાવોના સંદર્ભો દ્વારા લેખકે પોતાની વાતને ધારદાર બનાવી છે અને પ્રજાકીય જાગૃતિનું કામ કર્યું છે.

---

એક જમાનામાં ચીનના લોકો ગામમાં કોઈ માંદું પડે તો દાક્તરને સજા કરતા. સેમ્યુઅલ બટલરે એક એવા આદર્શ સમાજની કલ્પના કરેલી જેમાં માંદા પડનાર માણસને કેદની સજા થાય. બટ્રાઁડ રસેલે એક નિબંધમાં ભારે ગમ્મત કરી છે. કાર ખોટકાઈ પડે તો એનો માલિક થોડોક શરમાય છે, પરંતુ માણસ પોતાનું શરીર ખોટકાય તેની વાત બીજાઓ આગળ ગૌરવપૂર્વક કરે છે.

માણસ પોતાના જ શરીર સાથે નિર્દયતાપૂર્વક વર્તે છે. ભણેલા લોકો પણ ખાવાપીવામાં અભણની માફક વર્તે છે. ડૉક્ટરો પણ પોતાના આરોગ્ય અંગે ક્યારેક દરદી જેવા જ બેદરકાર જોવા મળે છે. વર્ષો સુધી શરીર અપમાનિત થતું રહે છે. ખાટલામાં પડેલું નાની ઉંમરનું શરીર, એ તો અપમાનો અસહ્ય બની ગયાં ત્યારે શરીર દ્વારા શરૂ થયેલો સવિનય કાનૂનભંગ છે. હૃદયરોગનો હુમલો કંઈ મફતમાં નથી મળતો. એ માટે વર્ષો સુધી મથવું પડે છે. શરીરને પોટલું સમજીને કલાકો સુધી ઑફિસની ખુરશીમાં બેસાડી રાખવું પડે છે અને ગમે તે સમયે, ગમે તેવું અને ગમે તેટલું ખાવું પડે છે. હૃદયરોગના હુમલા વખતે માણસને પરસેવો વછૂટી જાય છે. જીવનમાં કદી પણ પરસેવો નથી વળ્યો તેથી શરીરે પોતાના માલિકને કરેલો એ ક્રૂર કટાક્ષ ગણાય! રોગ થાય તે માટે સુખી લોકો જે સ્થૂળ સાધના કરે તેને બેઠાડુપણું કહેવામાં આવે છે. આપણા દેશમાં આવા 'સાધકો'ની સંખ્યા ઓછી નથી!

હૉસ્પિટલની શોભા વધારવા શું થઈ શકે? ઘણાખરા ખાટલા ખાલી પડી રહે એ જ તો હૉસ્પિટલની ખરી શોભા ગણાય. માણસ નછૂટકે ડૉક્ટર પાસે જાય તેમાં કશું ખોટું નથી. ખરેખર તો સંપૂર્ણપણે નીરોગી હોય તેવા માણસોએ નિયમિતપણે ડૉક્ટર પાસે જઈને લોહી, કાર્ડિયોગ્રામ અને બીજી બાબતોની ચકાસણી કરાવી લેવી જોઈએ. પોતાનું આરોગ્ય જળવાઈ રહે તે માટેનાં સૂચનો ડૉક્ટર પાસે- કોઈ ફરિયાદ ન હોય ત્યારે- માગવાં જોઈએ. દાંતના ડૉક્ટર પાસે કોઈ પણ પ્રકારનો દુખાવો ન હોય ત્યારે સમયાંતરે જઈ આવવું જોઈએ. ડૉક્ટર

રોગની જાળવણી માટે છે કે આરોગ્યની ? આ પ્રશ્ન ડૉક્ટરોની કમાણી પર સીધો પ્રહાર કરનારો છે. ઓ.પી.ડી.માં કીડિયારું ઊભરાય એ તો સભ્ય ગણાતા સમાજની શરમ છે. અનાથાશ્રમમાં બાળકોની અને ઘરડાંઘરમાં વૃદ્ધોની સંખ્યા વધે એ કંઈ તંદુરસ્ત સમાજની નિશાની નથી. સંકટ સમયની સાંકળ વારંવાર વપરાય તે યોગ્ય નથી.

ડૉક્ટરને તાવની ફરિયાદ કરનારા દર્દીઓને કાને આજકાલ બે શબ્દો અચૂક પડે છે : ‘વાઈરલ ઈન્ફેક્શન.’ વાઈરલ ઈન્ફેક્શન એટલે મોકલનારના સરનામા વગરનું વી.પી. પાર્સલ. ડૉક્ટરને કંઈ જ ન સમજાય ત્યારે આ બે શબ્દો એની મદદે આવે છે. ડૉક્ટરોનો એમાં કોઈ જ વાંક નથી. જે દેશમાં જાહેર આરોગ્ય આટલું પાંગળું હોય ત્યાં ઢગલાબંધ વસતિમાં જથ્થાબંધ મહામારી હોવાની જ. જ્યાં ઈન્સાન અને ઉકરડો અડખેપડખે મળી સમજીને રહેતા હોય ત્યાં હૉસ્પિટલો પણ ગંદી હોવાની. સ્વચ્છ હૉસ્પિટલો વધારે પડતી મોંઘી હોય છે. સ્વચ્છ હૉસ્પિટલમાં લીલા પાટિયા પર સુંદર લખાણ (અવતરણ) હોય છે, જે થોડે થોડે દિવસે બદલાતું રહે છે.

ભારતની પ્રજામાં ગંદકી પ્રત્યે જે સૂગ હોવી જોઈએ તે ઝાઝી જોવા નથી મળતી. ગંદકી આપણને બહુ ખલેલ નથી પહોંચાડતી. ગંદકીનો આવો સ્વીકાર દુનિયામાં ક્યાંય જોવા નહિ મળે. ગંદકીથી ભારે ખલેલ પામનારા ભારતના સૌપ્રથમ સાધુ સ્વામી વિવેકાનંદ હતા. ગરીબી અને ગંદકી વચ્ચેનાં બહેનપણાંને કારણે આપણી હૉસ્પિટલોમાં ઢગલાબંધ દરદીઓ બણબણતા રહે છે. વેદ-ઉપનિષદ-ગીતાના વારસા અને વૈભવ અંગે ગૌરવ લેનારી આપણી પ્રજાનો બહુ મોટો વર્ગ અભણ છે. આપણે ત્યાં રોગ નિયમ છે અને આરોગ્ય અપવાદ છે. સભ્ય સમાજમાં એથી ઊલટી પરિસ્થિતિ હોવી જોઈએ. ગાંધીજી માંદગીને લગભગ અપરાધ ગણતા અને પોતાની માંદગીને તો આધ્યાત્મિક ભૂલ તરીકે જોતા.

તમાકુના ગુટખા ખાનારને સફરજન મોંઘું પડે છે. સિગારેટના ધુમાડા કાઢનારને ખજૂર, અંજીર, આલૂ કે કાજુ મોંઘાં પડે છે. નાસ્તામાં તળેલી વાનગી જ હોય, ફળ હોઈ જ ન શકે ! લગ્નના રિસેપ્શનમાં પાર્ટી આપનાર યજમાનનો પ્રેમાળ ઇરાદો જમવા આવેલાં નરનારીઓનાં પેટની હાલત બગાડવાનો હોય એવો વહેમ પડે તેવી સ્થિતિ છે. લોકો બસ ખાધે રાખે છે, પીધે રાખે છે અને જીવ્યે રાખે છે. માંદગીને ખાટલે ઘણુંખરું તો વેડફાઈ ચૂકેલું જીવન પડેલું હોય છે. ખાંસી વારંવાર આવે તોય કફ છૂટો નથી પડતો, પરંતુ સમજણ છૂટી પડી જાય છે. રોગના મૂળમાં સમજણ સાથેના છૂટાછેડા રહેલા છે. જે પોતાના શરીરને ન સમજે, તે વળી બીજાને શું સમજે ?

મનની સ્વસ્થતાનો શરીરની તંદુરસ્તી પર સીધો પ્રભાવ પડે છે. જેનું મન ભાંગી પડે તેનું શરીર પણ ભાંગી પડે છે. મનની પ્રસન્નતા પાચનશક્તિને જાળવી લેનારી છે. ઈર્ષા એસિડિટી વધારે એવો પૂરો સંભવ છે. માનસિક તાણ બ્લડપ્રેશરને સળી કરે છે. અતિશય ચિંતા પેટના અલ્સરને ખો આપે એમ બને. પતિ-પત્ની વચ્ચેનો સંબંધ બન્નેના સ્વાસ્થ્યને સીધી અસર પહોંચાડે છે. કેટલાંક પરિવારોમાં ખડખડાટ હાસ્ય મહિને એક વાર પણ સાંભળવા નથી મળતું. માણસે હસવાની એક પણ તક છોડવી ન જોઈએ. મુંબઈની ટ્રેનમાં ભજનમંડળી ધૂમ મચાવે છે. ભજનાનંદ તાણમાં ઘટાડો કરે છે. પ્રાર્થનામાં તાણને સખણી રાખવાની અદ્‌ભુત તાકાત રહેલી છે. રામે તાડકા નામની ભયંકર રાક્ષસીનો વધ કરેલો. આપણે તાણ નામની વાંસા વગરની ચૂડેલનો નાશ કરવાનો છે. દશેરાના દિવસે રાવણવધ કરવાની જરૂર નથી, પરંતુ આપણા અહંકારનો વધ કરવાનો છે. અહંકાર એક એવો રોગ છે, જે અસંખ્ય પરિવારોને પજવે છે અને પ્રજાળે છે. સરળ વ્યક્તિનું સ્વાસ્થ્ય સારું રહે એવી શક્યતા પ્રમાણમાં વધારે રહે છે. જે વ્યક્તિ દાવપેચ રમે અને છળકપટમાં રાચે તેનું શરીર પણ સાવ નીરોગી ન રહી શકે. મનનો મેલો હોય તેવો આદમી ઘણુંખરું શારીરિક તકલીફ વગરનો ન હોઈ શકે. અસ્વચ્છ અને અસ્વસ્થ મન નશા તરફ જલદી વળે છે. સિગારેટનો ધુમાડો મનની બેચેનીનું જ વાયુસ્વરૂપ ગણાય. ક્યારેક ધૂમ્રપાન કરનારો અને શરાબસેવન કરનારો માણસ લાંબું જીવી જાય ત્યારે લોકો એક કુતર્ક ચલાવે છે : ‘જેમ જીવવું હોય તેમ જીવો !’ ફલાણા ભાઈને સિગારેટ પીવાથી શું નુક્સાન થયું ? એક સ્ત્રીનો ફોટો અખબારોમાં છપાયો. ૧૨૭ વર્ષની એ સ્ત્રી ધૂમ્રપાન કરી રહી હતી. તેણે મુલાકાતમાં જણાવ્યું કે હવે તેણે સિગારેટની સંખ્યા ઘટાડી કાઢી છે. આવા દાખલા બને તેથી ધૂમ્રપાન ચાલુ રાખવું ? એ ઘરડો તર્ક છે.

પ્રત્યેક માણસને મા, બહેન, ભાભી, પિતા, મિત્ર કે પત્ની તરફથી ભરપૂર સ્નેહ મળી રહે તો કદાચ શરાબની જરૂર નહીં પડે. હજી આપણે ત્યાં પ્રેમનો ઉપચાર તરીકે સ્વીકાર નથી થયો. ‘લવ થેરપી’ માટે હૉસ્પિટલ

કે સાઈકીએટ્રિસ્ટ પાસે જવું ન પડે. ભર્યોભર્યો પ્રેમાળ પરિવાર તન અને મનના આરોગ્ય માટેની પૂર્વશરત છે. જીવનવીમો જરૂરી છે, પરંતુ જીવનશ્રદ્ધા એથીય વધારે જરૂરી છે. એમાં સમર્પણ એ જ રોકાણ અને સ્નેહ એ જ ડિવિડંડ ! માંદા પડવાનું આપણે માનીએ તેટલું સહેલું નથી.

***('મરો ત્યાં સુધી જીવો'માંથી)***

## શબ્દસમજૂતી

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**બેદરકાર**-કાળજી વગરનું; **મથવું**-મહેનત કરવી (અહીં) પ્રયત્ન કરવો; **વાઈરલ**-રોગ પેદા કરનાર અતિસૂક્ષ્મ જંતુવાળું; **સાધના**-સાધવું તે; **નીરોગી**-તંદુરસ્ત, આરોગ્યમય; **પ્રહાર**-ઘા; **કાર્ડિયોગ્રામ**-હૃદયના ધબકારા આલેખતું યંત્ર; **સંકટ**-આપત્તિ, આફત; **અહંકાર**-અભિમાન; **સાઈકીએટ્રિસ્ટ**-મનોચિકિત્સક

### તળપદા શબ્દો

**વછૂટી જવું**-નીકળી જવું (અહીં) રેબઝેબ થઈ જવું

### વિરુદ્ધાર્થી શબ્દો

**માંદું**×સાજું; **અસહ્ય**×સહ્ય; **સ્વીકાર**×અસ્વીકાર; **સ્વસ્થ**×અસ્વસ્થ; **સ્થૂળ**×સૂક્ષ્મ **ગંદકી**×સ્વચ્છતા; **સ્વચ્છ**×અસ્વચ્છ

### રૂઢિપ્રયોગ

**સૂગ હોવી**-ચીતરી ચડવી; **મનના મેલા હોવું**-ખરાબ દાનતના હોવું

### શબ્દસમૂહ માટે એક શબ્દ

**વ્યંગમાં કહેવું તે**-કટાક્ષ; **જેની કોઈ સંભાળ રાખનાર નથી**-અનાથ; **જેને કોઈ રોગ નથી**-નીરોગી

## સ્વાધ્યાય

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :**

(1) એક જમાનામાં ચીનના લોકો ગામમાં કોઇ માંદું પડે તો શું કરતા ?

(A) દવાખાને જતા (B) ડૉક્ટર પાસે જતા

(C) દાક્તરને સજા કરતા (D) ખબર કાઢવા જતા

(2) હૉસ્પિટલની શોભામાં શાનાથી વધારો થઇ શકે ?

(A) હૉસ્પિટલ દર્દીઓથી ઊભરાતી હોય તેનાથી

(B) હૉસ્પિટલના મોટાભાગના ખાટલા ખાલી પડી રહેવાથી

(C) રંગ-બેરંગી લાઇટ કરવાથી

(D) ફૂલોથી શણગારવાથી

**2. નીચેના પ્રશ્નોનો એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) ખાવા - પીવાની બાબતમાં કોણ બેદરકાર છે ?

(2) ભારતમાં ગંદકીથી ભારે ખલેલ પામનાર સંત કોણ હતા, તે પાઠના આધારે જણાવો.

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :**

(1) લેખક કઈ બાબતોને તંદુરસ્ત સમાજની મર્યાદાઓ ગણાવે છે ?

(2) લેખકના મતે ઘરમાં કોનો પ્રેમ મળવાથી માણસ વ્યસની બનતો અટકી જશે ?

**4. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો :**

(1) આરોગ્ય જાળવણી માટેના લેખકના વિચારો તમારા શબ્દોમાં લખો.

(2) લેખકે સૂચવેલાં સામાજિક જાગૃતિનાં પગલાં જણાવો.

## વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- આસન-પ્રાણાયામને તમારા દૈનિક જીવનમાં સ્થાન આપો.
- ઘર અને શાળાની આસપાસ સફાઈ કરવાનું આયોજન કરો.
- શાળામાં ''વર્ગખંડ સુશોભન'' સ્પર્ધાનું આયોજન કરો.
- વ્યસનથી થતા ગેરલાભ વિશે માહિતી એકત્ર કરો.

## ભાષા-અભિવ્યક્તિ

- એક સિદ્ધહસ્ત શિલ્પીના હાથે મૂર્તિ કંડારાય એમ અહીં વિચારોમાંથી શબ્દરચનાઓ સાકાર થતી અનુભવાય છે. લેખક સાદી હકીકતને કેવી માર્મિક શૈલીમાં, કટાક્ષથી રજૂ કરીને આપણને વિચારતા કરી મૂકે છે ! જુઓ...

  - રોગ થાય તે માટે સુખી લોકો જે સ્થૂળ સાધના કરે તેને બેઠાડુપણું કહેવામાં આવે છે.
  - ઈન્સાન અને ઉકરડો અડખેપડખે મળી સમજીને રહેતા હોય ત્યાં હૉસ્પિટલો પણ ગંદી હોવાની.
  - તમાકુના ગુટખા ખાનારને સફરજન મોંઘું પડે છે.

- ''રોગના મૂળમાં સમજણ સાથેના છૂટાછેડા રહેલા છે.''

  ઓછી સભાનતા કે સમજણને લીધે આપણે શરીર પ્રત્યે બેદરકાર રહીએ છીએ - આ સાદી વાત લેખક કેવી સરસ રીતે રજૂ કરે છે તે ધ્યાનમાં લો.

- લેખકે અહીં પૂછેલા કેટલાંક માર્મિક પ્રશ્નો જુઓ. આ પ્રશ્નો સામાન્ય પ્રશ્નોથી કેવી રીતે અલગ છે તે વિચારી જુઓ...

  - હૉસ્પિટલની શોભા વધારવા શું થઈ શકે ?
  - ડૉક્ટર રોગની જાળવણી માટે છે કે આરોગ્યની ?
  - પોતાના શરીરને ન સમજે તે વળી બીજાને શું સમજે ?

## શિક્ષકની ભૂમિકા

આપણી જીવનશૈલી પર કટાક્ષ કરતો આ નિબંધ 'જીવન કેમ જીવવું' તે શીખવે છે.

શું ખાવું ? કેટલું ખાવું ? કેવી રીતે ખાવું અને શા માટે ખાવું ? તેની સમજણ વિનાના લોકોથી 'ખાઉધરા ગલીઓ' અને 'ફાસ્ટફૂડ'ની લારીઓ છલકાતી હોય છે, તેનાં ભયસ્થાનો દર્શાવી બાળકોને સુટેવોથી માહિતગાર કરવાં.


વ્યસન, માંદગી અને તનાવ એ ગૌરવ લેવાની નહિ પણ શરમની બાબત છે તેની સમજણ કેળવવી. સંતુલિત જીવનશૈલી માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા. સ્વચ્છતા જાળવવાના આગ્રહી બનાવવા.

પ્રેમ એ દરેક દર્દનું મારણ છે તે વિશે ચર્ચા કરી વિદ્યાર્થીઓમાં પારિવારિક 'परस्पर देवो भवः' ની ભાવના કેળવાય તેવું મુક્ત વાતાવરણ પૂરું પાડવું.

•

# 7 હું એવો ગુજરાતી

**વિનોદ જોશી**



**(જન્મ: 13-08-1955)**

વિનોદ હરગોવિંદદાસ જોશીનું વતન બોટાદ છે. તેઓ ભાવનગર યુનિવર્સિટીમાં ભાષાભવનમાં પ્રાધ્યાપક અને અધ્યક્ષ તરીકે કાર્યરત છે. ગીત, દીર્ઘકાવ્ય અને વિવેચનમાં તેમનું વિશેષ પ્રદાન છે. 'ઝાલર વાગે જૂઠડી', 'શિખંડી', 'તુણ્ડિલતુણ્ડિકા' તેમના મહત્ત્વના કાવ્યસંગ્રહો છે. 'અભિપ્રેત' 'નિવેશ', 'રેડિયો નાટક સ્વરૂપ સિદ્ધાંત', 'સૉનેટ' તેમના વિવેચન ગ્રંથો છે. તેમને ગુજરાતી સાહિત્ય અકાદમીના પુરસ્કારો અને ગુજરાત રાજ્યનો સાહિત્ય ગૌરવ એવૉર્ડ એનાયત થયા છે.

ગુજરાતના મહિમાનું વર્ણન કરતાં કાવ્યોમાં આ એક વિશિષ્ટ કાવ્ય છે. ગુજરાતી હોવાના ગૌરવથી ગીતરચનાની શરૂઆત થાય છે. પ્રકૃતિએ સર્વ વિશેષતાઓથી ગુજરાતને રળિયાત કર્યું છે. અહીં નદીઓ, પહાડો, રણ, જંગલ અને સમુદ્ર બધું જ મળ્યું છે એ કારણે ગુજરાતી પ્રજાનું ખમીર ખીલી ઊઠ્યું છે. અહીં ગાંધી-સરદાર જેવા પ્રેરણા પુરુષો પાક્યા છે જે સદીઓ સુધી વિશ્વને જ્યોત બનીને માર્ગ બતાવતા રહેશે. ગુજરાત સંતો અને શૂરવીરોની ભૂમિ છે. સિંહો જેવી અનેક વિરલ પ્રજાતિને ગુજરાતની પ્રજાએ સાચવી છે. એની સાંસ્કૃતિક વિરાસત પણ અનન્ય છે. આ બધું જ હોવા છતાં ગુજરાતી હોવાનું પ્રાદેશિક અભિમાન નહિ પણ ભારતમાતાના એક અંશ હોવાના ગૌરવ સાથે ગીત વિરમ્યું છે. ગુજરાત એની સમગ્ર વિશેષતાઓ સાથે આ ગીતમાં નિરૂપાયું છે.

---

હું એવો ગુજરાતી,
જેની;
હું ગુજરાતી એ જ વાતથી ગજ ગજ ફૂલે છાતી...
અંગે અંગે વહે નર્મદા, શ્વાસોમાં મહીસાગર,
અરવલ્લીનો પિંડ, પ્રાણમાં ધબકે છે રત્નાકર;
હું સાવજની ત્રાડ, હું જ ગરવી ભાષા લચકાતી ...હું એવો ગુજરાતી...
નવરાત્રિનો ગર્ભદીપ હું, હું શત્રુંજય-શૃંગ,
સૂર્યમંદિરે ગુંજરતો હું ધવલ તેજનો ભૃંગ;
હું ગિરનારી ગોખ, દ્વારિકા હું જ સુધારસ પાતી ...હું એવો ગુજરાતી...
દુહા-છંદની હું રમઝટ, હું ભગવું ભગવું ધ્યાન,
મીરાંની કરતાલ હું જ, હું નિત્ય એક આખ્યાન;
વિજાણંદનું હું જંતર, હું નરસૈંની પરભાતી ....હું એવો ગુજરાતી...
હું ગાંધીનું મૌન, હું જ સરદાર તણી છું હાક,
હું જ સત્યનું આયુધ જેની દિગ્દિગંતમાં ધાક;
હું સંતોનું સૌમ્ય સ્મિત, તલવાર શૂરની તાતી ...હું એવો ગુજરાતી...
હું મારી માટીનો જાયો, હું ગુર્જર અવતાર,
મારે શિર ભારતમાતાની આશિષનો વિસ્તાર;
હું કેવળ હું હોઉં છતાં, હું સદા હોઉં મહાજાતિ ...હું એવો ગુજરાતી...

## શબ્દ-સમજૂતી

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**રત્નાકર**-સમુદ્ર, રત્નોના ભંડારરૂપ સાગર; **સાવજ**-સિંહ; **સુધા**-અમૃત; **આયુધ** શસ્ત્ર, હથિયાર; **પિંડ**-આકાર, ઘાટ; **ભૃંગ**-ભમરો, ભ્રમર; **પ્રાણ**-શ્વાસ (અહીં) અસ્તિત્વ; **ફૂલે**-વિક્સે

### તળપદા શબ્દો

**પરભાતી**-પ્રભાતિયાં; **જંતર**-વાજિંત્ર (તંતુવાદ્ય)

### વિરુદ્ધાર્થી શબ્દો

**ધવલ** × શ્યામ; **સુધા** × વિષ; **સ્મિત** × રુદન; **આશિષ** × અભિશાપ

### શબ્દસમૂહ માટે એક શબ્દ

**નવ રાત્રીઓનો સમૂહ**-નવરાત્રી

## સ્વાધ્યાય

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :**

(1) આ કાવ્યમાં કઈ નદીનો ઉલ્લેખ થયો છે ?

(A) શેત્રુંજી (B) મચ્છું

(C) તાપી (D) નર્મદા

(2) આ કાવ્યમાં કવિ નરસિંહ મહેતાને શા માટે યાદ કરે છે ?

(A) કવિતા માટે (B) પ્રભાતિયાં માટે

(C) ભક્તિ માટે (D) ભજન માટે

**2. નીચેના પ્રશ્નોનો એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) આ કાવ્યમાં કવિ મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈની કઈ વિશેષતાને યાદ કરે છે ?

(2) કવિની છાતી શા માટે ગજ ગજ ફૂલે છે ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :**

(1) સત્યના આયુધની કઈ વિશેષતા છે ?

(2) ગુજરાતી વ્યક્તિના શ્વાસોમાં અને પ્રાણોમાં શું રહેલું છે ?

**4. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો :**

(1) આ કાવ્યમાં ગુજરાતી પોતે ગુજરાતી હોવાનું ગૌરવ કયાં-કયાં કારણોસર અનુભવે છે ?

(2) કાવ્યપંક્તિ સમજાવો -

''હું મારી માટીનો જાયો, હું ગુર્જર અવતાર
મારે શિર ભારતમાતાની આશિષનો વિસ્તાર''

## વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- ગુજરાતની વિશેષતા દર્શાવતું ''ગુજરાત દર્શન'' નામનું પ્રદર્શન શાળામાં ગોઠવો. એક એક પ્રદેશનું પ્રદર્શન પણ ગોઠવી શકાય. દા.ત. કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન.
- શેણી-વિજાણંદની વાર્તા 'સૌરાષ્ટ્રની રસધાર'માંથી વાંચી વર્ગખંડમાં કહો.
- ગુજરાતગૌરવનાં અન્ય ગીતો ઈન્ટરનેટના માધ્યમથી મેળવી વર્ગખંડમાં સંભળાવો.

  **દા.ત.** જ્યાં જ્યાં વસે એક ગુજરાતી,

  હું ગુર્જર ભારતવાસી
- દુહા-છંદનું ગાન કરો.
- વર્ષમાં કોઈપણ એક દિવસે ''ગુજરાતી દિન''ની ઉજવણી કરવી. તેમાં ગીત-નાટક-વેશભૂષા-નૃત્ય-પ્રદર્શન વગેરે રાખી શકાય.

## ભાષા-અભિવ્યક્તિ

- આ કાવ્યનો ઉઘાડ જ અનોખો છે. 'જેની' સાપેક્ષ સર્વનામથી આ કાવ્ય શરૂ થાય છે. ગુજરાતી તરીકેની ઓળખ અપાતી જાય છે અને 'હું એવો ગુજરાતી' શબ્દો સાથે કાવ્ય પૂર્ણ થાય છે.
- અર્થને અનુકૂળ શબ્દવૈભવ કરવામાં કવિ કુશળ છે. એમણે ગૂંથેલાં શબ્દગુચ્છ જુઓ... 'શત્રુંજય શૃંગ', 'તેજનો ભૃંગ', 'સરદાર તણી છું હાક', 'દિગદિગંતમાં ધાક', 'શ્વાસોમાં મહીસાગર', 'પ્રાણમાં ધબકે રત્નાકર'.
- 'ગાંધીનું મૌન' અને 'સરદારની હાક', 'સૌમ્ય સ્મિત' અને 'તલવાર તાતી' જેવા વિરોધાભાસી અર્થો ધરાવતા શબ્દપ્રયોગો એક જ પંક્તિમાં છે જે આ કાવ્યની નોંધનીય બાબત છે.
- 'હું સત્યનું આયુધ, જેની દિગદિગંતમાં ધાક'. આ અદ્‌ભુત પંક્તિમાં કવિએ સત્યને (એટલેકે પોતાને, એક ગુજરાતીને) આયુધનું રૂપક આપ્યું છે. જગતના ઈતિહાસમાં અનેક આયુધો આવ્યાં છે અને આવશે પણ ગાંધીજીની આગેવાનીમાં સફળતાથી ચલવાયેલા આ આયુધની અસર કેવી ? કવિ તો કહે છે, 'જેની દિગદિગંતમાં ધાક' સત્યરૂપી શસ્ત્ર હોય અને એની ધાક હોય ! કલ્પના જ કેટલી સુંદર છે !

## શિક્ષકની ભૂમિકા

ગુજરાત અને ગુજરાતીઓનું ગૌરવ દર્શાવતા આ કાવ્યમાં કવિએ ગુજરાતના વિસ્તારો, મહાનુભાવો, તીર્થસ્થાનો, સાધુ-સંતો, દેશભક્તો અને યોદ્ધાઓની શૂરવીરતાની યશગાથા રજૂ કરી છે. તે વિશે ઉદાહરણો આપી વિસ્તૃત ચર્ચા કરવી.

અરવલ્લીનો પિંડ, ભગવું ધ્યાન, મીરાંની કરતાલ, નિત્ય એક આખ્યાન, ગાંધીનું મૌન, સરદારની હાક, વિજાણંદનું જંતર, સત્યનું આયુધ જેની દિગદિગંતમાં ધાક જેવા શબ્દસમૂહો જે - તે સંદર્ભો સાથે મૂક્યા છે તે અંગેની સ્પષ્ટતા વિદ્યાર્થીઓને કરવી.

વિદ્યાર્થીઓમાં વતનપ્રેમ, દેશભક્તિની ભાવના વિકસે એવું વાતાવરણ સર્જવું.

•

# 8 છત્રી



**રતિલાલ બોરીસાગર**

**(જન્મ: 31-08-1938)**

રતિલાલ મોહનલાલ બોરીસાગરનો જન્મ સૌરાષ્ટ્રના સાવરકુંડલામાં થયો હતો. તેઓ વર્ષો સુધી અધ્યાપક રહ્યા હતા. ત્યારબાદ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળમાં નાયબ નિયામક તરીકે રહ્યા હતા. 'મરક મરક', 'આનંદલોક', 'એન્જોયગ્રાફી', 'તિલક કરતાં ત્રેસઠ થયાં' વગેરે તેમના હાસ્યલેખોના નોંધપાત્ર સંગ્રહો છે. તેમણે 'સંભવામિ યુગેયુગે' હાસ્યનવલ લખી છે. હાસ્યસાહિત્યનું સંપાદન તેમણે સૂક્ષ્મતાથી કરેલું છે. 'બાલવંદના' તેમનું બાળસાહિત્યનું પ્રદાન છે. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, મારવાડી સમ્મેલન-મુંબઈ તથા સાહિત્ય સભાના વિવિધ એવોર્ડ પ્રાપ્ત થયા છે.

'છત્રી' હાસ્યનિબંધમાં લેખકના છત્રી સાથેના અનેક પ્રસંગો નિરૂપાયા છે. છત્રીની ખરીદી વખતે થતા અનુભવ અને વારંવાર છત્રી ખોવાઈ જવાથી એને સાચવી રાખવા માટેના ઉપાયોમાંથી હાસ્ય નિષ્પન્ન થાય છે. અંતે છત્રી ખોવાઈ જતાં એના ઉપર લખેલા નામ, સરનામાના કારણે છત્રી જેને મળી છે તેનો પત્ર આવે છે ને લેખક છત્રી લેવા રાજકોટ જાય છે. પણ પાછા આવે છે ત્યારે બસમાં ફરી પાછા છત્રી ભૂલીને આવે છે. આમ માણસનું ભુલકણાપણું છત્રી જેવી સામાન્ય લાગતી વસ્તુ સાથે જોડીને લેખકે નિર્દોષ હાસ્ય નિષ્પન્ન કર્યું છે.

---

મોસમનો પહેલો વરસાદ પડ્યો ત્યારે હું છત્રી લેવા શહેરના એક જાણીતા સ્ટોરમાં ગયો અને નાની નાજુક છત્રી બતાવવા કહ્યું. દુકાનદારે જુદી જુદી સાઈઝની કેટલીક છત્રીઓ બતાવી. એક શ્યામલ શ્યામા છત્રી મને ગમી. મેં એ છત્રી ખરીદી. દુકાનદાર ક્યારના મારી સામે ધારીધારીને જોઈ રહ્યા છે ને કશુંક યાદ કરવાનો પ્રયત્ન કરે છે એમ મને લાગ્યું. કોઈ ગ્રાહક ઉધાર છત્રી ખરીદી ગયો હશે અને મારા જેવો જ દેખાતો હશે તો શું થશે એ વિચારે હું થોડો ગભરાયો. છત્રીના પૈસા આપી, છત્રી લઈ હું જવા કરતો હતો ત્યાં દુકાનદારે પૂછ્યું, 'સાહેબ ! (કાકા ને બદલે સાહેબ કહ્યું એ મને ગમ્યું - પરિસ્થિતિમાં જોકે એનાથી ખાસ કશો ફરક નહોતો પડતો તોય જરા સારું લાગ્યું !) તમે ગઈ સાલ છત્રી લેવા આવેલા ખરા ?'

'ગઈ સાલ જ નહિ, એની પહેલાંની સાલે પણ છત્રી લેવા આવેલો. ગઈ સાલની પહેલાંની સાલે પણ મેં છત્રી ખરીદેલી. અલબત, એ બીજી કોઈ દુકાનેથી ખરીદેલી.'

'પણ સાહેબ, અમારી છત્રી એમ વરસ દિવસમાં તૂટી ન જાય. અમારી છત્રી ખૂબ ટકાઉ હોય છે.'

'તે હશે. હું ના નથી પાડતો. તમારી છત્રી ટકાઉ હશે જ. પણ તમારી છત્રી મારી પાસે ટકતી નથી. ખોવાય જ નહિ એવી છત્રી તમે રાખો છો ?'

'એવી છત્રી તો અમે નથી રાખતા, કદાચ કોઈ નહિ રાખતું હોય, એટલે છત્રી તમારી પાસે ટકે એવો ઉપાય તમારે જ શોધી કાઢવો પડે.'

પોતાના કુંવરને કાંટો ન વાગે એ માટે આખા રાજ્યની ધરતી ચામડાથી મઢી દેવાનો હુકમ કરનારા રાજાને એક માણસે કુંવર માટે ચામડાના બૂટ સીવી આપ્યા હતા. કદાચ રવીન્દ્રનાથ ટાગોરનું આ કાવ્ય છે. જગતને સુધારવાના મિથ્યા પ્રયત્નો છોડી જાતને સુધારવાનો ઉપદેશ કવિવરે આ કાવ્ય દ્વારા આપ્યો છે. છત્રીની દુકાનના માલિકે ટાગોરનાં કાવ્યો કે વાર્તાઓ કદાચ નહિ વાંચ્યાં હોય - કદાચ ટાગોર વિશે એ ખાસ કશું જાણતા પણ નહિ હોય. પરંતુ તેઓ મને કદી ખોવાય નહિ એવી છત્રી શોધવાનાં ફાંફાં મારવાનું છોડી છત્રી ખોવાય જ નહિ એવો ઉપાય શોધવા સમજાવી રહ્યા હતા. તેમની વાત મને સાચી લાગી. પરંતુ જ્ઞાન મળવા માત્રથી કશું વળતું નથી અને મળેલા જ્ઞાનને આચરણમાં મૂકવાનું એટલું સહેલું નથી.

છત્રી ન ખોવાય એ માટે મેં કશા ઉપાયો કર્યા જ નથી એવું ન કહેવાય. છતાં મારા સાન્નિધ્યમાં કોઈ પણ છત્રી એટલી બધી ચંચળ બની જાય છે કે મારો ત્યાગ કરતાં એને સહેજે વાર લાગતી નથી. દુકાનેથી લઈને ઘર સુધી પહોંચતાં સુધીમાં પણ છત્રી ખોઈ નાખવાના વિક્રમો મેં એકથી વધુ વાર નોંધાવ્યા છે !

'તમે ગળામાં માળાની જેમ મોટી દોરી રાખો, એ દોરી સાથે છત્રી બાંધો, છત્રી ખૂલી શકે એટલી મોટી દોરી રાખજો. વરસાદમાં ભીની થયેલી છત્રીથી શર્ટ ભીનું ન થાય એ માટે ઉપરના ભાગે ઓછાડ વીંટી રાખજો.'

'તમે છત્રી સાચવવા તમારી સાથે ને સાથે ફરે એવો પગારદાર માણસ રાખો. કેટલાક લોકો બહાર જવાનું હોય તેટલા વખત પૂરતો ડ્રાઈવર રાખે છે તેમ તમે આવો બે-ત્રણ કલાક પૂરતો પગારદાર માણસ રાખી શકો.'

'તમે ચાતુર્માસમાં ઘરે જ રહો. એકટાણાં કરો ને પ્રભુભજન કરો. છત્રી ખરીદવી જ નહિ પડે એટલે પછી ખોવાવાનો પ્રશ્ન જ નહિ રહે !'

'છત્રી ઉપર તમારું નામ-સરનામું લખાવો. કદાચ કોઈને જડે તો પોસ્ટકાર્ડ લખીને તમને જાણ કરી શકે.'

છત્રી ન ખોવાય એ માટે ઉપરની ને ઉપરના જેવી ઘણી સલાહો મને મળી. કેટલીક સલાહો તો મળ્યા પછીની પાંચ જ મિનિટમાં હું ભૂલી ગયો. કેટલીક સલાહોનો અમલ કરવાનું ઘણું મુશ્કેલ લાગ્યું. પણ છત્રી પર નામ-સરનામું લખાવવાની સલાહનો અમલ કરવા જેવું છે એમ મને લાગ્યું. એટલે આ વખતે લીધેલી નવી છત્રી પર મારું પૂરું નામ, વીગતવાર સરનામું, ટેલિફોન- નંબર વગેરે બધું જ લખાવ્યું. વરસાદના પાણીથી ભૂંસાઈ ન જાય એવા પાકા રંગથી લખાવ્યું. મારો વિચાર તો મારો આખો બાયોડેટા લખાવવાનો હતો પણ મેં સંયમ રાખ્યો.

છત્રી પર નામ-સરનામું લખવાનો ઉપાય ખરેખર કારગત નીવડ્યો. છત્રી લીધાના વીસેક દિવસ પછી મને રાજકોટથી પત્ર મળ્યો. અમદાવાદ-રાજકોટની મુસાફરી દરમિયાન પોતાની છત્રીને બદલે ભૂલથી મારી છત્રી આવી ગયાનો એકરાર એ પત્રમાં હતો. ક્ષમાયાચના કરી હતી ને એમની છત્રી મારી પાસે ન આવી હોય તો પણ મારી છત્રી લઈ જવા ઘટતું કરવા જણાવ્યું હતું. આ દિવસોમાં વરસાદ નહોતો એટલે મારી છત્રી ખોવાઈ છે એની ખબર મને આ પત્ર મળ્યો ત્યારે જ પડી ! જે માણસ પોતાની છત્રી સાચવી ન શકયો એ માણસ બીજાની છત્રી સાચવીને લઈ આવ્યો હોય એવી પત્રલેખકની શ્રદ્ધા ચોક્કસ વધુ પડતી હતી. મેં પત્ર લખીને આ સજ્જનનો આભાર માન્યો અને એમની છત્રી મારી પાસે ન હોવાનું જણાવી દિલગીરી વ્યક્ત કરી અને મારી છત્રી મેળવી લેવા ઘટતું કરવાનું વચન આપ્યું.

રાજકોટ રૂબરૂ જઈને પત્રમાં આપેલા સરનામેથી છત્રી મેળવી લેવા સિવાય છત્રી પાછી મેળવવાનો બીજો કોઈ ઉપાય સૂઝ્યો નહિ. આ ઉપાય મારા સિવાય સૌને નકામો લાગ્યો.

રાજકોટ જવા-આવવાના બસ ભાડાના ઓછામાં ઓછા બસો પચાસ રૂપિયા થાય. બીજો વધારાનો ખર્ચ ગણીએ - રિક્ષાભાડાં-ચા-પાણી-નાસ્તો વગેરે - તો ત્રણસો-સાડાત્રણસો રૂપિયા થઈ જાય. એટલે રાજકોટ છત્રી લેવા જવાનું વ્યવહારુ ન કહેવાય. કદાચ મૂર્ખાઈભર્યું કહેવાય એવો સૌનો મત હતો. પણ હું મક્કમ રહ્યો. આમાં પૈસાનો પ્રશ્ન નહોતો. પોતાની છત્રી ખોવાઈ હોવા છતાં બીજા માણસની છત્રી એને પરત કરવાની એમની ભાવના અને પ્રામાણિક્તાની કદર કરવાનો પ્રશ્ન હતો. પણ આવી સૂક્ષ્મ રીતે આ જગતમાં કેટલા લોકો વિચારે છે ! બધાં ભલે ગમે તે કહે, પણ છત્રી લેવા રાજકોટ તો શું રશિયા જવું પડે તોપણ જવું જોઈએ એવો મારો દૃઢ મત હતો.

રાજકોટ ગયો. છત્રી પાછી મેળવી. પેલા સજ્જનનો આભાર માન્યો. વળતી બસમાં અમદાવાદ પાછો આવ્યો... પણ... પણ... અમદાવાદ ઊતરતી વખતે બસમાં છત્રી ભૂલી ગયો ! ઘરે ગયા પછી સૌએ પૂછ્યું ત્યારે જ યાદ આવ્યું. તરત પાછો બસની ઑફિસે ગયો પણ કોઈએ છત્રી જમા કરાવી નહોતી. રિક્ષાભાડાના જવા આવવાના બીજા એંશી રૂપિયા થયા.

પછીના દિવસે છત્રીના સ્ટોરમાં જઈ મેં છત્રી માગી. દુકાનદારે સ્મિત કર્યું. મેં પણ સામું સ્મિત કર્યું.

**('ૐ હાસ્યમ્'માંથી)**

## શબ્દ-સમજૂતી

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**સાઈઝ**-કદ, માપ; **ઉપાય**-ઈલાજ (અહીં) યુક્તિ; **ટકાઉ**-ટકી રહે તેવું, મજબૂત; **મિથ્યા**-ફોગટ, વ્યર્થ, નકામું; **આચરણ**-વર્તન; **સાન્નિધ્ય**-સમીપતા; **ક્ષમાયાચના**-ક્ષમા માગવી તે; **કારગત**-સફળ; **વાર**-વિલંબ; **જડવું**-મળવું

### વિરુદ્ધાર્થી શબ્દો

**સજ્જન** × દુર્જન; **વ્યવહારુ** × અવ્યવહારુ

### રૂઢિપ્રયોગ

**આચરણમાં મૂકવું**-પાલન કરવું, અમલમાં મૂકવું; **કદર કરવી**-લાયકાત જોઈ યોગ્ય બદલો આપવો; **ફાંફાં મારવાં**-વ્યર્થ પ્રયત્ન કરવો.

### શબ્દસમૂહ માટે એક શબ્દ

**અડગ રહેવું તે**-મક્કમ

### સ્વાધ્યાય

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :**

(1) દુકાનદારે સ્મિત કર્યું, મેં પણ સામું સ્મિત કર્યું કારણ કે...

(A) લેખક છત્રી ખોઈને ફરી છત્રી લેવા આવ્યા હતા.

(B) દુકાનદાર લેખકને હસાવવા ઇચ્છતો હતો.

(C) દુકાનદાર બધા સામે સ્મિત કર્યા કરતો હતો.

(D) લેખકની ચતુરાઇ જોઈ હસતો હતો.

(2) લેખક છત્રી લેવા રાજકોટ જવાની વાતમાં મક્કમ રહ્યા કારણ કે...

(A) લેખક પાસે પૈસા ન હતા.

(B) લેખકને રાજકોટ જવું ગમતું હતું.

(C) તે બીજાની પ્રમાણિક્તાની કદર કરવા ઇચ્છતા હતા.

(D) છત્રી હવે વેચાતી મળતી ન હતી.

**2. નીચેના પ્રશ્નોનો એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) દુકાનદારે લેખકને કઈ સલાહ આપી ?

(2) પોતાના કુંવરને કાંટો ન વાગે એ માટે રાજાએ શું કર્યું ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં કારણો આપો :**

(1) રાજકોટ છત્રી લેવા જવાની વાતમાં લેખક મક્કમ રહ્યા કારણ કે...

(2) રાજકોટ છત્રી લેવા જવાની વાત સૌને મૂર્ખાઈભરી લાગતી હતી કારણ કે...

**4. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો :**

(1) છત્રી ન ખોવાય એ માટે લેખકને કેવી - કેવી સલાહો મળી હતી ?

(2) અમદાવાદ - રાજકોટની મુસાફરી દરમિયાન ખોવાયેલી છત્રીની કથા પાઠના આધારે લખો.

## વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- વર્તમાનપત્રની પૂર્તિમાં આવતા હાસ્યનિબંધો વર્ગખંડમાં વાંચો.
- હાસ્ય માટેના ઉચિત એસ.એમ.એસ.નો સંગ્રહ કરો.
- હાસ્યકથા મેળવી તેનું નાટ્યરૂપાંતર કરો અને ભજવો.
- સામયિકોમાં અને અન્યત્ર પ્રગટ થતા જોક્સ મેળવી તે રજૂ કરવાની સ્પર્ધા ગોઠવો.
- જ્યોતીન્દ્ર દવે તથા બકુલ ત્રિપાઠીના હાસ્યનિબંધો મેળવી વાંચવા.

## ભાષા-અભિવ્યક્તિ

- વાત સાદી હોય કે ગહન હોય, લેખક એને કેવી હળવાશથી કહી શકે છે અને એ દ્વારા કેવી સરસ રીતે હાસ્ય નિષ્પન્ન કરે છે તે નીચેનાં ઉદાહરણોથી સમજવા પ્રયાસ કરો.

  - 'ખોવાય જ નહિ એવી છત્રી તમે રાખો છો ?'
  - 'દુકાનેથી લઈને ઘર સુધી પહોંચતા સુધીમાં પણ છત્રી ખોઈ નાખવાના વિક્રમો મેં એકથી વધુ વાર નોંધાવ્યા છે!'
  - 'તમે ચાતુર્માસ ઘરે જ રહો... છત્રી ખરીદવી જ નહિ પડે. એટલે પછી ખોવાવાનો પ્રશ્ન જ નહિ રહે !'

- ''સાથે ફરે એવો પગારદાર માણસ રાખો.''

  અહીં 'પગાર'ને 'દાર' (ધરાવનાર) પ્રત્યય લાગ્યો છે. આપણી ભાષામાં 'દાર' પ્રત્યયવાળા બીજા ઘણા શબ્દો છે. જેમકે... જમીનદાર, વગદાર, આબરૂદાર, ઈમાનદાર, ધારદાર... આવા બીજા શબ્દોની નોંધ કરો.

- ''...પણ આવી સૂક્ષ્મ રીતે જગતમાં કેટલા લોકો વિચારે છે !''

  ખોવાયેલી વસ્તુ ફરી મેળવવા માટે તેની મૂળ કિંમત કરતાં વધુ પૈસા ખર્ચ કરવા એ મૂર્ખાઈ છે. છતાં લેખક એ બાબતની પ્રશંસા કરી વ્યંગથી હાસ્ય નિષ્પન્ન કરે છે તે સમજો.

## શિક્ષકની ભૂમિકા

'છત્રી' જેવા વિષયમાં પણ હાસ્ય નિષ્પન્ન થઈ શકે તેનું ઉત્તમ ઉદાહરણ આ હાસ્યનિબંધ છે. ભાષા દ્વારા હાસ્ય નિષ્પન્ન કરવાની કલાના પ્રસ્તુત પાઠમાંથી વાક્યો પસંદ કરીને ચર્ચા કરવી જેમકે... 'મારો વિચાર તો મારો આખો બાયોડેટા લખાવવાનો હતો પણ મેં સંયમ રાખ્યો...' વગેરે. સાહિત્યના અન્ય પ્રકારો કરતાં હાસ્ય નિબંધમાં લેખકની કલાનો કસબ અહીં કેવી રીતે ખીલ્યો છે તે જણાવવું. વિદ્યાર્થીઓને પાઠમાં રજૂ થયેલા પ્રસંગો, તે માટે વપરાયેલાં વાક્યોમાંથી અને વિચારોથી નિષ્પન્ન થતા હાસ્યથી અવગત કરવા.

હાસ્ય જીવન માટે અત્યંત અનિવાર્ય છે તે વાત વિદ્યાર્થીઓને સમજાવી તેઓ હસતાં હસતાં ભણે તેવું વાતાવરણ પૂરું પાડવું.

હાસ્યકલબોની વધતી સંખ્યા, હાસ્ય નિષ્પન્ન કરતી ટી.વી. પર પ્રસારિત થતી સિરિયલો, આપણા હાસ્ય લેખકો, હાસ્ય મુશાયરાઓ, હાસ્ય કલાકારો વગેરે વિશે ચર્ચા કરવી. છત્રીની આત્મકથા લખાવીને તેની વિશેષતા ચર્ચવી.

•

# વ્યાકરણ

## એકમ 2 | સંજ્ઞા, વિશેષણ, ક્રિયાવિશેષણ અને તેના પ્રકારો

### સંજ્ઞા

મિત્રો, ગયા વર્ષે તમે સંજ્ઞાના વિવિધ પ્રકારો ઓળખતાં શીખ્યા હતા. કયા પ્રકારો હતા, તે યાદ છે? આપણે એ પ્રકારો ફરી એક વાર યાદ કરી લઈએ!

**જાતિવાચક સંજ્ઞા :** જ્યારે કોઈ શબ્દ દ્વારા આખો વર્ગ સૂચવાતો હોય ત્યારે તેને જાતિવાચક સંજ્ઞા કહે છે. જેમ કે, વિદ્યાર્થી, ચિત્ર

**વ્યક્તિવાચક સંજ્ઞા :** જ્યારે કોઈ શબ્દ દ્વારા કોઈ ચોક્કસ વ્યક્તિ, પ્રાણી કે પદાર્થ સૂચવાતો હોય ત્યારે તેને વ્યક્તિવાચક સંજ્ઞા કહે છે. જેમ કે, નર્મદા, સાબરમતી, અમૂલ (ડેરી) વગેરે.

**દ્રવ્યવાચક સંજ્ઞા :** ગણી ન શકાય તેવા પદાર્થને દર્શાવતી સંજ્ઞાને દ્રવ્યવાચક સંજ્ઞા કહેવાય છે. જેમ કે દૂધ, ચોખા વગેરે.

**સમૂહવાચક સંજ્ઞા :** સંજ્ઞા કોઈ જૂથ કે સમૂહનો નિર્દેશ કરતી હોય ત્યારે તે સંજ્ઞાને સમૂહવાચક સંજ્ઞા કહેવાય છે. જેમ કે, સભા, સેના વગેરે.

**ભાવવાચક સંજ્ઞા :** ભાવનો નિર્દેશ કરતી સંજ્ઞાને ભાવવાચક સંજ્ઞા કહેવાય છે. જેમ કે, તકલીફ, દયા વગેરે.

**ક્રિયાવાચક સંજ્ઞા :** ક્રિયા દર્શાવનાર સંજ્ઞાને ક્રિયાવાચક સંજ્ઞા તરીકે ઓળખવામાં આવે છે. જેમ કે, 'રમવું' ક્રિયા છે પણ - 'મને રમવું ગમે છે'માં 'રમવું'નો સંજ્ઞા તરીકે પ્રયોગ થયો છે. અથવા તેના પરથી બનતો શબ્દ 'રમત' ક્રિયા દર્શાવનાર સંજ્ઞા છે.

નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. તેમાંથી તમારે સંજ્ઞાઓ અલગ તારવવાની છે. અને બાજુમાં આપેલી જગ્યામાં ફરીથી લખવાની છે. સંજ્ઞા ઓળખતાં તો અવડશે જ ને !

1. વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે. ________, ________
2. ગંગાસતી એમ બોલીયાં રે ________
3. દબાયેલું ધ્રુસકું એના કંઠમાંથી નીકળી ગયું. ________, ________
4. અહીંના રીંછ વિશે તો નરેનભાઈ જાણતા જ હશે. ________, ________
5. ઘર એક જ હો એવું, જ્યાં ના હોય દીવાલો ________, ________
6. સ્ટેશન પર તેને તરુણે મોકલેલી એક ચિઠ્ઠી મળી હતી.________, ________, ________

'વૈષ્ણવજન', 'પીડ', 'ગંગાસતી', 'ધ્રુસકું', 'કંઠ', 'રીંછ', 'નરેનભાઈ', 'ઘર', 'દીવાલો', 'સ્ટેશન', 'તરુણ', 'ચિઠ્ઠી' - સંજ્ઞાઓ સ્પષ્ટ છે. આ સંજ્ઞાઓ જોતાં ખ્યાલ આવ્યો હશે કે 'વૈષ્ણવજન', 'કંઠ', 'રીંછ' વગેરે જાતિવાચક સંજ્ઞા છે, 'પીડ' ભાવવાચક સંજ્ઞા છે. 'ધ્રુસકું' એ ક્રિયાવચક સંજ્ઞા છે. તો 'ગંગાસતી', 'નરેનભાઈ', 'તરુણ' વગેરે વ્યક્તિવાચક સંજ્ઞાઓ છે.

તમને જો વિશેષણ યાદ હશે તો તમને થશે કે 'તરુણ' શબ્દ - એ વિશેષણ છે કે સંજ્ઞા ? ગુજરાતી ભાષામાં 'યુવાન'નો અર્થ ધરાવતો શબ્દ 'તરુણ' ખરેખર તો વિશેષણ છે. પરંતુ 'ચંદ્રનું અજવાળું' કૃતિમાં દર્શાવાયું છે તેમ જો તે ચોક્કસ વ્યક્તિનો નિર્દેશ કરે ત્યારે તે સંદર્ભે તે વ્યક્તિવાચક સંજ્ઞા છે.

આમ તો તમે ગયા વર્ષે જાતિવાચક, વ્યક્તિવાચક, સમૂહવાચક, ભાવવાચક આદિ સંજ્ઞાઓ તારવી જ હતી. અહીં આપણે પુનરાવર્તન દ્વારા તેનું દૃઢીકરણ કરીશું.

નીચેનાં વાક્યોમાંથી **જાતિવાચક સંજ્ઞાઓ** ઓળખાવો :

(1) તેનો પુત્ર ગોવિંદ પણ હેર (શહેર) જોવાની લાલચે આવે.

(2) છત્રી ન ખોવાય એ માટે મેં કશા ઉપાયો કર્યા જ નથી એવું ન કહેવાય.

(3) રહેવા દે ! રહેવા દે ! આ સંહાર, યુવાન તું.

(4) જંગલવાસીઓએ રામજીભાને પોતાના પ્રેમ, મિત્રભાવનાથી ભીંસવા માંડ્યો.

(5) કાઠાં વર્ષોમાં જીવલાની સ્થિતિ બહુ કપરી થઈ ગયેલી.

ઉપરના વાક્યમાંથી માત્ર જાતિવાચક સંજ્ઞા જ તારવવાની છે. તારવી શક્યાને ? ચાલો, સાથે તપાસીએ : પુત્ર, હેર (શહેર), છત્રી, ઉપાય, સંહાર, જંગલવાસી, વર્ષ, સ્થિતિ. બસ, આટલા જ. જો વધારે સંજ્ઞા તારવી હોય તો તપાસી જુઓ, એ સંજ્ઞા વ્યક્તિવાચક કે ભાવવાચક તો નથી ને !

વ્યક્તિવાચક સંજ્ઞાઓ ઓળખી શકો ને! ચાલો, નીચેનાં વાક્યોમાંથી **વ્યક્તિવાચક સંજ્ઞા** ઓળખો અને તેને વર્તુળ કરો :

(1) ગોવિંદે બાવળનાં દાતણ કાપી આપ્યાં.

(2) લ્યો, હવે આહવાની વાત કરું.

(3) મારગની ધૂળને ઢંઢોળી પૂછે, મારા માધવને દીઠો છે ક્યાંય?

(4) ગાંધીજી માંદગીને લગભગ અપરાધ ગણતા.

(5) ગંગાસતી એમ બોલીયાં રે, પાનબાઈ જેને વચનુંની સાથે વેવાર રે.

દાતણ, ધૂળ, માંદગી વગેરે સંજ્ઞાને તો પસંદ નથી કરી ને! કારણ કે આ જાતિવાચક અથવા ભાવવાચક સંજ્ઞા છે. ઉપરનાં વાક્યોમાં ગોવિંદ, આહવા, માધવ, ગાંધીજી, ગંગાસતી તથા પાનબાઈ - આ વ્યક્તિવાચક સંજ્ઞાઓ છે.

વ્યક્તિવાચક સંજ્ઞાઓ તારવવાનું ખૂબ સરળ લાગે, નહીં! ચાલો, તો નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. તેની સાથે અપાયેલાં વિકલ્પોમાંથી કયો વિકલ્પ વ્યક્તિવાચક સંજ્ઞા નથી, તે જણાવો.

(1) ધરમપુરથી પાંચેક માઈલ દૂર મરઘમાળ ગામે રાનીપરજ કોમના જીવલા નામના ખેડૂત પાસે અમારું લેણું નીકળે.

(ક) ધરમપુર (ખ) માઈલ (ગ) મરઘાળ (ઘ) રાનીપરજ

(2) ભરુચીનાકાથી બોરભાઠા થઈને આગળ જતાં આવતી ભેખડવતી નર્મદાને કારણે અંકલેશ્વર મારી પ્રિયા જગ્યા છે.

(ક) ભરુચીનાકા (ખ) બોરભાઠા (ગ) ભેખડવતી (ઘ) નર્મદા

(3) કનોજ અને આનંદ વિરાટબાબુને મૂકવા ગેસ્ટહાઉસ જાય છે.

(ક) કનોજ (ખ) આનંદ (ગ) વિરાટબાબુ (ઘ) ગેસ્ટહાઉસ

(4) છત્રી લેવા અમદાવાદથી રાજકોટ તો શું રશિયા જવું પડે તો પણ જવું જોઈએ.

(ક) છત્રી (ખ) અમદાવાદ (ગ) રાજકોટ (ઘ) રશિયા

(5) જમણી તરફના સામા પ્રવાહે જાઉં તો કબીરવડ, નારેશ્વર, જબલપુર ને અમરકંટક સુધીના તમામ પ્રદેશો ફરી વળું.

(ક) પ્રવાહ (ખ) કબીરવડ (ગ) નારેશ્વર (ઘ) અમરકંટક

ધ્યાનથી વાંચીને વિકલ્પો પસંદ કરજો. તમારે એ વિકલ્પ પસંદ કરવાના છે, જે વ્યક્તિવાચક સંજ્ઞા નથી. બરાબર ? ચાલો તો ઉત્તર જોઈએ. 1. (ખ) માઈલ, 2. (ગ) ભેખડવતી, 3. (ઘ) ગેસ્ટહાઉસ 4. (ક) છત્રી, 5. (ક) પ્રવાહ (નોંધ : કોશ અનુસાર 'આનંદ' ખરેખર ભાવવાચક સંજ્ઞા છે. પરંતુ અહીં 'ભૂલી ગયા પછી કૃતિ' સંદર્ભે તે વ્યક્તિવાચક સંજ્ઞા છે.)

આ 'પ્રવાહ' વ્યક્તિવાચક સંજ્ઞા નથી. બરાબર. તો એ કઈ સંજ્ઞા હશે? 'પ્રવાહ' સંજ્ઞાનો પ્રકાર કેવી રીતે વિચારશો? તમને યાદ હશે કે જે સંજ્ઞા અગણ્ય હોય તેને **દ્રવ્યવાચક સંજ્ઞા** કહેવાય છે. યાદ છે ને, કે બીજા ઉદાહરણ જોવા છે?

1. જીવલો કહે, 'પોયરા, દાળ, ચોખા આપું તો ખીચડી બનાવી લાખ.'

2. વસિયતનામું લખી, કરો જળ પર સહી-સિક્કા.

ઉપરનાં પહેલા વાક્યમાં 'જીવલો', 'પોયરા', 'દાળ', 'ચોખા', 'ખીચડી' - આ પાંચ સંજ્ઞાઓ છે. તેમાં 'જીવલો' વ્યક્તિવાચક સંજ્ઞા છે, 'પોયરો' જાતિવાચક સંજ્ઞા છે. પણ 'દાળ', 'ચોખા', 'ખીચડી' - આ દ્રવ્યવાચક સંજ્ઞા છે. બીજા વાક્યમાં 'વસિયતનામું', 'જળ', 'સહી', 'સિક્કા' - આ ચાર સંજ્ઞાઓ છે. જેમાં 'વસિયતનામું' 'સહી' તથા 'સિક્કા' - એ ત્રણ જાતિવાચક સંજ્ઞાઓ છે. પણ 'જળ' દ્રવ્યવાચક સંજ્ઞા છે. હવે, દ્રવ્યવાચક સંજ્ઞા યાદ આવી ગઈ? સ્વાધ્યાય કરી

જોઈએ? ચાલો, નીચેનાં વાક્યોમાંથી દ્રવ્યવાચક સંજ્ઞાઓ તારવીને બાજુમાં આપેલી જગ્યામાં લખો.

1. સુશીની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. ________

2. એની બાજુમાં ચા બનાવવાનો સામાન હતો. ________

3. યમુનાનાં વ્હેણ તમે મૂંગા છો કેમ ? ________

4. સોંઘરતના એ જમાનામાં દસ રૂપિયે હારો ભાત, અને એ જ પ્રમાણે બધી ચીજવસ્તુઓ. ________

5. એમ ત્રણ જણા શીરો ખાવા બેઠા. ________

આ વાક્યો ધ્યાનથી વાંચો અને વિચારો કે કઈ સંજ્ઞા અગણ્ય - દ્રવ્યવાચક સંજ્ઞાના જૂથમાં આવી શકે? સાથે શોધીએ ? 1. આંસુ, 2. ચા, 3. વ્હેણ, 4. ભાત, 5. શીરો. તમને થશે કે 'આંસુ' દ્રવ્યવાચક કહેવાય ? એ ગણી ન શકાય ? ગણાય તો આંસુનાં 'ટીપાં' હોય તે. પણ કોઈ રોતું હોય તો તેનાં વહેતાં આંસુ ગણી શકશો ?

જે સંજ્ઞા 'અગણ્ય'નો નિર્દેશ કરે તે દ્રવ્યવાચક કહેવાય. પણ જ્યારે ગણવાની વાત જ ન હોય, જે સંજ્ઞા દ્વારા કોઈ જૂથ સૂચવાતું હોય તેને **સમૂહવાચક સંજ્ઞા** કહેવાય. તમને યાદ છે ગયા વર્ષે તમે 'ધણ', 'ભારો', 'મૂઠી' વગેરે જેવી સમૂહવાચક સંજ્ઞાઓ વિશે ભણ્યા હતા. કેટલાંક વાક્યોમાંથી સમૂહવાચક સંજ્ઞા શોધવાની હોય તો તમે શોધી શકશો ?

નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. તેમાંથી સમૂહવાચક સંજ્ઞાઓ તારવીને તેને વર્તુળ કરો.

(1) લળી લળીને હેત કરતા વાંસનાં ઝુંડનાં ઝુંડ.

(2) ભણે નરસૈંયો તેનું દરશન કરતાં, કુળ ઈકોતેર તાર્યાં રે.

(3) એણે એક સુરતી કુટુંબને બચાવી લીધું.

(4) સેમ્યુઅલ બટલરે એક આદર્શ સમાજ વિશે કલ્પના કરેલી.

(5) મુંબઈની ટ્રેનમાં ભજનમંડળી ધૂમ મચાવે છે.

સમૂહવાચક સંજ્ઞા ઓળખી શક્યા છો ને! જવાબોની ખાતરી કરી લઈએ? (1) ઝુંડ (2) કુળ (3) કુટુંબ (4) સમાજ (5) (ભજન) મંડળી. આ શબ્દોના અર્થ જોતાં તેનો 'સમૂહ'નો અર્થ સ્પષ્ટ થઈ જશે. ઝુંડ - જૂથ, ટોળું ; કુળ - વંશ; કુટુંબ - ઘરનાં માણસોનો સમૂહ ; સમાજ - સમુદાય; મંડળી - ટોળી. સમૂહને દર્શાવનાર આ સંજ્ઞાઓ સમૂહવાચક સંજ્ઞાઓ છે. આ અર્થો ઉપરથી તમને એ પણ ખ્યાલ આવશે કે સમૂહ, સમુદાય, વંશ, જનતા વગેરે જેવી સંજ્ઞાઓ પણ સમૂહ દર્શાવે છે. તમે આવી અન્ય સમૂહવાચક સંજ્ઞાની યાદી બનાવી શકો. મૂળ અંગ્રેજીના પણ હાલમાં ગુજરાતીમાં સહજ રીતે વપરાતા શબ્દો, ગ્રૂપ, ટીમ વગેરે સમૂહવાચક સંજ્ઞા જ છે.

તમને ભાવવાચક સંજ્ઞાઓ યાદ છે ને! ભાવનો નિર્દેશ કરતી સંજ્ઞા તે **ભાવવાચક સંજ્ઞા**. નીચે આપેલાં વાક્યોમાં વિવિધ સંજ્ઞાઓ છે. તેમાંથી ભાવવાચક સંજ્ઞા ઓળખો અને ફરીથી લખો.

(1) જીવલાની અજ્ઞાન વફાદારી હું મૂક સાક્ષીની જેમ જોયા કરતો. ________

(2) એનો ગરીબડો પુત્ર, ખુદ દરિદ્રતાને પણ શરમ આવે એવો. ________, ________

(3) બધે છે આર્દ્રતા છાઈ તેમાં કૈં ભળવું ભલું. ________

(4) લળી લળીને હેત કરતાં વાંસનાં ઝુંડનાં ઝુંડ. ________

(5) અજ્ઞાન રાની પરજ ખેડૂતો લાચારી અનુભવે. ________

ભાવવાચક સંજ્ઞા ઓળખી શક્યા? મદદની જરૂર લાગે છે? ચાલો, સાથે જોઈએ. વાક્ય (1) માં 'અજ્ઞાન' કે 'મૂક' તો વિશેષણ છે. ભાવનો નિર્દેશ કરતી સંજ્ઞા કઈ છે? 'વફાદારી'. ખ્યાલ આવ્યો? ચાલો, તો બાકીનાં વાક્યો ફરીથી વાંચો. ઉત્તર શોધો. સાથે જોઈએ? (2) દરિદ્રતા, શરમ (3) આર્દ્રતા (4) હેત (5) લાચારી. ભાવવાચક સંજ્ઞા સ્પષ્ટ થઈ છે ને! તમારા પાઠ્યપુસ્તકના પહેલા જ કાવ્ય 'વૈષ્ણવજન' વાંચીને તેમાં કઈ કઈ ભાવવાચક સંજ્ઞાઓ છે. તે ઓળખી અલગ તારવો.

ગયા વર્ષે લેખન, મારણ, તાડન, સ્મરણ, માગણી, ભાળવણી વગેરે જેવી સંજ્ઞાઓ પણ જોઈ હતી. આ સંજ્ઞાઓ દ્વારા ક્રિયા સૂચવાય છે તેથી તે **ક્રિયાવચક સંજ્ઞા** તરીકે ઓળખાવી શકાય તેમ જોયું હતું. આ વર્ષે પણ તમારા પાઠ્યપુસ્તકના 'ચોપડાની ઈન્દરજાળ'માંથી આવી સંજ્ઞાઓ જોઈએ. જેમ કે,

- એમાં <u>બચત</u> શી રીતે થાય ?
- બા મને <u>ઉઘરાણીએ</u> મોકલે.
- બે ત્રણ વર્ષમાં પૈસા વસૂલ કરશે તેવી જીવલાને શ્રદ્ધા હતી.
- શાહુકારો દ્વારા રાંકડી, ભોળી પ્રજાનું <u>શોષણ</u> થતું.
- મને થયું મારું <u>ભણતર</u>, મારા ગાંધીવાદી વિચારો - બધું દંભ ?

ખરેખર તો ક્રિયાવાચક સંજ્ઞાનો અભ્યાસ વધુ ઊંડાણ માંગે તેમ છે. જેમ કે, 'લખવું' ધાતુ પરથી લેખ, લેખક, લેખન, લેખણ, લેખિકા, લખાણ વગેરે જેવી અનેક સંજ્ઞા બને. પણ એ બધી જ સંજ્ઞા ક્રિયાવચક સંજ્ઞ ન કહી શકાય. જેમ કે, 'લેખન' ક્રિયાવાચક સંજ્ઞા છે. પરંતુ 'લેખક' કર્તૃવાચક - જાતિવાચક સંજ્ઞા બને છે. આ કક્ષાએ ક્રિયાવાચક સંજ્ઞાની આટલી વિગતે ચર્ચા મૂંઝવી શકે. તેથી આ વર્ષે સંજ્ઞાના આ પ્રકારને માત્ર નોંધ લેવા પૂરતો જ મર્યાદિત રાખ્યો છે.

અહીં નીચે આપેલાં વાક્યોમાં અધોરેખા દ્વારા કેટલીક સંજ્ઞા સૂચવાઈ છે. તમારે આ અધોરેખિત સંજ્ઞાનો માત્ર પ્રકાર ઓળખવાનો છે. તમે ઓળખી શકશો ને?

(1) <u>સુશી ટેલિફોન</u> પાસેથી ખસી ગઈ.

(2) <u>રાજકોટ</u> જવા-આવવાના બસભાડાના ઓછામાં ઓછા બસો પચાસ રૂપિયા થાય.

(3) એનો ગરીબડો <u>પુત્ર</u>, ખુદ <u>દરિદ્રતા</u>ને પણ શરમ આવે એવો.

(4) આજે <u>દાસકાકા</u> ફરી <u>હિસાબ</u> કરશે.

(5) <u>ગોવિંદ</u> <u>વાડા</u>માંથી <u>વાલોળ</u> અને રીંગણા લઈ આવ્યો.

તમે આ સંજ્ઞાના પ્રકાર ઓળખી જ શકશો તેની ખાતરી છે. તેથી ઉત્તર આપ્યા નથી.

આપણે સંજ્ઞાના વિવિધ પ્રકાર જોયા. વાક્યોમાં એકથી વધુ સંજ્ઞાઓ હોઈ શકે છે, તે હવે તમે જાણો છો. આ સંજ્ઞાઓને તારવી તેનો પ્રકાર ઓળખવાનો પ્રયાસ કરી શકો?

**ઉદાહરણ :**

(1) ભણે <u>નરસૈંયો</u> તેનું <u>દરશન</u> કરતાં, <u>કુળ</u> ઈકોતેર તાર્યાં રે

નરસૈંયો - વ્યક્તિવાચક સંજ્ઞા, દરશન - ભાવવાચક સંજ્ઞા, <u>કુળ</u> - સમૂહવાચક સંજ્ઞા

(2) <u>હિંમતથી</u> એ <u>તરુણ</u> સાથે બીજા <u>શહેરમાં</u> ભાગી જવા નીકળી હતી.

હિંમત - ભાવવાચક સંજ્ઞા, તરુણ - વ્યક્તિવાચક સંજ્ઞા (કૃતિ સંદર્ભ અનુસાર).

શહેર - જાતિવાચક સંજ્ઞા.

તમારા પાઠ્યપુસ્તકની કોઈપણ કૃતિઓમાંથી દસ-પંદર વાક્યો લઈ આ રીતે સંજ્ઞાઓ તારવી તેના પ્રકારો ઓળખી જુઓ. સંજ્ઞાની વિભાવના એકદમ સ્પષ્ટ થઈ જશે.

## વિશેષણ

મિત્રો, તમે ધોરણમાં આવ્યાં છો. તમે ગયા વર્ષે ધોરણમાં ભણતાં હતાં. તમારું પરિણામ આવ્યું હશે, એવી આશા છે.
- શું થયું ? ન સમજાયું ? ચાલો, આ જ વાત ફરી એકવાર-

મિત્રો, તમે દસમા ધોરણમાં આવ્યાં છો. તમે ગયા વર્ષે નવમા ધોરણમાં ભણતાં હતાં. તમારું સારું પરિણામ આવ્યું હશે એવી આશા છે. - હવે સમજાયું ? શું ફેર પડ્યો ? બીજી વાર વાત કરી એમાં દસમા, નવમા, સારું જેવા શબ્દો ઉમેરાયા... વિશેષણ ઉમેરાયાં તેથી અર્થ સ્પષ્ટ થયો.

વિશેષણ એટલે માત્ર વધારાનો અર્થ આપનાર જ ઘટક નહીં, પણ સંજ્ઞાના અર્થને વધુ ચોક્કસ કરનાર ઘટક. ગયા વર્ષે આપણે વિશેષણ વિશે આવી બાબતોનો અભ્યાસ કર્યો હતો, યાદ છે ને!

નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. આ વાક્યોમાં એકથી વધુ વિશેષણ છે. વાક્યો સાથે અપાયેલા વિકલ્પોમાંથી વિશેષણ ન હોય તેવો વિકલ્પ જણાવવાનો છે. એટલે કે વિશેષણ ઓળખીને જે વિકલ્પ વિશેષણ નથી તે શોધો.

1. મને એક નાની, નાજુક, શ્યામલ છત્રી ગમી.

   (ક) મને (ખ) એક (ગ) નાજુક (ઘ) શ્યામલ

2. બોરડી પરથી સરસ મઝાનાં મીઠાં રાંદેરી બોર પાડ્યાં.

   (ક) બોરડી (ખ) સરસ (ગ) મીઠાં (ઘ) રાંદેરી

3. નાનકડી પાતળી પથારીમાં, વેરણછેરણ પુસ્તકો અને બાજુમાં થોડો સામાન હતો.

   (ક) નાનકડી (ખ) વેરણછેરણ (ગ) થોડો (ઘ) સામાન

4. મોટા શહેરની ગીચ વસ્તીમાં આવેલી એકદમ ગંદી સસ્તી હોટલ.

   (ક) મોટા (ખ) વસ્તી (ગ) ગંદી (ઘ) સસ્તી

5. સુંદર નવપલ્લવિત વૃક્ષ ઊગી જવાની એ તીવ્ર પ્રતીક્ષા કરી રહી હતી.

   (ક) સુંદર (ખ) નવપલ્લવિત (ગ) તીવ્ર (ઘ) પ્રતીક્ષા

ઉત્તર જોઈએ ? 1 (ક) મને, 2 (ક) બોરડી, 3 (ઘ) સામાન, 4 (ખ) વસ્તી, 5 (ઘ) પ્રતીક્ષા.

તમે 'વિશેષણ' સાથે તેના પ્રકાર વિશે પણ અભ્યાસ કર્યો હતો. તેના પ્રકારો વિશે બહુ યાદ નથી આવતું ? વાંધો નહીં. ચાલો, ફરી એકવાર એ પ્રકારો પર નજર નાખી લઈએ. બધુ યાદ આવી જશે.

| પ્રકાર | કાર્ય | | ઉદાહરણ |
|---|---|---|---|
| અર્થગત પ્રકાર | ગુણવાચક વિશેષણ | વિશેષ્ય (સંજ્ઞા)ના આકાર, કદ, રંગ, ગુણ, કાર્ય આદિનો નિર્દેશ | લાંબુ, ત્રિકોણ, ચાલાક, જંગલી, વિવેકી વગેરે. |
| | સંખ્યાવાચક વિશેષણ | સંખ્યાવાચક | એક, ત્રણ, ચાર, પાંચ, ડઝન, કોડી (૨૦) |
| | | ક્રમિક સંખ્યાવાચક | પહેલું, ત્રીજું, ચોથું, પાંચમું |
| | | માત્રાસૂચક | ખૂબ, તદ્દન, સફળ, તમામ, સર્વ, સાવ |
| | | આશરેવાચી | અંદાજે, શુમારે, અડસટ્ટે (આશરે સંખ્યા બારેક, પચાસેક |
| | સર્વનામ | પુરુષવાચક, સમયવાચક...વગેરે | આપણું, તેમનું, ક્યારનું, કોઈક આદિ |
| | સંબંધવાચક | સંજ્ઞા+ -નો, -ની, -નું, -ના -નાં... | કારની ઝડપ, બારણાનો રંગ. |
| રચનાગત પ્રકાર | વિકારી | વિશેષ્યના લિંગ-વચન અનુસાર બદલાય | ઊંચું ટેબલ, ઊંડો ખાડો<br>ઊંચી છોકરી, ઊંડી ખીણ. |
| | અવિકારી | વિશેષ્ય (સંજ્ઞા)ના લિંગ-વચન અનુસાર ન બદલાય. | હોંશિયાર વિદ્યાર્થી, સુંદર શાળા<br>હોંશિયાર વકીલ, સુંદર બાગ |

નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. તેમાં **ગુણવાચક વિશેષણ** પ્રયોજાયેલું છે. તમે તે વિશેષણ શોધી શકશો?

વિકલ્પની જરૂર છે? ભલે, વાક્ય સાથે આપેલા વિકલ્પોમાંથી ગુણવાચક વિશેષણ શોધો.

1. મોહ માયા વ્યાપે નહીં તેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે.
(ક) મોહ (ખ) માયા (ગ) દૃઢ (ઘ) વૈરાગ્ય

2. સાંકડી પરસાળમાંથી બહાર નીકળતાં સુશી ટેલિફોન પાસે અટકી ગઈ.
(ક) સાંકડી (ખ) પરસાળ (ગ) સુશી (ઘ) ટેલિફોન

3. નાની બહેનનાં લગ્ન વખતે આર્થિક સંકડાશને કારણે ખેતર વેચી દેવું પડ્યું.
(ક) બહેનના (ખ) વખતે (ગ) સંકડાશ (ઘ) આર્થિક

4. શીલવંત સાધુને વારેવારે નમીએ
(ક) શીલવંત (ખ) સાધુને (ગ) વારેવારે (ઘ) નમીએ

5. ઊડતું આવે જો અહીં મોરપીચ્છ તો તો અમે, સાચવશું સુંવાળા રંગ.
(ક) ઊડતું (ખ) અહીં (ગ) સુંવાળા (ઘ) રંગ

ઉપરનાં વિકલ્પોમાં એક જ વિકલ્પ વિશેષણ ધરાવે છે. ઉત્તર શોધવા સરળ છે ને! ઉત્તર જોઈએ? 1 (ગ) દૃઢ, 2 (ક) સાંકડી, 3 (ઘ) આર્થિક, 4 (ક) શીલવંત 5 (ગ) સુંવાળા. આ તમામ વિશેષણો ગુણવાચક વિશેષણ છે. તેની નોંધ લેશો.

હવે નીચેનાં વાક્યો જુઓ. આ વાક્યોમાં **સંખ્યાવચક વિશેષણ** છે. આ વિશેષણ ધરાવતો વિકલ્પ શોધો.

1. ઉઘરાણીએ જઈએ ત્યારે સાથે બે-ત્રણ મિત્રો હોય.
(ક) ઉઘરાણી (ખ) સાથે (ગ) બે-ત્રણ (ઘ) મિત્ર

2. ગોવિંદને મોકલી ગાયનું પાશેર ઘી મંગાવ્યું.
(ક) ગોવિંદ (ખ) પાશેર (ગ) ગાયનું (ઘ) ઘી

3. કેટકેટલાં લોકો અહીં આવે ફોન કરવા !
(ક) કેટકેટલાં (ખ) લોકો (ગ) અહીં (ઘ) ફોન

4. આઠે પહોર મનમસ્ત થઈને રેવે, જેને જાગી ગયો તૂરિયાનો તાર રે
(ક) આઠે (ખ) પહોર (ગ) હરફ (ઘ) અરધોપરધો

વિકલ્પો ધ્યાનથી વાંચજો, તો જ સાચો ઉત્તર મળશે. કારણ કે વિકલ્પોમાં 'ગાયનું', 'તૂરિયાનું' જેવાં સંબંધવાચક વિશેષણ કે 'તમારો' જેવાં સાર્વનામિક વિશેષણ પણ છે. ઉપરના વાક્યોમાં સંખ્યાવાચક વિશેષણ ધરાવતા વિકલ્પો જોઈએ તો - 1. (ગ) બે-ત્રણ, 2. (ખ) પાશેર, 3. (ક) કેટકેટલાં, 4. (ક) આઠે, 5. (ઘ) અરધોપરધો. સંખ્યાવાચક વિશેષણો શોધી શક્યા હશો. આવાં અન્ય કેટલાંક વાક્યો જોઈએ, જેમાં સંખ્યાવાચક વિશેષણ પ્રયોજાયાં છે.

1. સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે
2. જીવલાના ત્યાંથી બે થેલીઓ ભરીને શાકભાજી લઈ આવ્યો.
3. હું એ વખતે દસમા ધોરણમાં ભણું.
4. આ સર્વ અનિશ્ચિતતાઓનો અંત આવી જશે.
5. આપણે થોડી વાતો કરીએ.

ઉપરનાં વાક્યોમાં જોઈ શકશો કે 'બે' સંખ્યાવાચક વિશેષણ છે તો 'દસમા' એ ક્રમિક સંખ્યાવાચક વિશેષણ છે. તો 'સકળ', 'સર્વ', 'થોડી' - વગેરે માત્રાસૂચક સંખ્યાવાચક વિશેષણ છે. સંખ્યાવાચક વિશેષણના આ પેટાપ્રકારની પણ તમે નોંધ લીધી હશે.

તમને ખ્યાલ છે કે વિશેષણનો એક પ્રકાર **સાર્વનામિક વિશેષણ** છે. નીચેનાં વાક્યોમાં સાર્વનામિક વિશેષણ પ્રયોજાયાં છે. આ વિશેષણ શોધીને લખી શકો ને !

(1) આપણા દેશમાં આવા સાધકોની સંખ્યા ઓછી નથી. ________

(2) ઘરેથી પોતાનું તમામ પગેરું ભૂંસીને તે ચાલી નીકળી હતી. ________

(3) એમણે અમારી ટૂકડી જોઈને ટૂંકો રસ્તો લીધો હશે. ________

(4) પેલો ગુલમહોર કેવો ખીલ્યો છે ! ________

(5) હું ત્યાં હાજર હોત તો તારી પ્રશંસા સાંભળીને ધન્ય થઈ જાત. ________

સાર્વનામિક વિશેષણ શોધવા વાક્યો ધ્યાનથી વાંચજો. 'તમામ', 'ટૂંકો' વગેરે વિશેષણ છે, પણ સાર્વનામિક નથી. તો 'એમણે', 'હું' વગેરે સર્વનામ છે, પણ વિશેષણ નથી. બરાબર ને ! તો સાર્વનામિક વિશેષણ શોધ્યાં ? સાથે જોઈએ ? (1) આપણા, (2) પોતાનું, (3) અમારી, (4) પેલો, (5) તારી.

વધુ અભ્યાસઅર્થે સાર્વનામિક વિશેષણો ધરાવતાં કેટલાંક વાક્યો નીચે આપ્યાં છે. તેમાંથી સાર્વનામિક વિશેષણો તારવો.

- હું તમારી રાહ જોઉં છું.
- એની આંખો ચમકી ઊઠી.
- તેમની વાત મને સાચી લાગી.
- પણ તારા પપ્પા આમ એકાએક આવ્યા ?
- એ ઝડપથી પોતાની ખોલીમાં ઘુસી ગઈ.

સર્વનામ અને સાર્વનામિક વિશેષણોને ધ્યાનપૂર્વક અલગ રાખજો.

વિશેષણો તારવવામાં મુંઝવણ ઊભી કરે તેવાં વિશેષણ એટલે **સંબંધવાચક વિશેષણ**. કારણકે એ વિશેષણ પોતે પણ મૂળભૂત રીતે તો સંજ્ઞા હોય છે. યાદ છે ને ! 'નદીનું કોતર', 'કાનનું કુંડળ', 'પડખેનાં ગીરનાં જંગલ' - આ અને આવાં અનેક ઉદાહરણ જોયાં હતાં. '-ન' પ્રત્યય દ્વારા બે સંજ્ઞાઓ જોડાય છે. જેમ કે, 'કોતર' સંજ્ઞા વિશેષ્ય તરીકે પ્રયોજાયું છે અને '-નું' પ્રત્યય લાગવાને કારણે 'નદી' સંજ્ઞા વિશેષણ તરીકે પ્રયોજાઈ છે. યાદ આવ્યું ને ! તો અન્ય કેટલાંક વાક્યો જોઈએ.

(1) બાપુ શાહુકારીનો ધંધો કરતા.

(2) દોરીનો છેડો બારણે બાંધ્યો છે.

(3) કાંસાના તાંસળામાં લાકડાના તવેથાથી આવડે એવો શીરો મેં બનાવ્યો.

(4) જીવલાના કુટુંબની કરુણ દશા છતાં મૂક સાક્ષી જેવો હું માત્ર જોયા કરતો.

(5) રીંછના હાથના પંજા આપણા મોં પર વાગી ગયા તો ભારે જોખમ.

આ વાક્યોમાંથી સંબંધવાચક વિશેષણ શોધી શક્યા ? સાથે જોઈએ.

1. શાહુકારીનો ધંધો
2. દોરીનો છેડો
3. કાંસાનું તાંસળું, લાકડાનો તવેથો
4. જીવલાના કુટુંબની (કરુણ) દશા
5. રીંછના હાથના પંજા

ઉપરોક્ત વાક્યમાં કરુણ, મૂક, આપણા, ભારે વગેરે જેવાં અન્ય વિશેષણ તો છે જ. પણ ઉપર તારવેલાં સંબંધવાચક વિશેષણ સ્પષ્ટ થઈ ગયાં હશે.

વિશેષણની સમજ સ્પષ્ટ થઈ ગઈ છે ? ચાલો, એક રમત રમીએ. નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. વાક્યમાં

આવી શકતાં વિશેષણ વાક્યને અંતે કૌંસમાં આપ્યાં છે. તમારે એ વિશેષણને યોગ્ય સ્થાને, તેના યોગ્ય વિશેષ્ય પહેલા મૂકવાનાં છે. ઉદાહરણ દ્વારા સ્પષ્ટતા થશે.

ઉદાહરણ : હું શહેરના સ્ટોરમાં છત્રી લેવા ગયો. (જાણીતું)

ઉત્તર : હું શહેરના જાણીતા સ્ટોરમાં છત્રી લેવા ગયો.

ઉદાહરણ અનુસાર વાક્યમાં યોગ્ય સ્થાને વિશેષણ પ્રયોજવાનું છે.

1. જીવલા ઉપર ઉઘરાણી થાય. (કડક)
2. એ પ્રજા જમીનમાં થોડું ઘણું પકવે. (રાંકડી, ઉજ્જડ)
3. દશેરાના દિવસે અહંકારનો વધ કરવાનો છે. (આપણાં)
4. અહંકાર પરિવારોને પજવે છે. (અસંખ્ય)

ઉત્તરોની ખાતરી કરવી છે ? જરૂર તો નથી લાગતી, ખરુંને! છતાં...

1. કડક ઉઘરાણી
2. રાંકડી પ્રજા, ઉજ્જડ જમીન
3. આપણા અહંકારનો વધ
4. અસંખ્ય પરિવારો

હવે, વિશેષણની સમજ અને તેના પ્રકારો સ્પષ્ટ થઈ ગયા હશે. નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. તેમાંથી તમે પહેલાં વિશેષણ શોધો અને ત્યારબાદ તેના પ્રકાર ઓળખાવો. આટલું તો કરી જ શકાશે. તો નીચેનાં વાક્યો ધ્યાનથી વાંચો અને વાક્યમાં હોય તે બધાં જ વિશેષણને વર્તુળ કરો.

1. આ નાની બારીમાંથી ખૂબ સુંદર દેખાય છે એ.
2. જરા ઊણું હો પાત્ર, કટોકટ નહીં માંગુ.
3. મુઠી ચણા કે ધાણી, ઝરણાનું મીઠું પાણી,
   ઘેઘુરની ઘટામાં આઠે પ્રહર ઉજાણી.
4. આવી અંધ વફાદારીને વરેલા, શોષિત દરિદ્રનારાયણની કરુણ દશા જોઈને મારું હૃદય દ્રવી ઊઠ્યું.
5. નાનકડી અંધારી ખોલી એના અજવાળાથી ઝાકમઝોળ થઈ ગઈ છે.

તો ઉપરનાં વાક્યમાં વિશેષણ શોધો, વર્તુળ કરો અને તેનો પ્રકાર શોધો. સહેલું છે ને!

## ક્રિયાવિશેષણ

તમે વિશેષણ વિશે ભણી ગયાં છો. તમે જાણો છો કે જે નામના, સંજ્ઞાના અર્થમાં વધારો કરે, ચોકસાઈ ઉમેરે તે વિશેષણ છે. તો ક્રિયાવિશેષણ શબ્દ સાંભળતા એ જ વિચાર આવે કે જે ક્રિયાના અર્થમાં વધારો કરે તે ક્રિયાવિશેષણ. પણ તમે વિચારો કે ક્રિયાના અર્થમાં વધારો કરવો એટલે શું ? નવમા ધોરણમાં તમે સમજ્યા હતા કે સંજ્ઞાના અર્થમાં ગુણ, આકાર, કદ, સંખ્યા આદિના અર્થ ઉમેરવાનું કાર્ય કરે તે વિશેષણ. તો ક્રિયાવિશેષણ ક્રિયાના અર્થમાં શું ઉમેરવાનું કાર્ય કરતું હશે ? ચાલો, નીચેનાં વાક્યો વાંચો.

1. મોટાભાઈ દોડે છે.
2. મોટાભાઈ સવારે દોડે છે.
3. મોટાભાઈ બગીચામાં દોડે છે.
4. મોટાભાઈ ઝડપથી દોડે છે.
5. મોટાભાઈ સવારે બગીચામાં ઝડપથી પાંચ રાઉન્ડ દોડે છે.

આ વાક્યો વાંચતા તમને શું સરખું લાગ્યું અને શું ન લાગ્યું ? બધાં જ વાક્યોમાં દોડવાની વાત છે. બીજા વાક્યમાં દોડવાનો સમય દર્શાવાયો છે. ત્રીજા વાક્યમાં દોડવાનું સ્થાન દર્શાવાયું છે. ચોથા વાક્યમાં દોડવાની રીતનો નિર્દેશ છે અને પાંચમા વાક્યમાં આ બધી બાબતો ઉપરાંત પાંચ રાઉન્ડ - ગણતરી - માપ - માત્રાનો પણ નિર્દેશ છે. એટલે કે, ક્યારે દોડે છે, ક્યાં દોડે છે. કેવી રીતે દોડે છે વગેરે વાતો છે. બરાબર ? મુખ્ય વાત તો દોડવાની છે, પણ બીજી વિગતો દ્વારા દોડવાની ક્રિયા સાથે સંકળાતા સંદર્ભોનો નિર્દેશ થાય છે. ક્રિયાના સમય, રીત, માત્રા, સ્થળ, અભિગમ, હેતુ, કારણ વગેરે જેવા સંદર્ભગત અર્થ ઉમેરનાર ઘટકોને ક્રિયાવિશેષણ તરીકે ઓળખવામાં આવે છે.

ચાલો, આ વાતને થોડી જુદી રીતે સમજીએ. નીચેનું વાક્ય વાંચો.

હું નહીં આવી શકું.

- આ વાક્યમાં ન આવી શકવાની વાત રજૂ થઈ છે. પણ જો આ વાક્યમાં આપણે અન્ય શબ્દો ઉમેરીએ તો શું ક્રિયાના અર્થમાં કાંઈ ફેર પડે છે ?

હું આજે નહીં આવી શકું.

હું હમણાં નહીં આવી શકું.

હું કદી નહીં આવી શકું.

તમે જોઈ શકો છો કે માત્ર આજે, હમણાં કે કદી - શબ્દો ઉમેરાયા અને સમગ્ર વાક્યાર્થ કેટલો બદલાઈ ગયો ? ક્રિયાના અર્થમાં બદલાવ લાવનાર કારણ એ છે કે અહીં સમયના સંદર્ભ બદલાયા છે. ક્રિયાના સમયનો સંદર્ભ દર્શાવનારા આ શબ્દો ક્રિયાવિશેષણ છે.

નીચનાં વાક્યો વાંચો.

| અ | બ |
|---|---|
| 1. અમે પાછા જવાના હતા. | અમે તરત પાછા જવાના હતા. |
| 2. પપ્પા તમારું સરનામું શોધતા હતા. | પપ્પા ઘણા વખતથી તમારું સરનામું શોધતા હતા. |
| 3. નર્મદાએ મને જાગૃત કર્યો છે. | નર્મદાએ મને હરહંમેશ જાગૃત કર્યો છે. |
| 4. અમારી છત્રી એમ તૂટી ન જાય. | અમારી છત્રી એમ વરસદિવસમાં તૂટી ન જાય. |
| 5. બા બિચારી વૈતરું કરતી. | બા બિચારી રાતદિવસ વૈતરું કરતી. |

વિભાગ 'અ' અને વિભાગ 'બ' નાં વાક્યો વાંચો. શો તફાવત છે, ખ્યાલ આવે છે? વિભાગ 'બ' નાં વાક્યોમાં કયા શબ્દો ઉમેરાયા છે ? 1. તરત 2. ઘણા વખતથી 3. હરહંમેશ 4. વરસદિવસમાં 5. રાતદિવસ. તમે સમજી શકો છો કે આ બધા જ શબ્દો સમય દર્શાવે છે. આ શબ્દોના પ્રયોગથી ક્રિયાના સમયનાં સંદર્ભે અર્થ બદલાય છે. તેથી આ શબ્દો **સમયવાચક ક્રિયાવિશેષણ** કહી શકાય.

1. હવે એ જયહિંદ હોટલમાં રહેતી હતી.

2. એ સલાહો હું પાંચ મિનિટમાં ભૂલી ગયો.

3. થાક કે કંટાળાની કદી ફરિયાદ નહીં.

4. પ્રિય કવિ રાજેન્દ્ર શુકલ કાયમ સાથે જ રહે.

5. ટ્રેનના સમયે એને ચિઠ્ઠી મળી.

સમયવાચક શબ્દ શોધવાનું સહેલું છે ને ! ચાલો, જોઈએ. 1. હવે 2. પાંચ મિનિટમાં 3. કદી 4. કાયમ 5. ટ્રેનના સમયે. શોધી શક્યા હતા ને ! બસ, તમે જે સમયવાચક શબ્દ શોધ્યા તે જ સમયવાચક ક્રિયાવિશેષણ.

ચાલો, આપણે એક રમત રમીએ. નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. તેમાં સમયસૂચક કોઈ શબ્દ નથી. શું તમે તેમાં સમયવાચક અર્થ ઉમેરી શકો ?

1. અમારી શાળામાં શિક્ષણમંત્રી આવ્યા હતા.
2. દાદા છાપું વાંચે છે.
3. અમે સોમનાથના પ્રવાસે જવાના છીએ.
4. મારી વર્ષગાંઠ આવશે.
5. બા અમને વાર્તા સંભળાવતાં.

તમે જોઈ શકો છો કે દરેક વાક્યમાં તમે એકથી વધારે સમયવાચક શબ્દો ઉમેરી શકો છો. જેમ કે,

- અમારી શાળામાં <u>આજે</u> શિક્ષણમંત્રી આવ્યા હતા.
- <u>ગયા અઠવાડિયે</u> અમારી શાળામાં શિક્ષણમંત્રી આવ્યા હતા.
- <u>એકવાર</u> અમારી શાળામાં શિક્ષણમંત્રી આવ્યા હતા.
- અમારી શાળામાં <u>15મી ઑગસ્ટે</u> શિક્ષણમંત્રી આવ્યા હતા.

આ અને આવા અન્ય શબ્દો પણ તમે ઉમેરી શકશો. તમે બાકીનાં વાક્યોમાં આવા સમયવાચક શબ્દો ઉમેરીને જુઓ કે તમે કેટલાં વાક્યો બનાવી શકો છો. તમે આ શબ્દો દ્વારા વાક્યમાં ક્રિયાના સંદર્ભે સમયનો અર્થ ઉમેર્યો છે. એટલે કે તમે સમયવાચક ક્રિયાવિશેષણ પ્રયોજ્યું છે.

હવે નીચેનાં વાક્યો વાંચો.

| અ | બ |
|---|---|
| 1. વેકેશન પૂરું થઈ ગયું. | વેકેશન જલદી પૂરું થઈ ગયું. |
| 2. સુરતમાં કારમાં આગ લાગી. | સુરતમાં કારમાં અચાનક આગ લાગી. |
| 3. આવડી મોટી ઈમારત બની ગઈને ખબરેય ન પડી. | રાતોરાત આવડી મોટી ઈમારત બની ગઈ ને ખબરેય ન પડી. |
| 4. મને કોઈ રસ્તે મળે ને કદી પૂછે કે કેમ છે ? | ઓચિંતુ કોઈ મને રસ્તે મળે ને કદી ધીમેથી પૂછે કે કેમ છે ? |
| 5. સાહેબ કાંઈ પૂછે તો જવાબ આપજે | સાહેબ કાંઈ પૂછે તો જવાબ ફટાફટ આપજે. |

આ વાક્યોને ધ્યાનથી વાંચો તો વિભાગ ‘અ’ અને વિભાગ ‘બે’નાં વાક્યોના અર્થમાં કાંઈ ફેર લાગે છે? વેકેશન પૂરું થઈ ગયું અને વેકેશન જલદી પૂરું થઈ ગયું. વેકેશનના દિવસો જલદી વીતી ગયા હોય એવું લાગે છે ? માત્ર ‘પૂરું થવું’ અને ‘જલદી પૂરું’ થવું વચ્ચે જે અર્થનો ભેદ પડ્યો તે જલદી શબ્દથી. આ શબ્દ દ્વારા પૂરું થવાની રીતનો નિર્દેશ છે. બીજાં વાક્યોમાં પણ જુઓ ‘આગ લાગવી’ અને ‘અચાનક આગ લાગવી’, ‘મને કોઈ મળે’ અને ‘ઓચિંતુ મને કોઈ મળે’, ‘કદી પૂછે’ ને ‘કદી ધીમેથી પૂછે’... ક્રિયામાં આ - રીતનો અર્થ ઉમેરનાર ઘટક તે **રીતિવાચક ક્રિયાવિશેષણ.**

ચાલો, તો નીચેનાં વાક્યોમાંથી રીતિવાચક ક્રિયાવિશેષણ શોધી તેને વર્તુળ કરો અને જવાબ લખો.

1. એ તરત સાવધ થઈ ગઈ.
2. બાને તેમના પૈસા નિયમિત મળતા.
3. ચુપચાપ સુશી સાંભળતી રહી.
4. તેણે અજંપામાં રાત વીતાવી.
5. ઘર આસાનીથી મળી ગયું.

અહીં તમને ક્રિયાની રીતિ દર્શાવતા ક્રિયાવિશેષણ મળ્યા ? ચાલો, સાથે ફરીથી જોઈએ. 1. તરત 2. નિયમિત ૩. ચુપચાપ 4. અજંપામાં 5. આસાનીથી. આ શબ્દો દ્વારા ક્રિયાની રીતિ દર્શાવાઈ છે તેથી આ રીતિવાચક ક્રિયાવિશેષણો છે.

તમે આ ઉત્તરો ધ્યાનથી વાંચો. આમાં બીજી એક બાબત પણ નોંધવા જેવી છે. અહીં 'ચુપચાપ' જેવા દ્વિરુક્ત પ્રયોગથી પણ રીતિ દર્શાવાઈ છે તો 'અજંપામાં'-'માં' પ્રત્યયથી, 'આસાનીથી'-'થી' પ્રત્યયથી પણ રીતિ દર્શાવાઈ છે. બીજાં થોડાં ઉદાહરણ જોવાથી રીતિવાચક ક્રિયાવિશેષણ વધુ સ્પષ્ટ થશે.

| અ | બ |
|---|---|
| 1. એ બોલી શકીઃ 'હલ્લો...' | એ માંડ બોલી શકીઃ 'હલ્લો...' |
| 2. દુકાનદાર મારી સામે જોઈ રહ્યા હતા. | દુકાનદાર મારી સામે ધારીધારીને જોઈ રહ્યા હતા. |
| 3. સાગનાં ઝાડને જાણે કોઈએ શણગારી લીધાં. | સાગનાં ઝાડને જાણે કોઈએ રાતોરાત શણગારી લીધાં. |
| 4. એણે વાળ ઠીક કર્યા. | અભાનપણે એણે વાળ ઠીક કર્યા. |
| 5. ઘર મળી ગયું. | ઘર આસાનીથી મળી ગયું. |
| 6. ફગફગિયો દીવો બુઝાઈ ગયો. | એકાએક ફગફગિયો દીવો બુઝાઈ ગયો. |
| 7. વરસાદ પડવા માંડ્યો. | વરસાદ એકધારો પડવા માંડ્યો. |
| 8. એલા એ ગમાર, બોલતો જા. | એલા એ ગમાર, જરા ધીમો બોલતો જા. |
| 9. બેટા, તું સૂઈ જા. | બેટા, તું નિરાંતે સૂઈ જા. |
| 10. મારા પપ્પાને દવાખાને લઈ જાત. | મારા પપ્પાને સીધા દવાખાને લઈ જાત. |

ઉપર્યુક્ત વાક્યોમાં વિભાગ (બ) માં રીત દર્શાવનાર અધોરેખિત ક્રિયાવિશેષણ ધ્યાનથી વાંચો. આ ક્રિયાવિશેષણ ઉમેરાવાને કારણે વિભાગ-અ કરતાં વિભાગ-બની ક્રિયાના અર્થમાં કાંઈ જુદું ઉમેરાતું અનુભવાય છે? 'એ બોલી શકી' - 'એ માંડ બોલી શકી'... વાક્ય 8માં જુઓ, રીતવાચક ક્રિયાવિશેષણ કાઢી નાખશો તો અર્થ જ નહીં સમજાય.

તમે આવા રીતનો અર્થ ઉમેરતા ક્રિયાવિશેષણ ઉમેરી શકો ? નીચે કેટલાંક વાક્યો આપેલાં છે. તમે તેમાં રીતિવાચક ક્રિયાવિશેષણ ઉમેરી શકો ? જેમકે,

વિદ્યાર્થીએ જવાબ લખ્યો.

- વિદ્યાર્થીએ ઝડપથી જવાબ લખ્યો.
- વિદ્યાર્થીએ ધીમે ધીમે જવાબ લખ્યો.

- વિદ્યાર્થીએ સાચવીને જવાબ લખ્યો.
- વિદ્યાર્થીએ ચોપડીમાં જોઈજોઈને જવાબ લખ્યો...
- વરસાદ પડવા લાગ્યો.
- ડ્રાઈવરે બસ ઉપાડી.
- બધાં બગીચામાં બેઠાં હતાં.

તમે જુઓ કે અહીં એકદમ, અચાનક, ધોધમાર, એકધારો ઓચિંતો, એકાએક, ચૂપચાપ, શાંતિથી - વગેરે જેવાં જુદાં જુદાં ક્રિયાવિશેષણો ઉમેરીને, ક્રિયાના અર્થમાં રીતનો અર્થ ઉમેરી શકો છો. તમે આવાં કેટલાં વાક્યો બનાવી શકો ?

હવે, આગળ વધીએ. નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. તેમાં ક્રિયાવિશેષણ પણ પ્રયોજાયેલાં છે. તમે ધ્યાનથી એ અધોરેખિત ક્રિયાવિશેષણ વાંચો અને વિચારો કે આ પ્રકારના ક્રિયાવિશેષણ દ્વારા કયા અર્થનો ઉમેરો થયો છે ?

1. નરેન <u>થોડું</u> ચાલે છે.
2. બાપુજી જીવતા ત્યારે જીવલો <u>અવારનવાર</u> ઘરે આવતો.
3. ભીખલાને હીરો (શીરો) <u>બૌ</u> (બહુ) ભાવે.
4. એ <u>સખત</u> ડરી ગઈ.
5. માંગીશ <u>એક જ વાર,</u> <u>લાગલગાટ</u> નહીં માંગું.

સમજાય છે ? ચાલો, પહેલા વાક્યના ક્રિયાવિશેષણને બદલી જોઈએ, કંઈ વધુ સમજાય છે ?

- નરેન થોડું ચાલે છે.
- નરેન ખૂબ ચાલે છે.
- નરેન બે કિલોમિટર ચાલે છે.
- નરેન દિવસમાં એક વાર ચાલે છે.

તમને ખ્યાલ આવ્યો ? અહીં ક્રિયાના માપનો, માત્રાનો, પ્રમાણનો અર્થ ઉમેરાય છે. આ અર્થ ઉમેરનાર ક્રિયાવિશેષણને **માત્રાસૂચક કે પ્રમાણવાચક ક્રિયાવિશેષણ** તરીકે ઓળખી શકાય, બરાબર ? ચાલો, બીજાં કેટલાંક વાક્યો જોઈએ. તેમાંથી તમે માત્રાસૂચક ક્રિયાવિશેષણ ઓળખી શકશો ? તેમને ઓળખીને ફરીથી લખો :

1. કાર ખોટકાઈ પડે તો એનો માલિક થોડો શરમાય છે. ______________
2. ખીચડી મને બહુ ભાવે નહીં. ______________
3. શીલવંત સાધુને વારેવારે નમીએ. ______________
4. એ પછી ફરી એકવાર હું આહવા ગયો. ______________
5. મળેલા જ્ઞાનને આચરણમાં મૂકવાનું એટલું સહેલું નથી. ______________

જવાબો જોઈએ ? 1. થોડો, 2. બહુ, 3. વારેવારે, 4. એકવાર, 5. એટલું. આ ક્રિયાવિશેષણો દ્વારા શરમાવું, ભાવવું, નમવું વગેરે ક્રિયાઓ સાથે માત્રાનો અર્થ ઉમેરાયો. હવે માત્રાસૂચક ક્રિયાવિશેષણ સમજાઈ ગયું હશે !

ઘણી વાર વક્તા - બોલનાર વાક્યમાં ક્રિયા સંદર્ભે પોતાનો અભિગમ - વૃત્તિ - મિજાજ જેવો અર્થ પણ ઉમેરે છે. જેમકે, નીચેનાં બે વાક્ય જુઓ.

(અ) હવે નહીં જોઈએ.

(બ) બસ, હવે નહીં જોઈએ.

અહીં વાક્ય (અ) -માં જે કહેવાયું છે, તે જ (બ)માં પણ કહેવાયું છે. પણ (બ)માં વક્તાનો અભિગમ ઉમેરાયો

છે. આ અભિગમ પણ ક્રિયા સાથે સંકળાય છે. તેથી અભિગમ દર્શાવનાર ઘટક અભિગમવાચી ક્રિયાવિશેષણ તરીકે ઓળખાય છે. અન્ય વાક્યો જોવાથી અભિગમનો ખ્યાલ વધુ સ્પષ્ટ થશે.

| | | |
|---|---|---|
| 1. | લોકો ખાધે રાખે છે, પીધે રાખે છે અને જીવ્યે રાખે છે. | લોકો બસ ખાધે રાખે છે, પીધે રાખે છે અને જીવ્યે રાખે છે. |
| 2. | એ લોકો રસ્તો ભૂલી ગયા હશે. | એ લોકો કદાચ રસ્તો ભૂલી ગયા હશે. |
| 3. | મામાના નરેનભાઈ કવિ થવાના. | મામાના નરેનભાઈ ચોક્કસ કવિ થવાના. |
| 4. | બધા ગમે તે કહે પણ છત્રી લેવા રાજકોટ તો શું રશિયા જવું ડે તો પણ જવું, એવો મારો દૃઢ મત હતો. | બધા ભલે ગમે તે કહે પણ છત્રી લેવા રાજકોટ તો શું રશિયા જવું પડે તો પણ જવું, એવો મારો દૃઢ મત હતો. |
| 5. | છત્રી પર નામ-સરનામુ લખવાનો ઉપાય કારગત નીવડ્યો. | છત્રી પર નામ-સરનામુ લખવાનો ઉપાય ખરેખર કારગત નીવડ્યો. |

અહીં વાક્ય 1માં પ્રયોજાયેલ 'બસ' દ્વારા જાણે વક્તા સૂચવવા માંગે છે કે લોકો માટે બીજી પ્રવૃત્તિઓનું અસ્તિત્વ જ નથી, મહત્ત્વ જ નથી. તો વાક્ય 2માં 'કદાચ' દ્વારા સંભાવના પર ભાર અપાયો છે. વાક્ય 3માં 'ચોક્કસ' દ્વારા વક્તાનો 'ખાતરી'નો અભિગમ સ્પષ્ટ છે. તો અહીં પ્રયોજાયેલા બસ, કદાચ, ચોક્કસ, ભલે, ખરેખર વગેરે અભિગમવાચી ક્રિયાવિશેષણ છે. અવશ્ય, ખચિત, જરૂર વગેરે પણ આ પ્રકારના **અભિગમવાચી ક્રિયાવિશેષણ** છે.

તમારા પાઠ-કવિતામાં આવાં અભિગમ દર્શાવનારાં ક્રિયાવિશેષણો ઘણાં છે. પણ એવું થઈ શકે કે તમે આ ક્રિયાવિશેષણનો ઉપયોગ કરીને જાતે કેટલાંક વાક્યો બનાવો. જેમકે,

- ભલે, તમે કહો છો તો પાંચ વાક્ય લખીશું.
- કદાચ અમને આ વાત ન સમજાઈ હોય તો !
- અમે પ્રયત્ન ચોક્કસ કરીશું.
- સારું પરિણામ મેળવવા ખરેખર મહેનત કરવી પડે.

અત્યાર સુધીમાં આપણે સમયવાચક, રીતવાચક, માત્રાવાચક, અભિગમવાચક ક્રિયાવિશેષણ જોયાં. હવે નીચેનાં વાક્યો જુઓ. તમે જોશો કે કેટલાંક ક્રિયાવિશેષણ સ્થાનનો અર્થ દર્શાવે છે. જેમકે,

| અ | બ |
|---|---|
| 1. એણે નજર કરી. | એણે આજુબાજુ નજર કરી. |
| 2. કનોજે કાર રોકી. | કનોજે ગેસ્ટહાઉસ નજીક કાર રોકી. |
| 3. તું આનંદને મોકલીશ ? | તું આનંદને અહીં મોકલીશ ? |
| 4. રિસીવર પછાડી સુશી દોડી ગઈ. | રિસીવર પછાડી સુશી બહાર દોડી ગઈ. |
| 5. એને નવી દુનિયા વસાવવી હતી. | એને દૂર નવી દુનિયા વસાવવી હતી. |

વિભાગ 'બ'માં **સ્થાનવાચક ક્રિયાવિશેષણ** અધોરેખા દ્વારા સ્પષ્ટ કર્યાં છે. તમે જોઈ શકો છો કે, આજુબાજુ, આસપાસ, નજીક, બહાર, દૂર વગેરે જેવા સ્થાનવાચક ક્રિયાવિશેષણ ક્રિયાના સ્થાનનો સંદર્ભ સ્પષ્ટ કરે છે. તમે પણ સ્થાનવાચક ક્રિયાવિશેષણ ઉમેરીને વાક્યો બનાવી શકો. મઝા આવશે. જેમકે,

સુશીએ જોયું.

- સુશીએ ઉપર જોયું.
- સુશીએ નીચે જોયું.

- સુશીએ બહાર જોયું.
- સુશીએ અંદર જોયું.
- સુશીએ બાજુમાં જોયું.

આવાં બીજાં વાક્યો લઈને તમે સ્થાનવાચક ક્રિયાવિશેષણ બનાવો.

પરંતુ અગાઉ તમે વિભક્તિ તથા નામયોગીનો અભ્યાસ કર્યો છે. તમે જાણો છો કે 'મા', 'પર' તથા 'ઉપર' જેવા પ્રત્યય - નામયોગી દ્વારા અધિકરણ વિભક્તિ - સ્થાનકારક સૂચવાય છે. જેમકે,

- 'એ હાસ્ય ઘરમાં વેરાઈ ગયું.'

ગુજરાતી ભાષામાં આ ઉપરાંત હેતુ, કારણ આદિ સૂચવવા માટે પણ ક્રિયાવિશેષણ પ્રયોજાય છે. જેમકે,

- સારું પરિણામ મેળવવા માટે હું મહેનત કરું છું.
- અહીં 'હું મહેનત કરું છું.' મૂળ વાક્ય છે. તેમાં 'સારું પરિણામ મેળવવા માટે' દ્વારા ક્રિયાનો હેતુ દર્શાવાયો છે. આ વિશે તમે પછી વિગતે અભ્યાસ કરશો.

અહીં આપણે ક્રિયાવિશેષણના માત્ર પાંચ પ્રકારને જ સોદાહરણ જોયા છે. એક નજર નાખી લઈએ ?

| પ્રકાર | ઉદાહરણ |
|---|---|
| 1. સમયવાચક ક્રિયાવિશેષણ | હવે, આજે, કાયમ, કદી, હંમેશાં, ક્યારેક, સવારે વગેરે |
| 2. રીતિવાચક ક્રિયાવિશેષણ | તરત, નિયમિત, ચૂપચાપ, માંડ, એકાએક વગેરે |
| 3. માત્રાસૂચક ક્રિયાવિશેષણ | થોડું, બહુ, ઘણીવાર, ખૂબ, સખત, અતિશય વગેરે |
| 4. અભિગમવાચી ક્રિયાવિશેષણ | બસ, કદાચ, ચોક્કસ, ભલે, ખરેખર, જરૂર વગેરે |
| 5. સ્થાનવાચક ક્રિયાવિશેષણ | ઉપર, નીચે, નજીક, દૂર, આસપાસ વગેરે |

•

# 9 માધવને દીઠો છે ક્યાંય ?



**હરીન્દ્ર દવે**

**(જન્મ: 19-9-1930, અવસાન: 29-3-1995)**

હરીન્દ્ર જયંતીલાલ દવેનું વતન ખંભરા (કચ્છ) છે. તેઓ વ્યવસાયે પત્રકાર હતા. કવિતા, નવલકથા, નાટક, વિવેચન, નિબંધ જેવાં વિવિધ ક્ષેત્રો તેમણે ખેડ્યાં હતાં. 'આસવ', 'મૌન', 'સૂર્યોપનિષદ', 'હયાતી' તેમના કાવ્યસંગ્રહો છે. તેઓ મુખ્યત્વે કવિ છે. તેમનાં ગીતોનું માધુર્ય ધ્યાન ખેંચે છે. 'અગનપંખી', 'પળનાં પ્રતિબિંબ', 'માધવ ક્યાંય નથી', 'મુખવટો', 'અનાગત', 'ગાંધીની કાવડ' તેમની નોંધપાત્ર નવલકથાઓ છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને દિલ્હીના ઍવોર્ડ એનાયત થયા હતા.

ગુજરાતીમાં લખાયેલાં કૃષ્ણવિરહનાં કાવ્યોમાં આ કાવ્ય અનેક રીતે નોખું પડે છે. વાંસળી એ તો કૃષ્ણ સાથે અવિનાભાવી રીતે જોડાયેલી છે, પણ અહીં તો વાંસળી પોતે કૃષ્ણથી વિખૂટી પડેલી છે. વાંસળીનો સૂર કૃષ્ણને શોધતો હોય છે. એ શોધ સાથે જોડાય છે બાળકૃષ્ણના જીવનનાં પ્રતીકો, કદંબ, યમુના, રાધા, મોરપિચ્છ. આ બધાંનો કાવ્યાત્મક વિનિયોગ કવિએ કર્યો છે. યમુનાનાં વહેણ સાથે રાધાની આંખની ઉદાસી, ચાંદની સાથે રાતરાણી, મોરપિચ્છ સાથે સુંવાળા રંગ, આકાશ સાથે ચંદ્રનું સાયુજ્ય રચીને કૃષ્ણનો વિરહ કવિએ તીવ્ર બનાવ્યો છે. કૃષ્ણથી વિખૂટા પડવાથી શરૂ થતા ગીતના અંતે જળનું તેજ જોઈને પરખાય છે કે ચોક્કસ અંદર કૃષ્ણ હશે ત્યાં કાવ્ય વિરમે છે. ભાવની સાથે લયનું ખેંચાણ પણ આ ગીતનું સબળ પાસું છે.

---

વાંસળીથી વિખૂટો થઈને આ સૂર એક
ઢૂંઢે કદંબની છાંય,
મારગની ધૂળને ઢંઢોળી પૂછે,
મારા માધવને દીઠો છે ક્યાંય ?
યમુનાનાં વ્હેણ તમે મૂંગાં છો કેમ ?
અને રાધાની આંખ કાં ઉદાસ ?
વહી જતી આ લે'રખી વ્યાકુળ કરે છે અહીં
સરતી આ સાંજનો ઉજાસ.
બ્હાવરી વિભાવરીનાં પગલાંની લાગણીથી,
રાતરાણી ઝાકળથી ન્હાય... મારા...
ઊડતું આવે જો અહીં મોરપિચ્છ તો તો અમે,
સાચવશું સુંવાળા રંગ;
મારી તે મોરલીના આભમાં ઊગે છે એક,
શ્યામના તે નામનો મયંક
જળમાં તે તેજ એનું એવું રેલાય હવે,
પાતાળે હરિવર પરખાય... મારા...

**('વરસાદની મોસમ છે' માંથી)**

## શબ્દ-સમજૂતી

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**વિખૂટું**-અલગ, જુદું પડેલું; **સૂર**-સ્વર; **કદંબ**-એક વૃક્ષ (જેના પર બેસી શ્રીકૃષ્ણ વાંસળી વગાડતા હતા.); **લે'રખી**-પવનની લહેર; **વિભાવરી**-રાત્રી, નિશા; **ઉજાસ**-અજવાળું; **પરખાય**-ઓળખાય; **માધવ**-કૃષ્ણ, શ્યામ; **મયંક**-ચંદ્ર

### તળપદા શબ્દો

**મારગ**-માર્ગ, રસ્તો

### વિરુદ્ધાર્થી શબ્દો

**સાંજ** × સવાર; **ઉજાસ** × અંધકાર

### સ્વાધ્યાય

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :**

(1) રાધાની આંખમાં ઉદાસી હોવાનું કારણ...

(A) કદંબની ડાળ (B) કૃષ્ણમિલન

(C) યમુનાનું વહેણ (D) કૃષ્ણ માટેનો વિરહ

(2) કવિ કોના ઊડતા આવવાની ઇચ્છા વ્યક્ત કરે છે ?

(A) મોરપિચ્છ (B) પક્ષીઓ

(C) સ્વર્ગનું વિમાન (D) મારગની ધૂળ

**2. નીચેના પ્રશ્નોનો એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) મારગની ધૂળને કવિ શું પૂછે છે ?

(2) પાતાળમાં કોણ પરખાય છે ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :**

(1) રાતરાણી ઝાકળથી નહાય છે કારણ કે...

(2) જળમાં કોનું તેજ રેલાઈ રહ્યું છે ?

**4. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો :**

(1) માધવને મેળવવા માટેની સૂરની તીવ્ર ઉત્કંઠા તમારા શબ્દોમાં લખો.

(2) કાવ્યપંક્તિ સમજાવોઃ

વાંસળીથી વિખૂટો થઈને આ સૂર એક
ઢૂંઢે કદંબની છાંય,
મારગની ધૂળને ઢંઢોળી પૂછે,
મારા માધવને દીઠો છે ક્યાંય ?

## વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- હરીન્દ્ર દવેનાં કૃષ્ણપ્રેમનાં કાવ્યોનું વર્ગમાં ગાન કરો.
- આ કાવ્યને કંઠસ્થ કરી સમૂહમાં ગાન કરો.
- આ કાવ્યને અભિનયગીત તરીકે તૈયાર કરી રજૂ કરો.
- 'માધવ ક્યાંય નથી મધુવન'માં કાવ્ય મેળવીને વર્ગમાં ગાઈ સંભળાવો.

## ભાષા-અભિવ્યક્તિ

- આ ગીતમાં કવિએ શબ્દ સાથે અર્થચમત્કૃતિથી આપણને સુખદ આશ્ચર્યમાં મૂકી દીધા છે. કવિની મનભર કલ્પનાઓ આસ્વાદ્ય છે.
  - વાંસળીનો સૂર ધૂળને ઢંઢોળીને પૂછે છે.
  - વિભાવરી બ્હાવરી છે.
  - રાતરાણી ઝાકળથી નહાય છે.
  - મોરલીના આભમાં શ્યામ નામનો મયંક ઊગે છે.
- અહીં છાંય-ક્યાંય, ઉદાસ-ઉજાસ, રંગ-મયંકના પ્રાસ ગીતને લયનો હિલ્લોલ આપી કાવ્યને જાણે અનેરી ગતિ આપે છે.
- સૂર, વાંસળી, કદંબ, યમુનાનું વહેણ, રાધાની ઉદાસ આંખ', મોરપિચ્છનો માધવને પામવાનો અલગ અલગ પ્રયાસ આખરે અભિન્ન બની જાય છે. 'પાતાળે હરિવર પરખાય' એમાં જાણે સૌ માધવને પ્રાપ્ત કરે છે એ કવિની ચમત્કૃતિ પારખો.

## શિક્ષકની ભૂમિકા

કૃષ્ણ હવે વૃંદાવનમાં નથી. વાંસળીથી સૂર વિખૂટો પડી ગયો છે. મારગની ધૂળ, યમુનાનાં વહેણ અને રાધાની આંખ બધું જ શોકમગ્ન છે. વિરહની વેદનાને ઘૂંટી ઘૂંટીને ગહન બનાવવા માટે કવિએ શબ્દો દ્વારા કેવું કવિકર્મ નિભાવ્યું છે તેની કાવ્યપંક્તિઓ અને કાવ્યનાં શબ્દચિત્રો દ્વારા વિદ્યાર્થીઓને સમજ આપવી.

કૃષ્ણને તો સૌ વહાલ કરે, પાસે રાખવા ઇચ્છે, પરંતુ કૃષ્ણના મોરપિચ્છને પણ કેટલા વહાલથી સાચવવાનું વ્યક્ત કર્યું છે, એ રીતે ભાવને કેમ પ્રગટ કરી શકાય અને ભાષાની શક્તિનો કવિ કેમ ઉપયોગ કરે છે તે સ્પષ્ટ કરવું.

આ જ કવિનું 'માધવ ક્યાંય નથી મધુવનમાં' અને માધવ રામાનુજનું 'ગોકુળમાં આવો તો' કાવ્યોના ભાવો સાથે આ કાવ્યના ભાવોનું સામ્ય-વૈષમ્ય વિદ્યાર્થીઓ સાથે ચર્ચવું.

•

# 10 ડાંગવનો અને...



**મહેન્દ્રસિંહ પરમાર**

**(જન્મ: 2-10-1967)**

મહેન્દ્રસિંહ તખ્તસિંહ પરમારનું વતન સુરેન્દ્રનગર જિલ્લાનું કુકણા ગામ છે. તેઓ ભાવનગર યુનિવર્સિટીના ભાષાભવનમાં અધ્યક્ષ તરીકે કામગીરી કરે છે. તેઓ વાર્તાકાર, વિવેચક અને દિગ્દર્શક તરીકે જાણીતા છે. તેમનું ગદ્ય આગવી ભાત પાડે છે. તેમના 'પ્રથમ' નામનો વિવેચનસંગ્રહ, 'પોલિટેકનિક' નામે વાર્તાસંગ્રહ અને 'રખડુનો કાગળ' નામે નિબંધસંગ્રહ પ્રગટ થયા છે.

આ નિબંધ 'રખડુનો કાગળ' માંથી લેવામાં આવ્યો છે. પોતે કરેલા નર્મદા કિનારા અને ડાંગનાં જંગલોના પ્રવાસનાં સંસ્મરણોને લેખક પત્ર રૂપે પોતાના બાપુજીને લખે છે. જેમાં લેખકનો રખડુ સ્વભાવ, સંવેદનશીલ હૃદય અને સૌન્દર્યદૃષ્ટિ અનુભવાય છે. અહીં લેખકનો નર્મદા સાથેનો સૂક્ષ્મ નાતો છે તો સાથે ગુજરાતના એક રળિયામણા પ્રદેશ ડાંગના પ્રાકૃતિક સૌન્દર્ય તથા ત્યાંના લોકોની વિશેષતાઓ પણ આ નિબંધમાં અત્યંત લાઘવથી વર્ણવાઈ છે. એ સાથે લેખકનું સંવેદન પણ ઘૂંટાતું જાય છે. આ આખી વાત કરવા માટે પત્ર શૈલી પસંદ કરીને લેખકે પોતાની અને ભાવકની વચ્ચે અંગત સેતુ રચ્યો છે. નિબંધનું ગદ્ય પ્રવાહી છતાં ઊંડાણવાળું છે. ગુજરાતી ગદ્યની એક જુદી તરેહ એમાં છે.

---

પ્રિય બાપુજી,

અગાઉ અંકલેશ્વર અને આહવા ગયો ત્યારનો તમને લખવા ધારતો હતો. એ પછી ફરી એકવાર જઈ આવ્યો. લખ્યા વગર ન જ ચાલે એવું થઈ ગયું. એ અનુભવોને પુનઃ સ્મૃત કરવાનો પ્રયત્ન કરું છું.

આહવા જતાં પહેલાં ત્રણ દિવસ અંકલેશ્વર રોકાયો. અંકલેશ્વર મને પ્રિય છે. મિત્રો મજાકમાં જેને ગંદકેશ્વર કહે છે એ, કારખાનાંઓથી ઊભરાતું એશિયાનું બીજા નંબરનું ઔદ્યોગિક મથક; મારું પ્રિય સ્થળ છે ! અહો વૈચિત્ર્યમ્ ! એની દુર્ગંધ સાથે એક ઘરોબો કેળવાઈ ગયેલો. પણ સાચું કહું તો અહીંના ભરૂચી નાકાથી બોરભાઠા થઈને આગળ જતાં આવતી ભેખડવતી નર્મદાને કારણે અંકલેશ્વર મારી પ્રિય જગ્યા છે. અહીં ઉચ્ચાસને બેસીને કેટલીયે વાર સૂર્યાસ્ત જોવાની મજા લૂંટી છે. અસ્તાચળે પહોંચેલા સૂર્યમા'રાજ આક્ષિતિજ જળવતી નર્મદાની સપાટી પર છેક અમારા સુધી લાલ કાર્પેટ બિછાવી આપે. આ રાજમાર્ગે ટપટપ કરતાં દોડીને એમને મળવા જઈએ ત્યાં તો ગાયબ થઈ જાય !

નર્મદાએ મને હરહંમેશ ઝંકૃત કર્યો છે. કોઈપણ રૂપમાં એ નદી મને તાણી જાય છે. આમ જમણી તરફ સામા પ્રવાહે (જોકે, 'સામો પ્રવાહ' તો કહેવાનો. ભરતીની અસર હોય તો છેક સુધી તમે શંકિત રહો કે શું નદીએ વહેણ બદલ્યું?) જાઉં તો કબીરવડ, નારેશ્વર, જબલપુર ને અમરકંટક સુધીના તમામ પ્રદેશો ફરી વળું. તો આ...મ ડાબી તરફ પ્રવાહ સાથે વહું તો સમુદ્રમાં. ત્યાંથી ક્યાંનો ક્યાં !

કબીરવડ સાથે કબીરજીને અનુભવીએ. કેટલાય તપસ્વીઓનાં તપને અનુભવીએ. નાહીએ ત્યારે આખી નર્મદા આપણી હોય. કાલાન્તરોની સૃષ્ટિમાં આપણે નાહી રહીએ. એક અંજલિ ભરીએ તો હાથમાંનું જળ ભૂતકાળનાં બધાં દૃશ્યો વર્તમાનની સન્નિધિએ ઉઘાડતું આવે. ભૂખ, તરસ બધું ભૂલી જવાય. કવિ રાજેન્દ્ર શુક્લ અહીં યાદ આવ્યા વિના ન રહે.

**મુઠ્ઠી ચણા કે ધાણી, ઝરણાંનું મીઠું પાણી,**
**ઘેઘૂરની ઘટામાં આઠે પ્રહર ઉજાણી !**

લ્યો, હવે આહવાની વાત કરું. પહેલીવાર આહવા ગયો ત્યારે ઘાયલ જ થઈ ગયો. વનસંપદાનું આટલું આદિમ અને મનોહર રૂપ ! લગભગ બધું જ વિસરાઈ ગયું. આહવામાં મિત્રવર્ય જગદીશભાઈનું ઘર એકદમ સનસેટ પોઈન્ટની બાજુમાં જ છે. સનસેટ પોઈન્ટની ઊંચાઈએથી નીચેની આખી રંગભૂમિ જોવા સરખી.

એની રંગરમણા અદ્‌ભુત. દૂ...ર નીચે માનવ-વસવાટથી સવારની ઝાંખી કરાવતાં રતૂમડાં-પત્તાનાં હોય તેવાં ઘર. એ ઘર સુધી દોડી જતી સર્પિલ ભૂખરી કેડીઓ. ખીણમાંથી છેક સૂર્ય સાથે હરીફાઈ કરવા મથતા સાગની અને જમીન પર પથરાયેલા ઘાસની પોતપોતાની લીલપ. છાક એનો એવો કે સૂર્યપ્રકાશને આંટી મારે. નયનરમ્ય ને નયનમનોહર શબ્દોની ખરેખરી અર્થચ્છાયા અહીં પ્રત્યક્ષ થાય. પવનની સાથે ઘુમરાઈને ઉપર વહી આવતા રંગ-ગંધ-અવાજના ત્રિવિધ રૂપને, ઊંડા શ્વાસ લો તો આખા અસ્તિત્વમાં અનુભવી શકો. પવનની જાદુઈ લાકડી ફરે ને આ દૃશ્ય-શ્રાવ્ય ચલચિત્ર પરિવર્તન પામતું રહે. હમણાં જ પડી ગયેલા વરસાદે વળી આ રંગભૂમિનું સમીકરણ જ બદલી નાખ્યું છે. તમે નજરે જુઓ તો વળી એનો જુદો જ સ્વાદ અનુભવો. પણ આ જગ્યાએ બેસીને મને એક વિચિત્ર-પણ મજાનો - વિચાર આવ્યો. વિશ્વની કોઈપણ સ્પંદનશીલ ચેતનાને સ્પર્શે એવી આ દુનિયાને જોઈને કોણ કેમ React થાય ? પદાર્થ એક જ, પણ એને ઝીલનાર પાત્રો કેવાં નોખાં ? ને તોયે હેમનું હેમ વળી !

પછી તો દંડકારણ્યનાં જુદાં જુદાં રૂપ જોયાં. મહાલનું ડાંગ, વઘાઈનું ડાંગ, સુબીર, વાંસદા, શિવઘાટ, સાપુતારા... બધે દોડાદોડ કરી મૂકી. ક્યાંક ખૂબ ઊંચાઈએથી ઊંડે તો ક્યાંક એકદમ ઊંડાઈએથી ખૂબ ઊંચે ચંચળતાથી ભમી લીધું. ખીણને રસ્તે રાત્રે નીકળ્યો તો સ્તબ્ધ થઈ ગયો. ચોતરફ આગિયા ! સાગનાં ઝાડ રાતોરાત કોઈએ શણગારી લીધાં ! ઉપર નજર કરો તો તારાખચિત આકાશ અને અહીં નીચે આગિયા. પ્રિય કવિ રાજેન્દ્ર શુક્લ કાયમ સાથે જ રહે :

**‘સ્થાનનો ફરક અમથો, મૂળમાં તો અજવાળું,**
**તારકો શિખર સોહે, આગિયા તરાઈમાં !’**

અહીં-તહીં ઊડાઊડ કરતા આગિયાઓ અંધકારને શણગારીને એક મોઝેઈક બનાવી આપે.

નામનો જાદુ કેવો હોય તેની વાત કરું. અહીં ગિરમાળનો ધોધ છે. લગભગ ત્રણસોક મીટર ઊંચેથી સુસવાટા નાખતું પાણી પુરજોશમાં નીચે પડે. વિખરાઈ જાય નાનાસરખા તળાવરૂપે. ચોતરફ પર્વતમાળાઓ ને વચ્ચે આ ધોધ. જ્યાંથી એ પડે ત્યાં જ પહોંચ્યા ને પથ્થરની ઓથ લઈને નીચે જોયું. ધુંઆધાર જોયેલો જબલપુરમાં. એના વિકરાળ રૂપની પાસે આ તો કંઈ નહીં. પણ હવે તમને નદીનું નામ કહીશ તો આખી વાત રમ્ય બની જશે. આ નદી છે ગિરા ! નદી, ધોધ અને તળાવ એક રૂપક બની ગયાં. વાણીનું આ રૂપ મારા સાહિત્યનું પણ રૂપ બન્યું. આ જ તેજસ્વી ગતિએ મારી ભાષાની ઊર્જા જન્મે ! ને, નીચે, તળાવમાં સંચિત થાય. પેલા ટચૂકડા બુભુક્ષુ માછીમારો જેમ જાળ નાખીને ઊભા છે તેમ હું યે ઊભો હોઉં ! પછી એ જળ પાછું બંધાઈ ન રહે. ગિરા નદીના રૂપે વળી નવા પ્રદેશો સર કરે. કેટલું સરસ નામ, ગિરા !

લળી-લળીને હેત કરતાં વાંસનાં ઝુંડનાં ઝુંડ. ક્યાંક ઉન્મત્ત ગજયૂથ જેવાં, ક્યાંક એકલ-દોકલ પ્રણયીજન જેવાં ! વૃત્તિઓ સઘળી ઠરીઠામ થઈ જાય. ડાહીડમરી બની જાય. અસ્તિત્વની પરમતા અને ભવ્યતા-બેયનો નજદીકી અને બારીક અનુભવ થાય. એમાં મારા સમગ્ર અસ્તિત્વને ધીમે ધીમે નાનું થઈને સાવ ઓગળી જતું અનુભવું. મારી દરેક મુસાફરી મારા માટે કોઈને કોઈ રીતે યાત્રા બની રહેતી હોય છે. પ્રત્યેક સફરે હું નવો બનતો હોઉં છું. આ ‘મારો’ અનુભવ છે.

આહવા આવ્યો એ પહેલાંય અહીંના આદિવાસીઓ વિશે ખૂબ સાંભળેલું. ‘ડાંગ દરબાર’ની વાતો કાને પડેલી. આ વખતે આ લોકોની દુનિયાનો આછેરો પરિચય જ માત્ર મળી શક્યો. જ્યારે તક મળે ત્યારે જગદીશભાઈનું બાઈક લઈને નીકળી પડું. આહવાની ગલીકૂંચીઓમાં અને આજુબાજુના રસ્તાઓ પર રખડ્યા કરું. સ્થાનિક પ્રજાને જોયા કરું. એમની લોકસંસ્કૃતિ હજી આજેય એટલી જ જીવંત. એમનાં ગીતો, એમનાં વાદ્યો, તહેવારો. થાય કે હાથમાં હાથ ભીડીને નાચીએ. પણ... એક વખત નીકળ્યો તો ડાંગીઓનું મોટું સરઘસ સામે મળ્યું. સૌથી આગળ બે-ત્રણ આદિવાસીઓ ફટાકડા ફોડતા હતા. થયું કે ચાલો, લગ્ન-યાત્રા જોવા મળશે. આ તો કંઈક બીજું જ નીકળ્યું. કોઈનું મરણ થયેલું. એની નનામી ઊંચકીને ડાઘુઓ જતા હતા. મૃત્યુના માનમાં ફટાકડા! મરણને ઊજવવાની આ રીત કેટલી તાત્ત્વિક! આ ભોળી પ્રજાને આવું જીવનસત્ય કેમનું લાધ્યું હશે?

લ્યો જુઓ, વાત આખી મૃત્યુના સમ પર આવીને ઊભી રહી ગઈ. જેટલું ગમ્યું એટલું જ લખ્યું. ન ગમ્યું તેની વાત ફરી ક્યારેક કરીશ. મારી આ પત્રચેષ્ટા ગમીને ? ઈચ્છા તો ત્યાં જ એકાદ ઝરણામાં પગ બોળીને આ શબ્દઝરણ વહેતું મૂકવાની હતી. તમને ત્યાં કેવાક યાદ કરતો હોઈશ તેનું પ્રમાણ મળે તોય હાંઉં!

**-મહેન્દ્ર**

**(‘રખડુનો કાગળ’માંથી)**

## શબ્દ-સમજૂતી

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**ઘરોબો**-નિકટતા, પરિવાર જેવો સંબંધ; **આછેરો**-થોડો; **ક્ષિતિજ**-પૃથ્વી આકાશ સાથે મળતી દેખાય તેવી કલ્પિત રેખા, (અહીં) ક્ષિતિજ સુધી; **ચિક્કાર**-ખૂબ જ, અતિશય; **ગાયબ**-અદૃશ્ય; **અંજલિ**-ખોબો; **શંકિત**-શંકાશીલ; **આદિમ**-પ્રારંભનું, મૂળનું; **વનસંપદા**-વનની સંપત્તિ; **હેમ**-સુવર્ણ, સોનું, કનક; **છાક**-નશો, કેફ; **ઓથ**-સહારો; **સન્નિધિ**-સમીપતા; **ગજયૂથ**-હાથીનું ટોળું; **સાયુજ્ય**-એક થઈ જવું તે; **બુભુક્ષુ** -ભૂખ્યું; **રૂબરૂ**-પ્રત્યક્ષ; **ગિરા**- વાણી, ભાષા; **ઘાયલ**-જખમી(અહીં) પ્રેમથી ઓતપ્રોત

### વિરુદ્ધાર્થી શબ્દો

**પ્રત્યક્ષ** × પરોક્ષ; **નજીક** × દૂર; **અસમર્થ** × સમર્થ

### તળપદો શબ્દ

**હાંઉ**-બસ

### શબ્દસમૂહ માટે એક શબ્દ

**આંખને ગમી જાય તેવું**-નયનરમ્ય; **મનને હરી લે તેવું**-મનોહર

### સ્વાધ્યાય

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :**

(1) અંકલેશ્વરને મિત્રો મજાકમાં શું કહેતા ?

(A) અંકલ ઈશ્વર (B) ઔદ્યોગિક મથક

(C) ગંદકેશ્વર (D દુર્ગંધેશ્વર

(2) શેના કારણે સાગનાં ઝાડ શણગારેલાં લાગે છે ?

(A) લાઈટના કારણે (B) આગિયાના કારણે

(C) બીજાં વૃક્ષોને કારણે (D) ફૂલ-ફળથી

**2. નીચેના પ્રશ્નોનો એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) શાના માનમાં આદિવાસીઓ ફટાકડા ફોડતા હતા ?

(2) ગિરમાળનો ધોધ કઈ નદી પરથી પડતો હતો ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :**

(1) લેખકની મુસાફરી યાત્રા બની રહેતી કારણ કે...

(2) લેખક પોતાને ટચૂકડા બુભુક્ષુ માછીમારો સાથે સરખાવે છે કારણ કે...

**4. નીચેના પ્રશ્નનો સાત-આઠ લીટીમાં જવાબ આપો :**

(1) આહવાની વનસંપદાના મનોહર રૂપનું વર્ણન કરો.

## વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- કોઈ એક પ્રાકૃતિક સ્થળનો પ્રવાસ કરી તેનો અનુભવ પ્રાર્થનાસભામાં કહો.
- તમે કરેલા પ્રવાસનું વર્ણન કરતો પત્ર લખીને તમારા મિત્રને ટપાલમાં મોકલો.
- 'જંગલબુક' ફિલ્મ જોવી.
- ડિસ્કવરી, એનિમલ પ્લેનેટ જેવી ચેનલમાં આવતા કાર્યક્રમો અનુકૂળતા મુજબ જુઓ.

## ભાષા-અભિવ્યક્તિ

- કુદરતના અનંત સૌંદર્યને નજરથી જોનારા તો ઘણા હોય છે પણ લેખકો એ સૌંદર્યને માણવાની એક અલગ દિશા, દૃષ્ટિ ખોલી આપે છે. આ સત્ય નીચેની વાક્યરચનાઓ વાંચતાં સમજાશેઃ
  - સૂર્યમા'રાજ નર્મદાની સપાટી પર... લાલ કાર્પેટ બિછાવી આપે.
  - ઘર સુધી દોડી જતી એ સર્પિલ ભૂખરી કેડીઓ.
  - સૂર્ય સાથે હરીફાઈ કરવા માગતા સાગ.
  - પવનની જાદુઈ લાકડી ફરે ને દૃશ્ય-શ્રાવ્ય ચલચિત્ર પરિવર્તન પામતું રહે.
  - તમે નજરે જુઓ તો વળી એનો જુદો જ સ્વાદ અનુભવો.
- અહીં દૃશ્ય અને સ્વાદેન્દ્રિયનો ઉલ્લેખ છે. ઈરાદાપૂર્વક નજર અને સ્વાદને એક સાથે મુકાયાં છે. સ્વાદ પારખવાનું કામ જીભ કરે અને જોવાનું કામ આંખનું છે છતાં અહીં 'નજરે જુઓ તો સ્વાદ માણી શકો' એમ કહેવા પાછળ લેખકનો આશય અનુભવ કરો તો અનેરો આનંદ મળે એ બતાવવાનો છે.
- અહીં વપરાયેલા રંગરમણા, નયનરમ્ય, નયનમનોહર, તારાખચિત, પર્વતામાળાઓ, વનસંપદા, શિવઘાટ જેવા સમાસોનો વિનિયોગ કૃતિને આસ્વાદ્ય બનાવે છે, વર્ણન સાથે આપણને એકરૂપ બનાવે છે, તે તમે અનુભવ્યું હશે.
- વાક્યમાં અવતરણ ચિહ્નો (' ') વિશિષ્ટ નામ કે વિશિષ્ટ ઉલ્લેખને અલગ તારવવા વપરાય છે તે સમજાયું હશે.

## શિક્ષકની ભૂમિકા

આજકાલ મોબાઈલ અને ઈન્ટરનેટને કારણે વોટસએપ અને બ્લોગનું ચલણ એટલું વધ્યું છે કે પત્રલેખન નહિવત્ બની ગયું છે. છતાં પત્રમાં જે રીતે મુક્ત મને અભિવ્યક્તિ થતી હોય છે તેની મજા કંઈ અલગ જ છે. ક્યારેક આવા પત્રો કાયમી સંભારણું પણ બની જતા હોય છે તે વિશે આ કૃતિને આધારે ચર્ચા કરવી.

ડાંગના વનનું પ્રાકૃતિક સૌંદર્ય, ત્યાંના આદિવાસી લોકો અને ગિરા ધોધ વિશે વિસ્તૃત માહિતી આપવી. લેખકે રાજેન્દ્ર શુક્લની કાવ્યપંક્તિઓ અવતરણ રૂપે નોંધી છે જે લેખકના કથનને- વિચારને વધુ પ્રમાણભૂત બનાવે છે, તેની ચર્ચા કરવી.

સરળ, રસાળ, પ્રવાહી અને અર્થસભર ભાષામાં પત્ર સ્વરૂપે લખાયેલા આ પ્રવાસ નિબંધને તેની શૈલી મનહર અને મનભર બનાવે છે તેની સમજ આપવી.

'વનાંચલ' જેવી અન્ય કૃતિઓના સંદર્ભો આપવા.

•

| 11 | # શિકારીને |
|---|---|

**કલાપી**



**(જન્મઃ 26-01-1874, અવસાનઃ 09-06-1900)**

તેમનું મૂળ નામ સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ છે. અમરેલી જિલ્લાના લાઠીના રાજવી પરિવારમાં તેમનો જન્મ થયો હતો. 'કલાપીનો કેકારવ' સંગ્રહમાં તેમની કવિ તરીકેની પ્રતિભાનો પરિચય થાય છે. પ્રકૃતિનાં મનોહારી દૃશ્યો અને માનવહૃદયના ભાવો તેમની કવિતામાં કેન્દ્રસ્થાને છે. 'કાશ્મીરનો પ્રવાસ' તેમનો પ્રવાસગ્રંથ છે.

આ કાવ્યમાં પ્રકૃતિજગત, પ્રાણીજગત સાથેનું સૌહાર્દ અને સૌન્દર્યદૃષ્ટિને આવરી લીધા છે. કાવ્યનાયક યુવાનને વારતાં કહે છે કે, 'તું આ સંહાર રહેવા દે, આ આખું વિશ્વ સંતનો આશ્રમ છે'. વેદોની વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવના અહીં વણાયેલી છે. આ સૃષ્ટિમાં પંખી, ફૂલ, ઝરણાં બધું જે છે તે એકરૂપ છે. વળી, સૌન્દર્યનો એક મૂળગામી પ્રશ્ન અહીં છે કે તીરથી મારીને તો માત્ર પક્ષીનું સ્થૂળ શરીર જ મળશે. એનો આત્મા કે એનાં ગીત નહિ મળે. આ જ વાત મનુષ્યને પણ એટલી જ લાગુ પડે છે. સુંદરતા પામવા માટે પહેલાં આપણે સુંદર બનવું પડે. આ માત્ર શરીરની સુંદરતાની વાત નથી, પણ સમગ્ર વ્યક્તિત્વની સુંદરતાની વાત છે. કાવ્યાંતે સમગ્ર સૃષ્ટિ તરફ અનુકંપા રાખવાની વાત કવિએ કહી છે. આ કૃતિ અનુષ્ટુપ છંદમાં રચાયેલ છે.

---

રહેવા દે ! રહેવા દે આ સંહાર, યુવાન ! તું;
ઘટે ના ક્રૂરતા આવી વિશ્વ આશ્રમ સન્તનું.
પંખીડાં, ફૂલડાં રૂડાં, લતા આ, ઝરણાં, તરુ,
ઘટે ના ક્રૂર દૃષ્ટિ અહીં ત્યાં : વિશ્વ સૌન્દર્ય કુમળું.
તીરથી પામવા પક્ષી વ્યર્થ આ ક્રૂરતા મથે;
તીરથી પક્ષી તો ના ના કિન્તુ સ્થૂલ મળી શકે.
પક્ષીને પામવાને તો છાનો તું સુણ ગીતને;
પક્ષી તેના પ્રભુ સાથે હૈયામાં મળશે ત્હને.
સૌન્દર્યો વેડફી દેતાં ના ના સુન્દરતા મળે;
સૌન્દર્યો પામતાં પ્હેલાં સૌન્દર્ય બનવું પડે.
સૌન્દર્યે ખેલવું, એ તો પ્રભુનો ઉપયોગ છે;
પોષવું, પૂજવું એને, એ એનો ઉપભોગ છે.
રહેવા દે ! રહેવા દે આ સંહાર, યુવાન ! તું;
બધે છે આર્દ્રતા છાઇ તેમાં કૈં ભળવું ભલું.

**('કલાપીનો કેકારવ'માંથી)**

## શબ્દ-સમજૂતી

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**સંહાર**-નાશ, પ્રબળ ઘાત; **રૂડું**-સારું, સુંદર; **આર્દ્રતા**-ભીનાશ, મૃદુતા, માયાળુપણું; **લતા**-વેલ, વેલી; **ઘટવું**-શોભવું; **ત્હને**-તને; **સુણવું**-સાંભળવું

### વિરુદ્ધાર્થી શબ્દો

**સંહાર** × સર્જન; **સ્થૂળ** × સૂક્ષ્મ; **કોમળ** × કઠોર; **આર્દ્ર** × શુષ્ક

### સ્વાધ્યાય

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :**

(1) પંખીને પામવા કવિ શું કરવાનું કહે છે ?

(A) પંખીનો શિકાર કરવાનું
(B) તીર ચલાવવાનું
(C) માળો બનાવવાનું
(D) પંખીનાં ગીતને સાંભળવાનું

(2) કવિ નીચેનામાંથી કયો સંદેશો આપે છે ?

(A) સંહાર કરવાનું રહેવા દે.
(B) તું ક્રૂર બન.
(C) તારે સુંદર બનવાની જરૂર નથી.
(D) પ્રકૃતિનો તું નાશ કર.

**2. નીચેના પ્રશ્નોનો એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) કવિની દૃષ્ટિએ પક્ષી ક્યાં મળશે ?

(2) શું કરવાથી પક્ષીનું માત્ર સ્થૂળ શરીર જ મળે છે ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :**

(1) સૃષ્ટિનું સૌંદર્ય કવિને ક્યાં ક્યાં જોવા મળે છે ?

(2) પક્ષીને પામવા કવિ શું કરવાનું કહે છે ?

**4. નીચેના પ્રશ્નનો સાત-આઠ લીટીમાં જવાબ આપો :**

(1) કવિ શિકારીને કઈ શિખામણ આપે છે ?

**5. નીચેની કાવ્યપંક્તિ સમજાવો :**

''સૌંદર્યો વેડફી દેતાં ના ના સુંદરતા મળે,
સૌંદર્યો પામતાં પહેલાં સૌન્દર્ય બનવું પડે.''

### વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- સૌરાષ્ટ્રના પ્રવાસ આયોજનમાં લાઠીમાં આવેલા કલાપી મ્યુઝિયમની મુલાકાત લો.
- વર્ગખંડમાં પ્રકૃતિગીતોની સ્પર્ધા રાખવી.
- કલાપીના જીવન વિશે તૈયાર થયેલી ફિલ્મ મેળવીને જુઓ.
- કલાપી-જયંતીની ઉજવણી કરો.

## ભાષા-અભિવ્યક્તિ

- ‘પંખીડાં, ફૂલડાં રૂડાં, લતા આ ઝરણાં, તરુ’

  આપણે જાણીએ છીએ કે પંખીનું બહુવચનરૂપ પંખી/પંખીઓ થાય છે. ફૂલનું બહુવચનરૂપ ફૂલ/ફૂલો થાય છે. પણ કવિએ તો અહીં આ શબ્દો સાથે ‘ડ’ વર્ણ ઉમેરી ‘આ’ પ્રત્યય સાથે ‘ફૂલડાં’ અને ‘પંખીડાં’ શબ્દો વાપર્યા છે. આવા શબ્દોથી લાલિત્ય અને આત્મીયતા ઉમેરાયાં છે. પક્ષીઓ અને ફૂલોને જોવાનો નવો અભિગમ પણ અહીં દેખાય છે.

- ‘‘સૌન્દર્યો વેડફી દેતાં, ના ના સુંદરતા મળે,

  સૌન્દર્યો પામતાં પહેલાં, સૌન્દર્ય બનવું પડે.’’

  કાવ્યની ધરીરૂપ રહેલી/બનેલી આ પંક્તિઓ એની શબ્દ-પસંદગી અને વિચારબોધ માટે સાહિત્યમાં પણ ચિરંજીવ સ્થાન પામી ચૂકી છે. અહીં ‘સૌન્દર્ય’ ભાવવાચક સંજ્ઞાનું બહુવચન ‘સૌન્દર્યો’ યોજાયું છે જે વિચાર માગી લે એવી બાબત છે. ‘સૌન્દર્ય’ શબ્દનું ત્રણ વખતનું આવર્તન અને એની સાથે ‘સુન્દરતા’ શબ્દનો વિનિયોગ પંક્તિમાં શબ્દ ચમત્કૃતિ અને ત્યારબાદ અર્થ ચમત્કૃતિ સર્જે છે અને કવિતાને ચિરંજીવ બનાવે છે.

- ‘‘સૌન્દર્યો’’ શબ્દના ઉપયોગથી ‘વિવિધ રૂપોમાં રહેલી સુંદરતા’ એવો પણ સંકેત મળે છે તે સમજો.

## શિક્ષકની ભૂમિકા

મનુષ્ય પ્રકૃતિ ઉપરનું પોતાનું આધિપત્ય છે તેમ માનીને જીવી રહ્યો છે. મનુષ્ય પોતાના સ્વાર્થ માટે પ્રકૃતિનું નિકંદન કાઢી રહ્યો છે. પશુ, પક્ષી, વૃક્ષો કશું સલામત નથી. પરિણામે અસહ્ય ગરમી, ઓઝોનના પડનું તૂટવું, દુષ્કાળ તો ક્યાંક અકાળે વરસાદ, ધરતીકંપ... આ બધા માટે માનવ દ્વારા થતું પર્યાવરણનું અસંતુલન જવાબદાર છે.

વિદ્યાર્થીઓ પર્યાવરણની જાળવણી કરે, પશુ-પક્ષી અને પ્રાણીઓનો સંહાર ના કરે, વિશ્વગ્રામ/વિશ્વઆશ્રમની ભાવના સમજે તેમ જ ‘જીવો અને જીવવા દો’ના સૂત્રને અમલી બનાવે તે માટે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી અને તે અંગેની જવાબદારી સમજાવવી.

‘શિકારીને’ શીર્ષક અહીં વ્યાપક અર્થમાં સ્વીકાર્ય છે. ફૂલને તોડવું તે પણ ફૂલનો શિકાર છે. પ્રકૃતિનાં તત્ત્વો તરફની સંવેદનશીલતા આ કાવ્યમાં કવિએ વ્યક્ત કરી છે તે તરફ વિદ્યાર્થીઓને અભિમુખ કરવા.

•

# 12 ચોપડાની ઈન્દ્રજાળ



**ચંદ્રકાન્ત પંડ્યા**

**(જન્મ: 31-8-1920, અવસાનઃ 13-10-2001)**

ચંદ્રકાંત જેઠાલાલ પંડ્યાનો જન્મ વલસાડ જિલ્લાના ધરમપુરમાં થયો હતો. તેમણે મુંબઈ યુનિવર્સિટીમાંથી ટી.ડી.ની પદવી મેળવી હતી. સંગીતમાં પણ નિપુણતા મેળવી હતી. શિક્ષક તરીકે હાલોલ અને નવસારીમાં કામગીરી કરી હતી. સામાજિક અને સેવાક્ષેત્રમાં તેમનું પ્રદાન નોંધપાત્ર છે. 'બાનો ભીખુ ભા.1-2', 'સુદામે દીઠી દ્વારામતી' (યુરોપ પ્રવાસ), 'ઘડીક સંગ શ્યામ રંગનો' (આફ્રિકાનો પ્રવાસ), 'વસાહતીઓનું વતન' (અમેરિકા પ્રવાસ) તેમનાં નોંધપાત્ર પુસ્તકો છે. સાહિત્યિક પત્રકારત્વમાં પણ તેમનું યોગદાન છે.

ભીખુએ બાળપણમાં જોયેલી વ્યાજખોરી અને ગરીબી આ આત્મકથા ખંડમાં રજૂ થઈ છે. અહીં શાહુકારો દ્વારા ગરીબ, અભણ લોકોનું કેવું શોષણ થતું એનું તાદશ્ય ચિત્ર ઉપસાવ્યું છે. આવું માત્ર ગુજરાતમાં જ છે એવું નથી, પણ સમગ્ર ભારતમાં આ પરિસ્થિતિ છે. એક તરફ વ્યાજ પર વ્યાજ ચડાવતા શાહુકારો છે, તો બીજી તરફ એ જ શાહુકારના દીકરા તરફ વાત્સલ્યભાવ દાખવતા દેણદાર લોકો છે. જીવલાની કરુણ સ્થિતિ જોઈને કિશોર ભીખુમાં સૂક્ષ્મ પરિવર્તન આવે છે. જેના કારણે એ દેવાના ચોપડા ફાડી નાખીને કરજમાંથી મુક્ત કરે છે. પોતાનાં પિતા અને માતા પણ વ્યાજ વસૂલાતની ઈન્દ્રજાળમાં કેવી રીતે રચ્યાં-પચ્યાં હતાં એ નિખાલસતા આ પાઠનું જમા પાસું છે. અહીં ચોપડાની ઈન્દ્રજાળ એટલે કે વ્યાજની એવી જાળ કે જેમાંથી ગરીબ ક્યારેય છટકી શકતો નથી તેનું હૃદયસ્પર્શી આલેખન થયું છે.

---

ત્યારે શાહુકારો ગરીબ અને અજ્ઞાન રાનીપરજ ખેડૂતોનું શોષણ કરતા હતા. ઋણરાહતનો ત્યારે કોઈ કાયદો નહોતો. તેમાં દેશી રાજ્યમાં તો આવા શોષણખોરોને ઘી-કેળાં હતાં. રાજા અને અમલદારોના જુલ્મનેય ચઢી જાય એવી આ શરીફ ડાકુઓની લૂંટ ગરીબ પ્રજાનાં હાડમાંસને ચૂંથવામાં જરાય અરેરાટી નહોતી અનુભવતી. કચડાયેલી પ્રજાનો કોઈ ધણીધોરી નહોતો. રાંકડી, ભોળી, લંગોટિયા પ્રજા મૂંગા ઢોર કરતાં બદતર જીવન જીવતી. ઉજ્જડ જમીનમાં થોડું ઘણું પકવે. તેમાં રાજા, અમલદાર, ધગડું, તલાટી, ભૂવો અને શાહુકાર સૌનો લાગો. પ્રસંગે બધું કામ પડતું મૂકી બધાની વેઠ કરવા એ બંધાયેલો. ગુલામથી પણ બદતર જિંદગી એ જીવે. ને ઊજળા-ભણેલા લોકો એની લાચારીનો લાભ ઉઠાવે. સત્તર પંચાં પંચાણુંનું ગણિત ગણનાર શાહુકારના ચોપડાની ઈન્દ્રજાળ એવી કે એની સાત પેઢી પણ ઋણમાંથી કદી મુક્ત ન થઈ શકે.

મારા પિતાજીને શાહુકારી કરી પૈસા કમાવાનો કીમિયો કોઈ ભાઈબંધે બતાવેલો. એટલે લોભેલોભે ખેતી સાથે ધીરધારનો ધંધો પણ કરતા. પિતાજીને 'હાઉકાર' કહીને જ સૌ બોલાવે.

પિતાજીનું મૃત્યુ થયું. જમીન ગણોતે ખેડનાર કે તેની દેખભાળ કરનાર કોઈ રહ્યું નહિ, એટલે અમે મૂળ શેઠને સોંપી દીધી. હવે ગુજરાનના સાધન તરીકે દુઝાણું ને પિતાજીની ઉઘરાણી બે જ રહ્યાં. વિધવા બાને માથે બે નાના દીકરા, એક નાની દીકરી, ઉપરાંત ત્રણ પરણેલી બહેનોના વ્યવહાર સાચવવાની બધી જ જવાબદારી હતી. એક નાનું ખેતર બાપુજીને નામે હતું તે બહુ ઉપજાઉ નહિ, એટલે નાની બહેનનાં લગ્ન વખતે આર્થિક સંકડાશને કારણે વેચી દેવું પડ્યું. બા બિચારી રાત-દિવસ ઢોર વૈતરું કરે, કદી જંપીને ન બેસે. કોઈને ત્યાં જરૂર પડ્યે રાંધી આપે, ત્યારે માંડ બે ટંક રોટલા મળે. બાપુજી શાહુકારીનો ધંધો કરતા, પણ ઘરમાં ભાગ્યે જ કશી બચત મૂકી ગયેલા. એ જમાનો પણ સોંઘારતનો. દસ રૂપિયે હારો ભાત, એ જ પ્રમાણે બધી ચીજવસ્તુ. એમાં બચત શી રીતે થાય ? એટલે કુટુંબનો બોજો એકલે હાથે ઊંચકતાં તો બાને નવનેજાં પડ્યાં.

દીકરામાં હું મોટો, એટલે ચૌદ વર્ષની ઉંમરે ગામડે ઉઘરાણી કરવા બા મને મોકલે. દેણદારો પ્રામાણિક,

પણ ખેતીનાં વર્ષો એક પછી એક એવાં ખરાબ આવે કે લેણદારોને રોકડ કશું આપી ન શકે, ક્યારેક થોડું ઘણું આપે, એ તો અમારા કુટુંબને આપદા ન પડે એટલા ખાતર. પોતે પેટે પાટા બાંધી આછુંપાતળું ખાઈને પણ જે મળે તે વ્યાજ પેટે ભરી જતા.

ધરમપુરથી પાંચેક માઈલ દૂર મરઘમાળ ગામે રાનીપરજ કોમના જીવલા નામના ખેડૂત પાસે અમારું લેણું નીકળે. કાઠાં વર્ષોમાં જીવલાની સ્થિતિ બહુ કપરી થઈ ગયેલી. પૈસા તો જે મળે તે આપે, પણ બાપુના મૃત્યુ પછી વર્ષોવર્ષ લાકડાં, ડાંગર, કઠોળ, ગોળ, કેરી, શાક-ભાજી, ઢોર માટે ઘાસ ને એવું કંઈ ને કંઈ વ્યાજ પેટે ભરે. વર્ષ ગમે તેવું નબળું પડ્યું હોય તો ય, 'હાઉકારનાં પોયરાંને આપદા ની પડવી જોઈએ' એ ભાવનાથી કંઈક તો આપવું જ જોઈએ એવું માનતો જીવલો દાનતનો શુદ્ધ !

જીવલો અવારનવાર ઘેર આવતો. મારા ઉપર પુષ્કળ પ્રેમ. શેરડી, બોર, જાંબુ, કેરી એવું કંઈ ને કંઈ મારા માટે લાવે. તેની સાથે કોઈક વાર તેનો પુત્ર ગોવિંદ પણ હેર જોવાની લાલચે આવે. લંગોટી ને મેલું જીર્ણ ડગલું એ એનો પોશાક. જીવલો જુવાનીમાં પણ ખખડી ગયેલો, હાડપિંજર જેવો. તો એનો પુત્ર ગરીબડો, અર્ધનગ્ન દશામાં ખુદ દરિદ્રતાને પણ શરમ આવે એવો. જીવલાના કુટુંબની આવી કરુણ દશા છતાં તેની વફાદારી મૂક સાક્ષી જેવો હું માત્ર જોયા કરતો !

બાપુ ગુજરી ગયા પછી બા મને ઉઘરાણીએ મોકલે. મરઘમાળમાં જીવલા ઉપરાંત પણ એક બે લેણદાર હતા. તેઓ જીવલાની સરખામણીમાં જરા ઠીક સ્થિતિના કહેવાય. એટલે બાને તેમના પૈસા નિયમિત મળતા. પણ જીવલો તદ્દન ભાંગી ગયેલો. પત્ની મરી ગયેલી, તેનું બારમું કરવા માટે વળી બીજો શાહુકાર કરેલો. એટલે જીવલા ઉપર કડક ઉઘરાણી થાય.

રવિવારે બા મને ઉઘરાણીએ મોકલે. ભાતામાં કોઈ વાર સુખડી, તો કોઈ વાર શક્કરપારા બનાવી આપે. દિવાળી પછી તો લગભગ દર રવિવારે ઉઘરાણીએ જવાનો કાર્યક્રમ નક્કી જ હોય. નદીમાં નાહવાનું મળે, ઋતુઋતુનાં ફળો ખાવા મળે. ચણાનો ઓળો, શેરડી, બોર, કેરી જે મળે તે પેટ ભરીને ખાવાનું અને ઘર માટે પણ લાવવાનું. સાથે બેત્રણ મિત્રો હોય એટલે રસ્તો ક્યાં કપાઈ જાય તે ખબર ન પડે.

એક રવિવારે એ જ રીતે ઉઘરાણી કરવા જીવલાને ત્યાં મરધમાળ ગામે જવાનું થયું. સાથે મારા મિત્રો, મહમદ ને રસિક હતા. બીજે ઉઘરાણી કરવા જવાનું નહોતું એટલે બાએ કશું ભાતું બંધાવ્યું નહોતું. અમે જીવલાને ઘેર પહોંચ્યા, તો માલૂમ પડ્યું કે જીવલો કામ અંગે કશે બહાર ગયો હતો. 'બારેક વાગતાં આવી પુગહે' એમ ગોવિંદે કહ્યું. એટલે સમયનો સદુપયોગ કરવા અમે એના ખેતરમાં ઊપડ્યા. બોરડી ઉપરથી સરસ મઝાનાં મીઠાં રાંદેરી બોર પાડ્યાં, ખાધાં ને ગજવાં ભર્યાં. મરચીના છોડ ઉપરથી મરચાં, તો રીંગણી ઉપરથી રીંગણાં તોડીને થેલી ઠાંસીઠાંસીને ભરી. ગોવિંદે બાવળનાં દાતણ કાપી આપ્યાં તે લીધાં, નદીમાં નાહ્યા, ને જીવલાની ઝૂંપડીએ આવ્યા ત્યારે જીવલો આવી ગયો હતો. તેણે પૂછ્યું, 'ભીખલા, બપોર થૈ ગ્યા, કંઈ ખાધું કે ભૂયખો જ ? ડોહાડીએ હું બાંધી આયલું છે ?' મેં કહ્યું કે, 'અમે તરત પાછા જવાના હતા એટલે ભાતું નથી લાવ્યા.' જીવલો કહે, 'પોયરા, ભૂયખો તો ની જ જવા દેવ. દાળ ચોખા આપું તે ખીચડી બનાવી નાખ!' ખીચડી કે દાળ-ભાત મને બહુ ભાવે નહિ, ને એ કડાકૂટ કરે કોણ ? એટલે ના પાડી. પણ જીવલો એમ શાનો માને ? 'ભીખલાને હીરો બૌ ભાવે,' એમ કહી ગોવિંદને મોકલી ક્યાંકથી ગાયનું પાશેર ઘી મંગાવ્યું. મોટી દીકરી પાસે ચોખા દળાવ્યા. થોડો ગોળ કાઢીને આપ્યો. ત્રણ પથ્થર મૂકી ચૂલો બનાવ્યો. પછી કાંસાના તાંસળામાં લાકડાના તવેથાથી આવડે એવો શીરો મેં બનાવ્યો. જીવલો કેળનાં પાન કાપી લાવ્યો. ગોવિંદે થોડા કાંદા સમારી આપ્યા. અને અમે ત્રણ જણા શીરો ખાવા બેઠા. પ્રેમનો શીરો, એનો આનંદ વળી ઓર જ હોય છે. અમે ધરાઈને ખાધું. અમે જવા નીકળ્યા તે પહેલાં જીવલાને પૂછ્યું, 'જીવલા, થોડાક પૈસા આપશે કે ?' 'પૈહાની જોગવાઈ તો હમણાં ની થવાની,' એમ જીવલાએ લાચારી વ્યક્ત કરી. એટલામાં ગોવિંદ વાડામાંથી વાલોળ ને રીંગણાં લઈ આવ્યો. પણ અમારી થેલી તો ભરેલી હતી, એને મૂકવાં કયાં ? મેં જીવલાને એકાદ થેલી હોય તો આપવા કહ્યું. ત્યારે જીવલો કહે,

'બોડીને તાં વળી કાંહકી કેવી ?' જ્યાં ત્યાંથી ફાટેલો કટકો શોધી આપ્યો, તેમાં રીંગણાં, વાલોળ બાંધ્યાં અને અમે ચાલી નીકળ્યા !

તે રાતે મને મોડે સુધી ઊંઘ ન આવી. જીવલાના જ વિચાર આવ્યા કર્યા. એક બાજુ જીવલાનો પ્રેમ ને બીજી બાજુ તેની કારમી ગરીબાઈ યાદ આવ્યાં. એનું વાક્ય, 'બોડીને તાં વળી કાંહકી કેવી ?' ઘડીઘડી યાદ આવ્યા કર્યું. રાત આખી અજંપામાં ગાળી. હું શોષણખોર છું, બોડી જેવી જીવલાની દુર્દશા કરનાર હું જ છું, એવો ભાવ જાગ્યો. શીરો જમતા હતા ત્યારે જીવલાનાં નાગુડિયાં ને પેટમાં ખાડા પડેલાં નાનાં છોકરાં કેવું ટીકીટીકીને જોઈ રહ્યાં હતાં, તે દૃશ્ય ખડું થયું. ભણવાગણવાની ને રમવાની ઉંમરે, કોઈ ગોવાળિયામાં જતો, કોઈ ખેતરમાં ચાર કાપતો કે બળતણ માટે લાકડાં કાપતો, કોઈ શેઠિયાને ત્યાં શાહુકારી પેટે વેઠ કરતો, ત્યાં હું બીજો શાહુકાર બેઠો બેઠો શીરો ખાતો હતો ! એનાં છોકરાંના મોંનો કોળિયો મેં જ ઝૂંટવ્યો હોય એમ મને લાગ્યું. ને તે પણ ઓછું હોય તેમ બે થેલીઓ ભરીને શાકભાજી લઈ આવ્યો ! મારી જાત ઉપર મને તિરસ્કાર આવ્યો.

સવારે બાને પૂછ્યું, 'બા, જીવલાનું દેવું ક્યારે પૂરું થશે ? એ બિચારો તો કેટલો ગરીબ છે! શી રીતે દેવું ભરી શકશે ?' બાએ કહ્યું, 'ફોગટ થોડું આપે છે ? મૂળાનાં પતીકાં જેવા રૂપિયા રોકડા કાઢીને આપ્યા છે.' મારે ગળે એ વાત ન ઊતરી.

વરસ દિવસ પછી જ જીવલો ફસલ લઈને આવ્યો હતો. ગાડું છોડી, પછેડીમાં બાંધી લાવેલો નાગલીનો રોટલો, ઓટલે બેસીને ખાતો હતો. બાએ અથાણું ને થોડી દાળ આપ્યાં હતાં. એને ઘેર મને શીરો જમવાનો હક; જ્યારે મારે ઘેર એ પોતાનું ખાવાનું ઓટલે બેસીને ઓશિયાળાની જેમ ખાય ! એ વિરોધાભાસ મને ખૂંચ્યો. હું ત્યારે દસમા ધોરણમાં ભણું. બા પૈસા માટે તકાદો કરતી હતી. જીવલો એનું દુઃખ રડતો હતો.

બા ગઈ એટલે મેં જીવલાને પૂછ્યું, 'બાપુજીએ તને કેટલા રૂપિયા ધીર્યા હતા ?' જીવલાએ અતિશયોક્તિ વિના બધી વાત કરી ! ખેતર વેચાતું લેવા તેણે બાપુ પાસેથી રૂપિયા ત્રણસો વ્યાજે લીધેલા. બેત્રણ વર્ષમાં પૈસા વસૂલ કરશે એવી એને શ્રદ્ધા. પણ વર્ષ એક પછી એક ખરાબ આવ્યાં. રોકડ બહુ નહોતો આપી શક્યો. મેં ચોપડામાં જોયું, તો વ્યાજનું વ્યાજ ચઢીને રૂ.પંદરસો લેણા નીકળતા હતા ! બાપુના મૃત્યુ પછી હિસાબનું કામકાજ દાસકાકા કરી આપતા. ત્રણ વર્ષ પછી નવું ખાતું પાડવાનું હતું. આજે તેના પર અંગૂઠો પાડવા જીવલો આવ્યો હતો.

વર્ષોવર્ષ ફસલ ભરી જાય, શાકભાજી, લાકડાં, ઘાસ, ગોળ આપી જાય, તે બધું મફતમાં ! ચોપડે રોકડા રૂપિયા સિવાય કશું જમે ન થાય. આવે ત્યારે બાનું થોડું ઘણું કામ પણ કરી જાય, છતાં જીવલો હાઉકારનો જનમજનમનો ઋણી ! પૈસા ખોટા કરવાની જરાય દાનત નહિ, 'તારા પૈહા દૂધે ધોઈને આલવાના' એવી પ્રામાણિક્તા. એ જીવલો રાતદિવસ કાળી મજૂરી કરે, તોય એનાં છોકરાં ભૂખે મરે. આટઆટલું આપવા છતાં ત્રણસોના પંદરસો શી રીતે થયા તે સમજવા જેટલી તેનામાં બુદ્ધિ તો શાની હોય ? ''શાહુકારનો ચોપડો જૂઠું થોડું વાંચે'' ? એવો એને વિશ્વાસ !

આવા શોષિત દરિદ્રનારાયણની કરુણ દશા જોઈને મારું હૃદય દ્રવી ઊઠ્યું. મુદ્દલ કરતાં તો કેટલુંય વધારે એ આપી ચૂક્યો હતો, છતાં શાહુકારના રાતા ચોપડામાં દેવું પાંચગણું બોલતું હતું. અને આજે દાસકાકા ફરી હિસાબ કરશે, ત્યારે તો એ ક્યાંય વધીને ઊભું રહેશે ? જીવલો તો શું, એની સાત પેઢી પણ દેવું ચૂકવી ન શકે એવી ચોપડાની ઈન્દ્રજાળ હતી. મારું હૃદય રડી ઊઠ્યું. હું ગાંધીવાદી જીવન જીવું છું એવા મારા ખ્યાલો માત્ર દંભ લાગ્યા. અને બા હજી તો, 'હાં, હાં,' કરે ન કરે તે પહેલાં, જીવલાના દેખતાં, ગરીબોનું લોહી ચૂસી રક્તવર્ણા બનેલા એ શાહુકારી ચોપડાનાં બધાં પાનાં મેં ચીરી નાંખ્યાં ! જીવલાને કહ્યું, 'જા, તું હવે અમારા લેણામાંથી છૂટો !'

**('બાનો ભીખુ'માંથી)**

## શબ્દ-સમજૂતી

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**દાયકો**-દસકો, દસ વર્ષનો સમયનો ગાળો; **ઋણ**-દેવું, કરજ; **ઉજ્જડ જમીન**-વેરાન જમીન; **વેઠ કરવી**-આર્થિક બદલો આપ્યા વિનાની કરાતી મજૂરી કે કામ; **ધીરધાર**-વ્યાજે નાણાંની આપ-લે કરવી; **પુષ્કળ**-ખૂબ, અતિશય; **શાહુકાર**-ધનવાન, પૈસાદાર; **મુક્ત**-આઝાદ, સ્વતંત્ર; **મુદ્દલ**-મૂળ રકમ

### તળપદા શબ્દો

**હાઉકાર**-શાહુકાર; **સોંઘારત**-સસ્તાપણું; **આપદા**-આપત્તિ; **પોયરાં**-છોકરાં; **કોથે ગેયલો ઓહે**-ક્યાંક ગયો હશે; **ડોહાડી**-ડોશી; **આલ્યું**-આપ્યું; **ની**-નહીં; **પૈહા**-પૈસા; **ભૂયખો**-ભૂખ્યો; **હાવ**-સાવ; **ચુહાઈ**-ચુસાઈ; **ગીયો**-ગયો; **હેર**-શહેર; **કાઠું**-કઠણ, મુશ્કેલ

### વિરુદ્ધાર્થી શબ્દો

**શાહુકાર**×ગરીબ; **અજ્ઞાની**×જ્ઞાની; **પ્રામાણિક**×અપ્રામાણિક; **ઉદાર**×કંજૂસ; **લેણદાર**×દેણદાર

### રૂઢિપ્રયોગ શબ્દો

**ઘી કેળાં હોવાં**-પૈસાદાર હોવું, માલામાલ હોવું; **અરેરાટી અનુભવવી**-ત્રાસી જવું, દુ:ખ અનુભવવું; **આર્થિક સંકડામણ હોવી**-આર્થિક તકલીફ હોવી, ગરીબ સ્થિતિ હોવી; **નવે નેજા પડવાં**-ખૂબ તકલીફ પડવી **હૃદય દ્રવી ઉઠવું**-ખૂબ જ દુ:ખી થવું; **સત્તર પંચા પંચાણું**-અજ્ઞાની પ્રજાને છેતરવા માટે પ્રયોજાતું ખોટું ગણિત

### કહેવત

**બોડીને તાં વળી કાંહકી કેવી ?** અત્યંત દરિદ્રતા હોવી (અહીં) જેને ખાવાનું ન હોય તેની પાસે સાધન ક્યાંથી?
**બાંધી મૂઠી લાખની**-જ્યાં સુધી વાત-બહાર ન જાય ત્યાં સુધી ઈજ્જત સચવાય.

### શબ્દસમૂહ માટે એક શબ્દ

**ખરાબ દશા હોવી તે**-દુર્દશા

## સ્વાધ્યાય

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :**

(1) લેખકને પોતાની જાત ઉપર તિરસ્કાર આવ્યો કારણ કે...

(A) લેખક પોતાના ઘરેથી ખાવાનું લઈને ગયા હતા.

(B) પિતાજીનું અવસાન થયું હતું.

(C) જીવલાના છોકરાનો મોંનો કોળિયો પોતે ઝૂંટવ્યો હોય તેવું લેખકને લાગ્યું.

(D) લેખક ખૂબ જ ભણેલા હતા.

(2) જીવલાની કરુણ દશા જોઈને

(A) લેખક રાજી થઇ ગયા. (B) લેખકનું હૃદય દ્રવી ઊઠ્યું.

(C) લેખકને કશી અસર ન થઇ. (D) લેખક હસવા લાગ્યા.

**2. નીચેના પ્રશ્નોનો એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) ઉજ્જડ જમીનમાં જે ધાન પાકતું તેમાં કોનો ભાગ રહેતો ?

(2) ગરીબોનું શોષણ કરનાર ચોપડાનો રંગ કેવો હતો ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :**

(1) લેણદાર અને દેણદારના આવકારામાં રહેલો વિરોધાભાસ જણાવો.

(2) દર વર્ષે જીવલો લેખકના ઘરે કઇ - કઇ વસ્તુઓ આપવા જતો ?

**4. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો :**

(1) જીવલાનું પાત્રાલેખન તમારા શબ્દોમાં કરો.

(2) રાતો ચોપડો ફાડી નાખવા પાછળ લેખકનું મનોમંથન કેવું હતું ?

## વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- **ચર્ચા કરો :**

(1) ''દેવું કરવું જરૂરી છે કે નહીં ?'' (વર્ગખંડને બે જૂથમાં વિભાજિત કરીને)

(2) ભીખુ અને જીવલાનો સંવાદ રજૂ કરો (બે વિદ્યાર્થીની પાત્રવરણી કરીને)

## ભાષા-અભિવ્યક્તિ

- અર્થબોધને અવરોધ ન થાય એ રીતે અહીં લોકબોલીની લઢણો, તળપદા શબ્દો, રૂઢિપ્રયોગો અને કહેવતો ભરપૂર પ્રમાણમાં યોજાયાં છે. આ ઉપકરણોને લીધે લખાણ ભર્યું ભર્યું અને રસાત્મક લાગે છે. અહીં નીચે મુજબના રૂઢિપ્રયોગો વિશેષ ધ્યાન ખેંચે છે જુઓ...

- ઘી-કેળાં હોવાં
- દુઃખ રડવું
- નવે નેજા પડવા
- ટીકી ટીકીને જોવું
- પેટે પાટા બાંધવા
- કડાકૂટ કરવી

તળપદી છાંટવાળી કહેવત પણ જુઓ... ''બોડીને ત્યાં વળી કાંહકી કેવી ?'', ''બાંધી મૂઠી લાખની''.

- ગ્રામ પરિવેશને ખડો કરી દે એવાં તળપદી બોલીવાળાં, દક્ષિણ ગુજરાતની બોલીવાળાં વાક્યો આ પ્રદેશની બોલીની લાક્ષણિક્તા બતાવે છે. એનું બળ આ કૃતિને વધુ આસ્વાદ્ય બનાવે છે. આ વાક્યો માન્ય ભાષાથી કેવી રીતે અલગ પડે છે તે પણ સમજવા પ્રયત્ન કરો.

  - ''કોથે ગોયલો ઓહે તે ખબર ની, પણ બારેક વાગતાં આવી પુગહે''
  - ''ભીખલા, બપોર થૈ ગ્યા, કંઈ ખાધું કે ભૂયખો જ ? ડોહાડીએ હું બાંધી આયલું છે ?''
  - ''પૈહાની જોગવાઈ તો અમણા ની થવાની.''

- દારુણ ગરીબીમાં જીવતો જીવલો ખાનદાનીમાં ગરીબ નથી, એ બાબત ઉપસાવવામાં લેખક સફળ રહ્યા છે તે નીચેનાં વાક્યોથી સમજાયું હશેઃ

  ''હાઉકારના પોયરાંને આપદા ની પડવી જોઈએ.''

  ''પોયરા, ભૂખો તો ની જ જવા દેમ.''

- લેખકે રજૂઆતને અસરકારક બનાવવા વાપરેલ દ્વિરુક્ત પ્રયોગ જુઓ અને એવા અન્ય પ્રયોગ પાઠમાંથી તારવો.... ભણવાગણવાની, કામકાજ...

## શિક્ષકની ભૂમિકા

ગરીબ લોકો શાહુકાર પાસેથી પૈસા ઉધાર લે છે. મજબૂરીને કારણે કરેલું આ દેવું મૂડી કરતાં વ્યાજની ચુકવણી વધુ કરાવે.વધારાની જે ચુકવણી થતી હોય તેની તો ચોપડે નોંધ પણ લેવાતી નથી. અંતરિયાળ વિસ્તારોમાં આજે પણ આવું બનતું હોય છે. આ શોષણ અયોગ્ય, અન્યાયી અને અનુચિત છે તે વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવા.

પોતાને મળતા અયોગ્ય લાભને તરછોડીને લેખક હિસાબના લાલ ચોપડા ફાડી નાખી ચોપડાની ઈન્દ્રજાળમાંથી જીવલાને મુક્ત કરે છે તે વિશે સ્પષ્ટતા કરવી.

મોટેભાગે ગરીબ વધુ ગરીબ અને ધનિક વધુ ધનવાન બનતો જોવા મળે છે. આ ખાઈ દૂર કરવા આપણે એકબીજાની મજબૂરીનો લાભ ન ઉઠાવવો જોઈએ. આપણે એકબીજાને મદદરૂપ થવું, બીજાને છેતરવાની વૃત્તિથી દૂર રહેવું, અન્યાય ન કરવો, શોષણ ન કરવું, માનવતાભર્યું વર્તન કરવું. આવી ભાવના કેળવાય તે ખૂબ જરૂરી છે તેથી વિદ્યાર્થીઓમાં આવા ગુણો વિકસે તે માટે માર્ગદર્શન આપવું.

'सर्वे भवन्तु सुखीनः सर्वे सन्तु निरामयाः' ।

'હું માનવી માનવ થાઉં તો ઘણું' જેવા સંદર્ભો વડે શિક્ષણકાર્યને રસપ્રદ અને સમૃદ્ધ બનાવવું.

•

# વ્યાકરણ

## એકમ 3 વાક્યપ્રકારઃ કર્તરિ, કર્મણિ, ભાવે, પ્રેરક; વાકયરૂપાંતર

### વાક્યપ્રકાર

અ) માળીથી કૂંડું તૂટ્યું.

બ) માળીએ કૂંડું તોડ્યું.

મિત્રો, આ બે વાક્યોમાં શો તફાવત છે? આપણે પરિસ્થિતિ વિચારી જોઈએ...

અ) આ કૂંડું કોણે તોડ્યું?

માળીએ.

ના, મેં નથી તોડ્યું. ખૂરપી લાગી એટલે... તૂટી ગયું...

બ) આ કૂંડું કોણે તોડ્યું?

માળીએ.

એ તો સાહેબ, હવે છોડ ક્યારામાં નાંખવાનો છે ને એટલે તોડ્યું.

શો તફાવત છે, આ બે પરિસ્થિતિમાં? સહેજ ધ્યાનથી, ફરીથી વાંચો. સંવાદ અ)માં માળી કહે છે કે 'મેં નથી તોડ્યું, તૂટી ગયું' આનો અર્થ શો? પહેલી વાર પુછાયું ત્યારે માળી પાસે એનો જવાબ નથી. જ્યારે બીજી વાર પુછાયું ત્યારે માળી પાસે જવાબ છે. કારણકે એની પાસે કૂંડું તોડવાનું પ્રયોજન છે. અર્થાત્ સંવાદ અ)માં માળી પોતાનું કર્તૃત્વ નથી સ્વીકારતો અને સંવાદ બ)માં માળી પોતાનું કર્તૃત્વ સ્વીકારે છે. તમે યાદ કરો, ભૂતકાળમાં તમે આવી રીતે કર્તૃત્વનો અસ્વીકાર કર્યો છે? 'મારાથી ફાટી ગયું', 'મારાથી ધક્કો લાગ્યો એટલે એ પડી ગયો, પણ હું સાચું કહું છું કે મેં ધક્કો નથી માર્યો.' 'મારાથી બોલાઈ ગયું.'... યાદ આવે છે? તમે જ્યારે કહો છો કે 'મારાથી ધક્કો લાગ્યો - મેં ધક્કો નથી માર્યો.' ત્યારે તમે કહેવા માંગો છો કે એવું કરવાનો તમારો કોઈ ઇરાદો નથી. એટલે કે દેખીતી રીતે ક્રિયા - ઘટના સરખા જ લાગતા હોય, પણ તમારી પાસે એ ક્રિયા કરવાનું પ્રયોજન ન હોય, તમારો એ ક્રિયા કરવાનો ઇરાદો ન હોય તો તમે તમારું કર્તૃત્વ સ્વીકારતા નથી. બસ, આ જ બધી બાબતોને આધારે કર્તા ઓળખી શકાય. તો કર્તાને કેવી રીતે ઓળખવો. ચાલો, નીચેનાં વાક્ય વાંચો. તમારી ભાષક તરીકેની સૂઝ તમને કહેશે કે આ વાક્યમાં કોઈ કર્તા છે કે નહીં.

1. કાલે રજા છે.
2. ભેંસને બે શિંગડાં હોય છે.
3. સુનીલ નિબંધ લખે છે.
4. સૂરજ ઊગે છે.

તમે બાળપણથી ગુજરાતી ભાષા બોલો છો. તમારી ભાષક તરીકેની સૂઝ શું કહે છે? શું ઉપરનાં વાક્યોમાં રજા, શિંગડાં, સુનીલ કે સૂરજ - કર્તા છે? એક સામાન્ય માન્યતા છે કે ક્રિયા કરે તે કર્તા. વાક્ય 1 અને 2 માં માત્ર કોઈ સ્થિતિનું નિરૂપણ છે. તેમાં કોઈ ક્રિયાનો નિર્દેશ નથી, તેથી તેમાં કોઈ 'કરનાર'નો પણ નિર્દેશ નથી. એટલે કે તેમાં કોઈ કર્તા નથી. વાક્ય 3માં 'લખવા'ની વાત છે. તેમાં 'સુનીલ'નો ઉલ્લેખ છે. વાક્ય 4માં 'ઊગવા'ની વાત છે. તેમાં 'સૂરજ'નો ઉલ્લેખ છે. અહીં કેવી રીતે નક્કી કરવું કે 'સુનીલ' તથા 'સૂરજ' - એ કર્તા છે કે નહીં? આ માટે કર્તાનાં લક્ષણો જોઈએઃ

કર્તાઃ

- એ ચેતન પદાર્થ હોય,
- ક્રિયા પર જેનું નિયંત્રણ હોય,
- જેની ઈચ્છા કે હેતુથી ક્રિયા અસ્તિત્વમાં આવે.
- ક્રિયા માટે જેની જવાબદારી હોય.

જ્યારે 'સુનીલ નિબંધ લખે છે' કહેવાયું ત્યારે 'સુનીલ' ચૈતન્ય ધરાવે છે, 'લખવા'ની ક્રિયા પર તેનું નિયંત્રણ છે. તે કોઈ કારણસર નિબંધ લખી રહ્યો છે. અને તેણે કયો અને કેવો નિબંધ લખ્યો છે - સંદર્ભે તેની જવાબદારી છે. તેથી 'લખવા'ની ક્રિયા સંદર્ભે 'સુનીલ' કર્તા છે.

હવે, ચોથું વાક્ય જોઈએ. 'સૂરજ ઊગે છે.' - શું 'સૂરજ' ચૈતન્ય ધરાવે છે? વહેલા ઊગવું કે મોડા ઊગવા પર સૂરજનું નિયંત્રણ છે? ઊગવા માટે સૂરજ પાસે કોઈ હેતુ છે? તમે કહેશો કે એવું તો કઈ રીતે બને? સૂરજ તો ઊગે છે, એ તો કુદરતી બાબત છે. તમે વહેલા કે મોડા ઊઠવાનું નક્કી કરી શકો. પણ સૂરજ કાંઈ વહેલો કે મોડો ઊગવાનું નક્કી કરી શકે? એમાં સૂરજની કોઈ ઇચ્છા કે હેતુ હોતો નથી કે નથી હોતું સૂરજનું કોઈ નિયંત્રણ. તેથી સૂરજ એ કર્તા નથી. એટલે કે 'સૂરજ ઊગવો' એ કુદરતી પ્રક્રિયા છે. અને પ્રક્રિયામાં કોઈ કર્તા હોતો નથી. પ્રક્રિયાનાં અન્ય વાક્ય જોશો એટલે ખ્યાલ આવશે કે આમાં કોઈનું નિયંત્રણ હોતું નથી કે નથી કોઈની જવાબદારી હોતી.

1) વાવાઝોડાને કારણે ચાર ઝાડ મૂળમાંથી ઊખડી પડ્યાં.

2) પવનથી ડાળીઓ હલે છે.

3) કાલે અહીં ખૂબ મોગરા ખીલશે.

તમે જોઈ શકો છો કે 'ઊખડી પડવા' પર 'ઝાડ'નું, 'હલવા' પર 'ડાળી'નું કે 'ખીલવા' પર 'મોગરા'નું કોઈ નિયંત્રણ નથી કે નથી એમ કરવા માટે 'ઝાડ, ડાળીઓ, મોગરા' -નું કોઈ પ્રયોજન. અર્થાત્ 'ઊખડી પડવું, હલવું, ખીલવું' - એ પ્રક્રિયાઓ છે. અને 'ઝાડ, ડાળીઓ, મોગરા' તેનાં કર્મ છે, ઉદ્દેશ છે, પણ કર્તા નથી.

આવવું, જવું, લખવું, વાંચવું, ખાવું, વગેરે પર કોઈનું નિયંત્રણ હોય છે, કોઈની જવાબદારી હોય છે. તેથી આ ક્રિયાઓ છે. જેમ કે, તમને પેટમાં દુઃખે તો મમ્મી તરત પૂછે બહાર કાંઈ ખાધું હતું? શું ખાધું, ક્યાં ખાધું, કેટલું ખાધું - આ બધાનાં તમારે જવાબ આપવા પડે. જેનું નિયંત્રણ હોય, જેની જવાબદારી હોય તે કર્તા કહેવાય. અને જેમાં કર્તા હોય તે કર્તરિ વાક્ય કહેવાય.

તમે સ્થિતિ, ક્રિયા અને પ્રક્રિયા બરાબર સમજ્યાં? જો એ સ્પષ્ટ હશે તો આગળની વાત સમજાશે. ચાલો, એક કામ કરીએ. નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. તેમાંથી સ્થિતિ, ક્રિયા અને પ્રક્રિયા દર્શાવતાં વાક્યો છૂટાં પાડો.

1. નદીમાં પૂર આવ્યું.
2. કાગડો ઊડ્યો.
3. માળામાં કાગડીનાં બચ્ચાં છે.
4. ટેબલ પર નોટ અને ચોપડી નથી.
5. બસ પાણીમાં પડી.
6. છોકરો પાણીમાં કૂદ્યો.

જે માત્ર કોઈ પરિસ્થિતિ દર્શાવે છે તે 'સ્થિતિ'; જેમાં નિયંત્રણ, જવાબદારી આદિ ધરાવનારું કોઈ નથી, સહજ રીતે થાય છે તે 'પ્રક્રિયા' અને જેમાં કોઈ ચેતનતત્ત્વ નિયંત્રણ, જવાબદારી આદિ ધરાવે છે તે 'ક્રિયા'. સમજાય છે? વાક્યો છૂટાં પાડ્યાં? ચાલો, નીચે આ વાક્યો છૂટાં પાડ્યાં છે. તેની સાથે તમારા જવાબ મેળવો.

| **સ્થિતિ** | **પ્રક્રિયા** | **ક્રિયા** |
|---|---|---|
| ટેબલ પર નોટ અને ચોપડી નથી. | નદીમાં પૂર આવ્યું. | છોકરો પાણીમાં કૂદ્યો. |
| માળામાં કાગડીનાં બચ્ચાં છે. | બસ પાણીમાં પડી. | કાગડો ઊડ્યો. |

ઉપરનાં વાક્યોમાં તમે જોઈ શકો છો કે 'કશુંક હોવું કે ન હોવું' - તે સ્થિતિનો નિર્દેશ કરે છે. 'પૂર આવવા' પર કોઈનું નિયંત્રણ નથી. તે કુદરતી પ્રક્રિયા છે. 'બસ' પર કોઇનું નિયંત્રણ હોત તો તે પાણીમાં ન પડત. પણ 'પાણીમાં કૂદવા' સંદર્ભે છોકરાનું નિયંત્રણ છે. તે તરવા માટે અથવા અન્ય કોઈ કારણસર પાણીમાં કૂદ્યો છે. 'ઊડવા' પર 'કાગડા'નું નિયંત્રણ છે. તે ઇચ્છશે ત્યારે કોઈ ડાળી પર બેસી જશે.

મિત્રો, તમને સ્થિતિ, ક્રિયા અને પ્રક્રિયા વચ્ચેના ભેદની સમજણ હોવી જરૂરી છે. કારણ કે જે વાક્ય ક્રિયા હોય તેમાં જ કર્તા હોય. કર્તા હોય તે જ વાક્ય કર્તરિ હોય શકે. અને કર્તરિ હોય તે જ વાક્ય કર્મણિ, ભાવે કે પ્રેરકમાં રૂપાંતર પામી શકે. સ્થિતિ કે પ્રક્રિયા દર્શાવતા વાક્યો કર્મણિ કે ભાવેમાં રૂપાંતર ન પામી શકે. એટલે કે 'માળામાં કાગડીનાં બચ્ચાંથી હોવાય છે.' જેવું વાક્ય સંભવી શકે નહીં. તમને યાદ આવે છે કે તમે ક્યારેય 'કાલે રજાથી હોવાશે', 'ભેંસને બે શિંગડાથી હોવાય છે' જેવાં વાક્યો ક્યારેય બોલ્યા હોવ? કે પછી 'ઝાડથી પડાયું', 'ફૂલથી ખિલાશે' - જેવાં વાક્યો બોલો છો? - આ વાક્યો તમને બિનગુજરાતી લાગશે. માત્ર કર્તરિ - ક્રિયા ધરાવતા વાક્યમાં જ તમને આવી વાક્યરચના યોગ્ય લાગશે. - 'સુનીલથી નિબંધ લખાય છે.' 'કાગડાથી ઉડાશે.'

કર્તા ધરાવે તે વાક્યરચના કર્તરિ વાક્યરચના કહેવાય છે. હવે નીચેનાં બે જૂથમાં વહેંચેલાં વાક્યો વાંચો અને તેમની

વચ્ચેનો તફાવત સમજો.

| અ | બ |
|---|---|
| મોહનકાકા ચાલે છે. | મોહનકાકાથી હવે ચલાય છે. |
| દીદીએ સાડી ફાડી. | દીદીથી સાડી ફાટી. |
| મુન્નો ખીચડી ખાય છે. | મુન્નાથી ખીચડી ખવાય છે. |
| અજયે ચા ઢોળી. | અજયથી ચા ઢોળાઈ. |

દેખીતી રીતે તમને ખ્યાલ આવશે કે વિભાગ (બ) નાં વાક્યોમાં '-થી' પ્રત્યય લગાવ્યો છે. તમે બન્ને જૂથનાં વાક્યો ફરીથી વાંચો અને આ રીતે કહેવાથી વાતના અર્થમાં શો ફેર પડ્યો તે સમજવાની કોશિશ કરો. જેમ કે, 'મોહનકાકા ચાલે છે'માં સામાન્ય ક્રિયાનું નિરૂપણ છે. પરંતુ જ્યારે 'મોહનકાકાથી ચલાય છે' એમ કહેવાયું ત્યારે ત્યાં એવું સૂચવાયું છે કે મોહનકાકાને કોઈ તકલીફ હતી. પણ હવે એમાં રાહત છે અને હવે તે ફરીથી, ધીમે ધીમે 'ચાલવાની ક્ષમતા' ધરાવે છે. એ જ રીતે વાક્ય ૩માં જ્યારે 'મુન્નાથી ખીચડી ખવાય છે' કહેવાય ત્યારે મુન્નો નાનો છે અને ખાતાં આવડ્યું છે અથવા મુન્નો બીમાર હતો અને હવે તેનામાં ખીચડી ખાવા જેટલી ક્ષમતા આવી છે... વગેરે જેવા સંદર્ભે સમજાય છે.

તો વાક્ય 2 અને 4 જુઓ. તેમાં 'કર્તાનો ઇરાદો' સ્પષ્ટ થાય છે. વિભાગ 'અ'માં 'દીદીએ સાડી ફાડી.' કહેવાય છે ત્યારે સમજાય છે કે સાડી ઘસાઈ ગઈ છે કે હવે નથી પહેરાતી તેથી તેનો અન્યત્ર ઉપયોગ કરવાનો છે તેથી 'સાડી ફાડી.' કે ચા સારી નહોતી બની, ચામાં કચરો હતો... જેવાં કારણોસર અજયે 'ચા ઢોળી.' પણ વિભાગ - (બ)માં 'સાડી ફાટે' તે માટે દીદીનો કોઈ પ્રયત્ન કે ઇરાદો નથી કે નથી 'ચા ઢોળવા' માટે અજયનો. સાડી કશેક ભરાઈ, ખેંચાઈ અને ફાટી - અજાણતાં અને ઇરાદો તો બિલકુલ નહીં. એ જ રીતે અજયથી 'ચા ઢોળાઈ' એટલે કાં તો હાથ લાગ્યો અથવા ધ્યાન નહોતું... જેવાં કારણોસર અજાણતાં 'ચા ઢોળાઈ' છે.

ટૂંકમાં સમજીએ તો વિભાગ-'અ'નાં વાક્યોમાં કર્તા છે. તેઓ જાણીજોઇને, ઇરાદાપૂર્વક, જવાબદારીપૂર્વક કોઈ ક્રિયા કરી રહ્યા છે. જ્યારે વિભાગ 'બ'માં કર્તા નથી. કારણ કે તેઓ જાણીજોઈને, ઇરાદાપૂર્વક કશું કરી રહ્યાં નથી, તેમનું કર્તૃત્વ નથી, તેવો નિર્દેશ છે. તેમાં તેમની ક્ષમતા આદિ બાબતોનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

વિભાગ 'અ' અને 'બ'ની વાક્યરચનામાં બે તફાવત જોવા મળશે. 1) કર્તાને '-થી' પ્રત્યય લાગે છે અને 2) ધાતુનું - ક્રિયાપદનું રૂપ બદલાય છે અથવા તેમાં '-આ' પ્રત્યય ઉમેરાય છે. જેમ કે, 'ફાડવું' 'ફાટવું'માં રૂપ બદલાયું છે તો 'ચાલ' 'ચલા', 'ખા' 'ખવા', 'ઢોળ' 'ઢોળા'-માં '-આ' લાગ્યા બાદ કાળ, અવસ્થા, લિંગ, વચન આદિ અન્ય પ્રત્યયો લાગે છે.

ગુજરાતી ક્રિયાત્મક વાક્યરચનાનાં મુખ્ય ત્રણ ઘટક છે. કર્તા, કર્મ અને ક્રિયાપદ. જો કર્તાનું મહત્ત્વ હોય તો તેને કર્તરિ વાક્યરચના કહેવાય છે. પણ જો કર્તાનું મહત્ત્વ ઘટાડવામાં આવે તો? એટલે કે 'દીદીથી સાડી ફાટી.' કહેવામાં આવે ત્યારે 'દીદી' કર્તાનાં લક્ષણો ધરાવતી નથી. તે ચેતન છે. પણ એ ક્રિયા પર તેનું નિયંત્રણ નથી, તે કરવા માટે તેનું કોઈ પ્રયોજન નથી, ઇરાદો નથી અને તેની જવાબદારી પણ નથી. તેથી 'દીદી'નું કર્તા તરીકેનું મહત્ત્વ રહેતું નથી.

જો વાક્યમાં કર્તાનું મહત્ત્વ ઘટે તો કર્મનું મહત્ત્વ દેખાય. પણ તમને ખબર છે કે ગુજરાતી ભાષામાં બે પ્રકારનાં ક્રિયાપદો છેઃ સકર્મક અને અકર્મક. સકર્મક ધાતુમાં તો કર્મ હોય તો કર્મનું મહત્ત્વ દેખાય પણ અકર્મકમાં તો કર્મ જ નથી હોતું. તો શેનું મહત્ત્વ દેખાય?

આગળ અભ્યાસ કર્યો છે, પરંતુ અહીં ફરીથી જોઈ લઈએ કે કર્મ એટલે કર્તાની ક્રિયા જેને આધારે દેખાય, કર્તાની ક્રિયાનું પરિણામ જેનામાં દેખાય, ક્રિયા થતાં અથવા પત્યા પછી જે પદાર્થમાં ફેરફાર દેખાય તે કર્મ. જેમ કે, 'લેવું', 'મૂકવું' વગેરે ક્રિયા જે પદાર્થના આધારે દેખાય તે; નોટ, પેન, ચોપડી કે વસ્તુ - તેનું કર્મ. અથવા 'વાંચવું', 'સાંભળવું' વગેરે જે વસ્તુઓને આધારે થાય તે; 'જવાબ', 'ગીત' વગેરે તે ક્રિયાઓનું કર્મ. 'દોરવું', 'દળવું' વગેરેમાં ચિત્ર, લોટ આદિ ક્રિયા પછી દેખાય તે વસ્તુ એટલે તે ક્રિયાઓનું કર્મ. જે ધાતુઓ કર્મ ધરાવી શકે તે સકર્મક અને જે ધાતુઓ કર્મ ન લઈ શકે તે અકર્મક ધાતુઓ.

નોંધઃ સકર્મક અને અકર્મક વાક્યપ્રયોગને આધારે નક્કી ન થાય, તે ખાસ ધ્યાન રાખશો, અર્થાત્,

(અ) મોહને આજે ખાધું નથી.

(બ) મોહને આજે લાડવો ખાધો નથી.

અહીં વાક્ય (અ)માં કર્મનો ઉલ્લેખ નથી અને બ)માં કર્મનો ઉલ્લેખ છે. તેથી વાક્ય અ)ને અકર્મક કહી શકાય નહીં. સકર્મક એટલે જે ધાતુના મુખ્ય ઘટકોમાં 'કર્મ'નો સમાવેશ થાય છે તે અને અકર્મક એટલે જે ધાતુના ઘટકોમાં 'કર્મ'ની શક્યતા જ નથી તે જેમ કે, 'ચાલવું', 'દોડવું', 'બેસવું' -માં માત્ર કર્તા જ મુખ્ય ઘટક છે. સ્થાન, સમય આદિ ગૌણ ઘટકો ઉમેરાઈ શકે

પણ કર્મ તો ન જ ઉમેરાઈ શકે. તેથી તે અકર્મક છે.

શબ્દકોશમાં માત્ર મૂળ ધાતુ (ક્રિયાપદ) જ લખાતું હોય છે અને તેની સાથે સકર્મક કે અકર્મકનો ઉલ્લેખ હોય છે, તે જોજો.

નીચે કેટલાંક સકર્મક અને અકર્મક ધાતુ આપ્યાં છે. તમે તેનાં કર્મ વિચારી જુઓ.

સકર્મકઃ ખોદવું, શોધવું, પૂછવું, ખાવું, પીવું, નાખવું, પકડવું, તોડવું, બાંધવું, લેવું વગેરે

અકર્મકઃ આવવું, જવું, ઊંઘવું, સૂવું, બેસવું, ઊઠવું, તરવું, હસવું, રડવું, રહેવું, ડરવું વગેરે

નીચેનાં વાક્યોના ધાતુ સકર્મક છે કે અકર્મક તે વિચારો અને જણાવો.

1) તમે બજારમાંથી શું લાવશો?

2) મનન હોસ્ટેલમાં રહે છે.

3) સાહેબ ઊભા થયા.

4) કબૂતર આખો દિવસ ચણ્યા કરે છે.

અહીં ચારમાંથી એક પણ વાક્યમાં કર્મનો નિર્દેશ કરેલો નથી. તેથી સહેજ ધ્યાનથી વાંચીને ઉત્તર આપજો. ચાલો, ઉત્તર જોઈએ. 1. સકર્મક, 2. અકર્મક, 3. અકર્મક, 4. સકર્મક. હવે, તમને સકર્મક અને અકર્મક ધાતુ વચ્ચેનો ભેદ સમજાઈ ગયો હશે.

તમે કર્તરિ વાક્યરચના વિશે સમજ્યા, તમે સકર્મક અને અકર્મક વિશે સમજ્યા. એટલે કર્મણિ અને ભાવે પ્રયોગ તરત સમજાઈ જશે.

**કર્મણિ પ્રયોગ - ભાવે પ્રયોગઃ**

'ક્રિયા' પ્રકારના વાક્યમાં 'કર્તા' સૌથી મહત્ત્વનો ઘટક હોય છે. તેથી તે વાક્યરચનાને કર્તરિ વાક્યરચના કહે છે. પણ કોઈક કારણસર વક્તા કર્તાનું મહત્ત્વ ઘટાડે તો? એવે વખતે જો સકર્મક ધાતુ હોય તો 'કર્તા' પછી 'કર્મ'નું મહત્ત્વ દેખાય છે. ત્યારે જે વાક્યરચના થાય તેને 'કર્મણિ' વાક્યરચના કહે છે. જેમ કે, 'દીદીથી સાડી ફાટી.' તે જ રીતે જો અકર્મક ધાતુ હોય અને કર્તાનું મહત્ત્વ ઘટે તો? એમાં તો કર્મ પણ હોતું નથી. આવી વાક્યચરનાને 'ભાવે' વાક્યરચના કહેવાય છે. જેમ કે, 'મોહનકાકાથી હવે ચલાય છે.'

નીચેનાં વાક્યો વાંચોઃ

<u>કર્મણિ પ્રયોગઃ</u>

ગુજરાતી ભાષામાં કર્મણિ પ્રયોગના બે પ્રત્યયો છેઃ

1. -અ - લખ - લખા (લખાય, લખાશે, લખાતું...)
2. -વા+માં+ આવ - લખ - લખવામાં આવ-

| **ક્રમ** | **કર્તરિ પ્રયોગ - સકર્મક ધાતુ** | **કર્મણિ પ્રયોગ ('-આ' પ્રત્યય)** |
|---|---|---|
| 1. | રમેશે ચાની આદત છોડી. | રમેશથી ચાની આદત છૂટી. |
| 2. | પોલીસે ચોરને પકડ્યો. | પોલીસથી ચોર પકડાયો. |
| 3. | બા માથું ઓળે છે. | બાથી માથું ઓળાય છે. |
| 4. | રોહને આબેહૂબ એવું જ ચિત્ર દોર્યું. | રોહનથી આબેહૂબ એવું જ ચિત્ર દોરાયું. |
| 5. | મુન્નો દવા પીશે. | મુન્નાથી દવા પીવાશે |

પહેલો પ્રયોગ તમે જોયો. ચાલો, બીજો પ્રયોગ જોઈએઃ

| **ક્રમ** | **કર્તરિ પ્રયોગ - સકર્મક ધાતુ** | **કર્મણિ પ્રયોગ (-વા+માં+ આવ)** |
|---|---|---|
| 1. | આચાર્યએ વિદ્યાર્થીઓને પ્રવાસ અંગે જણાવ્યું. | આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓને પ્રવાસ અંગે જણાવવામાં આવ્યું. |
| 2. | એક જમાનામાં કોઈ માંદું પડે તો દાક્તરને સજા કરતા. | એક જમાનામાં કોઈ માંદું પડે તો દાક્તરને સજા કરવામાં આવતી. |
| 3. | મુંબઈની ટ્રેનમાં ભજનમંડળી ધૂમ મચાવે છે. | મુંબઈની ટ્રેનમાં ભજનમંડળી દ્વારા ધૂમ મચાવવામાં આવે છે. |
| 4. | મહંતે ડંકર્કને સ્તંભ સાથે બાંધ્યો. | મહંત દ્વારા ડંકર્કને સ્તંભ સાથે બાંધવામાં આવ્યો. |

| | | |
|---|---|---|
| 5. | બાપુના ગુજરી ગયા પછી બા મને ઉઘરાણીએ મોકલે. | બાપુના ગુજરી ગયા પછી બા દ્વારા મને ઉઘરાણીએ મોકલવામાં આવતો. |

અહીં તમે જોઈ શકો છો કે કર્મણિ પ્રયોગ દ્વારા શક્યાર્થ, ઈચ્છાર્થ, ક્ષમતા, ઔચિત્ય આદિ દર્શાવવા માટે કર્તાનું ગૌણત્વ અને કર્મનું પ્રધાનત્વ દર્શાવાયું છે.

ભાવે પ્રયોગઃ

હવે નીચેનાં વાક્યો વાંચોઃ

| **ક્રમ** | **કર્તરિ પ્રયોગ - અકર્મક ધાતુ** | **ભાવે પ્રયોગ** |
|---|---|---|
| 1. | ટ્રાફિકના કારણે અમે મોડાં આવ્યાં. | ટ્રાફિકના કારણે અમારાથી મોડું અવાયું. |
| 2. | જતીન પાંચ ફૂટ લાંબો કૂદકો મારે. | જતીનથી પાંચ ફૂટ લાંબો કૂદકો મરાય. |
| 3. | તમે વડીલો સામે ઊંચા અવાજે ન બોલો. | તમારાથી વડીલો સામે ઊંચા અવાજે ન બોલાય. |
| 4. | સંકુલમાં જ છાત્રાલયની વ્યવસ્થા છે. પણ રમેશ કુટુંબથી દૂર નહીં રહે. | સંકુલમાં જ છાત્રાલયની વ્યવસ્થા છે. પણ રમેશથી કુટુંબથી દૂર નહીં રહેવાય. |
| 5. | દાદા ઠંડા પાણીએ નહાય છે. | દાદાથી ઠંડા પાણીએ નહવાય છે. |

આ વાક્યોમાં અકર્મક ધાતુ પ્રયોજાયેલું છે. તેથી ભાવે પ્રયોગમાં કર્તાના ગૌણત્વ દ્વારા શક્યાર્થ, ઈચ્છાર્થ, ઔચિત્ય, ક્ષમતા આદિનો નિર્દેશ થયો છે.

નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવો. ખોટાં હોય તો સુધારીને ફરીથી લખો.

1. 'જાગવું' એ સકર્મક ધાતુ છે.
2. 'છુપાવવું' એ સકર્મક ધાતુ છે.
3. પટાવાળો બારીઓ ખોલશે. - એ કર્તરિ પ્રયોગ છે.
4. ગૌરીથી બારી ખૂલી નહીં. - એ ભાવે પ્રયોગ છે.
5. મીનાબહેનથી ઝીણું ભરત ભરાય છે. - એ કર્મણિ પ્રયોગ છે..

જો સકર્મક - અકર્મક ધાતુની સ્પષ્ટતા હશે તો જ આના ઉત્તરો આવડશે. પ્રયત્ન કર્યો?

ચાલો, ઉત્તર જોઈએ.

1. ખોટું. 'જાગવું' એ અકર્મક ધાતુ છે.
2. ખરું.
3. ખરું.
4. ખોટું. 'ખોલવું' સકર્મક ધાતુ છે. તેથી 'ગૌરીથી બારી ખૂલી નહીં' - એ કર્મણિ પ્રયોગ છે.
5. ખરું.

હવે તમને કર્મણિ અને ભાવે પ્રયોગ વચ્ચેનો ભેદ સમજાયો હશે. હવે આપણે પ્રેરક વાક્યરચના જોઈએ.

**પ્રેરક વાક્યરચનાઃ**

તમે જોયું કે ક્રિયા પર જેનું નિયંત્રણ હોય, ક્રિયા કરવા પાછળ જેનો કોઈ હેતુ હોય કે ક્રિયા અંગે જેની જવાબદારી હોય તેને કર્તા કહેવાય. હવે નીચેનાં વાક્ય વાંચો.

અ) માળી ઝાડ કાપે છે.

બ) સાહેબ માળી પાસે ઝાડ કપાવે છે.

આ બે વાક્યોમાં શો તફાવત છે? વાક્ય અ) અને બ) - બન્નેમાં 'ઝાડ કાપવા'ની ક્રિયા તો માળી જ કરે છે. અર્થાત્, માત્ર 'ક્રિયા કરનાર'ના અર્થમાં જોઈએ તો બન્ને વાક્યમાં કર્તા 'માળી' જ છે, પણ કયું ઝાડ કાપવું, કયું ન કાપવું, કેટલું કાપવું - વગેરે સંદર્ભે નિયંત્રણ, હેતુ અને જવાબદારી જોઈએ તો વાક્ય અ)માં 'માળી'નાં અને વાક્ય બ)માં 'સાહેબ'નાં છે. તેથી વાક્ય અ)નો કર્તા 'માળી' અને વાક્ય બ)નો કર્તા 'સાહેબ' છે. તો વાક્ય બ)માં ખરો કર્તા કોણ? ક્રિયા કરનાર અલગ છે અને નિયંત્રણ-જવાબદારી આદિ અન્યનાં છે. આ પરિસ્થિતિમાં એમ કહી શકાય કે 'સાહેબ' ક્રિયા કરવા માટે પ્રેરનાર છે, તેથી તે પ્રેરક કર્તા છે. અને 'માળી' માત્ર ક્રિયા કરનાર છે. તેથી તે 'પ્રેરિત' કર્તા છે. પ્રેરિત કર્તાને 'પાસે, દ્વારા' જેવાં નામયોગી કે કર્મસૂચક '-ને' પ્રત્યય લાગે છે. તેથી ખરેખર ક્રિયા ન કરનાર, પરંતુ ક્રિયા પર નિયંત્રણ ધરાવનાર, ક્રિયાની જવાબદારી

ધરાવનાર પ્રેરક કર્તા મુખ્ય કર્તા ગણાય છે. આ પ્રકારની વાક્ય રચનામાં કર્તાની પ્રેરણા મુખ્ય હોય છે તેથી તેને 'પ્રેરક' વાક્યરચના કહે છે.

નોંધ:

વાક્યરૂપાંતર વખતે પ્રેરક અથવા પ્રેરિત કોઈ પણ કર્તા ઉમેરી શકાય. જેમ કે:

- માળી ઝાડ કાપે છે. - કર્તરિ
- સાહેબ માળી પાસે ઝાડ કપાવે છે. - પ્રેરકરચનામાં પ્રેરક કર્તાનું ઉમેરણ.
- માળી તેના દીકરા પાસે ઝાડ કપાવે છે. - પ્રેરકરચનામાં પ્રેરિત કર્તાનું ઉમેરણ.

નીચે કેટલાંક કર્તરિ અને પ્રેરક વાક્યો આપ્યાં છે. તે ધ્યાનથી વાંચો. આમાં તમને સકર્મક અને અકર્મક બન્ને ધાતુ જોવા મળશે. બન્નેમાં પ્રેરક કર્તા ઉમેરાઈ શકે.

| **ક્રમ** | **કર્તરિ પ્રયોગ** | **પ્રેરક વાક્યરચના** |
|---|---|---|
| 1. | વિદ્યાર્થીઓએ શાળાના મેદાનમાં વૃક્ષો વાવ્યાં. | શિક્ષકે વિદ્યાર્થીઓ પાસે શાળાના મેદાનમાં વૃક્ષો વવડાવ્યાં. |
| 2. | કુસુમાયુધ સૂઈ ગયો. | માએ કુસુમાયુધને સુવડાવ્યો. |
| 3. | મમ્મીએ છૂંદાનું તપેલું તડકામાં મૂક્યું. | મમ્મીએ મારી પાસે છૂંદાનું તપેલું તડકામાં મુકાવ્યું. |
| 4. | પછી મેં દફતરમાં મારી નોટો ભરી. | પછી મેં એની પાસે જ દફતરમાં મારી નોટો ભરાવી. |
| 5. | એ સાંજે અમે બધાં ખૂબ હસ્યાં. | એ સાંજે નીલેશભાઈએ અમને બધાંને ખૂબ હસાવ્યાં. |

હવે તમે કર્તરિ, કર્મણિ, ભાવેપ્રયોગ અને પ્રેરકરચનાથી પરિચિત છો. શક્ય હોય તો તમારા પાઠ્યપુસ્તકની કૃતિ વાંચતી વખતે તમારી સામે જે વાક્યો છે તે સ્થિતિ, ક્રિયા કે પ્રક્રિયા - શું દર્શાવે છે તે જોજો. અને જો તે ક્રિયા હોય તો કર્તરિ છે કે કર્મણિ કે ભાવે પ્રયોગ છે કે પ્રેરક રચના છે - તે જોજો. તેના દ્વારા લખાણમાં કેવી સચોટતા કે સાર્થકતા ઉમેરાય છે તે જોજો.

## વાક્યરૂપાંતર

મિત્રો, કોઈ એક જ વાત વધુ સચોટતાથી વ્યક્ત કરવા માટે આપણે જુદી જુદી રીતો અપનાવતા હોઈએ છીએ. તેમાંની એક રીત છે, વાક્યરૂપાંતર. તમે અત્યાર સુધી વિવિધ વાક્યપ્રકાર ભણી ગયાં છો. ચાલો, આજે એક પ્રકારમાંથી બીજા પ્રકારમાં રૂપાંતર કરીએ.

**વિધિ-નિષેધ:**

તમે 9મા ધોરણમાં વિધિવાક્ય અને નિષેધ વાક્ય વિશે વિગતે અભ્યાસ કર્યો છે. તમે ભણ્યા છો કે બે પ્રયોજનથી ભાષક આ વાક્યરૂપાંતર કરે છે. 1. વાક્યનો અર્થ બદલવા માટે અને 2. જુદી રીતે અભિવ્યક્તિ સાધવા માટે.

1. નકાર ઉમેરાતાં મૂળ અર્થ બદલાય :
   - ડોસા ફરીથી બોલ્યા.
   - ડોસા ફરીથી ન બોલ્યા
2. નકાર ઉમેરાય પણ મૂળ અર્થ ન બદલાય :
   - પગ વગરની વ્યક્તિ માટે પર્વતારોહણ અશક્ય ગણાય.
   - પગ વગરની વ્યક્તિ માટે પર્વતારોહણ શક્ય ન ગણાય.

મૂળ અર્થ જાળવીને નકારમાં ફેરવવાની વિવિધ રીતો :

(અ) બે વખત નકાર ઉમેરવાની :
- 'ઘરકામ કર્યું છે'.
- મેં ઘરકામ નથી કર્યું, એવું નથી.

(બ) વિરુદ્ધાર્થી શબ્દ સાથે નકાર ઉમેરવાની :
- હું આ બધું જાણું છું.
- મારાથી કશું અજાણ્યું નથી.

ચાલો, તો નીચેનાં વાક્યોનું નિષેધમાં રૂપાંતર કરો :

1. એ લોકો કદાચ રસ્તો ભૂલ્યા હશે.
2. હું એના પર કવિતા લખતો.
3. શું હું એક મામૂલી પરદેશી માટે દેવાધિદેવની પાસે જૂઠું બોલું ?

4. વીરચંદ ગાંધી થોડું જીવ્યા.

5. તમને સુરતનાં મનીષા દેસાઈ યાદ હશે !

નીચેનાં નિષેધ વાક્યોનું વિધિવાક્યમાં રૂપાંતર કરો :

1. ભણેલા લોકો પણ ખાવાપીવામાં ન ભણેલા લોકોની જેમ વર્તે છે.
2. ના પપ્પા, આજે તમે ખોટું નથી બોલતા.
3. લાકુનાનું બિરુદ મેળવવું સહેલું નથી.
4. એ નળના ફૂંફાડામાં આપણે નદીનાં ખળખળ વહેતાં જળને ભૂલી ન જઈએ તે જરૂરી છે.
5. સુશી, હું હમણાં નહીં આવી શકું.

મિત્રો, તમે કર્તરિ, કર્મણિ, ભાવે અને પ્રેરક વિશે અભ્યાસ કર્યો છે. આ વાક્યનાં રૂપાંતર કરી શકો ?

નીચેનાં વાક્યોનું કર્મણિમાં રૂપાંતર કરો :

1. જીવલો શી રીતે દેવું ભરી શકશે ?
2. રજકણથી રાજી હું, આખો પટ નહીં માંગુ.
3. આપણે આપણું હૃદય ખોલીએ ના કાંઈ.
4. ડંકર્કે હાથ લાંબા કર્યા.
5. જમાદારે ધ્રુજતે સાદે પૂછ્યું.

નીચેનાં કર્તરિ વાક્યોનું ભાવે વાક્યોમાં રૂપાંતર કરો :

1. દેવજી વધારે આકળો થઈને બોલ્યો.
2. મહંત મંચ પર ચડ્યો.
3. સુશી ટેલિફોન પાસેથી ખસી ગઈ.
4. એ માંડ બોલી શકી.
5. દીદી અહીં નહીં આવે.

નીચેનાં કર્તરિ વાક્યોનું પ્રેરક વાક્યોમાં રૂપાંતર કરો :

1. આ વખતે નવી લીધેલી છત્રી પર મેં મારું નામ, સરનામું, ફોન નંબર બધું જ લખ્યું.
2. મહંતે અગ્નિની પૂજા કરી.
3. બા બહાર પાણી આપવા આવી.
4. મામા કામ પડતું મૂકીને આવવાના સમાચાર મોકલે નૈં.
5. રીંછના હુમલામાંથી એક સુરતી કુટુંબ બચ્યું.

નીચેનાં પ્રેરક વાક્યોનું કર્તરિ વાક્યોમાં રૂપાંતર કરો :

1. આપણે રામજીભાને બચાવવા જોઈએ.
2. જમાદાર, મારા મોટા ભાઈને અને માતાને આટલો સંદેશો કહેવડાવજો.
3. જીવલાએ મોટી દીકરી પાસે ચોખા દળાવ્યા.
4. બધાં એકમેકને મીઠાઈ ખવડાવે છે.
5. મામાએ ભાણેજને ઘોડી પરથી નીચે ઉતાર્યો.

આ સ્વાધ્યાયોના <u>ઉત્તરો</u> જોવા છે ?

નીચેનાં વાક્યોનું નિષેધમાં રૂપાંતર કરો :

| | | |
|---|---|---|
| 1. | એ લોકો કદાચ રસ્તો ભૂલ્યા હશે. | એ લોકોને કદાચ રસ્તો યાદ નહીં હોય. |
| 2. | હું એના પર કવિતા લખતો નહોતો. | હું એના પર કવિતા નહોતો લખતો એવું નહોતું. |
| 3. | શું હું એક મામૂલી પરદેશી માટે દેવાધિદેવની પાસે જૂઠું બોલું ? | શું હું એક મામૂલી પરદેશી માટે દેવાધિદેવની પાસે સાચું ન બોલું ? |

| | |
|---|---|
| 4. શ્રી વીરચંદ ગાંધી થોડું જીવ્યા. | શ્રી વીરચંદ ગાંધી લાંબુ ન જીવ્યા. |
| 5. તમને સુરતનાં મનીષા દેસાઈ યાદ હશે ! | તમે સુરતનાં મનીષા દેસાઈને ભૂલ્યા નહીં હોવ ! |

નીચેનાં નિષેધ વાક્યોનું વિધિવાક્યમાં રૂપાંતર કરો :

| | |
|---|---|
| 1. ભણેલા લોકો પણ ખાવાપીવામાં ન ભણેલા લોકોની જેમ વર્તે છે. | ભણેલા લોકો પણ ખાવાપીવામાં અભણ લોકોની જેમ વર્તે છે. |
| 2. ના પપ્પા, આજે તમે ખોટું નથી બોલતા. | ના પપ્પા, આજે તમે સાચું બોલો છો. |
| 3. લાકુનાનું બિરુદ મેળવવું સહેલું નથી. | લાકુનાનું બિરુદ મેળવવું અઘરું છે. |
| 4. એ નળના ફૂંફાડામાં આપણે નદીનાં ખળખળ વહેતાં જળ ભૂલી ન જઈએ તે જરૂરી છે. | એ નળના ફૂંફાડામાં આપણને નદીનાં ખળખળ વહેતાં જળ યાદ રહે તે જરૂરી છે. |
| 5. સુશી, હું હમણાં નહીં આવી શકું. | સુશી, હું પછી આવી શકીશ. |

નીચેનાં વાક્યોનું કર્મણિમાં રૂપાંતર કરો :

| | |
|---|---|
| 1. જીવલો શી રીતે દેવું ભરી શકશે ? | જીવલાથી શી રીતે દેવું ભરાશે ? |
| 2. રજકણથી રાજી હું, આખો પટ નહીં માંગું. | રજકણથી રાજી હું, આખો પટ નહીં મંગાય. |
| 3. આપણે આપણું હૃદય ખોલીએ ના કાંઈ. | આપણાથી આપણું હૃદય ખોલાય ના કાંઈ. |
| 4. ડંકર્કે હાથ લાંબા કર્યા. | ડંકર્કથી હાથ લાંબા કરાયા. |
| 5. જમાદારે ધ્રૂજતે સાદે પૂછ્યું. | જમાદારથી ધ્રૂજતે સાદે પૂછાયું. |

નીચેનાં કર્તરિ વાક્યોનું ભાવે વાક્યોમાં રૂપાંતર કરો :

| | |
|---|---|
| 1. દેવજી વધારે આકળો થઈને બોલ્યો. | દેવજીથી વધારે આકળા થઈને બોલાઈ ગયું. |
| 2. મહંત મંચ પર ચડ્યો. | મહંતથી મંચ પર ચડાયું. |
| 3. સુશી ટેલિફોન પાસેથી ખસી ગઈ. | સુશીથી ટેલિફોન પાસેથી ખસી જવાયું. |
| 4. એ માંડ બોલી શકી. | એનાથી માંડ બોલી શકાયું. |
| 5. દીદી અહીં નહીં આવે. | દીદીથી અહીં નહીં અવાય. |

નીચેનાં કર્તરિ વાક્યોનું પ્રેરક વાક્યોમાં રૂપાંતર કરો :

| | |
|---|---|
| 1. આ વખતે નવી લીધેલી છત્રી પર મેં મારું નામ, સરનામું, ફોનનંબર બધું જ લખ્યું. | આ વખતે નવી લીધેલી છત્રી પર મેં મારું નામ સરનામું, ફોનનંબર બધું જ લખાવ્યું. |
| 2. મહંતે અગ્નિની પૂજા કરી. | મહંતે લોકો પાસે અગ્નિની પૂજા કરાવી. |
| 3. બા બહાર પાણી આપવા આવી. | બાએ બહેનને બહાર પાણી આપવા મોકલી. |
| 4. મામા કામ પડતું મૂકીને આવવાના સમાચાર મોકલે નૈં. | મામા કામ પડતું મૂકીને આવવાના સમાચાર મોકલાવે નૈં. |
| 5. રીંછના હુમલામાંથી એક સુરતી કુટુંબ બચ્યું. | મનીષા દીદીએ રીંછના હુમલામાંથી એક સુરતી કુટુંબને બચાવ્યું. |

નીચેનાં પ્રેરક વાક્યોનું કર્તરિ વાક્યોમાં રૂપાંતર કરો :

| | |
|---|---|
| 1. આપણે રામજીભાને બચાવવા જોઈએ. | રામજીભાએ બચવું જોઈએ. |
| 2. જમાદાર, મારા મોટા ભાઈને અને માતાને આટલો સંદેશો કહેવડાવજો. | જમાદાર, મારા મોટા ભાઈને અને માતાને આટલો સંદેશો કહેજો. |
| 3. જીવલાએ મોટી દીકરી પાસે ચોખા દળાવ્યા. | જીવલાની મોટી દીકરીએ ચોખા દળ્યા. |
| 4. બધાં એકમેકને મીઠાઈ ખવડાવે છે. | બધાં મીઠાઈ ખાય છે. |
| 5. મામાએ ભાણેજને ઘોડી પરથી નીચે ઉતાર્યો. | ભાણેજ ઘોડી પરથી નીચે ઉતર્યો. |

તમારા જવાબો સાથે તપાસ્યું ? હવે, આ વાક્યરૂપાંતર તમને સમજાઈ ગયું હશે.

•

# 13 વતનથી વિદાય થતાં



**જયંત પાઠક**

**(જન્મ: 20-10-1920, અવસાનઃ 01-03-2003)**

જયંત હિંમતલાલ પાઠકનો જન્મ ગોઠ (જિ.પંચમહાલ)માં થયો હતો. તેમણે દાહોદ અને સુરતની કૉલેજમાં અધ્યાપક તરીકે કામગીરી કરી હતી. 'મર્મર', 'સંકેત', 'વિસ્મય', 'મૃગયા', 'અનુનય' વગેરે તેમના કવિતાસંગ્રહો છે 'ક્ષણોમાં જીવું છું' તેમની સમગ્ર કવિતાનો ગ્રંથ છે.

'વનાંચલ' તેમની નોંધપાત્ર સ્મરણકથા છે. 'આધુનિક કવિતા પ્રવાહ', 'આલોક','ભાવયિત્રી','કિમપિ દ્રવ્યમ્' એમના વિવેચન ગ્રંથો છે. તેમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને સાહિત્ય અકાદમી, દિલ્હીના ઍવોર્ડ પ્રાપ્ત થયા છે.

વર્ષો પછી વતનમાં ગયેલા કાવ્યનાયકને વતનથી વિદાય થવાનું હોય છે ત્યારે અનુભવાતી પીડા આ સૉનેટમાં વ્યક્ત થઈ છે. ઘણાં વર્ષો પછી જે વન-જન, ખેતર-કોતર, ડુંગર-નદી મળ્યાં હતાં એમને છોડવાની ક્ષણ આવી ગઈ છે. જેમ ઢોર વેચાઈ ગયા પછી પોતાના મૂળ ઘરને ઝંખતું હોય એમ કવિ પોતાના મૂળ પરિવેશને ઝંખ્યા કરે છે. પગ ઉપડતા નથી. જેમ વહી ગયેલું પાણી પાછું આવતું નથી એમ વહી ગયેલો સમય પણ પાછો આવતો નથી. એક કૂતરો પણ થોડી વાર પાછળ પાછળ આવીને એની હદ પૂરી થતાં પાછો વળી જાય છે એ સ્વાભાવિકતાભર્યું આલેખન થયું છે. અંતે કાવ્યનાયકને ભ્રમ થાય છે કે જેમ બાળક રિસાય અને એની મા એને પાછું બોલાવતી હોય એમ મને મારી મા બોલાવે છે. પણ આ માત્ર ભ્રમ છે, હકીકત નહિ. આમ વતનવિચ્છેદને કારણે અનુભવાતી કરુણતાને ખૂબ સુન્દર રીતે કવિએ આ સૉનેટમાં મૂકી આપી છે.

---

એ મૂક્યું વન, એ મૂક્યાં જન, ઘણે વર્ષે મળ્યાં જે ક્ષણ,
મૂક્યાં ડુંગર ને નદી, વતનનાં એ કોતરો, ખેતર;
આંખો બે રહી ભાળતી વળી વળી પાછી, ભીડ્યું એ ઘર
વેચાઈ ગયું ઢોર જેમ તલખે કોઢાર, છોડ્યું ધણ.

કેડી આગળ જાય, પાય અવળા, કેમે કરી ઊપડે;
આંખો જાય ભરાઇ વાટ તરુની કાંટાળી ડાળી નડે;
હૈયું ઉઝરડાય રક્તટશિયા ફૂટે ધીમેથી ઝમે
આઘે વેકુરથી નદીની હજીયે આ આંગળીઓ રમે.

ચાલો જીવ, જવાનું આગળ, નહીં આ કાળના વ્હેણમાં
પાછા ઉપરવાસ શક્ય વહવું, પાણી લૂછો નેણનાં;
ભારો લૈ ભૂતનો શિરે વણપૂછ્યે શા વેઠિયા ચાલવું
સાથે શ્વાન, પૂરી થતાં હદ હવે એનેય પાછા જવું.

આઘે ખેતર જોઉં બે કર કરી ઊંચા મને વારતી-
એ મારી ભ્રમણા ? રિસાળ શિશુને બોલાવતી બા હતી !!

**('અંતરીક્ષ'માંથી)**

## શબ્દ-સમજૂતી

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**કોઢાર**-ઢોરને બાંધવાની જગા; **કેડી**-સાંકડો પગરસ્તો, પગદંડી; **પાય**-પગ; **તરુ**-ઝાડ; **વેકુર**-નદીની કાંકરાવાળી જાડી રેતી; **ઉપરવાસ**-પવન કે પાણીના વહનની વિરુદ્ધ દિશા; **ભૂત**-ભૂતકાળ, થઈ ગયેલું; **વેઠિયા**-વગર મહેનતાણાથી કામ કરનાર

### તળપદા શબ્દો

**ભાળવું**-જોવું; **તલખવું**-તલસવું, તડપવું; **ભીડવું**-બંધ કરવું; **આઘે**-દૂર; **લૈ**-લઈ

### શબ્દસમૂહ માટે એક શબ્દ

**ગાયોનો સમૂહ**-ગોધણ

## સ્વાધ્યાય

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :**

(1) કવિને શાની ભ્રમણા થાય છે?

(A) બે હાથ ઊંચા કરી બોલાવતી માતાની (B) શહેરની ગીચ વસ્તીની

(C) પોતાની પત્નીની (D) પુત્રની

(2) વતનથી વિદાય થતાં કવિ અનુભવે છે....

(A) શહેરી દુનિયાની મજા મસ્તી (B) ઉલ્લાસ અને આનંદ

(C) વતન પ્રત્યેનો તિરસ્કાર (D) વતન માટેનો તલસાટ

**2. નીચેના પ્રશ્નનો એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) વતનથી વિદાય થતાં કવિ શેનાથી દૂર થઈ રહ્યા છે ?

**3. નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :**

(1) કવિના પગ આગળ જવા માંડ માંડ ઊપડે છે કારણ કે...

**4. નીચેના પ્રશ્નનો સાત-આઠ લીટીમાં ઉત્તર આપો :**

(1) વતનથી વિદાય થતા કવિની વેદના તમારા શબ્દોમાં વર્ણવો.

(2) કાવ્યપંક્તિ સમજાવો.

આઘે ખેતર જોઉં બે કર કરી ઊંચાં મને વારતી -
એ મારી ભ્રમણા ? રિસાળ શિશુને બોલાવતી બા હતી !!

## વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- વર્ગખંડમાં સમૂહમાં આ કાવ્યનું ભાવવાહી પઠન કરો.
- 'મારાં બાળપણનાં સંસ્મરણો' - વિશે નિબંધ લખો.
- 'વનાંચલ' સ્મરણકથા મેળવીને તેનો તમને ગમતો અંશ સંમેલનમાં કે વર્ગખંડમાં વાંચી સંભળાવો.

## ભાષા-અભિવ્યક્તિ

- વતનથી વિદાય થતાં કવિ અનેક પ્રિય સંબંધોને, વસ્તુઓને છોડીને જાય છે, છતાં કવિ કાવ્યની શરૂઆતમાં જ લખે છે...

  'એ મૂક્યું વન, એ મૂક્યાં જન... મૂક્યાં ડુંગર ને નદી' બધું છોડી દીધું એમ સૂચવવા કવિએ 'મૂક્યું', 'મૂક્યાં' ક્રિયાપદો વાપર્યાં છે, જે વિશેષ અર્થમાં વપરાયાં છે તે નોંધો.
- ભાવની સમૃદ્ધિ વધારવા કવિએ ઉપમા અને રૂપક જેવા અલંકાર યોજ્યા છે તે જુઓ...' નહીં આ કાળના વહેણમાં પાછા ઉપરવાસ શક્ય વહવું' (રૂપક), 'વેચાઈ ગયું ઢોર જેમ તલખે કોઢાર'(દૃષ્ટાંત), 'વણપૂછ્યે શા વેઠિયા ચાલવું' (ઉપમા).
- કવિ વતનની માયા સહજ રીતે છોડી શકતા નથી. આ વિહ્વળતા અસરકારક રીતે 'વળી વળી' (વળી શબ્દના પુનરાવર્તન) દ્વારા સૂચવાઈ છે. જુઓ...

  'આંખો બે રહી ભાળતી, વળી વળી પાછી.'

## શિક્ષકની ભૂમિકા


ગામડાં પડી ભાંગ્યાં છે અને શહેરો બેફામ વિક્સી રહ્યાં છે તેવી સ્થિતિમાં કવિને વતન છોડતાં જે વેદના અનુભવાય છે તેની ચર્ચા કરવી.

પોતાના વતનનાં ઢોર-ઢાંખર, ઘર, વાડો, ખેતર, નદી, પર્વતો, કોતરો વગેરે આત્મીય સ્વજન જેવાં બની ગયાં છે પણ મન મક્કમ કરીને તે બધું છોડે છે. શહેરમાં ઉદ્દેશ વિનાનું મજબૂરીનું જીવન જીવવા વતન છોડનાર પોતાનો વિકાસ થતો હોવાનું સમજે છે તે કટાક્ષને પણ સ્પષ્ટ કરવો.

અંતિમ બે પંક્તિમાં ખેતરમાં બે હાથ ઊંચા કરી બોલાવતી પોતાની અને વતનની ધરતી મા દેખાય છે તે ભ્રમણા હશે? ભાવપલટો સૂચવતી આ પંક્તિમાં વતન ઝુરાપાની વેદનાની પરાકાષ્ઠા વ્યક્ત થઈ છે તે સમજાવવું.

•

# 14 જન્મોત્સવ



**સુરેશ જોષી**

**(જન્મ: 30-05-1921, અવસાન: 03-09-1986)**

સુરેશ હરિપ્રસાદ જોષીનો જન્મ સુરત જિલ્લાના બારડોલી તાલુકાના વાલોડ ગામમાં થયો હતો. વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં ભાષાભવનના અધ્યક્ષ તરીકે સેવાનિવૃત્ત થઇ જીવનના અંત સુધી વડોદરામાં જ વસ્યા. 'મરણોત્તર' અને 'છિન્નપત્ર' તેમની નોંધપાત્ર નવલકથાઓ છે. 'ગૃહપ્રવેશ' તેમનો નોંધપાત્ર વાર્તાસંગ્રહ છે. 'જનાન્તિકે', 'ઇદમસર્વમ', 'ઇતિ મે મતિ' જેવા સંવેદનાસભર નિબંધસંગ્રહો છે. 'કિંચિત્', 'ચિંતયામિ મનસા', 'અષ્ટમોધ્યાય' જેવા વિવેચનગ્રંથો આપ્યા છે. તેમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' તથા ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને દિલ્હીના એવોર્ડ પ્રાપ્ત થયા છે.

'ગૃહપ્રવેશ' વાર્તાસંગ્રહમાંથી લેવામાં આવેલી આ વાર્તામાં સમયના એક જ બિંદુ પર બે પરિસ્થિતિનું સમાંતર આલેખન થયું છે. જેમાં અસિતના ટૅકનોલૉજીના જ્ઞાનના કારણે થતો કૃષ્ણજન્મ, એની સાથે ભળેલું લોકોનું કુતૂહલ અને આનંદનો પ્રસંગ છે. જ્યારે કિસનનો જન્મ કાનજી માટે આનંદનો અવસર નથી. અહીં કૃષ્ણના જન્મની પરિસ્થિતિ હળવી શૈલીમાં રજૂ થઈ છે તો કિસનના જન્મની પરિસ્થિતિ અત્યંત કરુણતાથી રજૂ થઇ છે. વાર્તાના અંતે કાનજી પોતાના દીકરાના પગ તોડાવીને જીવનભર ભીખ દ્વારા રૂપિયા કમાવાનો રસ્તો કરી દે છે. માણેકની લાચારી અને દુઃખ વધારે પીડાદાયક છે. એક માને એના બાળકનું મુખ પણ બતાવ્યા વગર જીવનભર અપંગ બનાવી દેવા માટે મોકલી આપવામાં આવે છે. આમ, જન્મની બે પરિસ્થિતિને એક સાથે બતાવીને વાસ્તવિક્તાને અત્યંત કરુણ રીતે આલેખાઈ છે.

---

ઘડિયાળમાં સાડા અગિયાર થયા હતા. હવે અર્ધા કલાકની જ વાર હતી. લાલ કિનખાબના પડદાની પાછળ કૃષ્ણજન્મની બધી જ તૈયારીઓ થઈ ચૂકી હતી. વૃન્દાવનદાસનો મોટો દીકરો અસિત અમેરિકા જઈને ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગનું ખાસ શિક્ષણ પ્રાપ્ત કરી આવ્યો હતો. એણે બધાંને આશ્ચર્યમાં ગરકાવ કરી નાંખે એવી તરકીબ રચી હતી. કારાગૃહમાં કૃષ્ણનો જન્મ, વર્ષા, વસુદેવનું કૃષ્ણને લઈને જમુના ઓળંગીને ગોકુળ જવું, આ બધું વીજળીની કરામતથી તાદશ બનતું એ બતાવવાનો હતો. આથી બધાં આતુર હતાં. લાલ કિનખાબનો પડદો ક્યારે ખૂલે તેની રાહ જોઈ રહ્યાં હતાં.

સ્ટેશનની ઘડિયાળમાં સાડા અગિયારનો ટકોરો હમણાં જ પડ્યો હતો. જનતા એક્સપ્રેસમાં ઊતરેલા પેસેન્જરોને લઈને બસ શહેર ભણી ઊપડી ચૂકી હતી. બસ-સ્ટૅન્ડ સૂમસામ હતું. પાસેની ખુલ્લી જગ્યામાં ફાટીતૂટી ગુણપાટ ને કેરોસીનના કાટ ખાયેલા પતરાનું છાપરું કરીને ત્રણ-ચાર કુટુંબ આશ્રય લઈ રહ્યાં હતાં. એમાંના એક 'ઝૂંપડા'માં ફગફગિયો દીવો ટમટમતો હતો. કોઈ સ્ત્રીના કણસવાનો અવાજ એ નિ:સ્તબ્ધતામાં સંભળાતો હતો. પણ એ ઝૂંપડાની વસતિએ એના પર ધ્યાન આપ્યું હોય એમ લાગતું નહોતું. ત્યાં અર્ધા ઊંઘમાં અને અર્ધા જાગતા - એવી અવસ્થામાં કોઈ બોલતું સંભળાયું - 'એલા કાનજી, માણકી કણસે છે, જરા જઈને જો તો ખરો!'

બીજાએ પણ એવા જ અવાજે જવાબ આપ્યો, 'એમાં હું જોવા જાવું'તું. વખત થિયો લાગે છે.'

અંધારે ખૂણેથી કોઈ ડોસી ખોખરા કર્કશ અવાજે બબડી, 'માણકીય જબરી ને એના પેટમાંનું છોકરું ય જબરું માળું! ટંકણખાર દીધો તોય કાંઈ નો વળ્યું. હવે કાંઈ આવનારને પાછું ઠેલાય? કર કાંઈ બાપલા! છૂટકો છે?' ઘડિયાળનો કાંટો આગળ વધતો હતો. માણેક કરાંજતી હતી, આકાશને કદીક વીજળી વીંધી જતી હતી. ભારે કડાકો થતો હતો ને ભારે વરસાદ માથે ઝઝૂમી રહ્યો હતો.

ઘડિયાળનો કાંટો આગળ વધતો હતો. ઉપરના ઓરડામાં વિશાખા અને ધનંજય ટોળા વચ્ચેથી સરી જઈને

વાર્તાલાપ કરી રહ્યાં હતાં. તેમનેય એમ લાગ્યું કે હવે તો નીચે જવું જ પડશે. વૃન્દાવનદાસ અને એમની મંડળી બેઠકમાં ભાગવતનું શ્રવણ કરતી હતી તે પણ હવે વખત થવા આવ્યો જાણી ઠાકોરજીના ઓરડા તરફ આવવાની તૈયારીમાં હતી. મધુસૂદન અને એની મિત્રમંડળી બ્રિજનાં બે રબર પૂરાં કરીને અસિતની કરામત જોવા યથાસ્થાને ગોઠવાઈ જઈને ટોળટપ્પાં હાંકી રહી હતી. અસિત સાવ નિશ્ચિંત બનીને એક બાજુએ રીટા જોડે વાત કરતાં કરતાં હસી હસીને બેવડ વળી જતો હતો. ત્યાં શણિયું પહેરીને મુખિયાજી આવ્યા. નિજમંદિરમાં જઈને છેલ્લી તૈયારીમાં એ પરોવાઈ ગયા. કૃષ્ણજન્મનું મુહૂર્ત નિકટ ને નિકટ આવતું ગયું. ભીંત પરના ઈલેક્ટ્રિક ઘડિયાળનો મોટો તથા નાનો કાંટો એક બીજાની નજીક આવવા લાગ્યા.

સ્ટેશનના ઘડિયાળના કાંટા પણ એકબીજાની નજીક આવતા જતા હતાં. માથા પર ઝઝૂમી રહેલાં વાદળ તૂટી પડ્યાં હતાં. વરસાદની ઝડી વીંઝાવા લાગી હતી. બસ-સ્ટૅન્ડ પાસેનાં છાપરાં ઊંડું ઊંડું થઈ રહ્યાં હતાં. સૂસવાતા પવનના અવાજમાં હમણાં જ સ્ટેશનને ગજાવી મૂકીને આવેલા ગુજરાત મેલના અવાજમાં માણેકના કરાંજવાનો અવાજ સ્પષ્ટ સંભળાતો ન હતો. પેસેન્જરોને કારણે બસ-સ્ટૅન્ડ વળી થોડી વારને માટે જાગતું થયું, પળવારમાં એ લીલા સમેટાઈ ગઈ. ધીમે ધીમે નિઃસ્તબ્ધતા છવાઈ ગઈ. વરસાદ એકધારો પડવા મંડ્યો. એકાએક ફગફગિયો દીવો બુઝાઈ ગયો ને નિઃસ્તબ્ધતાને વીંધીને નવા જન્મેલા બાળકનું રુદન ગાજી ઊઠ્યું.

ઘડિયાળના બે કાંટા ભેગા થતાં સાથે જ કિનખાબનો લાલ પડદો સરરર કરતોકને સરી ગયો. આકાશમાંથી તેજનો પુંજ અવતરતો હોય તેમ ઝબકારો થયો. દેવકીના ખોળામાં બાળકને રૂપે એ તેજ પુંજ ઝૂલવા લાગ્યો. કારાગૃહના અંધકારમાં એ તેજપુંજ અજવાળું પાથરતો હતો. ઘડીક બહારનો ઝબકારો અંદર ડોકિયું કરી જતો હતો. એકાએક કાંસા, ઝાલર, મંજીરા ને શંખનો તુમુલ ધ્વનિ થયો. બહાર બેઠેલા રામદીન શરણાઈવાળાએ પ્રભાત નો'તું થયું છતાં બિભાસના સૂર છેડ્યા. પ્રેક્ષકો ઊભાં થયાં. કૃષ્ણજન્મના રંજન કાર્યક્રમનું એક પર્વ પૂરું થયું.

ઝૂંપડાની દુનિયા સળવળી ઊઠી હતી. જન્મ થઈ ચૂક્યો હતો. જુદા જુદા અવાજો સંભળાતા હતા - 'દેવજી હું કહું છું ઇમ કર! ઇમાં કાનજીનું કામ નંઇ.'

'પણ ઇ વેલજી ડોહાની આ ઘડીએ કુણ ભાળ કાઢે ? લો તારે અમને કહો છો તિ તમે જ જાવને મારા ભઈ ?'

બીજો જરાક ધીમો અવાજ સંભળાયો, 'એલા એ ગમાર, જરા ધીમો બોલતો જા, માણકી હાંભળહે ને તો બચાડી દુઃખી થાહે.' જેને ઉદ્દેશીને આ કહેવામાં આવ્યું તે કટાક્ષમાં બોલ્યો. 'દખી તો થઈ જ છે ને, નહીં તો મેઘલી રાતે ભીંજાતી આપણા ભેગી હોત કાંઇ ? હોનાના હિંડાળે ઝૂલતી ના હોત ?'

એના જવાબમાં કોઈ બોલ્યું. 'અરે ભઈલા, ઝાઝી લપ મેલો ને, હાલો મારી હારે, પરતાપગંજમાં જતાં પેલું નાળું નથી ભાળ્યું લ્યા, ત્યાં ઓલ્યાં છાપરાં દીઠાં કની ? ત્યાં જાવાનું છે.'

એના જવાબમાં કોઈ બોલ્યું, 'ના ભઈલા. ઇ આપણું કામ નંઈ આ પાણી પડે છે ઈ તો જુઓ ! ઘૂંટણસમાં પાણી ના હોય તો મને કેજો.'

બીજો વધારે આકળો થઈને બોલ્યો 'લ્યા મેલને ઈ ને પડતો ! હાલ કાનજી, લઈ લે છોરાને, લે હું મોર થાઉં છું.' બાળકના રુદનનો અવાજ બહાર આવ્યો. કાદવ ખૂંદતાં ચાર પગલાંનો ડબડબ અવાજ એ રુદનમાં ભળી ગયો. વરસાદ વરસતો રહ્યો, પવન વીંઝાતો રહ્યો. ઘડિયાળના કાંટા છૂટા પડ્યા. છૂટા પડીને આગળ વધવા લાગ્યા.

ઘડિયાળ તરફ હવે કોઈની નજર નો'તી, અસિતની માયાવી સૃષ્ટિને બધા સ્તબ્ધ બનીને જોઈ રહ્યાં હતાં. સામે મુખિયાજીએ રચેલો અન્નકૂટ હતો. એમાં પણ રંગોની યોજના ભારે ચાતુરીપૂર્વક કરી હતી. હવે વસુદેવ કૃષ્ણને લઈને ગોકુળ જવાની તૈયારીમાં હતા. દેવકી કેમે કરી માનતી નો'તી, હાથ હલાવીને કરગરતી હતી. પશ્ચાદ્‌ભૂમાં શરણાઈનો કરુણ સૂર ઘૂમી રહ્યો હતો. અસિતની તરકીબથી હવે ગાઢ વર્ષાનું દૃશ્ય આબેહૂબ રજૂ થયું હતું. આખરે વસુદેવે કૃષ્ણને હાથમાં લીધાં, છાબમાં જાળવીને મૂક્યા, અંગૂઠો ધાવતા, વટપત્રમાં સૂતેલા ભગવાનના મોઢા પર ભુવનમોહન હાસ્ય હતું. વસુદેવ આગળ ચાલ્યા.

કાનજી ને દેવજી આગળ ચાલ્યા. ઘૂંટણસમાં પાણીને ડહોળતા આગળ ચાલ્યા, બાળકના રુદનનો ભાર ઊંચકીને આગળ ચાલ્યા. માણેકના કરુણ ચિત્કારે એમનો પીછો પકડ્યો તો ય આગળ ચાલ્યા; ઘૂંટણસમા પાણીને ખૂંદતા કાનજીને દેવજી આગળ ચાલ્યા; માણેકની ચીસ એમની પાછળ દોડતી દોડતી આગળ ચાલી, ઘડિયાળના કાંટા એક બીજાથી છૂટા પડીને આગળ ચાલ્યા.

વસુદેવ વરસતા વરસાદમાં જમનાજીને કાંઠે આવ્યા. નદી તો બંને કાંઠે છલકાય ! અસિતે ભારે કરામત કરી હતી. દીવા બધા બુઝાઈ ગયા હતા. તેજપુંજ જેવા કૃષ્ણ ભગવાનને વચ્ચે વચ્ચે ઝબકી જતી વીજળી સિવાય બીજું કશું હવે દેખાતું નહોતું, ઘડીભર તો આ કરામત છે તેય બધાં ભૂલી ગયાં. જયવતી શેઠાણી તો હાથ જોડીને ભક્તિભાવથી ઊભાં જ રહી ગયાં. વસુદેવે જમનાનાં પાણીમાં પ્રવેશ કર્યો ન કર્યો ત્યાં એકદમ પાણીને ડહોળતો સરરર કરતોકને અવાજ આવ્યો. બધાં ઘડીભર ચમકી ગયાં. કૃષ્ણ ભગવાનને માથે નાગે છાયા કરી. ભક્તોએ હાથ જોડ્યા, બીજાં કુતૂહલથી વિસ્ફારિત નેત્રે જોઈ રહ્યાં, ને વસુદેવ આગળ વધતા રહ્યા.

'વેલજી ડોહા ! છો કે ?'

'કુણ સે ?'

ઘોઘરા અવાજે દમિયલ ડોસાએ ઉધરસનો ઠણકો ખાતાં ખાતાં જવાબ વાળ્યો, 'ઈ તો હું ને કાનજી, ઝટ આવો ભા, આ છોરો લાવ્યા છિયેં, જરા એના ટાંટિયા વાળી લો ને !'

ડોસો બોલ્યો, 'હાવ બેઠો રિયે ઈમ કરવું સે કે પછી લાકડીને ટેકે હાલીને ભીખ માંગે ઈમ કરવું છે ?'

કાનજી બોલ્યો, 'હાવ પાંગળો ના કરતા દાદા; અક્કરમીએ મધરાતે આંઈ જનમ લીધો, નકર...' એનો અવાજ ગળગળો થઈ ગયો.

દેવજીએ કહ્યું. 'હાલ હવે, ગાંડા કાઢ્ય મા, છોરો આયવો છે તો રોટલાની જોગવાઈ કરવી કે નંઈ ? તું તો એને ભણાવી ગણાવીને લાટસાહેબ બનાવવાનો હતો, નંઈ ?'

'દેવા, છોરો તો છે હાવ કિસન ભગવાન જેવો, આખરે છોરો તો માણકીનો ને !' એમ કહેતાંકને વરસોના અનુભવી હાથોએ પળવારમાં બાળકના ઘૂંટણને મરડીને ટાચકા ફોડી નાંખ્યા. બાળકની ચીસ હવાને વીંધી ગઈ.

દેવજી બોલ્યો, 'કાલ્ય હવારે રૂપિયો દઈ જાશું. લે, હાલ્ય લ્યા' કાનજી, હવે તારો છોરો ભૂખે નંઈ મરે !' પાણીમાં પડતાં પગલાંનો ડબ ડબ અવાજ સંભળાયો. એ પગલાંને બાળકના રુદનનો ભાર જાણે ઘૂમરીઓ ખાઈને વળગતો હતો, ભીંસતો હતો, ને એ પગલાં ડબ ડબ અવાજ કરતાં આગળ વધી રહ્યાં હતાં.

ભગવાન ગોકુળ પહોંચ્યા, ગોકુળમાં ઉત્સવ મચ્યો. જશોદા મૈયાએ કૃષ્ણકુંવરને શણગાર્યા. નજર ન લાગે માટે ગાલે મેંશનું ટપકું કર્યું. ગોકુળ આખું ટોળે વળ્યું. ગોપબાળના આનંદરવથી વનરાજી ગાજી ઊઠી. પંચાજીરી વહેંચાઈ, શરણાઈએ લલિત રાગ છેડ્યો, અસિત ખેલ પૂરો કરીને બહાર આવ્યો. બધાં એને વીંટળાઈ વળીને શાબાશી આપવા લાગ્યાં. બ્રિજની મંડળી ફરી જામી, વિશાખા અને ધનંજય ફરીથી અધૂરી પ્રણયગોષ્ઠિને પૂરી કરવા ઉપલા માળે બધાંની નજર સરકાવી ચઢી ગયાં. વૃંદાવનદાસની મંડળીનું ભાગવત પારાયણ આગળ ચાલ્યું. જયાવતી શેઠાણીએ હાલરડું ઉપાડ્યું.

'જાગો નન્દકે લાલ, ભોર ભયી'

માણેકની ચીસે પાછા ફરેલા કાનજી અને દેવજીને વધાવ્યા. 'મને ઈનું એક વાર મોઢું તો દેખવા દેવું' તું ! લાવો મારે ખોળે, લાવો મારા કુંવરને...'

દેવજીએ કહ્યું. 'ગાંડી થા મા માણકી, તારા નંદકુંવરને કોઈ ચોરી નથી ગયું, લે, આ તારો છોરો.' કાનજીની સામે ચિત્ર ખડું થયું. ધખતી બપોરે માણેકની સાથે એ પતરાની નાનકડી ગાડીમાં પાંગળા કિસનને શહેરના રસ્તા વચ્ચે થઈને ખેંચી રહ્યો છે, પોતે આંધળો છે, દીકરો પાંગળો છે, દુનિયા દેખતી છે, ભગવાન કૃપાળુ છે. મોંમાં ધાન છે, દુનિયા પર વૈકુંઠ છે. ભગવાન ગોકુળથી પધારીને મથુરાના રાજા થયા છે, બધાં સુખી છે.

માના ખોળામાં બેસીને માતાની અશ્રુધારામાં નહાતો કિસન જાણે કે પિતાની આંખ સમક્ષ તરવરી ઊઠતા ભાવિના દર્શનને જોતો હોય એમ એકાએક હસી પડ્યો, પણ મેઘલી રાતના એ અંધારામાં માણેકને એ હાસ્ય દેખાયું નહીં.

**('ગૃહપ્રવેશ'માંથી)**

## શબ્દ-સમજૂતી

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**કિનખાબ**-જરીબુટ્ટાના વણાટનું એક જાતનું કાપડ; **તરકીબ**-યુક્તિ; **સૂમસામ**-એકદમ શાંત; **આશ્રય**-આશરો; **ફગફગિયો દીવો**-જેની જ્યોત હાલકડોલક થતી હોય તેવો દીવો; **કણસવું**-દુઃખને લીધે ઊંહકારા કરવા; **તુમુલ**-દારુણ, ભયાનક; **પ્રભાત**-સવાર; **લિબાસ**-પોશાક, પહેરવેશ; **પર્વ**-તહેવાર, ઉત્સવ; **કરામત**-કારીગરી; **ભોર**-પરોઢિયું; **અક્કરમી**-અભાગિયું

### તળપદા શબ્દો

**થિયો**-થયો; **ભઈ**-ભાઈ; **નો**-ના; **બચાડી**-બિચારી; **નોં'તુ**-ન હતું, નહોતું; **મેલો**-મૂકો; **ડોહા**-ડોસા; **મોરે**-મોખરે, આગળ; **ભાળ**-પત્તો, ખબર; **આઈ**-અહીં; **ઈમાં**-એમાં; **કાઢ્ય**-કાઢ; **હાંભળહે**-સાંભળશે; **કુણ**-કોણ; **હોનાના**-સોનાના; **દખી**-દુઃખી; **ભાળ્યું**-જોયું; **હારે**-સાથે; **કાલ્ય**-કાલ; **હાવ**-સાવ

### વિરુદ્ધાર્થી શબ્દો

**સવાર**×સાંજ; **આનંદ**×શોક

### સ્વાધ્યાય

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :**

(1) લાલ કિનખાબનો પડદો ક્યારે ખૂલે તેની લોકો રાહ જોઇ રહ્યા હતા કારણ કે...

(A) વીજળીની કરામતથી કૃષ્ણજન્મનું દૃશ્ય ઊભું થવાનું હતું.

(B) માણકી બાળકને જન્મ આપવાની હતી.

(C) કિનખાબનો પડદો ખરેખર લીલા રંગનો હતો.

(D) નાટક રજૂ થઇ રહ્યું હતું.

(2) આ પાઠમાં લેખક શું કહેવા માગે છે ?

(A) લેખક કશું જ કહેવા માગતા નથી.

(B) કૃષ્ણજન્મનું મહત્ત્વ સમજાવવા માગે છે.

(C) સમાજની જુદી જુદી બે પરિસ્થિતિનું ચિત્ર રજૂ કરવા માગે છે.

(D) પૈસાદાર લોકો જ પુણ્યશાળી છે.

**2. નીચેના પ્રશ્નોનો એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) હાવ બેઠો રિયે ઇમ કરવું સે કે પછી લાકડીના ટેકે હાલીને ભીખ માંગે ઇમ કરવું છે ? - આ વાક્ય કોણ બોલે છે ?

(2) ફગફગિયો દીવો બુઝાઇ જવાની સાથે બીજી કઇ ઘટના બની ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :**

(1) અસિતે કૃષ્ણજન્મની કઇ તરકીબ રચી હતી તે જણાવો.

(2) કાનજી અને દેવજી બાળકને લઇને ક્યાં જતા હતા ? શા માટે ?

**4. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો :**

(1) નિજમંદિરમાં ઊભું કરેલું કૃષ્ણજન્મોત્સવનું દૃશ્ય વર્ણવો.

(2) નવજાત બાળકની કરુણતાને તમારા શબ્દોમાં આલેખો.

## વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- ગરીબી અને અગવડમાં જીવતા લોકોની મુલાકાત લઈને તેની હકીકત વર્ગખંડમાં કે શાળા સંમેલનમાં રજૂ કરો.
- તમારા જન્મોત્સવની ઉજવણી અનાથાશ્રમમાં કે ફૂટપાથ ઉપર રહેતાં બાળકોની સાથે કરો.
- તમારા ગામમાં ઉજવાયેલા જન્માષ્ટમીના તહેવાર ઉપર અહેવાલ લખો.

## ભાષા-અભિવ્યક્તિ

- બે વિરોધાભાસ ધરાવતી કથાઓને સમાંતરે વર્ણવી વિશિષ્ટ રીતે આ વાર્તાનું આલેખન લેખકે કર્યું છે. લેખકે 'ફાટીતૂટી ગુણપાટ', 'કાટ ખાયેલા પતરાનું છાપરું', 'ઝૂંપડાં' અને 'ફગફગિયો દીવો' - જેવા ઓછા શબ્દોથી ગરીબાઈનું તાદશ વર્ણન કરી દીધું છે તે ધ્યાનમાં લો.
- ''કાનજી ને દેવજી આગળ ચાલ્યા. ઘૂટણસમાં પાણી ડહોળતા આગળ ચાલ્યા, બાળકના રુદનનો ભાર ઊંચકીને આગળ ચાલ્યા...''

  આ ગદ્યખંડમાં લેખકે 'આગળ ચાલ્યા' ક્રિયાપદનું વારંવાર સહેતુક પુનરાવર્તન કર્યું છે. નવજાત બાળકને પગ વાળવા માટે લઈ જતા કાનજી અને દેવજીને રોકનારાં અનેક પરિબળો છે પરંતુ એ બધાની અવગણના કરીને તેઓ ચાલ્યા જાય છે એમ સૂચવવા લેખકે 'આગળ ચાલ્યા' શબ્દોનું વારંવાર પુનરાવર્તન કર્યું છે.

## શિક્ષકની ભૂમિકા

મનુષ્યો ઉત્સવપ્રિય છે. આપણે ત્યાં અનેક ઉત્સવો જુદા જુદા હેતુથી ઉજવાય છે, ધાર્મિક્તા, પરંપરા, દેખાદેખી, ભક્તિ-આરાધના માટે, કોઈક નિહિત સ્વાર્થ માટે તો મોટે ભાગે આનંદ માટે ઉત્સવો ઉજવાતા હોય છે. ઉત્સવ વિશેની સાચી સમજ કેળવાય તે વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી.

પ્રસ્તુત વાર્તામાં બે દશ્યો એક સાથે દર્શાવાયાં છે. એક કૃષ્ણજન્મનું અને બીજું ભિખારીને ત્યાં જન્મતા બાળકનું. બંને જન્મોત્સવની સરખામણી અંતિમ છેડાની છે. કૃષ્ણને જળ, નાગ, નંદ સૌ થકી રક્ષણ મળે છે જ્યારે ભિખારી કાનજીને ત્યાં જન્મેલા સાજા બાળકને જન્મતાંની સાથે જ મજબૂરીને કારણે અપંગ બનાવી દેવામાં આવે છે જેથી તેને ભીખ મળી રહે. આ વિરોધાભાસ વ્યક્ત કરી આપણા સમાજમાં ધનિક અને ગરીબના જે ભેદ છે તે ઉપર લેખકે કરેલો કટાક્ષ સ્પષ્ટ કરવો. ધનિક-ગરીબની ખાઈ પૂરવા શું કરી શકાય તેની વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી. વિદ્યાર્થીઓ ગરીબ કે ધનિકના ભેદ ન કરે તેમ કરવું.

•

**15**

# બોલીએ ના કાંઈ

**રાજેન્દ્ર શાહ**

**(જન્મઃ 28-1-1913, અવસાનઃ 10-1-2010)**



રાજેન્દ્ર કેશવલાલ શાહ કપડવંજના વતની હતા. 'ધ્વનિ', 'આંદોલન', 'ઉદ્‌ગીતિ', 'શાંત કોલાહલ', 'મધ્યમા', 'વિષાદનો સાદ', વગેરે તેમના કાવ્યસંગ્રહો છે. 'મોરપીંછ', 'આંબે આવ્યા મોર' જેવા બાળકાવ્યના સંગ્રહો છે. એમણે કેટલાંક પદ્ય રૂપકો, એકાંકીઓ, વાર્તાઓ અને અનુવાદો પણ આપ્યા છે. 'ધ્વનિ' કાવ્યસંગ્રહ માટે તેમને 'જ્ઞાનપીઠ' પુરસ્કાર મળ્યો હતો. તેમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક', ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને દિલ્હીના એવોર્ડ પ્રાપ્ત થયેલા હતા.

આ ગીતમાં આપણી વ્યથા એ બીજાને મન રસની કથા હોઈ શકે, એટલે વ્યથાને સહન કરવી અને કોઈને ફરિયાદ ન કરવી એ આ ગીતનો ભાવ સૌંદર્યરાગી રીતે આલેખ્યો છે. માણસો વિનાના મારગ પર આપણે આપણા જ શબ્દો ગાતાં ચાલવાનું છે. કોઈ ગામ આવે, અનેક લોકોને મળીએ છતાં આપણે તો એકલા જ ચાલવાનું છે, ભલેને સરસ તારા મઢી રાત હોય કે રણનો તડકો હોય, આપણી વ્યથાને આપણે જ સહન કરવાની છે. મનમાં ભલે દુઃખોનો અગ્નિ હોય પણ બહારથી તો શીતળતા જ રાખવાની છે. સરળ બાનીમાં લખાયેલું આ ગીત જીવનની એક હકારાત્મક બાજુને રજૂ કરે છે.

---

બોલીએ ના કાંઈ,

આપણું હૃદય ખોલીએ ના કંઈ, વેણને રહેવું ચૂપ;

નેણ ભરીને જોઈ લે વીરા !

વ્હેણનાં પાણી ઝીલનારું તે સાગર છે વા કૂપ !

વનવેરાને મારગ વિજન,

સીમ જ્યાં સૂની ગુંજતી કેવળ આપણું ગાયું ગાન ;

ગામને આરે હોય બહુ જન,

લખનો મેળો મળિયો રે ત્યાં કોણને કોની તાન ?

માનમાં જવું એકલ, વીરા !

તારલિયો અંધાર કે ઓઢી રણનો દારુણ ધૂપ !

આપણી વ્યથા,

અવરને મન રસની કથા, ઈતર ના કંઈ તથા.

જીરવી એને જાણીએ, વીરા !

પ્રાણમાં જલન હોય ને તોયે ધારીએ શીતલ રૂપ !

**('શ્રુતિ'માંથી)**

## શબ્દ-સમૂજતી

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**વેણ**-વચન, બોલ; **વીરા**-ભાઈ (બેન ભાઈને વીરો કહે છે); **નેણ**-નયન, નેત્ર, લોચન; **વા**-વાયુ, પવન; **કૂપ**-કૂવો; **વ્યથા**-શારીરિક તેમજ માનસિક દુઃખ, પીડા; **ઈતર**-બીજું, અન્ય; **તારલિયો અંધાર**-માત્ર તારાનો જ પ્રકાશ ધરાવતો હોય તેવો અંધકાર; **વિજન**-માણસની અવરજવર વિનાનું, વેરાન; **આરે**-છેડે (અહીં)પાદરે; **દારુણ**-ભયાનક, વિકરાળ; **ધૂપ**-તડકો; **અવર**-બીજું; **લખનો મેળો**-લાખો માણસોનો સમૂહ (અહીં)ટોળું

### વિરુદ્ધાર્થી શબ્દો

**શીતળ**×ઉષ્ણ; **જલન**×ઠંડક; **ધૂપ**×છાયા; **અંધારું**×અજવાળું

### સ્વાધ્યાય

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :**

(1) કવિ શું કરવાનું કહે છે ?

(A) બોલવાની ના પાડે છે　　(B) બોલવાનું કહે છે

(C) મૂંગા રહેવાની ના પાડે છે　　(D) બોલવું પણ ધીમે ધીમે

(2) હૃદય ખોલવું એટલે ?

(A) બીજાની વાત સાંભળવી　　(B) ઓપરેશન કરાવવું

(C) કશુ જ બોલવું નહીં　　(D) પોતાના દિલની વાત બીજાને કહેવી

**2. એક - એક વાક્યમાં ઉત્તર આપો.**

(1) બીજા લોકો શામાંથી આનંદ મેળવે છે ?

(2) વહેણના પાણીને કોણ ઝીલે છે ?

**3. નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો.**

(1) કવિ આપણી વ્યથામાંથી કેવી રીતે રસ્તો કાઢવાનું કહે છે ?

**4. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો.**

(1) 'બોલીએ ના કાંઈ' કાવ્યમાં કવિ માણસને શો જીવનબોધ આપે છે ?

(2) કાવ્યપંક્તિ સમજાવો - ''પ્રાણમાં જલન હોય ને તોયે ધારીએ શીતલ રૂપ !''

### ભાષા-અભિવ્યક્તિ

- દરેક કવિ ભાવની અભિવ્યક્તિ માટે કાવ્ય સ્વરૂપ, ભાષા, શબ્દો દ્વારા કાવ્યની જે આંતરગૂંથણી કરે છે તેનો પણ અભ્યાસ કરવા જેવો હોય છે.

'બોલીએ ના કાંઈ, આપણું હૃદય ખોલીએ ના કાંઈ' જેવી ગદ્યાંશની છાંટવાળી સાદી પંક્તિઓથી આ કાવ્ય ઊઘડે છે; અને પછી ચૂપ-કૂપ, વિજન-જન, ગાન-તાન, વ્યથા-તથા જેવા પ્રાસસભર શબ્દોથી હલકી-ફૂલકી કાવ્યમાળા ગૂંથાતી જાય છે.

- કવિ આ કાવ્યમાળામાં પ્રશ્નો પણ ગૂંથતા ગયા છે. જુઓ....

  'વહેણનાં પાણી ઝીલનારું તે સાગર છે વા કૂપ !'

  'લખનો મેળો મળિયો રે ત્યાં કોણને કોની તાન ?'

- અહીં પ્રશ્નો સાથે જવાબો પણ વણી લેવાયા જ છે. આ રીતે કાવ્યનો વિકાસ થતો ગયો છે. આ શૈલી કાવ્યમાં વારંવાર યોજાય છે તે અન્ય કાવ્યોમાં પણ પારખો.

- કવિની કમાલ ઓછા અને સરળ શબ્દોથી અમૂલ્ય બોધ આપવામાં છે. જુઓ... કવિ 'છ' જ શબ્દોમાં કેવું સત્ય વર્ણવી જાય છે...

  ''આપણી વ્યથા, અવરને મન, રસની કથા.''

## વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- જ્ઞાનપીઠ પુરસ્કૃત ગુજરાતી સાહિત્યકારોના ફોટોગ્રાફ સાથે પરિચય આપી ભીંતપત્ર બનાવો.
- રાજેન્દ્ર શાહનાં અન્ય ગીતો વર્ગખંડમાં ગાઈ સંભળાવો.

## શિક્ષકની ભૂમિકા

વીરા ! સંબોધનથી લખાયેલું આ કાવ્ય પોતાના દુઃખને બીજાને ન કહેવાની શીખ આપે છે.

આ કાવ્યમાં કવિ સૂની સીમ અને કૂવાનાં ઉદાહરણો આપી તેમની જેમ મૌન રહેવા સૂચવે છે. લાખોના ટોળામાં તમારું રુદન કોણ સાંભળશે ? એ કરતાં ચૂપ રહેવું સારું અને પોતાના પ્રશ્નો પોતાની જાતે જ, પોતાની રીતે ઉકેલવા જણાવે છે તેની સમજણ આપવી.

'તું જ તારો દીવો થાને' (ભોગીલાલ ગાંધી) તેમ જ

'એકલો જાને રે..' (રવીન્દ્રનાથ ટાગોર) જેવાં કાવ્યોના સંદર્ભો આપી કાવ્યના ભાવને પ્રગટ કરવો.

'આપણા દુઃખની વાત બીજાને કહેવાથી તેમને માટે તે રસની વાર્તા બનશે. તેનાથી વિશેષ કાંઈ નહિ' આ વિચાર અંગે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી.

●

# 16 ગતિભંગ



**મોહનલાલ પટેલ**

**(જન્મ: 30-04-1927)**

મોહનલાલ બાભઈદાસ પટેલનું વતન ઉત્તર ગુજરાતનું પાટણ છે. વર્ષો સુધી શિક્ષણકાર્ય કર્યા બાદ હાલ નિવૃત્ત જીવન ગાળે છે. 'પ્રત્યાલંબન', 'ઝાકળમાં સૂરજ ઊગે' એમની લઘુકથાઓના સંગ્રહો છે. 'બંધન', 'ડેડ એન્ડ', 'હાસ્યમર્મર', 'લાંછન' તેમની નવલકથાઓ છે. 'ગુડ મોર્નિંગ અમેરિકા', એમનો પ્રવાસગ્રંથ છે. 'મોપાંસાની શ્રેષ્ઠ વાર્તાઓ' એમનું અનુવાદનું પુસ્તક છે.

કથાસાહિત્યનું લઘુ સ્વરૂપ એટલે લઘુકથા. નવલકથામાં નાયક કે નાયિકાના સમગ્ર જીવનનું વર્ણન હોય છે, જ્યારે ટૂંકીવાર્તામાં નાયક કે નાયિકાના જીવનનો એક મહત્ત્વનો પ્રસંગ કેન્દ્રમાં હોય છે. લઘુકથામાં માનવજીવનની એક ક્ષણનો મહિમા છે, જે અત્યંત લાઘવથી અંતે ચોટ આપી જાય છે. 'ગતિભંગ' લઘુકથાની શરૂઆતમાં ગાડી પકડવા ઉતાવળે પગલે જતા ડુંગર અને એની પત્નીનું ચિત્ર છે. પત્ની વારેવારે પાછળ ફરીને કશુંક શોધી રહી છે. વાર્તાને અંતે કરુણતાસભર ચોટ છે. માતાને ચાલતાં ચાલતાં પોતાની પાછળ મૃત્યુ પામેલી દીકરીનાં પગલાંની છાપ દેખાય છે. અહીં માત્ર ચાલવાની ગતિનો જ ભંગ નથી પણ પાત્રોના વિચારોની ગતિનો પણ ભંગ છે.

---

રાજપુર સ્ટેશને ગાડી પકડવા ડુંગર અને એની વહુ ઊભા માર્ગે ઝડપભેર જઈ રહ્યાં હતાં. પત્નીનો પાછળ પાછળ આવવાનો અણસાર મોળો પડી જતાં ડુંગરે પાછળ જોયું. પત્ની રસ્તા ઉપર નજર ફેરવતી ધીમી પડી રહી હતી. 'શું ખોળે છે ?'

'કાંઈ નહિ' પત્નીએ જવાબ આપ્યો ને ઝડપથી પગ ઉપાડવા પ્રયત્ન કર્યો. થોડાં ડગલાં ચાલ્યા પછી વળી એનો વેગ મંદ પડી ગયો.

'આમ ગાંડાની માફક અડવડિયાં શું ખાય છે ?' ડુંગર ગુસ્સે થયો : 'દિવસ આથમવા આવ્યો; આમ કર્યા કરીશ તો રસ્તામાં જ અંધારું થઈ જશે, કાં તો !'

પત્ની થોડાં ડગલાં આગળ ચાલી ખરી; પણ પછી તો એ બેસી પડી.

પાછો ફરીને ડુંગર પાસે આવ્યો : 'તેં આજ ધાર્યું છે શું ? ગાડી ચૂકી જઈશું તો નહિ ઘરનાં કે નહિ ઘાટનાં એવી દશા થશે. રાત કાઢીશું ક્યાં ?' પત્ની કશું જ બોલી નહિ. ભાવાર્દ્ર બનીને એ તો નજરની પીંછીને ધૂળ ઉપર પસવારી રહી હતી. 'જોયું?' એ બોલી.

'શું ? મને તો કંઈ દેખાતું નથી !'

પત્ની આંગળીનો છેડો છેક જમીન પાસે લઈ ગઈ. એક ઘાટીલી પગલીની છાપ એ બતાવી રહી હતી : 'આપણી બબલીની જ પગલી જાણે ! હું તો ક્યારની ય આ પગલીઓ જોયા જ કરતી આવું છું... બરોબર એ જ પગલું... આંગળાંની બોર જેવી જ છાપ...'

'ગાંડી, એવાં પગલાં તો ઘણાંય હોય. લે ચાલ, મોડું થશે.' બાળકનાં પગલાંની છાપ જોઈ, મૃત સંતાનની સ્મૃતિથી હાલી ઊઠેલી, ડગી ગયેલી પત્ની પ્રત્યે સહાનુભૂતિનો બોલ પતિએ કાઢ્યો.

પત્ની બેસી જ રહી. એ બોલી : 'ખેતરે જતાં અને આવતાં આગળ આગળ દોડી જતી બબલીની પગલીઓ મારે હૈયે જડાઈ ગઈ છે. આ એ જ પગલી...' પગલીના બીબામાં પત્નીની નજર ઢળી હતી.

ડુંગર એક વાર પત્નીના મુખ સામે જોઈ રહ્યો. અને પછી પોતાની નજર ગગનના કોઈ માર્ગ તરફ વાળી લીધી. બંને જણ સ્થિર થઈ ગયાં.

લાકડીના ટેકે ગગન તરફ મોં કરીને ઊભા રહી ગયેલા પતિને જોઈને પત્ની સાવધ બની ગઈ. એણે કહ્યું : 'લ્યો હેંડો, હવે પગ ઉપાડો ઝટ...ગાડી ચૂકી જઈશું.'

અને બંને જણે વળી બમણા વેગથી ચાલવા માંડ્યું.

**('વિકલ્પ'માંથી)**

## શબ્દ-સમજૂતી

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**અણસાર**-ઈશારો, સંકેત; **આથમવું**-અસ્ત પામવું, પડતી દશામાં આવવું; **વેગ**-ગતિ, ઝડપ; **ભાવાર્દ્ર**-ભાવવિભોર, ભાવથી માયાળુ; **દશા**-સ્થિતિ, હાલત; **સાવધ**-હોશિયાર, ખબરદાર; **સ્મૃતિ**-સંસ્મરણો, યાદગીરી; **અડવડિયું**-અડબડિયું, લથડિયું

### તળપદા શબ્દો

**હેંડો**-ચાલો

### કહેવત

**નહીં ઘરના કે નહીં ઘાટના**-ન આ બાજુના કે ન તે બાજુના

## સ્વાધ્યાય

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :**

(1) 'આપણી બબલીની જ પગલી જાણે !' આ વાક્ય કોણે બોલે છે ?

(A) સ્ટેશન માસ્તર (B) ડુંગર

(C) ડુંગરની પત્ની (D) પતિ

(2) ડુંગર અને તેની વહુ કયા સ્ટેશને ગાડી પકડવા માગતાં હતાં ?

(A) રાજપુર (B) વરતેજ

(C) ધોરાજી (D) ગાંધીધામ

**2. એક - એક વાક્યમાં ઉત્તર આપો.**

(1) ધૂળમાં પગલી જોઈને ડુંગરની પત્નીને કોણ યાદ આવ્યું ?

(2) ડુંગરે પોતાની નજર ક્યાં સ્થિર કરી ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો.**

(1) ડુંગરની પત્ની અચાનક અટકીને ઊભી રહી ગઈ, કારણ કે ?

(2) ''લ્યો હેંડો, હવે પગ ઉપાડો ઝટ, ગાડી ચૂકી જઈશું.'' તેમ ડુંગરની પત્નીએ શા માટે કહયું ?

**4. નીચેના પ્રશ્નનો સાત-આઠ લીટીમાં જવાબ આપો.**

(1) પુત્રી ખોયાની માતા - પિતાની વેદના પાઠના આધારે તમારા શબ્દોમાં વ્યક્ત કરો.

## વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- તમારા જીવનનો કોઈ યાદગાર પ્રસંગ લઘુકથા સ્વરૂપે લખો અને શાળાના સંમેલનમાં રજૂ કરો.
- જુદી જુદી લઘુકથાઓની પસંદગી કરી વર્ગખંડમાં તેની વાચનસ્પર્ધા ગોઠવો.
- અન્ય લઘુકથાઓ મેળવીને વાંચવી.

## ભાષા-અભિવ્યક્તિ

- ''ગાંડી, એવાં પગલાં તો ઘણાં ય હોય. લે, ચાલ મોડું થશે.''

  અહીં ડુંગર પત્નીને ગાંડીનું સબોધન કરે છે. તેનો અર્થ 'પાગલ' એવો બિલકુલ થતો નથી. આ શબ્દ આત્મીયતા બતાવે છે. પત્નીને ખોટા વિચારો કરતી રોકવા ઈરાદાપૂર્વક આ સંબોધન કરાયું છે. વળી 'લે ચાલ' જેવા આજ્ઞાર્થ રૂપનો અર્થ 'આપવું' કે 'ચાલવું' એવો નથી થયો. એક વાત પૂર્ણ કરી આગળ વધવા અને પોતે તેની સાથે જ છે એમ સૂચવવા આવું રૂપ વપરાયું છે તે ધ્યાનમાં લો .

- આ કૃતિમાં કેટલાંક અપૂર્ણ વાક્યો પણ મુકાયાં છે. જે દ્વારા લેખક વાચકોને વિચારતા કરી દે છે, કથાપ્રવાહમાં ડુબાડી વાક્ય પૂર્ણ કરવા પ્રેરે છે તે જુઓ -

  ''પગલીઓ જોયા કરતી જ આવું છું......''
  ''બરાબર એ જ પગલું .....''
  ''આંગળની બોર જેવી જ છાપ ......''
  ''આ એ જ પગલી .....''

- ગગન તરફ મોં કરીને ઊભા રહી ગયેલા પતિને જોઈને પત્ની સાવધ બની ગઈ. એણે કહ્યું : ''લ્યો હેંડો, હવે પગ ઉપાડો ઝટ... ગાડી ચૂકી જઈશું.''

  ધૂળમાંની પગલી જોતાં જ જે પત્ની બેસી પડે છે, બબલીની યાદમાં ખોવાઈ જાય છે, પતિએ જેને સાંત્વન આપવું પડે છે તે જ પત્ની પતિને વિચારોમાં ખોવાયેલો જોતાં, ઉદાસ જોતાં, પોતે સાવધ થઈ જાય છે અને પતિને ઝડપથી ચાલવા કહે છે - આ એક જ વાક્યમાં લેખકે પતિ - પત્ની કેવાં એકબીજાનાં પૂરક હોય છે, એકબીજાનો સહારો હોય છે તે સૂચવી દીધું છે. -

## શિક્ષકની ભૂમિકા

કેટલીક ઘટનાઓ યાદ બનીને આપણા મન પર ચિરસ્મરણીય છબી કંડારી દે છે. બાળવયે અવસાન પામેલી દીકરી (બબલી)ની યાદ તેના માતા-પિતાનાં મનમાંથી ખસતી નથી.

સ્ત્રીની લાગણી ઝટ વ્યકત થતી નથી. એ અંદર જ ઘૂંટાતી રહે છે. તે વાત આ વાર્તામાં સ-રસ રીતે રજૂ થઈ છે તેની સ્પષ્ટતા કરવી. પણ પુરુષ (પતિ) જયારે હિંમત હારી જાય છે, ત્યારે સ્ત્રી જ તેને સહારો આપવા સક્ષમ બની જાય છે.દામ્પત્ય જીવનની આવી વાસ્તવિક પરિસ્થિતિથી વિદ્યાર્થીઓને વાકેફ કરવા.

અહીં ઘટના બાહ્ય છે તેનાથી ઘણી વધુ ચિત્તમાં બને છે, એથી લઘુકથા સફળ થઈ છે એ તરફ ધ્યાન દોરવું.

•

# વ્યાકરણ

## એકમ 4 | અંલકાર

મિત્રો, અગાઉના વર્ષોમાં તમે અલંકારનો પરિચય મેળવ્યો છે. જ્યારે કોઈ વાતને વિશેષ રીતે, સચોટ રીતે, સુંદર રીતે રજૂ કરવી હોય ત્યારે અલંકાર પ્રયોજાય છે.

તમે જાણો છો કે અલંકારના મુખ્ય બે પ્રકાર છેઃ (1) શબ્દાલંકાર (2) અર્થાલંકાર.

1) <u>શબ્દાલંકાર :</u>

જ્યારે પંક્તિના ધ્વનિસૌંદર્ય, નાદસૌંદર્ય કે ચમત્કૃતિજન્ય સૌંદર્યનો આધાર ધ્વનિ કે શબ્દ હોય ત્યારે તે શબ્દાલંકાર કહેવાય છે. અહીં નાદ કે ચમત્કૃતિ જન્માવતા ધ્વનિ કે શબ્દ બદલાય તો તેનું સૌંદર્ય રોળાઈ જાય છે. જેમ કે, તમે ગયા વર્ષે વર્ણાનુપ્રાસ અલંકારનો અભ્યાસ કર્યો હતો. તમે જાણો છો કે -

‘કામિની કોકિલા કેલિ કૂજન કરે, સાગરે ભાસતી ભવ્ય ભરતી’.

પંક્તિમાં વર્ણાનુપ્રાસ અલંકાર છે. હવે અહીં, કોઈ શબ્દના સ્થાને તે જ અર્થ ધરાવતો અન્ય શબ્દ મૂકવામાં આવે તો ? જેમ કે,

ભામિની કોકિલા કેલિ ટહુકા કરે, દરિયે દેખાતી ભવ્ય ભરતી.

તમે જોઈ શકો છો કે આ પંક્તિનું સૌંદર્ય તેના ધ્વનિ - શબ્દમાં જ હતું. ધ્વનિ-શબ્દ બદલાતાં, અર્થ એનો એ જ હોવા છતાં હવે આ તેનું અલંકારત્વ ગુમાવી બેઠી. એટલે કે, જ્યાં ધ્વનિ કે શબ્દને કારણે પંક્તિમાં માધુર્ય, અલંકારત્વ જન્મતા હોય, અનુભવાતા હોય તે શબ્દાલંકાર છે.

વર્ણાનુપ્રાસ, શબ્દાનુપ્રાસ (યમક), પ્રાસસાંકળી, અંત્યાનુપ્રાસ શબ્દાલંકારો છે. અહીં શબ્દાનુપ્રાસ (યમક) અલંકારની સોદાહરણ ચર્ચા કરવામાં આવી છે.

<u>યમક - શબ્દાનુપ્રાસ અલંકાર :</u>

જ્યારે કોઈ એક શબ્દ કે શબ્દખંડ પંક્તિમાં પુનરાવર્તન પામે અને તેને કારણે પંક્તિમાં - કાવ્યમાં ચમત્કૃતિ કે નાદસૌંદર્ય નીપજે ત્યારે એ અલંકારને શબ્દાનુપ્રાસ અથવા યમક અલંકાર કહે છે. જેમ કે,

આ તપેલી તપેલી છે, ત્યાં તું તપેલી ક્યાં આવી?

અહીં ‘તપેલી’ શબ્દનું પુનરાવર્તન ચમત્કૃતિ જન્માવે છે. પહેલા વપરાયેલા ‘તપેલી’ શબ્દનો અર્થ ‘એક વાસણ’ થાય છે. ‘તપેલી’ શબ્દ બીજી વાર પ્રયોજાયો છે ત્યારે તેનો અર્થ ‘ગરમ થયેલી’ -નો છે. અને ત્રીજી વાર ‘તપેલી’ શબ્દ વપરાયો છે ત્યારે ‘ગરમ થવું’નો લાક્ષણિક અર્થ ‘ગુસ્સે થવું’ સાથે જોડાઈને ‘ગુસ્સે થયેલી’ -નો સંદર્ભ છે. હવે જો આ અર્થ જાળવી રાખીને આ ઉક્તિ ફરીથી બોલાય તો -

આ તપેલી ગરમ થયેલી છે, ત્યાં તું ગુસ્સે થયેલી ક્યાં આવી ?

તમે જુઓ કે અહીં અર્થ જળવાયેલો રહ્યો છે, છતાં ઉક્તિની ચમત્કૃતિ નષ્ટ થઈ છે. અર્થાત્ અહીં ઉક્તિના સૌંદર્યનો આધાર શબ્દ છે.

ઉપરનાં ઉદાહરણમાં ‘તપેલી’ શબ્દનું પુનરાવર્તન છે અને ચમત્કૃતિ સધાય છે. નીચેનું ઉદાહરણ જુઓ. એમાં શેના કારણે ચમત્કૃતિ સર્જાય છે તે વિચારો.

છે મતવાલી, નથી નમાલી, નવા લોહીની લાલી.,

બે વાર મોટેથી વાંચી જુઓ. કાનમાં શું ગૂંજ્યું? '-આલી', '-આલી', '-આલી'. અર્થાત્, અહીં આખા શબ્દોનું પુનરાવર્તન નથી થયું પણ 'મતવાલી', 'નમાલી' અને 'લાલી'માં રહેલા '-આલી' શબ્દખંડનું પુનરાવર્તન થયું છે અને તેને કારણે નાદસૌંદર્ય નીપજે છે. તેથી અહીં શબ્દાલંકાર-યમક છે, તેમ કહી શકાય. હવે નીચેનાં ઉદાહરણ જુઓ અને શેના કારણે નાદસૌંદર્ય કે ચમત્કૃતિજન્ય સૌંદર્ય જન્મે છે તે શબ્દ કે શબ્દખંડ અલગ તારવો.

(1) જવાની તો જવાની છે, થોડી રોકી રોકાવાની છે?

(2) આજ મહારાજ જલ પર ઉદય જોઈને, ચંદ્રનો હૃદયમાં હર્ષ જામે

સ્નેહઘન, કુસુમવન, વિમલ પરિમલ ગહન, નિજ ગગન માંહી ઉત્કર્ષ પામે.

(3) પાટણપુરી હાલ તુજ હાલ જ આવા.

(4) અખાડામાં જવા મેં ઘણા અખાડા કર્યા છે.

(5) જોયું જે નકશામાં, જોયું તે ન કશામાં.

ઉપરની પંક્તિઓ વાંચી? શું વાંચતાં કે સાંભળતાં મઝા પડી? નાદ કે ચમત્કૃતિ જન્માવનાર સૌંદર્ય નિપજાવનાર શબ્દ કે શબ્દખંડ શોધી શક્યા?

પહેલા ઉદાહરણમાં 'જવાની' શબ્દનું પુનરાવર્તન છે. તે એક વાર 'યુવાની' અને બીજી વાર 'જવું' ક્રિયાપદના અર્થમાં પ્રયોજાયો છે. તેના કારણે ચમત્કૃતિજન્ય સૌંદર્ય નીપજે છે. તો ઉદાહરણ (2)માં 'ઘન, વન, ગહન, ગગન'માં રહેલ '-અન' શબ્દખંડનું તથા 'વિમલ, પરિમલ' જેવા શબ્દોમાં '-અલ' શબ્દખંડનું પુનરાવર્તન થવાથી નાદસૌંદર્ય નીપજ્યું છે. ઉદાહરણ (3)માં 'અત્યારે' અને 'પરિસ્થિતિ'નો અર્થ દર્શાવવા 'હાલ' શબ્દનું પુનરાવર્તન થયું છે તો ઉદાહરણ (4)માં 'અખાડો' શબ્દનું પુનરાવર્તન છે. પહેલી વાર 'કસરતશાળા'ના અર્થમાં અને બીજી વાર રૂઢિપ્રયોગ 'અખાડા કરવા' એટલે 'આંખ આડા કાન કરવા, ન ગણકારવાં, બહાનાં કાઢવાં' જેવા અર્થમાં પ્રયોજાયો છે. ઉદાહરણ (5)માં 'નકશા' અને 'ન કશા' ધ્વનિશ્રેણીનું પુનરાવર્તન છે. 'નકશા' શબ્દ અને 'ન કશા' પદ ધ્વનિગત સામ્ય ચમત્કૃતિનો અનુભવ કરાવે છે.

2) <u>અર્થાલંકાર</u> :

જેમ શબ્દના કારણે સૌંદર્યનો, માધુર્યનો અનુભવ કરાવે તે શબ્દાલંકાર તેમ અર્થના કારણે સૌંદર્ય, માધુર્ય કે લાલિત્યનો અનુભવ કરાવે તે અર્થાલંકાર. અહીં સૌંદર્યનો આધાર 'અર્થ' છે. 'અર્થ' જાળવી રાખીને શબ્દ બદલવામાં આવે તો આ અલંકારના સૌંદર્યને હાનિ નહીં પહોંચે. જેમ કે,

દમયંતીનું મુખ ચંદ્ર જેવું સુંદર છે.

અહીં 'ઉપમા' અલંકાર છે. 'મુખ' ઉપમેયની 'ચંદ્ર' ઉપમાન સાથે સરખામણી છે. 'જેવું' ઉપમાવાચક શબ્દ છે. અને તેના દ્વારા અભિવ્યક્તિની સચોટતા સાધવામાં આવી છે. હવે અહીં 'મુખ'ને સ્થાને 'ચહેરો' શબ્દ મૂકો કે 'ચંદ્ર'ને બદલે 'શશી' પ્રયોજીએ તો -

દમયંતીનું મુખ શશી સમ શોભે છે.

અહીં તમે જોઈ શકો છો કે શબ્દો બદલાયા છે પણ અભિવ્યક્તિનું સૌંદર્ય જળવાયેલું રહ્યું છે. કારણ કે અર્થ જળવાયેલા રહ્યા છે. તેથી આ અર્થાલંકાર છે.

તમે ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષા, વ્યતિરેક, અતિશયોક્તિ આદિ અર્થાલંકારનો અભ્યાસ કર્યો છે. અહીં તમે શ્લેષ, સજીવારોપણ, વ્યાજસ્તુતિ, અનન્વય અર્થાલંકારોનો અભ્યાસ કરશો.

**(1) શ્લેષ:** જ્યારે એક જ શબ્દના એકથી વધુ અર્થ થતા હોય અને તેને કારણે ચમત્કૃતિજન્ય અર્થસૌંદર્ય નીપજતું હોય ત્યારે તેને શ્લેષ અલંકાર કહે છે. જેમ કે, રાજાની ખ્યાતિ તેના કરના યોગ્ય ઉપયોગ પર નિર્ભર છે.

અહીં 'કર' શબ્દના બે અર્થ થાય છે. (1) વેરો (2) હાથ. અહીં આ એક જ શબ્દના પ્રયોગ દ્વારા (1) રાજા પોતાને મળતા 'કર' - વેરાનો યોગ્ય ઉપયોગ દ્વારા ખ્યાતિ મેળવી શકે છે અને (2) રાજા પોતાના 'કર' હાથ એટલેકે સત્તાના યોગ્ય ઉપયોગ દ્વારા ખ્યાતિ મેળવી શકે છે, એમ દર્શાવ્યું છે. આમ, અહીં એક જ શબ્દના પ્રયોગ દ્વારા - (ક) તે એક જ શબ્દના બે અર્થ છે અને (ખ) તેના કારણે આખા વાક્યના બે અર્થ થાય છે - તેથી આ ઉક્તિમાં 'કર' શબ્દને કારણે અર્થજન્ય ચમત્કૃતિ નિષ્પન્ન થાય છે. તેથી અહીં શ્લેષ અલંકાર છે.

અન્ય ઉદાહરણ :

1. વર્ષા તમારી રાહ જુએ છે. (વર્ષા - વરસાદ, વર્ષા - છોકરીનું નામ)
2. જેને કલંક કડવું દધિ તું ગણે છે,
   'મીઠું' બની અમ જગે રસ તે ભરે છે. (મીઠું - નમક, લૂણ; મીઠું - ગળ્યું, મીઠાશ)
3. કમલવત્ ગણીને બાલના ગાલ રાતા,
   રવિ નિજ કર તેની ઉપરે ફેરવે છે. (રવિ - સૂર્ય, રવિ નામનો છોકરો; કર - કિરણ,હાથ)
4. એ કેવી રીતે ભૂલે પોતાની પ્યારી માને! (મા - જનની, જન્મભૂમિ)
5. ચોમાસું આવતાં સૃષ્ટિ નવું જીવન મેળવે છે. (જીવન - જિંદગી, પાણી)

અહીં તમે જોઈ શકો છો કે પંક્તિમાં પ્રયોજાયેલો એક અનેકાર્થી શબ્દ આખી પંક્તિના અર્થ સાથે જોડાતાં કેવી ચમત્કૃતિ જન્મે છે!

**નોંધ:** ઘણા વિદ્યાર્થીઓને શ્લેષ અને યમક વચ્ચેનો ભેદ મૂંઝવતો હોય છે. તેથી ખાસ ધ્યાનમાં રાખવું કે - યમક-શબ્દાનુપ્રાસ અને શ્લેષ અલંકાર જુદા છે. યમક શબ્દાલંકાર છે. તેમાં સરખા લાગતા શબ્દ કે શબ્દખંડના પુનરાવર્તનને કારણે ચમત્કૃતિ કે નાદસૌંદર્ય અનુભવાય છે. અર્થ જળવાઈ રહ્યો હોય તો પણ શબ્દ બદલાતાં તેનું સૌંદર્ય નષ્ટ પામે છે. આ અલંકારનો આધાર શબ્દ છે.

જ્યારે શ્લેષ અર્થાલંકાર છે. તેમાં એક જ શબ્દના એકથી વધુ અર્થ હોય છે. અને એ અનેકાર્થને કારણે આખું વાક્ય-પંક્તિ કે ઉક્તિ પણ અનેકાર્થ બને છે. અહીં અર્થજન્ય ચમત્કૃતિ આસ્વાદ્ય હોય છે. આ અલંકાર અર્થ હોય છે.

યમક: સરખા લાગતા શબ્દ કે શબ્દખંડના પુનરાવર્તનને કારણે નાદસૌંદર્ય અથવા ચમત્કૃતિ

શ્લેષ: એક જ શબ્દના એકથી વધુ અર્થને કારણે આખી પંક્તિ-ઉક્તિના એકથી વધુ અર્થને કારણે નિષ્પન્ન થતી ચમત્કૃતિ.

**(2) સજીવારોપણ અલંકાર :**

જ્યારે કોઈ જડ કે અમૂર્ત બાબત પર ચેતનત્વનું આરોપણ કરવામાં આવે, તે સજીવ છે તે રીતે અભિવ્યક્તિ કરવામાં આવે ત્યારે તેને સજીવારોપણ અલંકાર કહે છે. જેમ કે,

માણેકના કરુણ ચિત્કારે તેમનો પીછો પકડ્યો.

'ચિત્કાર' એટલે 'ચીસ', એક કરુણ તીવ્ર અવાજ. પણ અહીં લેખકે 'ચિત્કાર' પર ચેતનત્વનું, સજીવત્વનું આરોપણ કર્યું છે અને જાણે તે કોઈ સજીવની જેમ કોઈનો પીછો પકડતો હોય - તેવું નિરૂપણ કર્યું છે. આ વાતને લેખક સાદી રીતે પણ કહી શક્યા હોત... 'માણેકનો ચિત્કાર તેમને હજુ સંભળાતો હતો.' પણ સજીવારોપણને કારણે ભાવવાહિતા ઉમેરાય છે. ભાવવાહિતા, આત્મીયતા, એકરૂપતા જેવા ભાવોને સચોટ રીતે વ્યક્ત કરવા માટે આ અલંકાર ઉપયોગી નીવડે છે.

અન્ય ઉદાહરણઃ

1. અસ્તાચળે પહોંચેલ સૂર્યમા'રાજ નર્મદાની જળસપાટી પર છેક અમારા સુધી લાલ કાર્પેટ બિછાવી આપે.
2. ખીણમાંથી સાગ છેક સૂર્ય સાથે હરીફાઈ કરવા મથે.
3. લળી લળીને હેત કરતાં વાંસનાં ઝૂંડનાં ઝૂંડ.
4. માણેકની ચીસ એમની પાછળ દોડતી દોડતી આગળ ચાલી.
5. અમારી સંસ્થા વિવિધ પ્રતિભા ધરાવતાં બાળકોનું સન્માન કરશે.

અહીં સૂર્ય, સાગ, વાંસ, ચીસ, સંસ્થા જેવી જડ, અમૂર્ત બાબતો પર સજીવત્વનું આરોપણ કરવામાં આવ્યું છે. તેના કારણે કેવા લાલિત્યનો કે ભાવનો અનુભવ થાય છે!

**(3) વ્યાજસ્તુતિ :**

જ્યારે કોઈ વ્યક્તિ કે વસ્તુના નિંદાના બહાને વખાણ કે વખાણને બહાને નિંદા કરવામાં આવે ત્યારે તેને વ્યાજસ્તુતિ અલંકાર કહે છે.

ઉદાહરણઃ

જાદવ સ્ત્રી તાળી દેઈ હસે, ધન્ય નગર આવો નર વસે,

કીધાં હશે વ્રતતપ અપાર, તે સ્ત્રી પામી હશે આ ભરથાર.

દેખીતી રીતે અહીં કોઈ વ્યક્તિની (સુદામાની) પ્રશંસા છે કે જે સ્ત્રીએ અનેક વ્રતતપ કર્યા હશે તેને જ આવો પતિ મળે, જ્યાં આ નર વસતો હશે, તે નગર ધન્ય છે. પણ પ્રથમ ચરણ જુઓ, તેમાં 'તાળી દેઈ હસે' દ્વારા નિંદા સૂચવવામાં આવી છે. અર્થાત્ અહીં સ્તુતિ - પ્રશંસાને બહાને નિંદા છે કે આવા પુરુષને કઈ સ્ત્રી પસંદ કરે! તેથી અહીં વ્યાજસ્તુતિ અલંકાર છે.

ઉદાહરણઃ

1. ગાંધીજી હિંસા અને અસત્યના કટ્ટા વેરી હતા.
2. સૂર્યદેવ! તમારા કિરણોએ તો શું ધોળુ કર્યું ? અંધકારનું મુખ તો કાળું થઈ ગયું છે!
3. કૃષ્ણ છે મહાચોર, સ્મરણમાત્રથી જ ચોરી લે પાપ જન્મોનાં.
4. હે રાજા! તેં શત્રુઓની પત્નીઓને વિધવા બનાવી, જુલમીઓનો વધ કર્યો, લૂંટારાઓનો નાશ કર્યો...ત્યાં તારી સ્તુતિ કેવી રીતે કરવી?
5. ચાતક, ચકવા, ચતુર નર, નિશદિન ફરે ઉદાસ,

   ખર, ઘૂવડ ને મૂર્ખ નર, સુખે નિજ વાસ.

તમે પણ વાતચીત દરમિયાન જાણતાં-અજાણતાં વ્યાજસ્તુતિ અલંકાર વાપરતા જ હશો! તમારા મિત્રવૃંદમાં વાત કરતી વખતે, કોઈની સાથે તોફાન કરતી વખતે... યાદ કરી જુઓ!

**(4) અનન્વય :**

જ્યારે કોઈ વાત સચોટતાથી મૂકવી હોય ત્યારે અન્ય કોઈ બાબત સાથે સરખામણી કરીને, કશાની કલ્પના કરીને અભિવ્યક્તિ સધાય છે. પરંતુ ક્યારેક એવું થાય છે કે સરખામણી કરવા માટે અન્ય કોઈ યોગ્ય બાબત - ઉપમાન ન મળે ત્યારે મૂળ બાબત - ઉપમેય જ ઉપમાન તરીકે પ્રયોજાય ત્યારે તેને અનન્વય અલંકાર કહે છે. જેમ કે,

મા તે મા.

અહીં 'મા' વિશે વાત કરવી છે, પરંતુ સચોટતાથી અભિવ્યક્તિ સાધવા માટે અન્ય કોઈ ઉપમાન યોગ્ય ન લાગતાં 'મા' જ ઉપમાન તરીકે પ્રયોજાયું છે, તેથી અહીં અનન્વય અલંકાર છે.

નીચેનાં ઉદાહરણો વાંચો અને તેના ઉપમેય જ ઉપમાન તરીકે પ્રયોજાઈને કેવી સચોટ અભિવ્યક્તિ સાધે છે, તે વિચારી જુઓ.

1. મનેખ જેવા મનેખનેય કપરો કાળ આવ્યો છે.
2. ગિલાનો છકડો એટલે ગિલાનો છકડો.
3. ભાઈ, સ્વર્ગ એ તો સ્વર્ગ, આ મૃત્યુલોકમાં એની શી કલ્પના!
4. શિયાળો ઈ શિયાળો.
5. હીરો એ હીરો ને કાચ એ કાચ, એકનું સ્થાન બીજો લઈ શકે?

**નોંધઃ** મિત્રો, અહીં એક બાબત ધ્યાનમાં રાખજો કે અહીં પણ સરખામણી હોય છે. તેથી 'સમું', 'જેવો' - વગેરે ઉપમાવાચક શબ્દ પ્રયોજાયા હોય તેવું બની શકે. પણ માત્ર ઉપમાવાચક શબ્દને ધ્યાનમાં રાખીને તેને 'ઉપમા' અલંકાર ન કહેવો. સરખામણી હોય પરંતુ જ્યારે ઉપમેય એ જ ઉપમાન હોય તો એ અનન્વય અલંકાર હોય, ઉપમેય અને ઉપમાન અલગ હોય તો તે ઉપમા અલંકાર હોય. એટલે, 'મનેખ જેવા મનેખનેય કપરો કાળ આવ્યો છે.' -માં 'જેવા' ઉપમાવાચક શબ્દ છે. પણ ઉપમેય અને ઉપમાન એક જ છે, તેથી તે ઉપમા નહીં પરંતુ અનન્વય અલંકાર છે.

પોતાની વાતને સચોટતાથી અભિવ્યક્તિ કરતા આ અલંકાર તમે કૃતિઓમાંથી તો શોધી જ શકશો. પણ સાથોસાથ તમારા નિબંધલેખન, ભાષા-વ્યવહાર આદિમાં પણ અલંકાર પ્રયોજી જોજો, તમારી અભિવ્યક્તિ વધુ સચોટ થશે.

•

# 17 દિવસો જુદાઈના જાય છે

ગની દહીંવાલા

(જન્મ: 17-08-1908, મૃત્યુ: 05-03-1987)



અબ્દુલ ગની દહીંવાલા તેઓનું મૂળ નામ છે. તેમનો જન્મ સુરતમાં થયો હતો. તેમણે પ્રાથમિક શાળા સુધીનો અભ્યાસ કર્યો હતો. તેઓ દરજીકામ કરતા હતા. તેમનું મહત્ત્વનું પ્રદાન ગઝલમાં છે. 'ગાતાં ઝરણાં, 'મહેક', મધુરપ', 'ગનીમત' અને 'નિરાંત' તેમના ગઝલ - મુક્તકના સંગ્રહો છે. 'જશ્ને શહાદત' એમની હિંદીમાં લખેલી નૃત્યનાટિકા છે. 'પહેલો માળ' ત્રિઅંકી નાટક છે.

આ ગઝલ ગુજરાતભરમાં ખૂબ જાણીતી થયેલી છે. પ્રેમની ગંભીરતા, ઉદાત્તતાને સુંદર ઉપમાઓ દ્વારા આ ગઝલમાં મૂકી આપી છે. પ્રથમ શેરમાં જીવન તરફની આશાનો સંકેત છે. આજે ભલે જુદાઈના દિવસો છે પણ એક દિવસે આ જુદાઈ મિલનમાં પરિણમશે, એટલું જ નહિ પણ શત્રુઓ જ હાથ પકડીને પ્રિય વ્યક્તિ પાસે લઈ જશે. માણસે ક્યાંક દૂર દૂર જવા કરતાં બીજા માણસના મન સુધી પહોચવું એ બહુ મોટી વાત છે.

પ્રિયપાત્રને પોતાનાથી ઊંચે સ્થાપીને છેક સુધી સાથ નિભાવવાની વાત પણ રાજરાણીના ચીર, રંક નારની ચૂંદડી અને કફનના પ્રતીક દ્વારા રજૂ કરી છે. અંતિમ શેરમાં પ્રેમની ચરમ ભવ્યતા વ્યક્ત થઈ છે. 'જો હૃદયની આગ વધી 'ગની' તો ખુદ ઈશ્વરે જ કૃપા કરી, કોઈ શ્વાસ બંધ કરી ગયું કે પવન ન જાય અગન સુધી'માં જુદાઈની પીડા વધી તો મૃત્યુ સામે આવી ગયું. હૃદયની આગ - પીડા પવન સુધી એટલે કે બહાર નીકળે એની પહેલાં શ્વાસ બંધ થઈ ગયા એ ચરમ ક્ષણ પર આવીને ગઝલ પૂરી થાય છે.

---

દિવસો જુદાઈના જાય છે, એ જશે જરૂર મિલન સુધી,
મારો હાથ ઝાલીને લઈ જશે, હવે શત્રુઓ જ સ્વજન સુધી.

ન ધરા સુધી, ન ગગન સુધી, નહીં ઉન્નતિ, ન પતન સુધી,
અહીં આપણે તો જવું હતું, ફક્ત એકમેકના મન સુધી.

તમે રાંકનાં છો રતન સમાં, ન મળો હે અશ્રુઓ ધૂળમાં,
જો અરજ કબૂલ હો આટલી, તો હૃદયથી જાઓ નયન સુધી.

તમે રાજરાણીનાં ચીર સમ, અમે રંક નારની ચૂંદડી !
તમે બે ઘડી રહો અંગ પર, અમે સાથ દઈએ કફન સુધી.

જો હૃદયની આગ વધી 'ગની' તો ખુદ ઈશ્વરે જ કૃપા કરી,
કોઈ શ્વાસ બંધ કરી ગયું, કે પવન ન જાય અગન સુધી.

**('મહેક'માંથી)**

•

## શબ્દ-સમજૂતી

### બ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**ઉન્નતિ**-ઊંચે જઈ રહેલી સ્થિતિ; **ચીર**-વસ્ત્ર, કાપડ; **કફન**-શબને ઓઢાડવાનું લૂગડું, ખાપણ; **રંક**-ગરીબ

### વિરુદ્ધાર્થી શબ્દો

**રંક**×ધનવાન; **ઉન્નતિ**×અવનતિ; **સંમતિ**×અસંમતિ; **શત્રુ**×મિત્ર; **જુદાઈ**×મિલન; **ધરા**×ગગન

### સ્વાધ્યાય

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :**

(1) સ્વજન સુધી કોણ લઈ જશે ?

(A) મિત્રો (B) દુશ્મનો

(C) ઈશ્વર (D) ગની

(2) કવિને ક્યાં સુધી જવું હતું ?

(A) ધરા સુધી (B) ગગન સુધી

(C) ઉન્નતિ સુધી (D) એકમેકના મન સુધી

**2. એક - એક વાક્યમાં ઉત્તર આપો.**

(1) ગરીબ સ્ત્રીની ચૂંદડી ક્યાં સુધી સાથે રહે છે ?

(2) કવિ માટે કેવા દિવસો જતા હતા ?

**3. નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો.**

(1) કવિ કઈ અરજ કરે છે ?

**4. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો.**

(1) 'દિવસો જુદાઈના જાય છે.' - ગઝલમાં ગનીની મનઃસ્થિતિ તમારા શબ્દોમાં વર્ણવો.

(2) પંક્તિઓ સમજાવો...

''ન ધરા સુધી, ન ગગન સુધી, નહીં ઉન્નતિ, ન પતન સુધી,
અહીં આપણે તો જવું હતું , ફક્ત એકમેકના મન સુધી.''

### વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- કાવ્યના દરેક શેર માટે જૂથ ચર્ચા ગોઠવવી.
- પાદપૂર્તિના આધારે વિદ્યાર્થીઓ કાવ્યરચના કરે અને વર્ગમાં તેની રજૂઆત કરે તેવું ગોઠવો.

- શિક્ષક વિદ્યાર્થીઓને રદીફ કે કાફિયા આપશે અને વિદ્યાર્થી તેની ઉપરથી ગઝલ રચના કરશે.
- પ્રાર્થના - મહાસભામાં કવિમુશાયરાનું આયોજન કરો.

## ભાષા અભિવ્યક્તિ

- અહીં પ્રથમ છ પંકિતઓમાં સતત અને પછી એકાંતરે 'સુધી' શબ્દથી અંત્યાનુપ્રાસ વણાયો છે. ગઝલમાં પ્રાસસભર શબ્દો 'રદીફ' તરીકે ઓળખાય છે.
- મિલન, સ્વજન, પતન, મન, ચમન, ગગન, જીવન, નયન, કફન અને અગન પણ પ્રાસસભર શબ્દો છે જે શરૂઆતમાં સતત અને ત્યારબાદ એકાંતરે 'સુધી'ની આગળ વપરાયા છે. 'રદીફ'ની આગળ વપરાતા આ પ્રાસસભર શબ્દો કાફિયા તરીકે ઓળખાય છે. જે વાત હવે દૃઢ થઈ ગઈ હશે.
- ભાવની ચોટદાર અભિવ્યકિત માટે કવિએ આ ગઝલમાં ધરા - ગગન, ઉન્નતિ - પતન, રાજ - રંક, શત્રુ - સ્વજન જેવા વિરુદ્ધાર્થી પ્રયોજ્યા છે અને રજૂઆતને વધુ ધારદાર બનાવી છે.

  'ન ધરા સુધી ન ગગન સુધી, નહિ ઉન્નતિ ન પતન સુધી'
- જયારે અપેક્ષિત બે વિકલ્પોમાંથી એક પણ શકય ન હોય ત્યારે આવી રચના પદ્ય કે ગદ્યમાં થાય છે. આવી રચનાઓમાં નિષેધવાચક અવ્યય જે ક્રમે વપરાય છે તેની પણ ખાસ નોંધ લો. આ પ્રકારની અન્ય પંકિતઓ કાવ્યમાંથી શોધીને સમજીને દૃઢ કરો.
- અંતિમ શેરમાં કવિ પોતાનું ઉપનામ 'તખલ્લુસ' વણે છે. અહીં પણ 'ગની' નામ વણી લેવાયું છે.

## શિક્ષકની ભૂમિકા

કોઈપણ વસ્તુ ચિરસ્થાયી નથી તેમ સુખ કે દુઃખ પણ આવજા કરે છે. જુદાઈના દિવસો મિલન સુધી પહોંચશે અને શત્રુઓ દ્વારા જ સ્વજન સુધી પહોંચવાનો આત્મવિશ્વાસ પ્રથમ શેરમાં વ્યક્ત થયો છે.

માણસ કોઈના મન સુધી પહોંચી શકે એ સિદ્ધિ નાની નથી. આવી દરેક શેરમાં રજૂ થતી ચમત્કૃતિ, કાવ્યત્વ, શ્રોતા-ભાવક વર્ગને 'આહ' અને 'વાહ' સુધીની સફર કરાવે છે. એ ગઝલની ક્ષમતા દર્શાવે છે તે વિષે ચર્ચા કરવી.

પ્રત્યેક શેર અલગ અર્થ આપે છે તે અર્થો વિદ્યાર્થી પોતે સમજે તેવું વાતાવરણ સર્જવું.

•

# 18 ભૂખથીય ભૂંડી ભીખ



**પન્નાલાલ પટેલ**

**(જન્મ: 07-05-1912, અવસાનઃ 06-04-1989)**

પન્નાલાલ નાનાલાલ પટેલનો જન્મ માંડલી (હાલ રાજસ્થાનમાં આવેલા) ગામમાં થયો હતો. ગુજરાતી સાહિત્યના પ્રથમ પંક્તિના સાહિત્યકાર તરીકે તેમણે નામના મેળવી હતી. 'વળામણાં', 'મળેલા જીવ', 'માનવીની ભવાઈ' તેમની નોંધપાત્ર નવલકથાઓ છે. 'સુખદુઃખનાં સાથી', 'વાત્રકને કાંઠે', 'ઓરતા' તેમના વાર્તાસંગ્રહો છે. 'એળે નહિ તો બેળે'માં નાટ્યરચનાઓ સંગ્રહિત છે. તેમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' તથા સાહિત્યનો સર્વોચ્ચ ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત થયો છે.

લેખકની વિખ્યાત નવલકથા 'માનવીની ભવાઈ'માંથી આ અંશ લેવામાં આવ્યો છે. કાળુ અને રાજુ નવલકથાનાં મુખ્ય પાત્રો છે. તેમના ગામના લોકો સાથે છપ્પનિયા દુકાળમાં ટકવા ડેગડિયા આવ્યાં છે. ભૂખથી માણસો મરી રહ્યા છે. સુંદરજી શેઠ સદાવ્રત ખોલે છે. બધા અનાજ લેવા કતારમાં ઊભા છે. પણ કાળુ ખેડૂત છે, આ અનાજમાં તેનું પકવેલું ધાન્ય પણ હશે. એનો આત્મા કકળી ઊઠે છે. શેઠ એની લાગણીની કદર કરે છે. કાળુને લાગે છે કે દુકાળની આ સ્થિતિ ખાંડણિયામાં મૂકેલા માથા જેવી છે, ઘા પર ઘા પડવાના જ છે. કાળુ ખેડૂતપુત્ર હોવાથી માને છે કે ભૂખથીય ભૂંડી ભીખ છે. ભીખ માણસના આત્માને હણી નાખે છે. દુષ્કાળ સામે, કુદરતના કોપ સામે ઝઝૂમતા માણસની વેદના અહીં હૃદયસ્પર્શી રીતે પ્રગટ થઈ છે.

---

આશા હતી કે બાર બાર માસનો ગયેલો મેહ જેઠનાં પાછલાં પંદરોમાં તો જરૂર આવશે. પણ કોણ જાણે કે મેઘરાજા તો ઊંઘી ગયા કે પછી એમને ય પાણી ખૂટ્યાં કે વળતી વખતે એ વાટો લાંબી પડી!

ધરતી પર મોતનો વરસાદ વરસી રહ્યો! વનમાં ને ખેતરોમાં, બજારમાં ને શેરીઓમાં, જ્યાં જુઓ ત્યાં માનવીનાં મડદાં જ મડદાં! ક્યાં બાળવાં ને ક્યાં દાટવાં! પછી કાણ, સૂતક ને સરાવવાની તો વાત જ ક્યાં રહી! પાછળ રહેલાં તો સંબંધીને આગળ કર્યાની રાહત જ અનુભવતાં હતાં, ખુશ થતાં હતાંઃ 'ગણતાં રહ્યાં... ન દેખવાં, ન દાઝવાં!'

અરે, કાળુ સરખાને તો અદેખાઈ જ આવતી હતીઃ 'રણછોડભાઈ ને શંકરદા છૂટ્યા આ દુઃખમાંથી ને ભૂખમાંથી. અરેરે, એ તો અમ્મરિયા થઈ ગયા! ને રહ્યા આપણ! કોણ જાણે ક્યાં લગી કરજમાં આ ભૂખે ટળવળવાનું હશે?'

પેલું અનાજેય ખૂટ્યું ને વાણિયાને ત્યાંથી 'બી નહિ માગું શેઠ!' કરીને આણેલા બે મણ કોદરાય-જેમાં અડધો તો કચરો-ને તેય પાછા મેણા, ધોઈધોઈને દમ નીકળી જાય એવા. એય રાજુ, કાકાજી, સાસુ, સાસુનાં ત્રણ છોકરાં, ભલી ને પોતે-આમ સાત આઠ માણસને કેટલા દિવસ ચાલે ?

અલબત્ત એક તરફ અનાજ ઘટતું ગયું તો બીજી બાજુ સાસુ મૂવાં ને કાકોજીય નાનકડી ભત્રીજીને આગળ કરી ચાલતા થયા. કાળુ એક બાજુ ખુશ થયો તો બીજી બાજુ દુખીય એટલો થયો. 'આ વગર કામનાં જીવે છેઃ ને કામનાં મરી જાય છ!'

અષાઢનાં આભલાં ચોખ્ખાં-ચટ! ઢોરઢાંખ ને માનવી વિનાનાં પાધરપટ પેલાં ખેતરો જોઈ લ્યો. દૂર દૂરની ક્ષિતિજો સુધી વાદળાંનું નામનિશાન ન હતું. જ્યારે તાપ તો-અરે! વૈશાખ જેઠના તડકાય આ અષાઢિયા તાપ આગળ તરણા તોલે જ લાગતા હતા!

આ તરફ ડેગડિયાનું મહાજનેય વિચારમાં પડી ગયું. ધનવાળાઓએ મકાન ઉઠાવ્યાં હતાં ને ધાનવાળાઓય 'હા - ના,' 'હા - ના,' કરતાં ગયા ને ઓછું-વધતું ધીરતા ગયા. તો કોઈકને વળી સલાહ આપીઃ 'આ અંગ્રેજ

સરકાર રેલ પથરાવે છે ને ધાન આલે છે માટે જાઓ ત્યાં જો જીવવું હોય તો.'

ડેગડિયાંમાં રહેલાં માનવીય, અરે ધરાઈને ખાતાં હતાં એવાં મહાજનોય મરવા માંડ્યા. પછી એ તો અતિશય તાપને લીધે કે-પરદેશમાંથી આવી પહોંચેલા ડેગડિયાના વતની સુંદરજી શેઠે કહ્યું એમેય હોયઃ 'આ ભૂખ્યા ખેડૂતોનો નિસાસો પડ્યો!'

ગમે તેમ પણ ડેગડિયાના મહાજને સુંદરજી શેઠની વાત ધ્યાનથી સાંભળી. 'વરસાદ નહિ આવે તો તો આપણ-જેની જેની પાસે ધાન હશે એય નથી જીવવાનાં, ને આવશે તો આના આ જ માનવી, એકનું અનેકગણું પકવી આપવાનાં છે. આપણ કંઈ હળ હાંકવાના ઓછા છીએ!'

ને ડેગડિયાના મહાજને કોઠારમાંથી ધાન કાઢી આપવાનું કબૂલ કર્યું. કિંમત પણ અડધી જ લીધી. અડધો ભાગ ધરમમાં રાખ્યો.

જોકે, શરૂશરૂમાં તો ધરમાદુ ખાનાર બહુ ઓછા નીકળ્યાઃ, પણ દિવસે દિવસે સંખ્યા વધતી ચાલી. ભૂખે ટેકને ઠોકરે ચઢાવી.

કાળુનેય રાજુએ વિનવ્યોઃ, 'તમે તો કે'તાતા ને કે આ કોઠારમાં આપણાં ધાન છે.'

'તે આપણાં જ છે ને?'

'તો પછી માજન આલે છે ને લેવું છે એમાં શરમ શાની ?'

'ગણે એને તો ખરી જ ને ? ને આપણાં છે એટલે તો ઊલટાની વધારે શરમ ! આપણાં ધાન ને તોય આપણે હાથ ધરવાનો, ભીખ માગવાની !

'લો હેંડો હેંડો ! એવું બધું ગણ્યા વગર ઊઠો, નકર હુંય નથી જવાની. જઉં તો જેને તમારા સોગન છે ! આ બે છોકરા ય ભલે ભેગા મરી જતા.'

લોચો વળીને પડેલા કાળુને ઊઠ્યે જ છૂટકો થયો. પણ એક શરતે : 'હું તારી સાથે આવું તે ભલે, બાકી હાથ તો નથી જ ધરવાનો.'

'ન ધરતા; તમારી વતી હું ધરીશ, પછી તો ખરું ને ?'

'અરે ગાંડી...!' કાળુની ઊંડી ઊતરી ગયેલી આંખોમાં, બહાર નીકળી આવેલાં જડબાનાં પેલાં હાડકાં ઉપર હાસ્ય જેવું કાંઈક ફરી રહ્યું. બોલ્યો, 'આ દોઢપાશેર ખીચડી જિવાડશે એમ તું માને છે ? અરે, બશેર આલે તોય મારું પેટ તો નથી ભરાવાનું!' આગળ થતાં ઉમેર્યું, ને તું એમ જાણે છે કે વરસાદ આવવાનો છે ? આ તો પરથમીનો પલ્લો(પ્રલય) થવા બેઠો છે, ભૂંડી ! નથી આપણ જીવવાનાં કે નથી જીવવાનાં મા'જનેય! ત્યારે શું કામ ભૂંડી આ મરતી ઘડીએ કણબીના દીકરા પાસે હાથ ધરાવે છે ? ના, ના રાજુ ! તું એકલી જા, હું તો નથી જ આવવાનો.' ને એ થંભી ગયો. દૂર દેખાતી પેલી દરિદ્રનારાયણોની લાંબી કતાર તરફ આંસુવિહોણી રડતી આંખે તાકી રહ્યો. સ્ત્રી-પુરુષોનાં એ અર્ધનગ્ન હાડપિંજરોમાં પટેલ હતા ને બ્રાહ્મણોય હતા. કોઈ કોઈ વાણિયામાંથી પણ હતા, જ્યારે ઠાકરડાની તો મોટી સંખ્યા હતી. ઘાંચી અને સિપાઈ હારમાં સેળભેળ હતા. પણ એ બધાયમાં ઝાઝો ભાગ તો હતો ખેડૂત જ ને ! કાળુના પગ જ જાણે જડાઈ ગયા. 'ભગવાનને જીવતો રાખવો હશે તો મોખાનાં છેડાંએ જ-'

'પણ મારી સાથે તો ચાલો! કે મનેય તમારે ભૂખે મારી નાખવી છે? તમારા આ બે સાળાઓનો વિચાર કરો!' રાજુ કરગરતી હતી.

'મારે વાદે તમે શું કામ મરો! લે હેંડ'. અને વળી એણે પગ ઉપાડ્યો.

પાસે જતાં એણે ચારે બાજુ નજર ફેરવી. ઊંચા ઓટલાવાળી મંદિરની પરસાળમાં સુંદરજી શેઠ, આંખ મીંચાઈ જાય એવાં કપડાં-સફેદ ધોતિયું ને અંગરખું, સોનેરી તલાવાળી રાતી પાઘડી ને ગળે દુપટ્ટો વગેરે પોશાકમાં શોભતા ગોળ તકિયાને અઢેલીને ગાદી પર બેઠા છે. બીજા મહાજનો પણ આસપાસ ગોઠવાયેલા છે.

ટોટાદાર તમંચા સાથે એક તરફ ખુરશી ઢાળી ફોજદાર બેઠા છે, તો હવાલદાર પેલી કારતૂસી બંદૂક સાથે ચારે બાજુ નજર ફેરવતો તોલાટની બાજુમાં ગોઠવાયેલો છે. કેટલાક સિપાઈ લાકડીઓ સાથે ફરી રહ્યા છે. આવનારાઓને છેલ્લે કાઢે છે, લેનારને ચેતવણી આપે છેઃ 'જો ભૂલેચૂકે ફરીથી આવ્યો તો છાતીમાં આ ટોટો જ સમજી લેજે.'

રાજુને પેલા છેડે પહોંચાડવા જતા કાળુને આંખે એવા એવા માણસો નજરે પડ્યા કે જેણે ખળામાંથી ઊંચકાય એટલા દાણા બ્રાહ્મણોને દાન કરેલા. તો વળી ઘરમાં ધાન નાખવાની એક વખત જગ્યા ન હતી એવાય એમાં ઊભા હતા. અરે, નાના સરખો લૂંટફાટને શરમ માનનારો ને ભાઈનું દીધેલું ન લેનારોય કંગાળ બનીને હારમાં પડ્યો હતો.

'અરેરે! ભૂખ જ ભૂંડી છે, નઈ? નકર વળી-' કાળુની આંખો ભીની થઈ આવી. જ્યારે વિચાર તો અનેક ઊઠતા હતાઃ 'જેના ધણી આગળ દુનિયા આખી ભલભલા રાજા મા'રાજા ને શેઠિયાઓ હાથ ધરતા આવતા એના જ ધણીને આજે હાથ ધરવાનો? ને તેય એક દોઢપાશેર ખીચડી માટે ? ધિક્ પડ્યો એ અવતાર ને ધિક્ પડ્યું એ જીવવુંય!'

પણ આવા વિચારવાળો એક કાળુ જ ન હતો, બીજાય કેટલાક હતા જે અહીં ડોકાયા ન હતા. શંકરદા ને રણછોડ જીવતા હોત તો એય બીજું ગમે તે કરત પણ આમ હારે પડીને આખી દુનિયા દેખે એ રીતે હાથ તો ન જ લંબાવત!

કાળુ, રાજુ તથા પેલાં બે છોકરાંને લાઈનમાં ઊભાં રાખ્યાં ન રાખ્યાં ને તરત જ કાળુ પાછો વળી ગયો. સિપાઈએ ટોક્યોઃ 'એ ઠૂંઠિયા ! ક્યાં જાય છે એમ ?'

'ક્યાં તે મારા મુકામ પર.' કાળુએ પાછળ જોયા વગર જ કહ્યું. પગ તો ચાલુ જ હતા.

'અરે ઊભો રે', એ ઝરખ ! સુનતા નઈ હ ?'

કાળુ ઊભો રહી ગયોઃ કહ્યું, 'પણ મારે નથી ખાવું ધરમાદું, પછી?'

'કેમ નથી ખાવું ? આ બધા લે છે ને તું કેમ ન લે ? મોટો લાટ થઈ ગયો એમ ?'

કાળુને તો આ જબરદસ્તી નવાઈની લાગી. ને એય તંગ બન્યોઃ 'લાટ હોત તો લેત પણ કણબી છું એટલે નઈં લઉં. તું તૂટી જઈશ તોય નઈં લઉં! ચાંપી દેવો હોય તો ચાંપી દો ટોટો. આ ઊભો.'

માનવીની એ આખીય કતાર ડોક ફેરવી રહી; કાળુ સામે-ધરતીના જાયા સામે તાકી રહી, ખુદ પેલા ફોજદાર અને સુંદરજી શેઠેય ઊંચી ડોક કરી. ને...

સિપાઈ કંઈ ગડદાપાટુ કરે તે પહેલાં તો એમણે એક મહાજનને મોકલી કાળુને પોતાની પાસે બોલાવ્યો, અને પૂછ્યું, 'કેમ ભાઈ, પટેલ, તું આ પેટિયું નથી લેતો ?'

કાળુ શો જવાબ આપે! ને આપે તોય એના મનથી તો ખાતરી હતી કે આ લોક એના જવાબને-કણબીના દિલને નહિ સમજી શકે! સામે પડેલો આ ધાનનો ઢગલો અમારો એમ કહીશ તો ઊલટો ટોટો ચાંપી

દેશે ને વળશે કંઈ નઈ ! અરે, વળે શું નંઈ ! જો આ બધા ધાનના ધણીઓ હાથ ધરવાને બદલે ઉગામે તો આ બંદૂકવાળાય નાસવા માંડે ઊભી પૂંછડીએ!

'શા વિચારમાં પડી ગયો છે, ભાઈ! મને તું જવાબ તો આપ.' સુંદરજી શેઠના શબ્દોમાં મીઠાશ નહિ, હૈયાને સુંવાળું સુંવાળું લાગે એવું કંઈક ટપકતું હતું.

ને તેથીસ્તો કાળુની પેલી આગભરી આંખોમાંથી ટપટપ કરતાં આંસુ જ ખરી પડ્યાં: 'શું કહું શેઠ ! છાતી સામે અમારા જ કમાયેલા આ ધાનના ઢગલા જોઈને અમારાં કાળજાં શું કે તાં...'

પણ 'હશે' કહે તે પહેલાં તો ડૂસકું નીકળી પડ્યું. એ ધ્રૂસકે ધ્રૂસકે રડી ઊઠ્યો.

આવડા મોટા શેઠ, મહાજનો ને ફોજદાર આગળ જઈ સવાલજવાબ કરતા કાળુને જોઈ દૂર ઊભેલો નાનો બળી ઊઠ્યો... કાળુને રડતો જોઈ: 'આવો લાગ મળ્યો'તો કે મળશે ?' ને ઘાંટો પાડી કહી નાખ્યું: ''હાથ ન તો ધરવો ત્યારે હવે રોવા શું બેઠો છે?''

પણ આ શબ્દોએ સુંદરજી શેઠને જરાક ખાટા કરી મૂક્યા! અરે, પેલા ફોજદારનેય દાઝ ચઢી, પણ નાનાનાં એટલાં વળી સદ્‌ભાગ્ય કે એને બોલતો એણે દેખ્યો ન હતો ને ત્યાં વળી સુંદરજી શેઠ બોલતા થયા: 'હું જાણું છું જુવાન, કે તને તારા જ ધાન માટે હાથ ધરતાં શરમ આવે છે. પણ અમનેય સદાવ્રત ખોલતાં એટલી જ શરમ આવે છે! સમસ્ત પૃથ્વીનું પાલન કરનારને અમે તે ક્યાં સુધી પાળવાના છીએ! આ તો મેઘરાજાને પાણી પોંચાડવા જેવી વાત છે!' શેઠે હાસ્ય કર્યું. પણ સાવ ફિક્કું. જોરથી શ્વાસ લેતાં ઉમેર્યું: 'પણ શું થાય, ગાંડા! કુદરત આગળ આપણ બધાંય લાચાર છીએ જો, તું એક વાર મારી સામે જો.'

કાળુએ ઊંચે જોયું.

'તને એમ લાગતું હોય કે આ ધર્માદા છે, હાથ ધરતાં તને સંકોચ થતો હોય, તો કાલથી તું આ ઓટલા પર આવીને ઝાડું મારી જજે ને મુખિયાજી પાસેથી ગાદીતકિયા માગીને અહીં પાથરી દેજે. પછી તો બસ ને? પછી તને એમ નહિ થાય ને કે હું મફત-ધર્માદા ખાઉં છું?'

કાળુને પોતાના પેલા વિચાર જાણે બાલિશ લાગવા માંડ્યા. શેઠની મોટાઈને માથે ચઢાવી એ આંખ વાટે વંદી રહ્યો. મનમાં મનમાં કહેતોય હતો: 'શેઠ હજો તો આવા મોટા ગજાના હજો!'

શેઠે વળી કહ્યું: 'તારા જેવા બીજા હોય તો એમનેય સમજાવજે. કે'જે કે તમારું છે ને તમને આપીએ છીએ. એમાં ધર્માદા જેવું કંઈ જ નથી.'

કાળુએ ડોકું હલાવ્યું. અહેસાન માનવાના શબ્દો ન સૂઝતાં સુંદરજી શેઠને 'જે શ્રીકૃષ્ણ' કરીને ચાલતો થયો. લાઈનમાં જઈને ખડો થઈ ગયો. 'અમારું છે ને અમારે લેવું છે... મારુંય આમાં હશેસ્તો. પેલા વલ્લાવાળા ક્યારડાની મારી સાળ હાથમાં ફેરવેલી ને રમાડેલી એ સાળના ચોખા, ઓળખી કાઢું-વીણી દેખાડું કો'તો!'

સિપાઈને તો કોણ જાણે કેમ પણ કાળુ જાણે આંખનો પાટો અને તેય જાણે મરચાંનો હતો. પણ ફોજદાર જેને સલામ ભરતા હતા એવા ખુદ શેઠની જ એના પર મહેરબાની ઊતરી હતી, અરે 'મોઢામોઢ' એનાથી વાતો કરી પછી એને કરી પણ શું શકાય ? ને એ લોક કાળુ ઉપરની દાઝ બીજા ઉપર ઉતારી રહ્યા. 'પાલનહાર જોયા હોય તો! બરાબર હારમાં ઊભો રે...!'

એ દોઢપાશેર ખીચડી ફાટેલા ધોતિયાની ફડકમાં લઈને રવાના થતાં કાળુને હસવું આવ્યું: 'આ તો બાવાનાં બેય બગડ્યાં, એના જેવો ખેલ થયો! ટેકેય ખોયો ને જીવ પણ ખોવાનો!'

કાળુની વાત ખોટી ન હતી. અત્યાર સુધી તો પાશેર-દોઢ પાશેર પણ મકાઈ કોદરા સરખું 'નકુર' ધાન

મળતું તું, જ્યારે આ તો કાળુના જ શબ્દોમાં કહીએ તો 'એક ઓડકાર' ખાતામાં જ આ દોઢપાશેર ખીચડી હજમ! ને વાટ જોતી ઊભેલી રાજુને કહ્યું: 'રાજુ, પેલા કે'નારે ખરું જ કહ્યું છે કે 'રામ! તારી કેવી ગતિ, કે કુણ કમાય કોની વતી!...' આપણું તો કપાળેય કાણું છે ને આ ખોબોય કાણો નીકળ્યો.'

રાજુ ચિડાઈ ઊઠી: 'મારો ભાઈ ને ભગો કે છે એમાં જરાય ખોટું નથી.' ને આંખો કાઢતાં કહ્યું. 'ખબરદાર, જો હવે આવો કશો બબડાટ કર્યો છે તો. અડધા તો આમ ગણીગણીને જ મરવા પડ્યા છો. તમારા ડિલ સામે તો જુઓ! તમને ખબર છે ડાકણમાં ડાકણ કુણ છે જાણો છો?'

કાળુને તો રાજુની ગાળોય ગોળથી મીઠી હતી. જ્યારે આ ઠપકો હતો ને તેય મીઠો. હસતાં હસતાં વચ્ચે જ બોલી ઊઠ્યો: 'ડાકણમાં ડાકણ તો ભૂખ છે, પણ...'

પણ રાજુ અત્યારે રમૂજમાં ન હતી. બોલી ઊઠી: 'ના ! ડાકણ ચિંતા છે. માનવીના કાળજાને ખોતરી ખાય છે!' ને પછી તો રાજુએ એને કેટલીક સમજણ શિખવાડી, શિખામણ દીધી.

'હા, ભાઈ, હા. હેંડ હવે એ બધો લવારો નઈ કરું.' આમ કહેતો કાળુ વળી પાછો ગંભીર બન્યો. બની જવાયું. બોલ્યો: 'પણ ભૂંડામાં ભૂંડું શું છે એ જાણે છે તું?'

'ભૂખ, શું તે?'

'ના ! હું ય ભૂખને ભૂંડામાં ભૂંડી કે'તો'તો. પણ એનાથી ય ભૂંડું આજ એક બીજું ભાળ્યું....'

કાળુએ ધોતિયાની પેલી પોટલી ઉપરથી નજર ઊંચકી રાજુ સામે માંડી. આરપાર તાકતો હોય તેમ જોઈ રહેતાં પૂછ્યું: 'તને ખબર છે? ભૂખથીય ભૂંડી ભીખ છે. ભૂખ તો હાડમાંસ ગાળી નાખે છે, પણ આ ભીખ તો' કાળુ જાણે બેભાનમાં એકલો એકલો લવતો હતો, 'રાજુ! ખરું કહું છું, આપણાં ગુમાન ને આતમાનેય ઓગાળી નાખે છે, પાણી કરી દે છે! ને યાદ રાખજે'

રાજુ માટે હવે આ અસહ્ય થઈ પડ્યું, ને મા જેમ છોકરાને ધમકાવે તેમ ધમકાવતાં બાવડું ઝાલી હડસેલ્યો: 'તમે છાનામાના ઘેર હેંડો ઘેર, નકર?' પણ આ સાથે જ એનો અવાજ ઢીલો પડી ગયો: 'શું કામ બધાં ભેગાં થઈને મારો જીવ ખાઓ છો? કહેતાં પેલાં બે છોકરાંનેય હડસેલ્યાં. આના કરતાં તો હું જ મરી ગઈ હોત તો'

રાજુના કંટાળાએ કાળુને ભાનમાં આણ્યો. પછતાતો હોય તેમ લાચાર અવાજે કહ્યું: 'તારા સમ ખાઈને કહું છું, રાજુ, હવેથી હું આવો કાંઈ લવારો કરું તો જેને ભગવાન પૂછે જો.'

'તો હેંડો છાનામાના-' ને કાળુ આજ્ઞાંકિત પુત્રની જેમ આગળ થઈ ગયો. પેલાં બે છોકરાં સાથે ચાલવા લાગ્યો.

કાળુએ ન બોલવાના સોગન ખાધા હતા. બાકી એનું અંતર તો પાછાં ફરતાં ને શેરીઓમાં ભટકતાં પોતાનાં બાંધવોની હાલત જોઈને બળ્યે જતું હતું. કપડેલત્તે ને દેદારે તો બેહાલ હતાં જ ને તેમાં આજ વળી પેટિયાં લીધાં હતાં...ભિખારીઓનાં ટોળાં જ બરાબર ! ને...કાળુની આંખમાંથી ડબડબ કરતાં આંસુ સરી પડ્યાં. મનમાં મનમાં કહીય રહ્યો: 'અડધો અષાડ ગયો તોય ના આવ્યો. ત્યારે હવે ખાંડણિયામાં માથું ને ધીમો કેમ રામ! આ દોઢપાશેર ખીચડી વળી શું કામ? હવે તો ઝીંકવા જ માંડ! નથી વેઠાતાં રામ! ભૂખોય નથી વેઠાતી ને આ ભીખય! માટે ઝીંકવા જ માંડ!' પણ મકાનનો ઓટલો ચડતાં ખુદ કાળુ જ ઝીંકાઈ પડ્યો. પછી એ તો ગરમ વિચારોને લીધે, ભૂખનો માર્યો કે ગમે તે કારણે હોય.

**('માનવીની ભવાઈ'માંથી)**

## શબ્દ-સમજૂતી

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**અદેખાઈ**-ઈર્ષ્યા, બીજાનું સારું જોઈને થતી દ્વેષની લાગણી; **છપના**-છપ્પનિયો દુષ્કાળ, (સંવત 1956નો છપ્પનિયો દુકાળ); **શાળ**-શાલિ, ડાંગર, કમોદ; **કંગાળ**-દરિદ્ર, ગરીબ; **હાર**-કતાર

### તળપદા શબ્દો

**લાટ**-મોટા સાહેબ, સત્તાધીશ; **આણેલા**-લાવેલા; **સોગન**-સોગંદ, કસમ; **આભલું**-આકાશ, વાદળ; **આલવું**-આપવું **મલક**-દેશ, મુલક; **ધરમ**-ધર્મ; **હેંડો હેંડો**-ચાલો ચાલો; **પાશેર**-પા; **પરથમી**-પૃથ્વી; **ફડક**-પહેરેલા કપડાનો ઝૂલતો છેડો; **પલ્લો**-પ્રલય, વિનાશ; **વાહે**-લીધે; **નઈં**-નહીં; **ધિક્**-ધિક્કાર; **પેટિયું**-રોજી, પેટના માટે મજૂરી કરનારું; **ભૂંડું**-ખરાબ; **લાગ**-તક, મોકો; **લવારો**-બબડાટ; **કુણ**-કોણ; **દિલ**-શરીર, તન; **નકુર**-નક્કર

### વિરુદ્ધાર્થી શબ્દો

**ધરતી**×આકાશ; **સવાલ**×જવાબ; **સુંવાળું**×બરછટ, ખરબચડું; **દરિદ્ર**×અમીર; **સહ્ય**×અસહ્ય; **સદ્ભાગ્ય**×દુર્ભાગ્ય

### રૂઢિપ્રયોગો

**ચાલતા થવું**-મૃત્યુ પામવું; **પગ જડાઈ જવા**-સ્તબ્ધ થઈ જવું, સ્થિર થઈ જવું; **આંખો ભીની થવી**-લાગણીશીલ થઈ જવું; **દાઝ ચઢવી**-ગુસ્સો આવવો

### શબ્દસમૂહ માટે એક શબ્દ

**મરણ પાછળ રોવું, કૂટવું અથવા લૌકિક**-કાણ; **સગાસંબંધીમાં જન્મ તેમજ મરણ વગેરેથી પાળવામાં આવતું અલગપણું**-સૂતક; **મરણ પાછળ ક્રિયા કરાવવી, શ્રાદ્ધ કરવું**-સરાવવું; **અનાજ ભરવાનો ઓરડો, વખાર, ભંડાર**-કોઠાર; **પૃથ્વી અને આકાશની જ્યાં સંધિ દેખાતી હોય છે તે રેખા**-ક્ષિતિજ

### સ્વાધ્યાય

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :**

(1) કેમ ભાઈ, પટેલ, તું આ પેટિયું નથી લેતો ? આ વાક્ય કોણ કોને ઉદ્દેશીને કહે છે ?

(A) શેઠ કાળુને કહે છે.
(B) સિપાઈ કાળુને કહે છે.
(C) રાજુ કાળુને કહે છે.
(D) કાળુ રાજુને કહે છે.

(2) કાળુ માને છે કે જગતમાં સૌથી ખરાબ બાબત....

(A) કીર્તિની ભૂખ છે.
(B) માનવીની જરૂરિયાત છે.
(C) માનવીની ઈર્ષ્યા છે.
(D) સ્વમાન ગુમાવી ભીખ માટે હાથ લંબાવવો તે છે.

**2. એક - એક વાક્યમાં ઉત્તર આપો.**

(1) દુકાળના વખતમાં લોકોને કોણે મદદ કરી ?

(2) કાળુ અને રાજુ ભૂંડામાં ભૂંડી બાબત કોને કહે છે?

(3) સદાવ્રતમાં અનાજ લેવા કોણ - કોણ ઊભા હતા ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો.**

(1) અંતે કાળુ અનાજ માટેની મદદ લેવા શા માટે તૈયાર થાય છે ?

(2) 'બાવાનાં બેય બગડ્યાં' એમ કાળુ શા માટે કહે છે ?

(3) સુંદરજી શેઠ વિશે પાંચ વાક્યો લખો.

**4. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો.**

(1) આ વાર્તાને આધારે કાળુનું પાત્રાલેખન કરો.

(2) આ વાર્તાને આધારે દુકાળની ભયાનકતા તમારા શબ્દોમાં આલેખો.

(3) રાજુની મનોવ્યથા તમારા શબ્દોમાં આલેખો.

## ભાષા-અભિવ્યક્તિ

- ઓછા શબ્દોમાં આબેહૂબ અને અસરકારક વર્ણન આ કૃતિનું ધ્યાનાકર્ષક પાસું છે જે નીચેનાં વાક્યોથી સમજાશે.
  - ભૂખે ટેકને ઠોકરે ચઢાવી હવે ખાંડણિયામાં માથું તો ધીમો કેમ રામ ?
  - ભૂખથીય ભૂંડી ભીખ છે.
- લેખકે વર્ણનને અસરકારક બનાવવા આલવું, અમ્મરિયા,મા'રાજ, હેંડવું.. જેવા તળપદા શબ્દો; દાઝ ઉતારવી, ઊભી પૂંછડીએ ભાગવું જેવા રૂઢિપ્રયોગો અને બાવાના બેય બગડવા, દેખવું નહિ ને દાઝવું નહિ જેવી કહેવતો પાસે સરસ કામ કઢાવ્યું છે.
- વરસાદ વરસાવતા અષાઢ માસમાં વાદળો નહિ હોવાથી આકરો તાપ લાગતો હતો. - દુષ્કાળની આ સ્થિતિ આમ જ વર્ણવાય તો વર્ણન સાવ સામાન્ય બની રહે પરંતુ આ જ વાત લેખકે અહીં કેવી સરસ રીતે રજૂ કરી છે તે જુઓ.
  - વૈશાખ જેઠના તડકાય અષાઢિયા તાપ આગળ તરણા તોલે હતા.
- 'દુષ્કાળમાં ભૂખે મરતા ખેડૂતને થોડું અનાજ આપવું પડે!' તેની રજૂઆત જુઓ... (અનાજ આપવું) 'આ તો મેઘરાજાને પાણી પોં'ચાડવા જેવી વાત છે.' વર્ણનની આ કલા માણતા શીખો.
- કાળુ, રાજુ, સિપાઈ અને શેઠ જેવાં વિવિધ પાત્રો દ્વારા થયેલ વિવિધ પ્રકારનો ભાષાનો ઉપયોગ પણ ધ્યાને લો.

## શિક્ષકની ભૂમિકા

જગતનો તાત જે અનાજ પકવીને સૌને જિવાડે છે તે જ ખેડૂતને પોતે પકવેલું અનાજ ભીખમાં માગવા ઊભા રહેવું પડે તે હૃદયદ્રાવક સ્થિતિનો ચિતાર વિદ્યાર્થીઓને આપવો.

પરિસ્થિતિ સાથે સમાધાન સાધવા મથતા કાળુના મનઃસંઘર્ષને સ્પષ્ટ કરવો. વિકટ પરિસ્થિતિમાં સંપ, સહકાર અને સમજથી કામ લેવું જોઈએ તે મહાજનના પાત્ર દ્વારા લેખકે વ્યક્ત કર્યું છે તેની ચર્ચા વિદ્યાર્થીઓ સાથે કરવી.

'માનવીની ભવાઈ' કૃતિ વાંચવા વિદ્યાર્થીઓને પ્રેરણા આપવી.

•

# 19 એક બપોરે



રાવજી પટેલ

(જન્મ: 15-11-1939, મૃત્યુ: 10-08-1968)

રાવજી છોટાલાલ પટેલનો જન્મ ખેડા જિલ્લાના ડાકોર પાસે વલ્લવપુરાના ખેડૂત પરિવારમાં થયો હતો. તેમનો એકમાત્ર કાવ્યસંગ્રહ 'અંગત' છે. તેમનાં ઊર્મિકાવ્યો, ગીતો અને દીર્ઘકાવ્યોમાં અનેક રંગદર્શી ભાવછટાઓનું ચોટદાર ચિત્રણ થયું છે. 29 વર્ષની યુવાન વયે ટી.બી. ના કારણે તેમનું અકાળે અવસાન થયું હતું. તેમણે 'અશ્રુઘર' અને 'ઝંઝા' એમ બે નોંધપાત્ર નવલકથાઓ આપી છે. 'વૃત્તિ અને વાર્તા' એમનો વાર્તાસંગ્રહ છે.

કૃષિ કવિ તરીકેની રાવજી પટેલની પ્રતિભાને દૃઢ બનાવતી આ તેમની જાણીતી રચના છે. કટાવ અને મનહર જેવા મિશ્ર છંદમાં અને બોલચાલની લઢણમાં રચાયેલી આ રચનામાં ખેડૂતની એક વેદનાશીલ બપોરનું આલેખન છે. સારસી એ પ્રિયતમા કે પત્નીનું પ્રતીક છે તો સાથે સાથે એ જીવનનું પણ પ્રતીક બને છે. કાવ્યમાં વપરાયેલા બધા જ શબ્દો ખેડૂતજીવન સાથે જોડાયેલા છે. કાવ્યનાયકના મનમાં એક એવી વેદના છે જેના કારણે એને આસપાસના કોઈ કાર્યમાં કે વસ્તુમાં રસ નથી રહ્યો. ટી.બી.ના રોગને કારણે મૃત્યુને નજીક આવતું જોવાના કારણે પણ આ ભાવ વ્યક્ત થયો હોય. છાશ, રોટલો, તમાકુ, તાપણી, મહુડો આ બધું જ રસથી છલકાતું જગત છે જેમાં કાવ્યનાયકને હવે કોઈ રસ નથી રહ્યો. બપોર જીવનના મધ્યાહ્નનું જ પ્રતીક છે. વસ્તુ જગતના આવા નિરૂપણથી કવિએ કાવ્યને વધારે આસ્વાદ્ય બનાવ્યું છે.

---

મારા ખેતરને શેઢેથી
લ્યા, ઊડી ગઈ સારસી !
મા,
ઢોચકીમાં છાશ પાછી રેડી દે.
રોટલાને બાંધી દે.
આ ચલમની તમાકુમાં કસ નથી;
ઠારી દે આ તાપણીમાં
ભારવેલો અગની.
મને મહુડીની છાંય તળે
પડી રહેવા દે.
ભલે આખું આભ રેલી જાય.
ગળા સમું ઘાસ ઊગી જાય.
અલે એઈ,
બળદને હળે હવે જોતરીશ નઈં....
મારા ખેતરને શેઢેથી -

('અંગત' માંથી)

### શબ્દ-સમજૂતી

#### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**શેઢો** બે ખેતર વચ્ચેની હદનો થોડો ખુલ્લો મૂકેલો પટ્ટો; **લ્યા** એલા, અલ્યા (એક તુંકારાભર્યું પુરુષવાચક સંબોધન)

### તળપદા શબ્દો

**ઢોચકી** દોણી, માટીનું વાસણ **ભારવેલો** ચૂલામાં અગ્નિ ઉપર રાખવાળી તેને સળગતો રાખવો **લ્યા** એલા, અલ્યા **અગની** અગ્નિ **સમું** સમાન **તળે** નીચે **નંઈ** નહીં **છાંય** છાંયડો

### સ્વાધ્યાય

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :**

(1) ખેતરના શેઢે શું બન્યું હતું ?

(A) બળદ થાકીને બેસી ગયા હતા. (B) સારસી ઊડી ગઈ હતી.

(C) વરસાદ તૂટી પડ્યો હતો. (D) ગળા સમું ઘાસ ઊગી ગયું હતું.

(2) કવિ કયા વૃક્ષ નીચે બેઠા હતા ?

(A) બાવળ (B) બોરડી

(C) આંબો (D) મહુડી

**2. એક - એક વાક્યમાં ઉત્તર આપો.**

(1) ઢોચકીમાં છાશ પાછી રેડવાનું કવિ કોને કહે છે ?

(2) કવિ ભારવેલો અગ્નિ ઠારી દેવાનું કેમ કહે છે ?

**3. નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો.**

(1) કવિ ક્યાં સુધી મહુડીની છાંય તળે પડી રહેવા માગે છે ?

**4. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો.**

(1) સારસીના ઊડી જવાથી કવિ ઉપર થયેલી અસર તમારા શબ્દોમાં લખો.

(2) ગ્રામજીવનમાં ખેતર-વાડીનું બપોર વેળાનું ચિત્રાત્મક વર્ણન કરો. -

## વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- તમારી કલ્પનાના ખેતરનું શબ્દચિત્ર આલેખો યા રંગ-રેખાથી ચિત્ર દોરો.

## ભાષા-અભિવ્યક્તિ

- ગદ્યની છાંટવાળા આ કાવ્યમાં ‘મા’ અને ‘અલે એઈ’ નું સંબોધન કાવ્યને ગતિ આપે છે. અહીં સંબોધન છે પણ સંવાદ નથી, જે બાબત કવિની એકલતાનું માર્મિક સૂચન કરે છે.
- ‘રેડી દે’, ‘બાંધી દે’, ‘રહેવા દે’, ‘જોતરીશ નહિ’ - જેવા આજ્ઞાર્થ રૂપોથી કવિ ‘મનની સ્થિતિની’ ગૂંથણી કરે છે. - આ રૂપો કાવ્યની વિશેષતા બન્યાં છે.
- કવિએ અહીં વાપરેલ શેઢો, ઢોચકી, છાશ ને રોટલા, ચલમ, તાપણી, મહુડીની છાંય - ગ્રામ પરિવેશને, ગામના ખેતરને કેવું તાદશ્ય કરી દે છે તે જુઓ.

## શિક્ષકની ભૂમિકા

રાવજી પટેલ ગ્રામજીવનના સ્વાનુભવથી ભર્યા ભર્યા કવિ છે. ગ્રામ પરિવેશ તેમની કવિતામાં ઊડીને આંખે વળગે તે રીતે આલેખાય છે તે જણાવવું.

પોતાના ખેતરના શેઢે વસતી સારસી ઊડી જતાં વ્યગ્ર બનેલા કવિને કશું ગમતું નથી. બપોરનું ભાથું, હળ, બળદ, ખેતી બધું નીરસ લાગે છે.

પક્ષીપ્રેમની સાથે પ્રિયપાત્ર માટેનો વિરહિત લગાવ પ્રતીકાત્મક સ્વરૂપે રજૂ થયો છે તેની પણ સમજ આપવી.

•

# 20 વિરલ વિભૂતિ



**આત્માર્પિત અપૂર્વજી**
**(જન્મ: 04-01-1977)**

આત્માર્પિત અપૂર્વજીનો જન્મ મુંબઈમાં થયો હતો. યુવાવયથી જ તેઓ આધ્યાત્મિક્તા તરફ વળ્યા હતા. તેમણે ધરમપુરના શ્રીમદ્ રાજચંદ્ર મિશનના સંસ્થાપક પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈનું શિષ્યત્વ સ્વીકાર્યું છે. પોતાનું જીવન તેમણે સેવા અને સાધનાને સમર્પિત કર્યું છે. તેઓ શાસ્ત્રોના ઊંડા અભ્યાસી છે. વળી, ઉત્તમ વક્તા છે. દેશ-વિદેશમાં તેમણે અનેક શિબિરોનું સંચાલન કર્યું છે. તેઓ 'સદ્‌ગુરુ એકોઝ' માસિકના તંત્રી છે.

આ ચરિત્રનિબંધમાં શ્રીમદ્ રાજચંદ્રનાં જીવન અને દર્શનની ઝાંખી કરાવવામાં આવી છે. શ્રીમદ્ અર્વાચીન યુગના મહાન આધ્યાત્મિક સંત હતા. ટૂંકા આયુષ્યમાં તેઓ એક યુગપ્રવર્તક તરીકેનું જીવન જીવી ગયા. તેમનાં ઉચ્ચ જીવન અને નિર્મળ અધ્યાત્મજ્ઞાનથી ગાંધીજી અતિ પ્રભાવિત હતા. શ્રીમદ્‌માં બાળપણથી જ અસાધારણ સ્મરણશક્તિ હતી. બાળપણથી જ એમનામાં કરુણા, જીવદયા, પરોપકારવૃત્તિ, નિર્મળતા, નિખાલસતા, તટસ્થતા, શુચિતા જેવા ગુણોનો ઉત્કર્ષ જોવા મળે છે. તેમનામાં ઊંચી કવિત્વશક્તિ પણ હતી. સાત વર્ષની બાળવયે જાતિસ્મરણ એટલે કે તેમને પોતાના સેંકડો પૂર્વભવોનું ભાન જાગ્યું હતું. ૧૯ વર્ષની ઉંમરે તેમને શતાવધાની શક્તિ સિદ્ધ થયેલી હતી. આ સિદ્ધિ બદલ તેમને 'સાક્ષાત્ સરસ્વતી'નું બિરુદ પ્રદાન થયેલું. એમનું પોતાનું જીવન જ એક આદર્શ અધ્યાત્મગ્રંથ જેવું પવિત્ર અને પ્રેરક હતું.

---

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી પણ જેમને પોતાના આધ્યાત્મિક માર્ગદર્શક માનતા હતા એવી એક વિરલ વિભૂતિની આ વાત છે. તે સમયના ખેડા જિલ્લા અને અત્યારના આણંદ જિલ્લાના કાવિઠા ગામમાં એક મોટા આધ્યાત્મિક સંતનો ઉતારો. સંતનાં દર્શન કરવા અને તેમનો સત્સંગ સાંભળવા અનેક જિજ્ઞાસુઓ આવે. એક દિવસ કાવિઠા ગામની નિશાળનાં બાળકો આવ્યાં. સંત અને બાળકો વચ્ચે સંવાદ થયો.

સંતે પૂછ્યું : છોકરાઓ, હું પૂછું તેનો જવાબ આપશો ?

છોકરાઓએ કહ્યું : હા જી.

સંતે કહ્યું : તમારા એક હાથમાં છાશ ભરેલો લોટો હોય અને બીજા હાથમાં ઘી ભરેલો લોટો હોય, તમને માર્ગે જતાં કોઈનો ધક્કો વાગે તો કયા લોટાને વધારે જાળવશો ?

છોકરાઓએ જવાબ આપ્યો : ઘીનો લોટો વધારે સાચવીશું.

સંતે કહ્યું : કેમ ?

છોકરાઓએ કહ્યું : છાશ ઢળી જાય તો ફરી ઘણાય ફેરા કોઈ ભરી આપે પણ ઘીનો લોટો કોઈ ભરી આપે નહીં.

સંત બોલ્યા : છાશના જેવો આ દેહ છે તેને આ જીવ સાચવે છે અને ઘીની માફક આત્મા છે તેને જતો કરે છે. અવળી સમજણવાળો આ જીવ છે.

દેહ છાશ જેવો સામાન્ય છે. આત્મા ઘી જેવો મૂલ્યવાન છે. છાશ જેવો દેહ ઢોળાઈ જાય, નષ્ટ થઈ જાય તો મોટું નુકસાન નથી. મતલબ કે દેહ નહીં આત્મા મૂલ્યવાન છે. નાનાં બાળકોને વાતવાતમાં પણ શીરાની જેમ ગળે ઊતરી જાય એવો જીવનબોધ આપનાર આ સંત હતા શ્રીમદ્ રાજચંદ્ર! શ્રીમદ્ રાજચંદ્રનું જીવન એટલે એક આધ્યાત્મિક પ્રયોગવીરનું જીવન !

શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ વિ.સં.1924ની કાર્તિક પૂનમે એટલે કે દેવદિવાળીના દિવસે તા.9-11-1867ના રોજ વવાણિયા ગામે થયો હતો. પિતાનું નામ રવજીભાઈ અને માતાનું નામ દેવબાઈ. જન્મસમયે તેમનું નામ લક્ષ્મીનંદન પાડવામાં

આવેલું. ચાર વર્ષની વયે રાયચંદ નામ રાખવામાં આવ્યું. રાયચંદના દાદા પંચાણભાઈ કૃષ્ણભક્ત હતા. રાયચંદે તેમની પાસેથી કૃષ્ણકીર્તન, ભક્તિપદો, અવતારકથાઓ વગેરેનું શ્રવણ કર્યું હતું. બાળવયે રાયચંદને પિતૃપક્ષ તરફથી વૈષ્ણવ ધર્મના સંસ્કાર અને માતૃપક્ષ તરફથી જૈન ધર્મના સંસ્કાર મળ્યા. આગળ જતાં તેમની નિષ્ઠા જૈન ધર્મમાં સ્થિર થયેલી.ગામમાં આવતા રામદાસજી નામના સાધુ પાસે બાળવયે કંઠી પણ બંધાવેલી. એક દિવસ કંઠી તૂટી જતાં ફરીથી તે બંધાવી નહતી.

બાળપણથી જ રાયચંદનું વ્યક્તિત્વ નોખું અને નિરાળુ હતું. તેમની બુદ્ધિ સતેજ હતી. સ્મરણશક્તિ અસાધારણ હતી. નવું નવું વાંચવાની, સાંભળવાની, શીખવા-શીખવવાની વૃત્તિ પ્રબળ હતી. વાંચે, ભણે, ભણાવે તે બધું આપોઆપ યાદ રહી જતું. શાળાનું સાત ચોપડીનું શિક્ષણ બે જ વર્ષમાં પૂરું કરી દીધેલું. આઠમા વર્ષે કાવ્યરચનાઓ કરવાનો પ્રારંભ કરેલો. તેઓ શીઘ્રકવિ હતા. આઠ વર્ષની ઉંમરે એમણે અંદાજે પાંચ હજાર કડીઓ રચેલી. નવ વર્ષની વયે રામાયણ અને મહાભારતને કાવ્યરૂપે આલેખવાનું શરૂ કરેલું. તેમને સ્વચ્છ વસ્ત્રો પહેરવાં ગમતાં. બાળપણમાં રમતિયાળ અને આનંદી હતા. તેર વર્ષની વયે રાજકોટમાં અંગ્રેજીનો અભ્યાસ શરૂ કરેલો. તે સમયે રાયચંદ પિતા સાથે દુકાને પણ બેસતા. એમના અક્ષર સુંદર અને મરોડદાર હતા.

નાની ઉંમરે શ્રીમદ્‌ને જાતિસ્મરણજ્ઞાન જન્મેલું. ઘટના એવી બની કે તેઓ સાત વર્ષના હતા ત્યારે વવાણિયા ગામમાં, તેઓના પરિચિત અમીચંદભાઈને સર્પદંશ થયો ને તેઓ ગુજરી ગયા. બાળ શ્રીમદે દાદાજીને પ્રશ્ન કર્યો કે 'ગુજરી જવું એટલે શું?' શરૂઆતમાં તો દાદાજીએ ઉત્તર ટાળવાનો પ્રયત્ન કર્યો પણ રાજચંદ્રે પીછો ન છોડ્યો ત્યારે કહ્યું કે 'ગુજરી જવું એટલે શરીરમાંથી જીવ નીકળી જવો. હવે અમીચંદકાકા હાલીચાલી કે બોલી શકશે નહીં, ખાવું-પીવું કશું કરી શકશે નહીં; તેમના શરીરને તળાવ પાસેના મસાણમાં બાળી આવશે.' નાના રાજચંદ્ર તળાવે ગયા. ત્યાં ઝાડ ઉપર ચડીને ભડભડ બળતી ચિતાને જોઈ. આ ઘટના નિહાળ્યા બાદ એમના ચિત્તમાં તીવ્ર મનોમંથન જન્મ્યું હતું. તેઓ ગહન ચિંતનમાં ડૂબી ગયા હતા. જાતિસ્મરણ જાગ્યું હતું. પોતાના સેંકડો પૂર્વભવોનું તેમને સ્મરણ થયું હતું.

બાળપણમાં એક વખત દેવમાએ તેમને શાક સમારવા આપ્યું. શાક સુધારતી વખતે લીલાં શાકભાજીમાં રહેલા જીવો પ્રત્યે દયાથી શ્રીમદ્‌ની આંખો ભરાઈ આવેલી. આ ઘટના એમનામાં બાળપણથી જ જીવદયા અને કરુણા જેવા સંસ્કાર દર્શાવે છે.

શ્રીમદ્ પ્રથમથી જ પ્રભાવશાળી બાળક હતા. હૃદય ઋજુ અને નિર્મળ હતું. હૃદયની નિખાલસતા અને જ્ઞાનની પારદર્શિતાને લઈને તેઓ ભવિષ્યમાં બનનારા પ્રસંગો જાણી શકતા. સામાના મનમાં શું ચાલે છે તે પણ જાણી શકતા. એક વખત કચ્છમાંથી બે મહાનુભાવો સાંઢણી ઉપર સવાર થઈને શ્રીમદ્‌ને મળવા આવતા હતા. બાળ શ્રીમદ્‌ને ખબર પડી. મહાનુભાવો જે રસ્તેથી આવતા હતા તે રસ્તે તેઓ સામે ચાલીને મળવા ગયા. બંનેને તેમણે પહેલાં ક્યારેય જોયેલા નહીં. તેમ છતાં બેઉને 'કેમ હેમરાજભાઈ, કેમ માલસીભાઈ !' એમ નામ દઈને બોલાવેલા! સાયલાથી બીજમંત્ર લઈને આવનાર શ્રી સૌભાગ્યભાઈના ખિસ્સામાં જે કાગળ હતો તેમાં શું લખેલું હતું તેની વિગત તેમણે વગર વાંચ્યે જાણી લીધી હતી.

શ્રીમદ્ એક વાર શ્રી ધારસીભાઈ સાથે રાજકોટ આવ્યા હતા. રાજકોટ શ્રીમદ્‌નું મોસાળ. ત્યાં એમના બે મામા રહે. મામાએ પૂછ્યું, 'તમે કોની સાથે આવ્યા છો ?' શ્રીમદે કહ્યું, 'ધારસીભાઈ સાથે.' મામાઓ અને ધારસીભાઈ વચ્ચે રાજસંબંધી ખટપટનું વેર. બંને મામાએ ધારસીભાઈને ઠેકાણે પાડી દેવાનો કારસો ઘડેલો. એમની વાતચીત ઉપરથી રાજચંદ્રને ગંધ આવી ગયેલી. તેઓ ધારસીભાઈને ઘરે ગયેલા. કારસાની જાણ કરી ધારસીભાઈને અગાઉથી ચેતવી દીધેલા. શ્રીમદ્ પહેલેથી જ પરહિત અને પરોપકારની ભાવનાવાળા હતા.

વાંચન અને અધ્યયનની જેમ તેમની લેખનશક્તિ પણ ઘણી નાની ઉંમરથી ખીલી ઊઠી હતી. અગિયાર વર્ષની ઉંમરે 'બુદ્ધિપ્રકાશ' જેવા સુપ્રતિષ્ઠિત સામયિકમાં તેમના લેખ પ્રસિદ્ધ થવા લાગેલા. તેર-ચૌદ વર્ષની ઉંમરે સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથોનો અભ્યાસ કરેલો. સોળ-સત્તર વર્ષની ઉંમરે 'સ્ત્રીનીતિબોધક વિભાગ 1લો' પુસ્તક લખેલું. આમાં તેમણે સ્ત્રીઓ શિક્ષિત થાય, તેમને માટે સારા ગ્રંથો લખાય, બાળલગ્નો, કજોડાં વગેરે કુરિવાજો બંધ થાય એ વિશે લખ્યું છે. આ જ સમયમાં 'મોક્ષમાળા' અને 'પુષ્પમાળા' ગ્રંથોની રચના કરેલી. 'મોક્ષમાળા' ત્રણ દિવસના ટૂંકા ગાળામાં લખાયેલો ચિંતનગ્રંથ છે. 'પુષ્પમાળા'માં સૂત્રાત્મક શૈલીમાં 108 બોધવચનો લખાયેલાં છે. નીતિબોધ અને ધર્માચરણનાં પ્રેરક વચનો છે. નડિયાદમાં એકી બેઠકે માત્ર

દોઢ જ કલાકમાં શ્રીમદે રચેલો 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' નામનો એકસો બેતાળીસ ગાથાનો પદ્યમય ગ્રંથ તેમનો સર્વોત્કૃષ્ટ દર્શનગ્રંથ છે.

વઢવાણ કૅમ્પમાં તેમણે ઈ.સ.1900માં પરમશ્રુત પ્રભાવક મંડળની સ્થાપના કરેલી. આ સંસ્થાએ ઉચ્ચ કોટિનું સાહિત્ય વિવિધ ભાષાઓમાં પ્રસિદ્ધ કરેલું છે. ગુજરાતમાં તેમના નામ સાથે જોડાયેલી અનેક સંસ્થાઓ અગાસ, કોબા, અમદાવાદ, ગૂજરાત વિદ્યાપીઠ, સાયલા, રાજકોટ, મોરબી, ખંભાત, ઈડર, સીમરડા, કાવિઠા, ધરમપુરમાં કાર્યરત છે.

શ્રીમદ્ શતાવધાની શક્તિ ધરાવતા હતા. શતાવધાનશક્તિ એટલે એકસાથે સો વસ્તુઓ, ભૂલ વિના, ક્રમમાં યાદ રાખવાની શક્તિ. ઓગણીસ વર્ષની ઉંમરે તો એ સિદ્ધિ એમને સહજ બની ગયેલી. મુંબઈમાં વિશાળ સમુદાયની વચ્ચે તેમણે શતાવધાનના પ્રયોગ કરી સૌને મુગ્ધ કરી દીધેલા. આ સિદ્ધિ બદલ તેમને સુવર્ણચંદ્રક એનાયત થયેલો અને 'સાક્ષાત્ સરસ્વતી' નું બિરુદ પ્રદાન કરાયેલું. ભારતનાં રાષ્ટ્રીય કક્ષાનાં અનેક અખબારોએ એની નોંધ લીધેલી. પછીથી અવધાનપ્રયોગનો પણ તૃણવત્ ત્યાગ કરેલો. શ્રીમદ્‌ને તેમની 23 વર્ષની ઉંમરે આત્મસાક્ષાત્કાર થયેલો. સમય મળ્યે તેઓ મુંબઈ છોડી નિવૃત્તિ માટે એકાંત સ્થળોમાં, વનોમાં કે પહાડોમાં એકલા ચાલ્યા જતા.

ઝબકબાઈ સાથે તેમનું લગ્ન થયેલું. ગૃહસ્થજીવનમાં તેમને બે પુત્રો અને બે પુત્રી હતાં. મુંબઈમાં રેવાશંકર જગજીવનદાસની પેઢીમાં તેઓ ભાગીદારીથી વેપારધંધામાં જોડાયેલા. આગળ જતાં સુરતના ઝવેરી નગીનદાસ પણ આ પેઢીમાં જોડાયા. મોતીનો ધંધો એટલો મોટો ને બહોળો બન્યો કે રંગૂનમાં પણ ઝવેરાતની પેઢી ખોલી હતી. મોતીના ધીકતા ધંધા વચ્ચે પણ તેમનું મન નિર્મોહી, નિઃસ્પૃહ અને અનાસક્ત હતું. ઘરવ્યવહાર અને વેપારધંધાનાં કામોની વચ્ચે પણ તેમની વૈરાગ્યદશામાં કોઈ ફરક પડતો નહીં.

શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધીજીની પ્રથમ મુલાકાત મુંબઈમાં થઈ હતી. ડૉ.પ્રાણજીવનદાસ મહેતા શ્રીમદ્‌ના કાકા સસરા થતા હતા. ડૉ.મહેતાએ ગાંધીજીને શ્રીમદ્‌નો જ્ઞાની અને શતાવધાની તરીકે પરિચય આપ્યો. ગાંધીજી પોતે બૅરિસ્ટર, વળી પાછા વિલાયતથી પાછા ફરેલા! એમણે શ્રીમદ્‌ને ચકાસી જોવા માટે જુદી જુદી ભાષાના કેટલાક શબ્દો લખી કાઢ્યા. એ શબ્દો શ્રીમદ્‌ને વાંચી સંભળાવ્યા. આ પછી શ્રીમદે સહજ રીતે એક પછી એક બધા શબ્દો ગાંધીજીએ જે ક્રમમાં લખ્યા હતા તે ક્રમમાં કહી સંભળાવ્યા! ગાંધીજી ચકિત થઈ ગયેલા. શ્રીમદ્‌ની સ્મરણશક્તિ, બહોળું શાસ્ત્રજ્ઞાન, શુદ્ધ ચારિત્ર જોઈને ગાંધીજી તેમના અનુરાગી બન્યા. તેઓ અધ્યાત્મ અને ધર્મ સંબંધી મૂંઝવણો રજૂ કરતા. પ્રશ્નો પણ પૂછતા. શ્રીમદ્ પાસેથી તેમને યોગ્ય સમાધાન અને માર્ગદર્શન પ્રાપ્ત થતું. મુલાકાતો વખતે ગાંધીજી શ્રીમદ્‌ની રહેણીકરણીનું પણ અવલોકન કરતા. ગાંધીજીમાં સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, અભય વગેરે ગુણો વિકાસ પામ્યા અને દઢ થયા તેની મૂળ પ્રેરણા તેમને શ્રીમદ્‌માંથી મળેલી.

શ્રીમદ્‌ની અઢળક આંતરિક ગુણસંપત્તિને લઈને ગાંધીજી તેમના પ્રત્યે કાયમ ખેંચાયેલા રહ્યા હતા. શ્રીમદ્ વિષે તેમણે લખ્યું છે, 'મેં ઘણાનાં જીવનમાંથી ઘણું લીધું છે પણ સૌથી વધારે કોઈના જીવનમાંથી મેં ગ્રહણ કર્યું હોય તો તે કવિશ્રીના જીવનમાંથી છે.' ગાંધીજીએ શ્રીમદ્‌ના 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'નું અંગ્રેજીમાં ભાષાંતર પણ કરેલું. શ્રીમદ્‌નું 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?' એ પદ 'આશ્રમ ભજનાવલિ'માં સ્થાન પામેલું છે. આમ, ગાંધીજીનો શ્રીમદ્ સાથેનો આધ્યાત્મિક સંબંધ ઊંડો હતો. શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધીજીનો અંતરંગ સંબંધ એ માત્ર તેમનાં બન્નેનાં જીવનનું જ નહિ, માત્ર ગુજરાતનું જ નહિ પરંતુ ભારતના સાંસ્કારિક, રાજકીય અને આધ્યાત્મિક ઈતિહાસનું એક ઉજ્જવળ પ્રકરણ છે.

જીવનના તમામ વ્યવહારોની વચ્ચે પણ શ્રીમદ્ રાજચંદ્ર એ સર્વ પ્રત્યે ઉદાસીન અને તટસ્થ રહેતા. કશાનું વળગણ નહીં. રાગ પણ નહીં અને દ્વેષ પણ નહીં. દેહ છતાં વિદેહી દશા. ઉત્તરોત્તર આ દશા વધારે નિર્ણાયક બનતી ગયેલી. દેહ એમને મન ધર્મસાધનાનું સાધન માત્ર હતો. એમ કરતાં એક સમયે તેમનું વજન સત્તાવન રતલ જેટલું થઈ ગયું હતું. સંગ્રહણીનો વ્યાધિ પણ લાગુ પડેલો. હવાફેર માટે કેટલાંક સ્થળોએ ગયેલા. છેવટે રાજકોટમાં મુકામ કરેલો. ઈ.સ. તા.9-4-1901ના રોજ રાજકોટમાં તેમણે આત્મસ્વરૂપમાં સમાધિપૂર્વક શરીરનો ત્યાગ કર્યો. દેહવિલય સમયની તેમના દેહની કાન્તિ શાન્ત અને અનુપમ હતી. 33 વર્ષના ટૂંકા જીવનકાળમાં તેઓ એક યુગપ્રવર્તક ભારતીય જૈન સંત તરીકેનું જીવન જીવી ગયા.

## શબ્દ-સમજૂતી

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**જિજ્ઞાસા**-જાણવાની ઈચ્છા; **અનુજ્ઞા**-પરવાનગી; **મનોમંથન**-મનમાં ચાલતું મંથન; **આધ્યાત્મિક**-આત્મા કે આત્મતત્ત્વ સંબંધી; **કારસો**-યુક્તિ, હિકમત/મનસૂબો; **પારદર્શિતા**-વસ્તુ કે બનાવને સમગ્ર રીતે જોવાની શક્તિ ; **અનાસક્ત**-આસક્ત નહિ એવું; **શતાવધાની**-એકીસાથે સો વાતો પર ધ્યાન આપનાર કે સાંભળીને યાદ રાખનાર; **યુગપ્રવર્તક**-યુગ પ્રવર્તાવનાર, યુગ બદલનાર; **રતલ**-લગભગ 490 ગ્રામ; **સંગ્રહણી**- સંઘરણીનો, ઝાડાનો રોગ; **મસાણ**-સ્મશાન; **ચિંતન**-મનન; **પવન**-સમીર; **નિત્ય**-કાયમી

### વિરુદ્ધાર્થી શબ્દો

**સતેજ**×નિસ્તેજ; **અપકાર**×ઉપકાર; **નિવૃત્ત**×પ્રવૃત્ત

### રૂઢિપ્રયોગ

**ચકિત થઈ જવું**-આશ્ચર્ય પામવું

### શબ્દસમૂહ માટે એક શબ્દ

**મામાનું ઘર**-મોસાળ; **એકસાથે સો વસ્તુઓ યાદ રાખવાની શક્તિ**- શતાવધાની શક્તિ

### સ્વાધ્યાય

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :**

(1) મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક કોણ હતા ?

(A) શ્રીમદ્ રાજચંદ્ર (B) વિનોબા ભાવે

(C) લોકમાન્ય ટિળક (D) ગોપાલકૃષ્ણ ગોખલે

(2) મનુષ્યદેહ શાના જેવો છે ?

(A) છાશ (B) દૂધ

(C) ઘી (D) દહીં

(3) શ્રીમદ્ રાજચંદ્રે લખેલો તત્ત્વજ્ઞાનથી ભરપૂર ચિંતનગ્રંથ કયો છે ?

(A) પુષ્પમાળા (B) મોક્ષમાળા

(C) ભાવમાળા (D) રાજમાળા

**2. એક-એક વાક્યમાં ઉત્તર આપો.**

(1) શતાવધાની શક્તિ એટલે શું ?

(2) મનુષ્ય આત્મા શાના જેવો છે ?

3. **નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો.**

(1) શ્રીમદ્ રાજચંદ્રની સ્મરણશક્તિ અસાધારણ હતી એમ શા પરથી કહેશો ?

(2) શ્રીમદ્ રાજચંદ્રની જીવદયા અને કરુણા કયા પ્રસંગમાંથી પ્રગટ થાય છે ?

(3) કયા પ્રસંગથી ગાંધીજી આશ્ચર્યચકિત થઈ ગયા ?

(4) ગાંધીજીનો શ્રીમદ્ સાથેનો આધ્યાત્મિક સંબંધ સમજાવો.

## વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- રોજ સવારે મિત્રો કે પરિવારના સભ્યો સાથે યોગાસનો અને પ્રાણાયામ કરવાની ટેવ કેળવવી.
- યોગનાં વિવિધ આસનો અને તે દ્વારા થતા ફાયદા વિશેની માહિતી એકત્ર કરી વર્ગખંડમાં તેની રજૂઆત કરવી.

## ભાષા-અભિવ્યક્તિ

- 'નવું નવું વાંચવાની, સાંભળવાની, શીખવા-શીખવવાની વૃત્તિ પ્રબળ હતી. વાંચે, ભણે, ભણાવે તે બધું આપોઆપ યાદ રહી જતું.'

  અહીં પહેલા વાક્યમાં વાંચવું, સાંભળવું અને શીખવું એ ત્રણ ક્રિયાઓ એકસાથે મૂકીને લેખકે ટૂંકમાં શ્રીમદ્ રાજચંદ્રનો પરિચય આપી દીધો છે. એ જ રીતે બીજા વાક્યમાં પણ વાંચવું, ભણવું, ભણાવવું આ ત્રણ ક્રિયાઓથી એમના વ્યક્તિત્વની વિશિષ્ટતા બતાવી દીધી છે. એકસાથે વપરાતાં આ ક્રિયાપદો પણ વ્યક્તિચિત્ર કેવું અસરકારક રીતે ઉપસાવી દે છે તે જુઓ!

## શિક્ષકની ભૂમિકા

સામાન્ય મનુષ્ય પણ પોતાની તીવ્ર સંકલ્પશક્તિ, દૃઢ મનોબળ અને સતત પ્રયાસથી પોતાના શ્રેષ્ઠ સ્થાને પહોંચી શકે છે, માણસમાંથી મહાત્મા બની શકે છે તે વિશે વિદ્યાર્થીઓને સમજ આપવી. ગાંધીજીનું ઉદાહરણ આપી શકાય.

શ્રીમદ્ રાજચંદ્રે પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ એ સાધનાનું પરિણામ છે અને તેમણે પ્રાપ્ત કરેલી શતાવધાની શક્તિ સૌ કોઈ માટે સહજ નથી. સ્વાર્થ નહિ પણ પરમાર્થ, પોતાના માટે નહિ પણ લોકહિતાર્થે જીવનાર સાધુ, સંતો, ભક્તો, સાધકોએ આ દેશને ઊજળો બનાવ્યો છે તે વિશે અન્ય ઉદાહરણો સહિત વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી. યોગનું મહત્ત્વ સમજાવી યોગ્ય જીવનશૈલી તરફ વળે તેવા પ્રયત્નો કરવા.

•

# વ્યાકરણ

## એકમ 5 | છંદ

'છંદ' એટલે શું ? છંદનો લાક્ષણિક અર્થ 'આવર્તન' થાય છે. છંદમાં પણ કશાકનું આવર્તન છે. માત્રાનું આવર્તન હોય છે. લઘુ-ગુરુની માત્રાના આવર્તન દ્વારા જુદી જુદી લયભાત ઉપસાવવામાં આવે, તે લયભાત એટલે છંદ. આ જ લયભાત કૃતિને વધુ રોચક બનાવે છે.

એટલે કે કવિતામાં અક્ષર કે માત્રાની એવી મેળવણી કરવામાં આવે કે જે સાંભળતા આનંદ મળે, તેને 'છંદ' કહી શકાય. છંદના વૈદિક છંદ, અક્ષરમેળ છંદ, માત્રામેળ છંદ અને સંખ્યામેળ છંદ - એવા મુખ્ય વર્ગો કરવામાં આવે છે.ગુજરાતીમાં વૈદિક છંદ અને સંખ્યામેળ છંદને અક્ષરમેળ છંદમાં જ સમાવી લેવામાં આવ્યા છે. તેથી આપણે છંદના મુખ્ય બે પ્રકારનો અભ્યાસ કરીશું : અક્ષરમેળ છંદ અને માત્રામેળ છંદ.

**અક્ષરમેળ (રૂપમેળ) છંદ :**

જે પંકિતના અક્ષર તથા ગણ નિશ્ચિત હોય તેને અક્ષરમેળ છંદ કહેવાય. (આ પ્રકારના છંદમાં માત્રા નિશ્ચિત નથી હોતી. તેથી માત્રા તપાસવાની નથી હોતી.) ઈન્દ્રવજ્રા, વસંતતિલકા, મંદાક્રાન્તા, શિખરિણી, સ્રગ્ધરા આદિ અક્ષરમેળ છંદ છે.

**માત્રામેળ છંદઃ** જે પંક્તિની માત્રા નિશ્ચિત હોય તેને માત્રામેળ છંદ કહેવાય. (આ પ્રકારના છંદમાં અક્ષરસંખ્યા નિશ્ચિત નથી હોતી. તેથી અક્ષરસંખ્યા તપાસવાની રહેતી નથી.) ચોપાઈ, દોહરો સવૈયા, હરિગીત વગેરે માત્રામેળ છંદ છે. જેમાં ચોપાઈ જેવા સમવૃત્ત તથા દોહરા જેવા અર્ધસમવૃત્તનો સમાવેશ થાય છે.

અક્ષરમેળ અને માત્રામેળ છંદના બંધારણને સમજવા માટે લઘુગુરુ માત્રાનો ઉપયોગ થાય છે. આ લઘુ-ગુરુના માપના નિયમો નીચે મુજબ જોઈ શકાય :

**નિયમ 1 :** અક્ષરનો સ્વર હ્રસ્વ હોય તો લઘુ ગણાય અને દીર્ઘ હોય તો ગુરુ ગણાય.

**નિયમ 2 :** જોડાક્ષરના ઉચ્ચારનો ભાર જો જોડાક્ષરની આગળના અક્ષર પર આવતો હોય તો આગળનો અક્ષર લઘુ હોય કે ગુરુ - 'ગુરુ' જ ગણાય છે. જેમકે, 'તૃષા' શબ્દમાં 'તુ' તેના 'ઋ-' સ્વરને કારણે લઘુ સ્વર છે. પરંતુ 'તૃપ્તિમાં' 'તૃ'નો ઉચ્ચાર થોડો બદલાઈ જાય છે, તે દીર્ઘ ઉચ્ચારાય છે. કારણ કે જોડાક્ષર 'પ્તિ' ઉચ્ચારતાં પહેલાં તેનો ભાર 'તૃ'ના ઉચ્ચાર સાથે ભળે છે. તેથી 'ઋ-' હ્રસ્વ સ્વર હોવા છતાં દીર્ઘ ઉચ્ચારાય છે.

**નિયમ 3 :** 'અં' એટલે કે અનુસ્વાર સાથેનો કોઈ પણ સ્વર દીર્ઘ હોય છે. એટલે કે અ, ઇ, ઉ આદિ હ્રસ્વ સ્વર છે, પરંતુ 'અંગ, ઈંદુ, 'ઉંમર' આદિ શબ્દોમાં અનુસ્વાર હોવાથી અહીં આ સ્વરો ગુરુ છે.

**નિયમ 4 :** અક્ષરમેળ છંદમાં છેલ્લો અક્ષર હંમેશાં ગુરુ ગણાય છે. એટલે કે છેલ્લો અક્ષર હ્રસ્વ સ્વર ધરાવતો હોય કે દીર્ઘ સ્વર હોય, અક્ષરમેળ છંદમાં તેને 'ગુરુ' જ ગણાય છે. જો કે માત્રામેળ છંદમાં છેલ્લો અક્ષર નિયમિત રૂપે જ - હ્રસ્વ સ્વર હોય તો 1 માત્રા અને દીર્ઘ સ્વર હોય તો 2 માત્રા ગણાય છે, તેનું ધ્યાન રાખવું.

**નોંધ :** અહીં એક બાબત ધ્યાનમાં રાખવાની છે. જોડણીના હ્રસ્વત્વ-દીર્ઘત્વને આધારે અક્ષરના લઘુ-ગુરુ નક્કી નથી કરાતા, ઉચ્ચારણના આધારે નક્કી થાય છે. કવિ દલપતરામ નોંધે છે કે 'લઘુ ગુરુ લખીને નવ ગણો, ઉચ્ચારે ઓળખાય.'

**યતિઃ** પંક્તિને લયમાં ગાતાં અથવા તેનું લયાત્મક પઠન કરતાં વચ્ચે જ્યાં અટકસ્થાન અનુભવાય છે, તેને યતિ કહેવાય છે.

છંદશાસ્ત્ર અનુસાર સાહિત્યમાં અનેક છંદ દ્વારા જુદા જુદા લય વ્યક્ત કરવામાં આવે છે. અહીં અભ્યાસક્રમને ધ્યાનમાં રાખીને અનુષ્ટુપ, મંદાક્રાન્તા, શિખરિણી, ચોપાઈ, દોહરો તથા મનહર છંદના બંધારણ સોદાહરણ જોઈશું.

દરેક છંદ સાથે કવીશ્વર દલપતરામે આપેલું 'સૂત્ર' જોઈશું. આ એક મઝાની ચાવી છે, કવિએ જે-તે છંદના માપમાં જ પંક્તિરૂપે છંદનું બંધારણ આપ્યું છે. એટલે કે એક સૂત્ર તમે યાદ રાખો તો બંધારણ પણ યાદ રહે અને ઉદાહરણ પણ યાદ રહે.

**અક્ષરમેળ છંદ :**

અક્ષરમેળ છંદના પ્રકાર ઓળખવાની પ્રસિદ્ધ અને લગભગ સર્વમાન્ય નીવડેલી પદ્ધતિ તે ગણપદ્ધતિ છે. આ પદ્ધતિ અનુસાર દરેક પંક્તિના અક્ષરોને 3-3 અક્ષરોના ગણમાં વહેંચવામાં આવે છે. ગણ એટલે સમૂહ, જથ્થો. છંદમાં 'ગણ' એટલે ત્રણ અક્ષરનો સમૂહ, ત્યારબાદ જે-તે અક્ષરના સ્વર અનુસાર તેના લઘુ-ગુરુ કરવામાં આવે છે. જેમકે,'વિનોદ' શબ્દ છે. 3 અક્ષર છે, એટલે 1 ગણ છે. 'વિ'માં 'ઈ' હ્રસ્વ સ્વરની માત્રા છે, તેથી તે લઘુ કહેવાય. 'નો'માં 'ઓ' એટલે કે દીર્ઘ સ્વરની માત્રા છે તેથી તે ગુરુ કહેવાય અને 'દ'માં 'અ' હ્રસ્વ સ્વરની માત્રા છે, તેથી તે લઘુ કહેવાય. અર્થાત 'વિનોદ' શબ્દની ગણભાત 'લઘુ-ગુરુ-લઘુ' છે. ગણમાં 3 અક્ષરની લઘુ-ગુરુની ભાત નીચે મુજબ હોઈ શકે છે. આ આઠ ભાતને આધારે આઠ ગણ કરવામાં આવ્યા છે :

| | |
|---|---|
| લઘુ લઘુ લઘુ (ન ગણ) | લઘુ લઘુ ગુરુ (સ ગણ) |
| લઘુ ગુરુ ગુરુ (ય ગણ) | લઘુ ગુરુ લઘુ (જ ગણ) |
| ગુરુ લઘુ લઘુ (ભ ગણ) | ગુરુ લઘુ ગુરુ (ર ગણ) |

પરંતુ દરેક પંક્તિ 3, 6, 9, 12 કે 15 અક્ષરની - ત્રણના ગુણાંકમાં આવતા આંકડાની જ બનેલી હોય તે જરૂરી નથી. 14 અક્ષરની પંક્તિ હોય તો તેમાં 3 ગણ + 2 અક્ષર હોય. તો ? એ અક્ષર લઘુ હોય તો 'લ' અથવા ગુરુ હોય તો 'ગા' નોંધવામાં આવે છે.

| | |
|---|---|
| લઘુ અક્ષર (લ) | ગુરુ અક્ષર (ગા) |

પણ, આ ગણભાતની જરૂર શી છે ? આપણે પહેલાં જ જોયું કે માત્રાનાં વિવિધ આવર્તનોને કારણે લય જન્મે છે, જેના કારણે સાહિત્ય રોચક બને છે. આવર્તનોની ચોક્કસ લયભાત ઓળખી શકાય તો છંદ ઓળખી શકાય. તમને ખબર છે કે -

(1) અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા ! - અને

(2) હા ! પસ્તાવો, વિપુલ ઝરણું, સ્વર્ગથી ઊતર્યું છે

આ બંને પંક્તિ ગવાય તો તેના રાગ જુદા હોય ! કારણ શું ? એ જ, બંને પંક્તિના છંદ જુદા છે. છંદ જુદા છે એટલે કે તેમની માત્રાના આવર્તનો, તેમની ગણભાત - ગણોનું બંધારણ જુદું છે. ઉપર જોયેલી પહેલી પંક્તિનું બંધારણ લઘુ-ગુરુ-ગુરુ, ગુરુ-ગુરુ-ગુરુ, લઘુ-લઘુ-લઘુ, લઘુ-લઘુ-ગુરુ, ગુરુ-લઘુ-લઘુ, લ-ગા - છે. તમને થશે કે આવું લઘુ - ગુરુ કેવી રીતે યાદ રહે, કેવી રીતે સમજાય ? સાચી વાત છે. આ આવર્તનમાત્રાને યાદ રખવા માટે દરેક ભાતના ગણને નામ અપાયું છે. જેમકે, લઘુ-ગુરુ-ગુરુ - 'ય' ગણ. ગુરુ-ગુરુ-ગુરુ - 'મ' ગણ. આવી આઠ ભાત એટલે આઠ ગણ. આ આઠ ગણ, તેમની ભાત અને તેમના નામ નીચે મુજબ છે :

| | | | |
|---|---|---|---|
| ય ગણ: | લઘુ ગુરુ ગુરુ | યમાતા | લગાગા |
| મ ગણ: | ગુરુ ગુરુ ગુરુ | માતારા | ગાગાગા |
| ત ગણ: | ગુરુ ગુરુ લઘુ | તારાજ | ગાગાલ |
| ર ગણ: | ગુરુ લઘુ ગુરુ | રાજભા | ગાલગા |
| જ ગણ: | લઘુ ગુરુ લઘુ | જભાન | લગાલ |
| ભ ગણ: | ગુરુ લઘુ લઘુ | ભાનસ | ગાલલ |
| ન ગણ: | લઘુ લઘુ લઘુ | નસલ | લલલ |
| સ ગણ: | લઘુ લઘુ ગુરુ | સલગા | લલગા |

આ આઠ ગણભાતને યાદ રાખવા માટે એક સૂત્ર છે : 'યમાતારાજભાનસ-લગા'

હવે, છંદ ઓળખવા માટે આ સૂત્ર મદદરૂપ કેવી રીતે થાય, તે જોઈએ. આપણે ઉપરની પંક્તિ ફરીથી જોઈએ :

અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા !

આ પંક્તિને 3 ગણમાં વહેંચીએ ?

**અસત્યો / માંહેથી / પ્રભુ પ / રમ સ /ત્યે તું લ/ ઈ જા !**

શબ્દો તૂટે છે, વાંધો નહીં, આપણે ગણ જોવાના છે. અહીં 5 ગણ થયા પણ બે અક્ષર વધ્યા. તો શું કરીશું ? કોઈ પણ પંક્તિ 3ના ગુણાંકમાં જ અક્ષરો હોય એવું જરૂરી તો નથી. જો 12 કે 15 અક્ષર હોય તો 4 કે 5 ગણ થાય. પણ 17 કે 19 અક્ષર હોય તો બે કે એક અક્ષર વધે. બરાબર ? આ પરિસ્થિતિમાં આ વધેલા અક્ષરને જ જો તે હ્રસ્વ એટલે કે લઘુ હોય તો ‘લ’ અને દીર્ઘ હોય તો ગુરુ એટલે કે ‘ગા’ ગણવાનો. ઉદાહરણમાં જોઈશું એટલે વધુ સ્પષ્ટ થશે.

હવે આ ગણના લઘુ-ગુરુ જોઈએ ? પહેલો ગણ છે - ‘અસત્યો’. અહીં ‘અ’ હ્રસ્વ એટલે ‘લઘુ’, ‘સ’ - (ધ્યાન રાખજો, સ્વર હ્રસ્વ છે પણ પછી જોડાક્ષર છે. આગળ જઈને અક્ષરમેળ છંદનો નિયમ 2 જુઓ. જોડાક્ષરનો ભાર આગલા અક્ષર પર આવતો હોય તો હ્રસ્વ પણ દીર્ઘ ગણાય. અર્થાત્ ગુરુ માત્રા ગણાય, બરાબર ?) તો, ‘સ’ની ‘ગુરુ’ માત્રા અને ‘ત્યો’ - ‘અ’ સ્વર - ‘ગુરુ’ માત્રા. અર્થાત્, ‘અસત્યો’ - ‘લઘુ-ગુરુ-ગુરુ’ની ગણભાત એટલે ‘ય’ ગણ. સમજાયું ?

હવે, દર વખતે આ લઘુ-ગુરુ, લઘુ-ગુરુ લખવાના ? ના. આના માટે નિશાની વપરાય છે. લઘુ માટે ‘U’, ગુરુ માટે ‘–’, એટલે કે ‘અસત્યો’ આ રીતે લખાશે : U – – બરાબર ? તો હવે આખી પંક્તિના ગણ જોઈએ ?

**અસત્યો / માંહેથી / પ્રભુ પ / રમ સ / ત્યે તું લ / ઈ જા !**

હવે આ ગણભાતને ઓળખો :

| | | |
|---|---|---|
| અસત્યો | લઘુ-ગુરુ-ગુરુ | U – – ય ગણ |
| માંહેથી | ગુરુ-ગુરુ-ગુરુ | – – – મ ગણ |
| પ્રભુપ | લઘુ-લઘુ-લઘુ | U U U ન ગણ |
| રમસ | લઘુ-લઘુ-ગુરુ | UU – સ ગણ |
| ત્યેતુંલ | ગુરુ-ગુરુ-લઘુ | – – U ભ ગણ |
| ઈજા | લઘુ-ગુરુ | U – લ-ગા |

તો આ પંક્તિનું બંધારણ છે, યમનસભલગા. બરાબર. અને આ પંક્તિ ગાતી વખતે તમે ક્યાંય વચ્ચે સહેજ રોકાયા હોય એમ લાગ્યું હતું ? ક્યાં ? ‘માંહેથી’ના ‘થી’ પાસે અને ‘પરમ સત્યે’ ના ‘સ’ પાસે. બરાબર ? આ અટકવાને ‘યતિ’ કહેવાય. એટલે કે અહીં તમે 6 અને 12 અક્ષર પાસે સહેજ રોકાયા હતા, તે આ છંદના યતિ છે. અરે, તમને તો આખો છંદ મળી ગયો... શું શું જોયું ? કુલ અક્ષર 17, બંધારણ - યમનસભલગા, યતિ 6 12 અક્ષર - આ બધું હોય તો ક્યો છંદ કહેવાય ? શિખરિણી. છે ને છંદ ઓળખવા સહેલા... ભલે, શિખરિણી છંદને સૈદ્ધાંતિક રીતે ફરીથી જોઈએ.

**શિખરિણી :**

| | |
|---|---|
| અક્ષરઃ | 17 |
| બંધારણઃ | યમનસભલગા |
| લગાત્મક રૂપઃ | લગાગાગાગાગા લલલલલગાગા લલલગા |
| સૂત્રઃ | ધસે કેવો વેગે, યમનસભલાગે શિખરિણી |
| યતિઃ | 6, 12 |

દૃષ્ટાંતઃ ઉગાડે છે વિશ્વે કમલવન કેવાં નિતનવાં

| | | | | | |
|---|---|---|---|---|---|
| ય | મ | ન | સ | ભ | લગા |
| લગાગા | ગાગાગા | લલલ | લલગા | ગાલલ | લગા |
| ઉગાડે / | છેવિશ્વે / | કમલ / | વનકે / | વાંનિત / | નવાં |

અન્ય ઉદાહરણ આપ્યાં છે. તમે તેમાં બંધારણ શોધી જુઓ.

(1) હણો ના પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં

(2) લડો પાપો સામે વિમલ દિલના ગુપ્ત બળથી

(3) વળાવી બા આવી, નિજ સકલ સંતાન ક્રમશઃ

(4) ફર્યો તારી સાથે, પ્રિયતમ સખે, સૌમ્ય વયનાં,

(5) સ્હવારોને જોતાં વિકસિત થતાં શૈલશિખરે

સમજાય છે ને ! તો બીજો છંદ જોઈએ :

**મંદાક્રાન્તા :**

| | |
|---|---|
| અક્ષરઃ | 17 |
| બંધારણઃ | મભનતતગાગા |
| લગાત્મક રૂપઃ | ગાગાગાગા લલલલલગા ગાલગા ગાલગાગા |
| સૂત્રઃ | મન્દાક્રાન્તા, મભનતતગા, ગા-ગણોથી ગવાયે |
| યતિઃ | 4,10 |

દૃષ્ટાંતઃ હા પસ્તાવો ! વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| મ | ભ | ન | ત | ત | ગાગા |
| ગાગાગા | ગાલલ | લલલ | ગાગાલ | ગાગાલ | ગાગા |
| હાપસ્તા/ | વોવિપુ/ | લઝર/ | ણુંસ્વર્ગ/ | થીઊત/ | ર્યુંછે |

સમજાયું ? તો દૃઢીકરણ માટે, નીચે આપેલી પંક્તિમાં આ બંધારણ બેસે છે કે નહીં, તે તપાસો.

(1) રોમે રોમે વિરહભયની વેદનાથી વળે છે,

(2) છૂટી છૂટી સહન ન થતાં, મત્ત પાછાં મળે છે.

(3) આઘે ઊભાં તટધૂમસ જેમાં દ્રુમો નીંદ સેવે,

વચ્ચે સ્વપ્ને મૃદુ મલકતાં શાંત રેવા સુહાવે.

(4) ખૂંચી તીણી સજલ દૃગમાં કાચ કેરી કણિકા

(5) ઉપાડેલાં ડગ ઉપર શા લોહ કેરા મણિકા !

ધ્યાન રાખીને કરજો, જેમકે 'વચ્ચે સ્વપ્ને મૃદુ મલકતાં' માં 'ચ્ચે' નો ભાર 'વ' પર આવતાં તે ગુરુ થશે. તે જ રીતે 'પ્ને'નો ભાર 'સ્વ' પર આવતાં ત્યાં 'અ' સ્વર હોવા છતાં ગુરુ થશે. 'મ' નો 'ઋ' તો લઘુ છે, તે યાદ છે ને ! જો એક પણ લઘુ-ગુરુ આડા-અવળા થશે તો ગણ બદલાઈ જશે, અને છંદનું યોગ્ય બંધારણ નહીં મળે, તો છંદ ઓળખી નહીં શકાય.

**અનુષ્ટુપ :**

અનુષ્ટુપ છંદના ચાર ચરણ છે. દરેક ચરણમાં આઠ અક્ષર હોય છે. (તેથી એક પંક્તિ 16 અક્ષરની હોય છે અને બે પંક્તિ હોય તો 32 અક્ષર થાય. છંદને ઓળખતી વખતે આવી નાની નાની વિગતો ધ્યાનમાં રાખશો તો ઉપયોગી રહેશે.) તેમાં ચારેય ચરણમાં પાંચમો અક્ષર લઘુ અને છઠ્ઠો અક્ષર ગુરુ હોય છે. પરંતુ પહેલા અને ત્રીજા ચરણમાં સાતમો અક્ષર ગુરુ હોય છે તથા બીજા અને ચોથા ચરણમાં સાતમો અક્ષર લઘુ હોય છે.

સૂત્રઃ પાંચમે લઘુતા તોળો, ગુરુ છઠ્ઠો લખ્યો,

બીજે ચોથે પદે બોલો શ્લોકમાં લઘુ સાતમો.

ઉદાહરણ દ્વારા આ છંદ સમજીએ :

નહીં નાથ, નહીં નાથ, ન જાણો કે સ્હવાર છે.

આ બધું ઘોર અંધારું, હજી તો બહુ વાર છે.

તમે આ પંક્તિઓમાં 4 ચરણ જોઈ શક્યાં ? દરેકના 8 અક્ષર છે ?

(1) નહીં નાથ, **નહીં નાથ**, (2) ન જાણો કે **સ્હવાર** છે.

(3) આ બધું ઘો**ર અંધા**રું (4) હજી તો બ**હુ વાર** છે.

આ ચાર ચરણના અક્ષર 5-6-7 અને તેમની માત્રા જોઈએ.

(1) નહીંના - લઘુ, ગુરુ, ગુરુ. (2) સ્હવાર - લઘુ, ગુરુ, લઘુ

(3) રઅંધા - લઘુ, ગુરુ, ગુરુ (4) હુવાર - લઘુ, ગુરુ, લઘુ.

હવે નિયમ - સૂત્ર યાદ કરો. ચારેય ચરણના 5મો અક્ષર લઘુ અને 6ઠ્ઠો અક્ષર ગુરુ છે ? પહેલા અને ત્રીજા ચરણમાં 7મો અક્ષર ગુરુ અને બીજા અને ચોથા ચરણમાં 7મો અક્ષર લઘુ છે ? જો હા, તો આ અનુષ્ટુપ છંદ છે.

બીજાં ઉદાહરણ જોઈએ ?

(1) છાયા તે વડના જેવી, ભાવ તો નંદના સમા

દેવોના ધામના જેવું, હૈયું જાણે હિમાલય.

(2) પતિએ પીઠ દીધી ને, દયિતા દેખતી રહી,

અંતે હાય ! કહી બાળા, મૂર્છિતા ભૂતલે પડી.

(3) વૃદ્ધ માતા અને તાત, તાપે છે સગડી કરી;

અહો ! કેવું સુખી જોડું, કર્તાએ નિરમ્યું દીસે !

(4) રસહીન ધરા થૈ છે, દયાહીન થયો નૃપ;

નહીં તો ના બને આવું, બોલી માતા ફરી રડી.

તમારા પાઠ્યપુસ્તકમાં 'શિકારીને' કાવ્ય છે. તેની પંક્તિના બંધારણને તપાસો તો ! હવે અનુષ્ટુપ છંદ એકદમ સ્પષ્ટ થઈ ગયો ?

**મનહર**

અક્ષરઃ 16 15 (બે પંક્તિમાં)

યતિઃ 8, 16, 24

દૃષ્ટાંતઃ પોલું છે તે વાગ્યું તેમાં કરી તેં શી કારીગરી ?

સાંબેલું વગાડે તો હું જાણું કે તું શાણો છે.

મનહર એ મૂળભૂત રીતે સંખ્યામેળ છંદ છે. આ છંદને ઓળખવા માટે અન્ય અક્ષરમેળ છંદની જેમ બંધારણ જોવાની જરૂર નથી કે નથી લઘુ - ગુરુ દર્શાવતું 'ગાગાલગા' પ્રકારનું લગાત્મક રૂપ જોવાની. આ છંદમાં તમારે માત્ર અક્ષર જ ગણવાના છે. બે પંક્તિઓમાં 16 + 15 એ રીતે કુલ 31 અક્ષર થવા જોઈએ. તે યોગ્ય લયમાં બોલાય તે માટે 8, 16 અને 24 મા અક્ષરે વિરામ આવશે. બસ. આટલી વિગતો તમે યોગ્ય રીતે જોઈ શકો તો તે મનહર છંદ છે. અન્ય ઉદાહરણ જોતાં આ છંદ વધુ સ્પષ્ટ થશે.

(1) માન મળ્યું મોટું પણ, નહિ અભિમાન ઉર,

જાણે મહા જોગીરાજ જગતમાં જાગિયો;

(2) આદિત્યનો અસ્ત થતાં, થાય છે અંધારુ ધબ

ફરબસ વિના એવી દુનિયા દેખાય છે.;

(3) સાંભળી શિયાળ બોલ્યું, દાખે દલપતરામ,

અન્યનું તો એક વાંકું, આપના અઢાર છે.

આ છંદને માણવો હોય તો દલપતરામનાં શરણાઈવાળો, ભાદરવાનો ભીંડો વગેરે જેવાં કાવ્યો વાંચો, મઝા આવશે.

**માત્રામેળ છંદ :**

હવે માત્રામેળ છંદ વિશે જોઈએ. અક્ષરમેળ છંદમાં જેમ હ્રસ્વ સ્વરની લઘુમાત્રા અને દીર્ઘ સ્વરની ગુરુમાત્રા જોઈ હતી, અહીં પણ એ માત્રા જ જોવાની છે. પણ જોવાની રીતમાં ફેર પડશે. અક્ષરમેળમાં લઘુમાત્રા - 'લ' અને ગુરુમાત્રા 'ગા' દ્વારા જોવાય છે અને તેને આધારે ગણ, બંધારણ આદિ જોઈને છંદ નિશ્ચિત થાય છે. અહીં માત્રાને આંકડામાં જોવાની છે. લઘુ માત્રા એટલે 1. અને ગુરુ માત્રા એટલે 2. ચરણ કે પંક્તિની માત્રાનો સરવાળો કરો તો તમને છંદ મળે. જેમકે, અક્ષરમેળ છંદમાં જોયું હતું તેમ 'વિનોદ' એટલે લઘુ-ગુરુ-લઘુ. અહીં 'વિનોદ' એટલે 1 + 2 + 1 = 4 માત્રા. બસ, આટલું જ. પંક્તિમાં જોઈએ તો વધારે ખ્યાલ આવશે.

કાળી ધોળી રાતી ગાય

આવી એક પંક્તિ છે. તેની કેટલી માત્રા થાય ? ચાલો, ગણીએ -

2 2 2 2 2 2 2 21 + 15 માત્રા

કાળી ધોળી રાતી ગાય, સમજાયું ? આટલું જ કરવાનું અને તમને 15 માત્રા મળે, એટલે શોધવાનું કે 15 માત્રા ધરાવતો કયો છંદ છે ? તમને ખબર છે ? આ છંદ છે ચોપાઈ.

ચોપાઈ

લગાત્મક રૂપઃ દાદા દાદા દાદા ગાલ

સંધિઃ ચતુષ્કલ

માત્રાઃ 15

યતિઃ -

તાળઃ 4

દલપતરામની પંક્તિઓ આ સૂની સૂની રાતમાં, કોઈ ઢોલક હજી બજાવે.

2 22 22 212
**આ સૂની સૂની રાતમાં**

21 211 12 122
**કોઈ ઢોલક હજી બજાવે**

ચોપાઈમાં એક ચરણની 15 માત્રા હોય છે. એટલે, સળંગ પંક્તિમાં બે ચરણ હોય. એટલે પંક્તિની કુલ 30 માત્રા થઈ શકે. પણ ત્યાં યાદ રાખવું કે અહીં બે ચરણ છે. નીચેનાં ઉદાહરણ જોતાં બે ક્યાંક પંક્તિ એટલે કે ચાર ચરણ પણ જોઈ શકાશે.

(1) લાંબા જોડે ટૂંકો જાય, મરે નહીં તો માંદો થાય.

(2) શિયાળે શીતળ વા વાય, પાન ખરે, ઘઉં પેદા થાય.

(3) કાળી ધોળી રાતી ગાય, પીએ પાણી ચરવા જાય.
ચાર પગો ને આંચળ ચાર, પૂંછડાથી ઉડાડે વાય

(4) આકાશે તારાની ભાત, ધરતી હૈયે ફુલબિછાત
સર્જી, તો કાં સર્જી તાત ! માનવના મનમાં મધરાત

(5) દરિયાથી ડુંગર પર જાય, કેડી ત્યાં નાનકડી થાય;
તરુવરો ત્યાં ઢોળે છાંય, ને ઠંડો વાયુ લ્હેરાય.

ઉપરની પંક્તિઓની માત્રા ગણી જુઓ. ચોપાઈ છંદ હવે સમજાઈ ગયો હશે. આ છંદ ધરાવતાં બીજાં મઝાનાં કાવ્યો શોધો અને ગાવ.

દોહરો

| | |
|---|---|
| લગાત્મક રૂપઃ | દાદા દાદા દાલદા' દાદા દાદા ગાલ |
| સંધિઃ | ચતુષ્કલ |
| માત્રાઃ | પહેલા અને ત્રીજા ચરણમાં 13 માત્રા અને બીજા અને ચોથા ચરણમાં 11 માત્રા |
| યતિઃ | 13 |
| તાળઃ | 12 |

દલપતરામની પંક્તિઓઃ પહેલે ત્રીજે તેર કળ, અવર પદે અગિયાર

**ઉદાહરણ :**

ચાતક ચકવા ચતુર નર, પ્રતિદિન ફરે ઉદાસ;
ખર ઘૂવડ ને મૂર્ખ જન, સુખે સુવે નિજ વાસ.

આ છંદમાં ચાર ચરણ છે :

(1) ચાતક ચકવા ચતુર નર,

(2) પ્રતિદિન ફરે ઉદાસ;

(3) ખર ઘૂવડ ને મૂર્ખ જન,

(4) સુખે સુવે નિજ વાસ.

અહીં તમે પહેલા અને ત્રીજા ચરણની માત્રાનો સરવાળો કરો :

2 1 1 1 1 2 111 11 = 13 માત્રા
(1) ચાતક ચકવા ચતુર નર,

11 211 2 2 1 11 = 13 માત્રા
(3) ખર ઘૂવડ ને મૂર્ખ જન,

હવે તમે બીજા અને ચોથા ચરણની માત્રાનો સરવાળો કરો :

1 1 1 1 12 1 2 1 = 11 માત્રા
(2) પ્રતિદિન ફરે ઉદાસ;

1 2 1 2 1 1 21 = 11 માત્રા
(3) સુખે સુવે નિજ વાસ.

જ્યારે આ રીતે પહેલા અને ત્રીજા ચરણની 13 અને બીજા-ચોથા ચરણની 11 માત્રા થાય ત્યારે તે દોહરો છંદ હોય. અન્ય ઉદાહરણ નીચે આપ્યાં છે. તમે તેની માત્રા તપાસો. કસોટીમાં તમને બે પંક્તિના બદલે એક પંક્તિ પૂછાઈ શકે. તો તમારે પહેલા અને બીજા ચરણની માત્રા જોવી. અહીં ઉદાહરણમાં પણ બે અને એક પંક્તિ સમાવેલ છે.

(1) કરતાં જાળ કરોળિયો, ભોંય પડી પછડાય.

વણતૂટેલે તાંતણે, ઉપર ચડવા જાય.

(2) કરે ગગનના ગોખમાં, ચાંદલિયો ચમકાર.

(3) તસ્કર ખાતર પાડવા, ગયા વણિકને દ્વાર,

ત્યહાં ભીંત તૂટી પડી, ચોર દબાયા ચાર.

(4) ભણતાં પંડિત નીપજે, લખતાં લહિયો થાય,

ચાર-ચાર ગઉ ચાલતાં, લાંબો પંથ કપાય.

આ ઉદાહરણોની માત્રા ગણી જુઓ, 13 + 11 થાય છે ? તો આ દોહરો છંદ છે. તમારા પાઠ્યપુસ્તકમાં 23મી કૃતિમાં દુહા છે. તેની માત્રા જરા ગણી જુઓ તો !

મિત્રો, અભ્યાસની દૃષ્ટિએ છંદના બંધારણ જાણવા માટે આ બધી વિગતો ખૂબ ઉપયોગી છે. પણ છંદને માણવા હોય તો ગાવા જરૂરી છે. 'અસત્યો માંહેથી' - પ્રાર્થના ગવાય અને ખબર પડે કે આ શિખરિણી છંદ છે તો કેવી મઝા પડે! સાથે સાથે જ્યાં એ રાગ બેસે ત્યાં શિખરિણી છંદ હશે જ. એવું જ અનુષ્ટુપ, મદાક્રાન્તા કે ચોપાઈ કે દોહરાનું છે. મનહર છંદને પણ તેનો આગવો લય છે. છંદ જો ગાતાં આવડશે તો પરીક્ષામાં સાચો ઉત્તર શોધવા માટે બંધારણ શોધવાનું શરૂ કરો તે પહેલાં જ તમારી અંદર રહેલો લય એ છંદને ઓળખી જશે. માટે ગાઓ.

•

# 21 ચાંદલિયો

**– લોકગીત**

લોકગીતનો કોઈ રચયિતા નથી હોતો એમ કહેવા કરતાં એમ કહી શકાય કે લોકસમૂહ લોકગીતોનો રચયિતા હોય છે. માત્ર એક વ્યક્તિથી નહિ પરંતુ અનેકોની ઉત્સાહભરી સર્જકતાથી રચાયેલું ગીત જે કઠોપકંઠ અને કર્ણોપકર્ણ રીતે કોઈ એક પ્રસંગ કે ઘટના આધારિત આનંદ, ઉત્સાહ, ઉમંગ કે વેદનાની સર્જનાત્મક અભિવ્યક્તિ છે.

ઝવેરચંદ મેઘાણી સંપાદિત 'રઢિયાળી રાત' સંગ્રહમાંથી આ લોકગીત લેવામાં આવ્યું છે. શરદપૂનમની રૂપાળી રાત્રીએ ગરબે રમતી યુવતીના ભાવોની ભરતીનો હિલ્લોળ આમાં છે. પૂર્વભવનાં માતા-પિતા જેવાં સાસુ-સસરા, ચંપાના છોડ જેવા જેઠ, ચંપાના ફૂલની પાંદડી જેવી જેઠાણી, વાડીની વેલ જેવી નણંદ, વાડીના મોરલા જેવા નણદોઈ પોતાને મળ્યાં છે એનો આનંદ પ્રગટ કરે છે. અંતમાં સગી નણંદનો વીર એવા પતિ માટે કહે છે કે 'મારો પરણ્યો તાણીને બાંધેલી નવરંગ પાઘડી પહેરનારો છે.' એમાં પતિના સૌંદર્ય અને મિજાજનો પરિચય છે. આ સર્વ સુખને કારણે યુવતી અનુભવે છે કે ચાંદો પોતાના ચોકમાં ઊગ્યો છે. આ લોકગીતમાં કુટુંબજીવનના સંબંધોનું મધુર ચિત્ર આલેખવામાં આવ્યું છે.

---

આસો માસો શરદ પૂનમની રાત જો,

ચાંદલિયો ઊગ્યો રે સખી મારા ચૉકમાં,

સસરો મારો ઓલ્યા જલમનો બાપ જો,

સાસુ રે ઓલ્યા જલમની માવડી.

જેઠ મારો અષાઢિલો મેઘ જો,

જેઠાણી ઝબૂકે વાદળ વીજળી.

દેર મારો ચાંપલિયાનો છોડ જો,

દેરાણી ચાંપલિયા કેરી પાંદડી.

નણંદ મારી વાડી માયલી વેલ્ય જો,

નણદોઈ મારો વાડી માયલો મોરલો.

પરણ્યો મારો સગી નણંદનો વીર જો,

તાણીને બાંધે રે નવરંગ પાઘડી.

**('રઢિયાળી રાત'માંથી)**

**શબ્દ-સમજૂતી**

**શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો**

**ચોક**-ચોગાન; **જેઠ**-પતિનો મોટો ભાઈ; **નણંદ**-પતિની બહેન; **વીર**-ભાઈ **ચાંદલિયો**-ચંદ્ર; **જલમ**-જનમ; **ચાંપલિયો**-ચંપાનો છોડ; **કેરી**-ની

### સ્વાધ્યાય

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :**

1. કાવ્યનાયિકાએ દિયર અને દેરાણી માટે ચંપાનો છોડ અને ચંપાની પાંદડીનાં રૂપક વાપર્યાં છે. આ રૂપકો....

 1. દિયર દેરાણી માટે કાવ્યનાયિકાનો પ્રેમ દર્શાવે છે.

 2. દિયર દેરાણીની પ્રશંસા દર્શાવે છે.

 3. દિયર દેરાણી માટે કાવ્યનાયિકાની ઈર્ષ્યા બતાવે છે.

2. સગી નણંદના વીર સાથે કાવ્યનાયિકાનો કયો સંબંધ છે ?

 1. નણદોઈ  2. સસરા

 3. પિતા  4. પતિ

3. આ લોકગીતમાં ચાંપલિયાની પાંદડી કોને કહી છે ?

 1. સખી  ૨. સાસુ

 3. દેરાણી  4. નણંદ

**2. નીચે આપેલ પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. નણદોઈ વિશે આ લોકગીતમાં શું કહેવાયું છે ?

2. સાસુ અને સસરા માટે કાવ્યનાયિકા પોતાનો પ્રેમભાવ કેવી રીતે વ્યક્ત કરે છે ?

**3. નીચે આપેલ પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર આપો.**

1. આ લોકગીતને આધારે રાત્રિનું વર્ણન કરો.

2. કાવ્યનાયિકા સખીને પોતાના પતિ વિશે શું કહે છે ?

**4. નીચે આપેલ પ્રશ્નનો સવિસ્તર ઉત્તર આપો.**

1. સ્વજનો માટેનો કાવ્યનાયિકાનો ભાવ કાવ્યને આધારે વર્ણવો.

**5. નીચેનો અર્થ બનાવતી પંક્તિઓ લોકગીતમાંથી શોધીને લખો.**

1. (પતિ) નવ રંગોવાળી પાઘડી પહેરે છે.

2. મારી નણંદ વાડીમાંની વેલી જેવી છે.

3. આસો મહિનાની પૂર્ણિમાની રાત્રિ છે.

## ભાષા-અભિવ્યક્તિ

- લોકગીતમાં સમાજના વિવિધ સંબંધોનું પ્રતિબિંબ ઝીલાતું હોય છે. તેમાં ક્યારેક સંસારની મીઠી ફરિયાદ કે વિરહની વાત વણી લેવાતી હોય છે. અહીં આ લોકગીતની લાક્ષણિકતા એ છે કે નાયિકાએ સ્વજનો સાથેના મધુર સંબંધો રજૂ કર્યા છે. કાવ્યનાયિકા સાસરિયાને પિયરિયા જેટલા જ આત્મીય ગણે છે. આપણી સામાજિક સંસ્કૃતિનું આ પ્રતિબિંબ છે.


- આકાશે ઊગતો ચાંદલિયો તો દરેક ઘરે દેખાતો હોય છતાં અહીં કાવ્યનાયિકા તો કહે છે ''ચાંદલિયો ઊગ્યો મારા ચોકમાં..!'' આ ''મારા ચોકમાં'' થી નાયિકાનો આનંદ વ્યક્ત થયો છે. તે ધ્યાનમાં લો.
- કવિએ 'માસ' માટે વાપરેલ 'માસો' ધ્યાનમાં લો. તે શબ્દ 'આસો' સાથે પ્રાસરૂપે આવ્યો છે, વળી વિશિષ્ટ પ્રયોગ પણ બન્યો છે. આવા પ્રયોગ કાવ્યોમાં સહજ રીતે થતા હોય છે.

## શિક્ષકની ભૂમિકા

- લોકો દ્વારા લખાયેલું, લોકો વડે ગવાતું અને લોકો માટે રચાયેલું ગીત એટલે લોકગીત. લોકગીતમાં તત્કાલીન સમાજનું પ્રતિબિંબ જોવા મળતું હોય છે. તેમાં લોકોનાં સુખ-દુઃખ સાથે લોક સંસ્કૃતિ પ્રગટ થતી હોય છે. લોકકંઠે ગવાતું અને ઝિલાતું હોવાથી કાળક્રમે તેમાં શાબ્દિક ફેરફાર પણ જોવા મળતા હોય છે, તે વિશે વિદ્યાર્થીઓને માહિતી આપવી.
- વર્ષો સુધી પિતાને ત્યાં પોતાની મરજી મુજબ જીવીને સાસરે જનાર કન્યાને સાસુ-સસરા, જેઠ-જેઠાણી, દિયર-દેરાણી, નણંદ-નણદોઈ બધાં આત્મીય બની જાય તે ઉત્તમ પરિસ્થિતિ કહેવાય તે આ લોકગીતને આધારે વિદ્યાર્થીઓને સમજાવવું.
- ઘરમાં આવનાર કન્યાને પોતાના ઘર જેવું વાતાવરણ આપવા શું કરી શકાય તે માટે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી.

•

# 22 હિમાલયમાં એક સાહસ



**જવાહરલાલ નહેરુ**

**(જન્મઃ 14-11-1889, અવસાનઃ 27-05-1964)**

જવાહરલાલ મોતીલાલ નહેરુનો જન્મ અલ્હાબાદમાં થયો હતો. જવાહરલાલ નહેરુના કુટુંબીઓ મૂળે કાશ્મીરના વતની હતા. વિદેશમાં વકીલાતનો અભ્યાસ કરીને તેમણે અલ્હાબાદમાં વકીલાત શરૂ કરી. ગાંધીજી સાથે આઝાદીની લડતમાં જોડાઈને સ્વાતંત્ર્યસંગ્રામના અગ્રણી બન્યા. તેમને સાહિત્યમાં ખૂબ રસ હતો. 'ડિસ્કવરી ઑફ ઈન્ડિયા' 'ગ્લિમ્પસિસ ઑફ વર્લ્ડ હિસ્ટ્રી' જેવાં પુસ્તકો તેમણે અંગ્રેજીમાં લખ્યાં છે. તેમની દીકરીને સ્વતંત્રતા વિશે લખેલા ત્રીસ પત્રોનું પ્રકાશન 'લેટર ફ્રોમ એ ફાધર ઑફ હીઝ ડૉટર' નામથી થયું છે. તેઓ ભારતના પ્રથમ વડાપ્રધાન હતા. ભારત સરકાર તરફથી તેમને 'ભારતરત્ન'નું સન્માન એનાયત થયું હતું.

અંગ્રેજી ભાષામાં લખાયેલી જવાહરલાલ નહેરુની 'મારી જીવનકથા'ના મહાદેવભાઈ દેસાઈએ કરેલા ગુજરાતી અનુવાદમાંથી આ અંશ લેવામાં આવ્યો છે. સાહસિક નહેરુએ પોતાની એક ટુકડી સાથે હિમાલયસ્થિત અમરનાથની ગુફા સુધી પહોંચવા ભોમિયા સાથે પ્રવાસ કર્યો હતો તેનું વર્ણન આમાં છે.

હિમાચ્છાદિત શિખરો અને હિમનદીઓ વચ્ચેના આ સાહસિક પ્રવાસનું સ-રસ વર્ણન આ કૃતિમાં જોવા મળે છે. અંતિમ ચરણમાં જરૂરી સાધનોના અભાવે હિમનદી પસાર કરતાં ખોભણમાં નહેરુનો પગ લપસી પડતાં દોરડાને કારણે બચે છે. નાછૂટકે પ્રવાસ અધૂરો રાખી પરત ફરવું પડે છે. સાહસ અને હિમાલયપ્રેમ આ કૃતિમાંથી પ્રગટ થાય છે. સાદી, સરળ અને સહજ શૈલીમાં લખાયેલાં મનભાવન વર્ણનોને કારણે કૃતિ હૃદયસ્પર્શી બની શકી છે.

---

મારું લગ્ન થયું એ સાલ ઉનાળાના કેટલાક મહિના અમે કાશ્મીરમાં ગાળ્યા. કુટુંબને શ્રીનગરની ખીણમાં છોડીને હું મારા એક પિતરાઈની સાથે અનેક અઠવાડિયાં સુધી પહાડોમાં રખડ્યો અને લદ્દાખને રસ્તે ચડ્યો.

તિબેટની સપાટી તરફ જતાં જંગલના ઊંચામાં ઊંચા પ્રદેશની એ સાંકડી અને નિર્જન ખીણોનો આ મારો પ્રથમ અનુભવ હતો. ઝોજીલા ઘાટની તરફ સાવ વેરાન નકરો ખડક દેખાતો હતો. એ સાંકડી ખીણમાં આગળ ને આગળ અમે કૂચ કરતા ગયા. અમારી બંને બાજુઓ પહાડો ઊભા હતા, તેમનાં શિખરો ઉપર હિમનો મુકુટ ચળકી રહ્યો હતો અને ઉપરથી નીચે હિમના નાના નાના પ્રપાતો અમારું સ્વાગત કરવાને જાણે અતિ મંદ ગતિએ ઊતરી રહ્યા હતા. પવન ઠંડો અને આકરો હતો, પણ દિવસના સૂરજનો મધુરો તડકો અને હવા એટલી નિર્મળ હતી કે ઘણી વાર અમે એક સ્થાનથી બીજા સ્થાન વચ્ચેના અંતર વિષે છેતરાતા, અને દૂરનાં સ્થાનોને પાસે માનતા. એકાંત વધતું જતું હતું. વૃક્ષો અને વનસ્પતિ પણ અદશ્ય થયાં હતાં, માત્ર નકરો ખડક, હિમ અને બરફ અને ક્યાંક ક્યાંક બહુ પુષ્પો અને છતાં આ જંગલી અને વેરાન પ્રકૃતિમંદિરોમાં હું કંઈક અજબ તૃપ્તિ અનુભવતો અને સ્ફૂર્તિથી અને આહ્‌લાદથી ઊભરાતો.

આ પ્રવાસ દરમિયાન મને એક રોમાંચક અનુભવ થયો. ઝોજીલા ઘાટ છોડીને આગળ એક જગ્યાએ-એનું નામ હું ધારું છું કે માતાયાન હતું-અમને કહેવામાં આવ્યું કે, અમરનાથની ગુફા અહીંથી માત્ર આઠ માઈલ છે. હા, એ ખરું કે અફાટ હિમસમૂહથી ઢંકાયેલો એક જબરદસ્ત પહાડ ઓળંગવાનો પડ્યો હતો. પણ તેમાં શું ? આઠ માઈલ તો કંઈ વિસાતમાં ન હતા. હોંશમાં ને હોંશમાં અને અનુભવ ન હોવાને લીધે અમે એ ઓળંગવાનો નિર્ણય કર્યો. 11,500 ફૂટની ઊંચાઈએ આવેલ અમારા પડાવથી અમે નીકળી પડ્યા અને એક નાનકડી ટુકડી લઈને પહાડ ચડવા માંડ્યો. ત્યાંનો એક ભરવાડ અમે ભોમિયા તરીકે સાથે લીધો હતો.

સૌ દોરડાની સાંકળેથી એકબીજાની સાથે સંકળાઈ અનેક હિમનદીઓ ઓળંગતા ચડતા ગયા અને અમારી મુશ્કેલી વધતી ગઈ. શ્વાસ લેવો કંઈક મુશ્કેલ થઈ પડ્યો. અમારા મજૂરો બહુ ભારથી લદાયેલા નહોતા, છતાં લોહીની ઊલટી કરવા

લાગ્યા. હિમ પડવા લાગ્યું અને હિમનદીઓ ભયાનક લપસણી થઈ પડી; અમે થાકીને લોથ થઈ ગયા હતા. અને એક એક ડગલું ભરતાં કંઠે પ્રાણ આવતા હતા. પણ જડસાની જેમ અમે ચડવું ચાલુ રાખ્યું.

અમે અમારે પડાવેથી સવારે ચાર વાગ્યે નીકળ્યા હતા અને બાર કલાકના સતત ચડાણને અંતે જોઈએ છીએ તો અમારી સામે એક વિશાળ હિમસરોવર પડ્યું હતું. હિમાચ્છાદિત શિખરોથી વીંટળાયેલું આ ભવ્ય દૃશ્ય દેવોના મસ્તક ઉપર મુકુટ જેવું લાગતું હતું. પણ હિમ અને ધુમ્મસ પડતાં જતાં હતાં એટલે આ દૃશ્ય પણ અમારી નજર આગળથી અદૃશ્ય થઈ ગયું. અમે કેટલી ઊંચાઈએ હતા એ તો હું જાણતો નથી; પણ, હું ધારું છું કે 15,000 કે, 16,000 ફૂટની ઊંચાઈ તો જરૂર હોવી જ જોઈએ. કારણ, અમરનાથની ગુફાથી અમે બહુ ઊંચે હતા. હવે લગભગ અરધા માઈલનું આ હિમસરોવર ઓળંગી પેલે પાર આવેલી ગુફાએ પહોંચવાનું હતું. અમને લાગ્યું કે, હવે ચડવાનું પૂરું થયું છે એટલે મોટી મુશ્કેલીઓ તો ઓળંગી ચૂક્યા. એટલે, સાવ થાક્યા હતા છતાં પણ પ્રસન્ન ચિત્તે આ નવી મજલ શરૂ કરી.

રસ્તામાં અનેક જગ્યાએ હિમનદીઓમાં મોટી ખોભણો આવતી હતી અને અનેક ઠેકાણે તાજું હિમ પડવાને લીધે આવી ખોભણો દેખાતી ન હતી. અજાણતાં પગ મુકાયો તો ગડડગપ ગયા ! અને સાચે જ તેમ થયું. આ તાજા પડેલા હિમથી હું છેતરાયો અને મારું આવી બન્યું. મેં પગ મૂક્યો કે તરત જ બરફ ધસી પડ્યો અને હું એક ભયાનક અને પહોળી ખોભણમાં લપસ્યો. આ ખોભણ તો એક ભયાનક ઊંડી ખાઈ હતી. અને એમાં જે ગયો તે યુગોના યુગો સુધી ત્યાં સુરક્ષિત રીતે દટાઈ રહે, એ વિષે કશી જ શંકા નહોતી. પણ પેલા દોરડાએ મને પકડી રાખ્યો. ખોભણની એક બાજુએ હું વળગી રહ્યો અને મને ખેંચી કાઢવામાં આવ્યો. આથી અમારા હાંજા ગગડી તો ગયા જ, છતાં અમે અમારી કૂચ ચાલુ રાખી. પણ આ ખોભણોની સંખ્યા અને વિશાળતા વધતી જતી હતી અને અમારી પાસે આમાંની કેટલીકને ઓળંગવાનાં સાધનસામગ્રી રહ્યાં ન હતાં; એટલે આખરે થાકી, સાવ નિરાશ થઈ અમે પાછા ફર્યા, અને અમરનાથની ગુફાનાં દર્શન કરવાનાં રહ્યાં તે રહ્યાં.

કાશ્મીરનાં ઊંચાં ગિરિવરો અને ખીણો ઉપર હું એટલો બધો મુગ્ધ હતો કે પાછા તરત ત્યાં જવાનો મેં નિશ્ચય કર્યો. અનેક પ્રવાસના ઘાટ ઘડ્યા. આમાંનો એક તો તિબેટના અલૌકિક સરોવર માનસરોવરની અને પાસે જ આવેલા હિમાચ્છાદિત કૈલાસની યાત્રાનો વિચાર હતો. એ વિચારમાત્રે હું આનંદથી ઊભરાતો. એ વાતને તો અઢાર વર્ષ થયાં, છતાં આજે પણ કૈલાસ અને માનસરોવરથી હું એટલો ને એટલો જ દૂર છું. હું તો અનેક વાર કાશ્મીર જવાની ઘણીયે ઇચ્છા છતાં કદી પાછો કાશ્મીર જઈ શક્યો જ નથી. અને રોજ રોજ રાજકાજનાં અને લોકસેવાનાં વમળમાં વધારે ને વધારે ગૂંચાતો ગયો છું. ગિરિવરો ચડીને અથવા દરિયા ઓળંગીને મારી પ્રવાસલાલસા તૃપ્ત કરવાને બદલે જેલજાત્રાથી મારે એ તૃપ્ત કરવી પડી છે. અને છતાં, એવા પ્રવાસોના ઘોડા હું ઘડ્યા જ કરું છું.

એ આનંદ જેલમાં પણ કોણ લઈ શકે એમ છે ? અને જેલમાં બીજું કરવાનું પણ શું હોય ? એટલે હજી હું એ દિવસનાં સ્વપ્નાં જોઉં છું કે જ્યારે હિમાલયમાં રખડતો રખડતો માનસરોવર અને કૈલાસનાં દર્શનના મારા મનોરથ હું પૂરા કરી શકીશ. દરમ્યાન જીવનની પળો ઝપાટાબંધ વહી જાય છે, યુવાવસ્થામાંથી આધેડ અવસ્થામાં પ્રવેશ થાય છે, અને એ પછી વધારે બૂરી અવસ્થા આવી રહેશે. એટલે ઘણીક વાર મને થાય છે કે, કૈલાસ અને માનસરોવર જોવા પહેલાં તો હું વૃદ્ધાવસ્થાથી સાવ અપંગ થઈ ગયો હોઈશ. પણ ગમ્ય સ્થાન ભલેને દેખાતું ન હોય તોપણ તે પ્રતિ પ્રવાસ કદી એળે જતો નથી.

હજીય મનની મહીં રમી રહેલ એ પર્વતો,<br>
દીસે બહુ ડરામણા રુધિરરંગ સંધ્યા તણે;<br>
તથાપિ દિલમાં વસ્યો ચિર અદમ્ય ઉત્સાહ કો,<br>
સદૈવ તલસી રહ્યો ગિરિહિમો તણી શાંતિને.<br>
(વૉલ્ટર ડલામેર)

**અનુવાદક: મહાદેવભાઈ દેસાઈ**

**('મારી જીવનકથા'માંથી)**

### શબ્દસમજૂતી

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**નિર્જન**-માણસ વિનાનું, સૂનું; **નકરો**-ફક્ત, માત્ર; **કૂચ કરવી**-ચાલવું, આગળ વધવું; **શિખર**-પર્વતનો ટોચનો ભાગ; **હિમ**-અતિશય ઠંડી, બરફ; **મુકુટ**-માથે પહેરવાનું સાધન; **પ્રપાત**-ધોધ; **વેરાન**-ઉજ્જડ; **આહ્‌લાદ**-હર્ષ, આનંદ; **અફાટ**-ખૂબ વિશાળ; **ખોભણ**-ખો, ગુફા, (અહીં)ખાડો; **યુવાવસ્થા**-યુવાનીની અવસ્થા; **લાલસા**-ઇચ્છા; **ગિરિવર**-પર્વતોમાં શ્રેષ્ઠ-હિમાલય

### વિરુદ્ધાર્થી શબ્દો

**નિર્મળ** × મલિન; **વિશાળ** × સંકુચિત; **ભવ્ય** × સામાન્ય; **પ્રસન્ન** × ઉદાસ; **દૃશ્ય** × અદૃશ્ય; **સુરક્ષિત** × અસુરક્ષિત

### શબ્દસમૂહ માટે એક શબ્દ

**શરીરે મોટું પણ અક્કલમાં ઓછું**-જડસુ; **હિમાલયમાંથી નીકળતી ખૂબ ઠંડા પાણીના પ્રવાહવાળી નદી**-હિમનદી; **રસ્તાનો જાણકાર**-ભોમિયો; **કુદરતનું સુંદરધામ**-પ્રકૃતિમંદિર; **બરફથી ઢંકાયેલું**-હિમાચ્છાદિત; **વહેતા પાણીમાં થતું કૂંડાળું**-વમળ; **જ્યાં જવાનું ધાર્યું છે તે સ્થાન**-ગમ્ય સ્થાન; **રાજકારણને લગતું કાર્ય**-રાજકાજ; **અડધી ઉંમરે પહોંચેલું**-આધેડ

### રૂઢિપ્રયોગ

**થાકીને લોથ થઈ જવું**-અતિશય થાકી જવું; **કંઠે પ્રાણ આવવા**-ખૂબ જ મુશ્કેલ કાર્ય હોવું; **હાંજા ગગડી જવાં**-ખૂબ ગભરાઈ જવું; **ઘોડા ઘડવા**-આયોજન કરવું, વિચારવું

### સ્વાધ્યાય

**1. નીચે આપેલાં વિધાનો માટે સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√) નિશાની કરો.**

(1) સાંકડી અને નિર્જન ખીણોમાં ફરવાનો લેખકનો-

(A) કાયમી અનુભવ હતો. (B) ઓછો અનુભવ હતો.

(C) પ્રથમ અનુભવ હતો. (D) છેલ્લો અનુભવ હતો.

(2) હિમનદી ઓળંગવાનાં સાધનોના અભાવને કારણે

(A) પાછા ફર્યા (B) આગળ વધ્યા

(C) રોકાઈ ગયા (D) સફળ થયા

**2. નીચેના પ્રશ્નોનો એક-બે વાક્યમાં ઉત્તર લખો.**

(1) પ્રવાસમાં લેખકની કયા સ્થળે જવાની ઇચ્છા હતી ?

(2) પ્રવાસમાં લેખકની સાથે કોણ હતું ?

(3) ખોભણમાં પગ લપસ્યા છતાં લેખક કેવી રીતે બચ્યા ?

**3. નીચેના પ્રશ્નોના ઉત્તર પાંચ-સાત વાક્યમાં લખો.**

(1) પાઠને આધારે હિમાલયની સાહસ યાત્રાનું વર્ણન કરો.

(2) લેખકે વર્ણવેલું હિમાલયનું સૌંદર્ય તમારા શબ્દોમાં લખો.

(3) પ્રવાસ અધૂરો મૂકીને આવવું પડ્યું તે તમને યોગ્ય લાગ્યું કે નહિ તે કારણો સાથે જણાવો.

## વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- કાકા કાલેલકરનું 'હિમાલયનો પ્રવાસ' પુસ્તક મેળવીને અનુકૂળતાએ વાંચવું.
- તમે કરેલા યાદગાર પ્રવાસનું દસ-પંદર લીટીમાં વર્ણન કરવું.
- જવાહરલાલ નહેરુના પુસ્તક 'ડિસ્કવરી ઑફ ઈન્ડિયા'નો ગુજરાતી અનુવાદ મેળવીને વાંચવો.
- હિમાલયમાં આવેલાં તીર્થસ્થાનોની માહિતી મેળવવી.

## ભાષા-અભિવ્યક્તિ

સરળ, ટૂંકાં, સચોટ અને અર્થસભર વાક્યો આ કૃતિમાં અનેક સ્થળે જોવા મળે છે. વર્ણનાત્મક ગદ્યનું આ ઉત્તમ ઉદાહરણ છે. 'સદૈવ', 'ગમ્ય સ્થાન' જેવા તમને ઓછા સાંભળવા મળતા શબ્દોનો ઉપયોગ થયો છે. આ શબ્દોનો તમે તમારા લેખનકાર્યમાં ઉચિત સ્થાને પ્રયોગ કરો. 'હિમગિરિ' શબ્દને સ્થાને 'ગિરિહિમો' શબ્દ કેવું નાવીન્ય બક્ષે છે તે સમજો.

## શિક્ષકની ભૂમિકા

'હિમાલયમાં એક સાહસ' આત્મકથાનો અંશ છે. અંગ્રેજીમાં લખાયેલી આત્મકથાનો મહાદેવભાઈ દેસાઈએ કરેલો અનુવાદ ભાવવાહી બની શક્યો છે. અનુવાદ એક કળા છે તે વિશે વિદ્યાર્થીઓને વાકેફ કરવા.

જેલનિવાસ દરમ્યાન ઈ.સ.1934-35 માં પંડિત જવાહરલાલ નહેરુએ લખેલી 'મારી જીવનકથા' વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવા. પાઠના અંતે પંડિતજીએ ટાંકેલી વૉલ્ટર ડલામેરની અંગ્રેજી પંક્તિઓ ઉપરથી મહાદેવભાઈએ લખેલી અનુવાદિત પંક્તિઓ સ્વયં એક કવિતાની કક્ષાનો ભાવાનુવાદ છે તેની પણ વિદ્યાર્થીઓને માહિતી આપવી.

પ્રવાસમાં સાહસિકતાની સાથે પૂર્વ આયોજન, જરૂરી સાધન સામગ્રી અને તેનો ઉચિત ઉપયોગ અત્યંત અનિવાર્ય છે. જીવના જોખમે પ્રવાસ કરવાને બદલે આયોજનબદ્ધ પ્રવાસ સફળતાને વરે છે અને વધુ આનંદ આપે છે તે અંગે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી.

•

# 23 લઘુકાવ્યો : દુહા-મુક્તક-હાઈકુ

**રઈશ મણિયાર**

**(જન્મ : 19-08-1966)**

રઈશ મણિયારનું મૂળ વતન વલસાડ પાસેનું પારડી ગામ છે. તેઓ એમ.ડી. (બાળરોગ નિષ્ણાત) થયેલા છે. 'કાફિયા નગર', 'શબ્દ મારા સ્વભાવમાં જ નથી'અને 'નિહાળતો જા' તેમની નોંધપાત્ર કૃતિઓ છે. 'અસ્તિત્વ અને વ્યક્તિત્વ', 'ગઝલઃ રૂપ અને રંગ', 'ગઝલનું છંદોવિધાન' તેમના વિવેચનના ગ્રંથો છે. 'બાળ ઉછેરની બારાખડી' તેમનું બાળ ઉછેરનું નોંધપાત્ર પુસ્તક છે.

મુક્તક એ કાવ્ય સાહિત્યનું લઘુ સ્વરૂપ છે. બે, ચાર કે છ પંક્તિઓમાં લાઘવથી કવિ વિષય કે સંવેદનને રજૂ કરતા હોય છે. આ જગતમાં અનેક પ્રકારના સંઘર્ષો છે એમાં હાર્યા વગર સતત આગળ વધવાનું છે. સુખ અને દુઃખ તો એક સિક્કાની બે બાજુ છે. સુખમાં છકી નથી જવાનું ને દુઃખમાં તૂટી નથી જવાનું. આ દુનિયામાં એવો કોઈ મુગટ એટલે કે એવી જવાબદારી નથી કે જેમાં ભાર ના હોય. આનંદથી એ ભારને પણ વહન કરવાનો ભાવ આ મુક્તકમાં છે.

---

**બરકત વીરાણી 'બેફામ'**

**(જન્મ : 25-11-1923, મૃત્યુ : 02-01-1994)**

'બેફામ'નું મૂળ નામ બરકતઅલી ગુલામહુસેન વીરાણી હતું. તેઓ ભાવનગર જિલ્લાના ઘાંઘળી ગામના વતની હતા. આકાશવાણી મુંબઈમાં એડિટર તરીકેની કામગીરી બાદ નિવૃત્ત થયા હતા. 'માનસર ઘટા' અને 'પ્યાસ' એમના ગઝલ સંગ્રહો છે. એમની 'આગ અને અજવાળા' તથા 'જીવતા સૂર' વાર્તાઓ પ્રકાશિત થયેલી છે. 'રસ સુગંધ ભાગ-1 અને ભાગ-2' એમની નવલકથાઓ છે.

આ મુક્તકમાં કર્મનો મહિમા છે. માણસની સફળતા એની હાથની રેખાઓમાં નહિ પણ એની મહેનતમાં હોય છે. કોઈ ઈમારત બનાવતાં પહેલાં એનો નકશો બનાવવામાં આવે છે, પરંતુ નકશો એ ઈમારત નથી. એમ નસીબ એ જીવન નથી. જીવન તો માણસની મહેનત અને પ્રયત્નથી બને છે.

---

**મુરલી ઠાકુર**

**(જન્મ : 1910, મૃત્યુ : 1975)**

મુરલીધર રામચંદ્ર ઠાકુર સાબરકાંઠા જિલ્લાના ઉમેદગઢના વતની હતા. તેઓ ગુજરાતીના અધ્યાપક અને ત્યારબાદ આકાશવાણીમાં ગુજરાતી કાર્યક્રમોના નિર્માતા બન્યા હતા. 'સફર અને બીજાંકાવ્યો'માં તેમનાં કાવ્યો સંગ્રહાયાં છે. 'મેળો' તેમનાં બાળગીતોનો સંગ્રહ છે. 'પ્રેમલ જ્યોત'માં તેમની વાર્તાઓ ગ્રંથસ્થ થઈ છે. 'ગાંધીવાણી' નામે તેમનો અભ્યાસગ્રંથ પ્રસિદ્ધ થયો છે.

---

**અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ**

**(જન્મ : 11-11-1937, મૃત્યુ : 31-07-1981)**

અનિરુદ્ધ લાલજીભાઈ બ્રહ્મભટ્ટનું વતન વીરમગામ પાસેનું દેત્રોજ છે. તેઓ અધ્યાપક તરીકે કાર્ય કરતા હતા.

કવિ, વિવેચક, વાર્તાકાર અને નિબંધકાર તરીકે તેઓ જાણીતા છે. 'કિમપિ' એમનો કાવ્યસંગ્રહ છે. 'અજાણ્યું સ્ટેશન' વાર્તાસંગ્રહ છે. 'નામરૂપ'માં તેમના ચરિત્રનિબંધો છે. 'ચલ મન વાટે-ઘાટે' ના ચાર ભાગમાં તેમની નિબંધિકાઓ પ્રગટ થયેલી છે. 'ઋષિવાણી' નામના ગ્રંથમાં અધ્યાત્મ અને ચિંતન વિષયક લેખો છે.

બીજા હાઈકુમાં રાતનું ચિત્ર છે. દીપ હોલવવાથી અંધારું થશે એની ચિંતા છે પણ બારીમાં તો ચંદ્ર ખીલી ગયો છે એ દૃશ્ય આપણી નજર સામે ઊભું થાય છે. અંધકાર અને પ્રકાશની બે સ્થિતિ સરસ રીતે પ્રગટ થઈ છે.

દુહા એ મૂળ લોકસાહિત્યનું સ્વરૂપ છે. અત્યંત લાઘવથી કોઇ પ્રસંગ, ભાવ રજૂ થતો હોય છે. પ્રથમ દુહામાં ઉત્તમ વ્યક્તિ બનવું એ કેટલું અઘરું છે એ ભાવ જુદાં જુદાં ઉદાહરણો દ્વારા વ્યક્ત થયો છે. કુલદીપક થવું એટલે કે પોતાના કુળને ઉજાળવું કઠિન છે. દેશદીપક થવું એ તો દુર્લભ વાત છે. જયારે જગતના દીપક બનવું, આખા જગતને ઉજાળવું એ તો કોઈ ભગવાનનો અંશ હોય એ વ્યક્તિ જ કરી શકે.

બીજા દુહામાં કવિએ વર્ણવ્યું છે કે આદર અને સ્નેહ મહત્ત્વના છે. તે જ સાચો સંબંધ છે આદર અને સ્નેહ વિનાના ઘરમાં સોનાનો વરસાદ થતો હોય તો પણ ત્યાં ન જવું જોઇએ.

**દુહા**

**1.** કુલદીપક થાવું કઠિન, દેશદીપક દુર્લભ,
જગદીપક જગદીશના, અંશી કોક અલભ્ય.

**2.** આવ નહીં, આદર નહીં, નહીં નયનમાં નેહ,
તે ઘર કદી ન જાઈએ, કંચન વરસે મેહ.

**મુક્તક**

**1.**ચેતજે જીતમાંય હાર ન હો,
સુખ એ દુઃખનો કોઇ પ્રકાર ન હો;
એવો કોઈ મુગટ બન્યો જ નથી,
જેનો માથે જરાય ભાર ન હો.

**- રઈશ મણિયાર**

**2.** સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી,
ચણાયેલ ઈમારત એના નકશામાં નથી હોતી.

**- બરકત વીરાણી 'બેફામ'**

**હાઈકુ**

**1.** ખોરડું નાનું
સૂરજનો ઉજાસ
મોટું આંગણું

**-મુરલી ઠાકુર**

**2.** દીપ હોલવું,
થશે અંધારું; અરે!
બારીમાં ચંદ્ર !

**- અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ**

## શબ્દ-સમજૂતી

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**દુર્લભ**-મુશ્કેલીથી મળે તેવું, દુષ્પ્રાપ્ય; **અંશી**-જેનો તે ચોક્કસ અંશ છે તેવું; **મેહ**-વરસાદ, મેઘ; **જગત**-વિશ્વ; **મુગટ**- તાજ(અહીં) સત્તા, જવાબદારી; **ભાર**-બોજ; **આંગણ**-ઘરના બારણા સામેની ખુલ્લી જગ્યા, ફળિયું

### તળપદા શબ્દો

**કો**-કોઈક; **નેહ**-સ્નેહ; **હોલાવું**-હોલવવું

### વિરુદ્ધાર્થી શબ્દો

**દુર્લભ**×સુલભ; **આદર**×અનાદર

### સ્વાધ્યાય

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :**

(1) કવિ કયાં જવાની ના પાડે છે ?

(A) આવકાર મળે ત્યાં (B) આદર મળે ત્યાં

(C) આંખોમાં સ્નેહ દેખાય ત્યાં (D) આવકારો ન મળે ત્યાં

(2) શું બનવું દુર્લભ છે ?

(A) કુલદીપક (B) દેશદીપક

(C) વીર (D) મહાન

**2. એક વાકયમાં ઉત્તર આપો.**

(1) કવિની દૃષ્ટિએ ભારવાળો મુગટ એટલે શું ?

**3. બે-ત્રણ વાકયોમાં ઉત્તર આપો.**

(1) મુરલી ઠાકુરને આંગણું મોટું શા માટે લાગે છે?

**4. સાત-આઠ લીટીમાં ઉત્તર આપો.**

(1) પ્રથમ મુકતકમાં કવિ કઈ વાતની ચેતવણી આપે છે? વિસ્તારથી સમજાવો.

(2) પંક્તિઓ સમજાવો.

''સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી,
ચણાયેલ ઈમારત એના નકશામાં નથી હોતી.''

## વિદ્યાર્થીની પ્રવૃત્તિ

વર્ગખંડમાં કે શનિવારના સંમેલનમાં દુહા ગાવાની સ્પર્ધા ગોઠવો.

હાઈકુનું બંધારણ શિક્ષક પાસેથી સમજીને હાઈકુ લખવા પ્રયત્ન કરો. ઓછાંમાં ઓછા પાંચ હાઈકુ લખો. જો શકય હોય તો હાઈકુના ભાવનું ચિત્ર દોરો.

સુવિચારોનો સંગ્રહ કરો અને દરરોજ શાળાના ભીંતપત્રમાં તે લખાય તેવું ગોઠવો.

ગુજરાતી-હિન્દી-સંસ્કૃત અને અંગ્રેજી ભાષામાં લખાયેલાં મુક્તકો કંઠસ્થ કરી સંમેલનમાં તેની રજૂઆત કરો.

હાઈકુ અને મુક્તકોનો હસ્તલિખિત અંક તૈયાર કરો.

## ભાષા અભિવ્યક્તિ

દુહાની લાક્ષણિક્તા જ એ છે કે શબ્દો ઓછા હોય, છતાં વાત ચોટદાર હોય. બીજા દુહામાં 13 જેટલા શબ્દોના ઝૂમખામાં અહીં ત્રણ વખત 'નહિ' શબ્દનું પુનરાવર્તન થાય છે. 'તે' - સર્વનામ છે 'કદી' ક્રિયાવિશેષણ છે. પ્રથમ ચરણમાં 'અ' વર્ણના અને બીજા ચરણમાં 'ન' વર્ણના પુનરાવર્તનથી વર્ણાનુપ્રાસની ગૂંથણી થાય છે. આમ, અહીં ગાગરમાં સાગર સમાવાયો છે.

## શિક્ષકની ભૂમિકા

**દુહા :**

દુહા ઓછામાં ઓછા શબ્દોમાં ઘણું કહેવાની ક્ષમતા ધરાવે છે. બે લીટીના દુહામાં જીવનની સચ્ચાઈ કે જીવનોપયોગી વિચાર રજૂ થતા હોય છે.

કુળને તારનાર કે દેશનું નામ રોશન કરનાર વ્યક્તિ મળવી કઠિન અને દુર્લભ છે. પરંતુ સમગ્ર જગતને માર્ગ બતાવે તેવા તો ઈશ્વરના અંશ જ હોઈ શકે એવા અર્થમાં પ્રયોજાયેલા પ્રથમ દુહાને સમજાવવા આપણી આસપાસનાં વિખ્યાત હોય તેવાં ઉદાહરણ વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવાં.

આજના ઝડપી જમાનામાં માણસને સમય મળતો નથી. જીવનની ભાગદોડમાં માનવતા જાણે મરી પરવારી છે, પરિણામે મહેમાનો આવે તે પણ પોસાતું નથી અને પાલવતું પણ નથી. શહેરી જીવનની આ કરુણ વાસ્તવિકતા છે. ખરેખર તો અતિથિને પ્રેમ, આદર ન મળે તો તેવા ઘેર સોનાનો વરસાદ થતો હોય તો પણ જવું ના જોઈએ તેવો આ દુહાનો અર્થ સ્પષ્ટ કરવો. અતિથિ સત્કારને લગતી બોધકથાઓ કહેવી. તેમજ કવિ દાદની 'આવકારો મીઠો આપજે' જેવી કાવ્યપંક્તિઓના સંદર્ભ આપી 'અતિથિ દેવો ભવ'ની ભાવના બાળકોમાં વિકસે તેવી ચર્ચા કરવી.

**મુક્તક :**

મુક્તક એટલે મોતી. મોતીની જેમ મુક્તક પણ ઓછા શબ્દોનું (નાનું), ભાવની રીતે સુંદર અને વિચારની રીતે અમૂલ્ય(કિંમતી) હોય છે તેવી સમજ આપવી.

(1) જે વ્યક્તિ ટોચ પર પહોંચે છે, ઊંચાઈ, પદ કે ઉન્નતિ પામે છે તેની જવાબદારીઓ પણ વિશેષ હોય છે. કશુંક મેળવવા કશુંક ગુમાવવું પડતું હોય છે. કોઈપણ વસ્તુ એમ ને એમ નથી મળી જતી. જવાબદારીનો કાંટાળો તાજ ઘણીવાર ભારરૂપ પણ લાગતો હોય છે પરંતુ તે વાત પરસ્પરાવલંબી છે. તે વિચારને આ મુકતકના માધ્યમથી સ્પષ્ટ કરવો અને વિદ્યાર્થીઓને જવાબદારી સ્વીકારવા તૈયાર કરવા.

(2) પ્રારબ્ધ અને પુરુષાર્થ બેમાંથી કોણ ચઢિયાતું એવી ચર્ચા વારંવાર સાંભળવા મળતી હોય છે. આ મુક્તકમાં પુરુષાર્થને મહત્ત્વ આપવામાં આવ્યું છે. સફળ વ્યકિતઓ ખૂબ સંઘર્ષ પછી સફળતા પ્રાપ્ત કરે છે ! હસ્તરેખાને આધારે બેસી રહેવાથી સફળતા મળતી નથી તે વાત નકશામાં દર્શાવેલી ઈમારત સાથે સરખાવીને પ્રેરક રીતે રજૂ થઈ છે તે અંગેની ચર્ચા કરી વિદ્યાર્થીઓને પુરુષાર્થ કરવા માટે પ્રેરવા.

*'उद्यमेन हि सिध्यंति कार्याणि न मनोरथैः ।*

*न हि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः ॥'*

જેવા સંસ્કૃત સુભાષિતનો સંદર્ભ આપવો.

**હાઈકુ :**


(1) કુદરતી તત્ત્વો કોઈ ભેદભાવ વિના સૌને વિપુલ માત્રામાં આપે છે હવા, સૂર્યપ્રકાશ, પાણી, વૃક્ષનો છાંયો, નદી-ઝરણાં-સરોવર, પર્વત સૌને સમાનભાવે સ્વીકારે છે.

ઘર ભલે નાનું હોય પણ સૂરજના ઉજાસે ઝળહળતું આંગણું ઘણું મોટું લાગે છે. વ્યકિતનું ઘર નાનું હોઈ શકે પણ કુદરત વિશાળ હોય છે. આવા એકાધિક અર્થો વિદ્યાર્થીઓ પાસેથી મેળવવા અને કાવ્યાનંદ તરફ વાળવા.

(2) ઈશ્વર કયારેય બધા રસ્તા બંધ કરતો નથી. દાંત આપનાર ચાવણું પણ આપતો હોય છે. એક રસ્તો બંધ થાય તો બીજો રસ્તો તે ખોલી આપે જ છે તેથી મનુષ્યે નિરાશ થવાને બદલે રસ્તો શોધવા પ્રયત્ન કરવો. દીપ હોલવાતાં અંધારું થશે પણ ચંદ્રનો પ્રકાશ બારી વાટે ઘરમાં પ્રકાશ પાથરવા તૈયાર છે. આપણે બારી ખોલવાની જરૂર છે. આવા અર્થો વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી.

•

# 24 ઘોડીની સ્વામીભક્તિ



**જોરાવરસિંહ જાદવ**

**(જન્મ : 10-02-1940)**

જોરાવરસિંહ દાનુભા જાદવ ધંધુકા તાલુકાના આકરુ ગામના વતની છે. સહકારી સંસ્થામાંથી અધિકારી તરીકે નિવૃત્ત થઇ અમદાવાદમાં રહે છે. તેમણે લોકસાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં કાર્ય કરેલું છે, સંપાદન કરેલું છે. 'મરદ કસુંબલ રંગ ચડે', 'આપણા કસબીઓ', 'મરદાઈ માથા સાટે' અને 'લોકજીવનનાં મોતી', 'લોકસંસ્કૃતિમાં પશુઓ', એમના લોકકળા અને લોકજીવનને સ્પર્શતા ગ્રંથો છે. વિચરતી જાતિની લોકકળાઓને તેમણે વાચા આપી છે. તેમને વિવિધ પુરસ્કારો મળ્યા છે.

આ લોકકથામાં આંબા પટેલનો અશ્વશોખ અને અશ્વ પ્રત્યેના સંતાન જેવા વાત્સલ્યનું આલેખન થયું છે. સાથે સાથે જાતવાન ઘોડીની વફાદારી અને સ્વામીભક્તિ પણ નિરૂપાઈ છે. સૌરાષ્ટ્રની તળપદ બોલીનું જોમ અને માધુર્ય, પ્રેમભર્યું જીવન પણ આ લોકકથામાં સજીવ થઈ ઊઠ્યું છે. માનવ અને પ્રાણીની પરસ્પરની પ્રીતને આ કથા આકર્ષક ઉઠાવ આપે છે.

---

પચાસેક વરસ મોર્યની આ વાત છે. એ વખતે ગોહિલવાડની ધરતી માથે આવેલા વાવડી ગામના આંબા વાછાણી(પટેલ)નું ખોરડું મલક આખામાં જાણીતું હતું. ગામ અને પરગામના સંધાય માનવી આંબા વાછાણીને આંબા અદા (દાદા) ના નામથી બકોરતા. આંબા પટેલ સમજણા થયા ત્યારથી એમને ઘોડાનો જબરો શોખ વળગેલો.

આંબા પટેલ ઉંમરલાયક થયા અને ઘરનો કારભાર એમના હાથમાં આવ્યો ત્યારે બાબરા જઈને ઢેલ(ઘોડીની જાત)ની અસલ ઓલાદની છ મહિનાની વછેરી મૂલવી લાવ્યા. આરસમાંથી કંડારી કાઢી હોય એવી વછેરીનો જોટો ગોહિલવાડ પંથકમાં જડવો ભારે મુશ્કેલ હતો. રૂપાળી વછેરીના ચારેય પગ ને કપાળ ધોળેલાં હતાં. કાનની ટીસિયું બેવડ વળી જતી હતી. વછેરી જયારે ચમકતી ચાલે ગામ સોંસરવી નીકળતી ત્યારે ગામ-લોકો ફાટી આંખે નીરખી રહેતા. કેટલાક તો કહેતા ખરા :'માળો આંબો પટેલ વછેરી ગોતી લાવ્યો છે ને કંઈ !'

વછેરી જયારથી ઘેર આવી ત્યારથી આંબા પટેલે એનું જીવની જેમ જતન કરવા માંડયું. વછેરીને દૂધ પાવા ભરવાડની ઝોકમાંથી બે બકરિયું લાવીને ઘર-આંગણે બાંધી દીધી, ને સવાર-સાંજ બેય બકરિયું દોહીને એનું દૂધ પાવા માંડ્યું. પંડયના દીકરા ઘોડયે વછેરીની માવજત થતી હોવાથી વછેરી દીએ નો વધે એટલી રાતે ને રાતે નો વધે એટલી દીએ ઝપાટા મોઢે વધ્યે ચડી. બીજું વરસ બેઠું ત્યાં તો વછેરીએ ચડવ થઈ જાય એટલું કાઠું કાઢયું. બરાબર ત્રીજા વરસે વછેરી ચડવ થઈ ગઈ. આંબા પટેલ ખાંતે-ખાંતે એને રેવાળ શીખવી. અસલ ઓલાદની વછેરી તો માના કોઠામાંથી જ સંધુય શીખીને અવતરતી હોય છે. રેવાળ તો બસ એના બાપની જ. માથે બેઠેલો અસવાર હાથમાં દૂધની ટબૂડી લઈને મોટી રેવાળમાં પાંચ ગાઉની ભોં વહ્યો જાય તો દૂધનું ટીપુંય હેઠું નો પડવા દે.

એક દિવસ આંબા પટેલના મામાએ માણસ મોકલીને સંધેવો કહેરાવ્યો :

''ભાણેજને માલૂમ થાય કે જે કામ કરતા હોય ઈ પડતા મૂકીને મણાર(ગામ) આવીને રોટલા શિરાવજો.''

મામાનો સંધેવો સાંભળીને આંબા પટેલને સારાં-મોળાં ઓહાણ(વિચારો) આવવા માંડયાં :

''કોઈ દી નઈ ને મામાએ આજ આવા વાવડ કેમ કેવરાવ્યા હશે? નક્કી કંઈ નવા-જૂની થઈ હશે, નકર મામા કામ પડતું મૂકીને આવવાના સમાચાર મોકલે નૈ.''

આંબા પટેલે આવનાર માણસને, ફેરવી-ફેરવીને એકની એક વાત અનેક વાર પૂછી જોઈ, પણ આગંતુકે પેટ દીધું નૈ.

ત્યારે આંબા પટેલે ઢાળિયામાંથી ઢેલને છોડીને ફળિયામાં આવી સાદ દીધો :

''ગણેશની બા, હાંભળો છો કે? મામાએ અબઘડીએ મણાર તેડાવ્યો છે, એટલે જાઉં છું. કાલ્યનું વાળું ઘર્યે આવીને કરીશ. પણ કંઈ કામ જોગ રાત-વરત રોકાવાનું થાય તો ચંત્યા કરીને વાંહે માણહ નો ધોડાવતા''.

આંબા પટેલનાં ઘરવાળાં સડપ લઈને ઘોડીનું ચોકડું ઝાલી આડાં ફરી વળ્યાં અને બોલ્યાં :

''અટાણે અહૂરવેળાએ જવા નીકળ્યા છો, પણ મારું મન પાછું પડે છે. ભલા થઈને હવારે મોહૂંઝણામાં જાવ તો ? એક રાતમાં શું ખાટું-મોળું થઈ જવાનું છે? આડી શેતરુંજી નદી પડી છે. સોમાહાનો દી છે ને પાણીબાણી આયું હશે તો તમને હુરમત કર્યાં વન્યા નૈ રો ને અમને ઉપાધિનો પાર કરાવી મૂકશો.''

''અરે ઈ શું બોલ્યાં ? પટલાણીની દીકરી થૈને મને મોળું ઓહાણ આલો છો? શેતરુંજી જેવી સાત નદિયું આડી કેમ નથી પડી? ઢેલ જેવી જાતવાન ઘોડી રાંગમાં રમતી હોય પછી ચંત્યા શાની? મામા જેવા લાખ રૂપિયાના માણહનો હંધેવો આવે ને હું નો જાવ તો મારો ભરૂંહો કુણ કરે? મલક કોક દીયે ટોણો મારે કે આંબા પટેલ બિકાળવા છે એટલે રાત-વરતના પરગામ જાતા નથી.''

એમ કહેતાં આંબા પટેલે કેડય બાંધી, કળશો ભરીને પાણી પીધું, નેં પછી ઢેલ માથે સવાર થયા. ફઅડક, દૂફડક, ફઅડક, દૂફડક કરતી ઢેલ મણાર ગામને મારગે વીજળીના સળાવાની જેમ વહેતી થઈ. તળાજા થાતીક ને દસેક ગાઉનો પંથ કાપીને મધરાતનો ગજર ભાંગતાં મોર્ય મામાની ડેલી આગળ આવીને હમચી ખૂંદવા માંડી. મેડી માથે મઝરો-મઝરો દીવડો બળતો હતો, મામા બારીએ બેહીંને ભાણેજના આવવાની વાટ જોતા હતા.- ત્યાં આંબા પટેલે અવાજ દીધો :

''ઓ મામા, રામ.......રામ,.....આવી પોગ્યો છું.''

''એ રામ રામ, ભાણેજ, રામ રામ ! આવી પોગ્યો કે?''

''શું થાય મામા ? મારા જીવની તો તમને ખબર્ય છે ને કે મામાનો હંધેવો આવે એટલે ભર્યું ભાણુંય આઘું હડસેલીને હાલી નીકળું ઈમાંનો માણહ છું. મનમાં ભાતભાતના વિચાર હડિયાપાટી લેવા માંડે પછી હાથ ઝાલ્યો રે' ખરો ?''

મામા હડી કાઢીને મેડીએથી હેઠા ઊતર્યા. ખડકી ઉઘાડીને ભાણેજને બાથમાં ઘાલીને ભેટી પડયા, અને ઘોડીને અંદર દોરી લાવ્યા-ત્યાં મામી ઓરડામાંથી બહાર નીકળીને ઓસરીએ આવ્યાં ને પૂછયું :

''ભાણા ભૈ, ઘરે હંધાય છે તો હાજાં નરવાંને ?''

''ભગવાનની દયાથી હંધાય લીલાલહેર કરે છે. ?''

''બળદને વચ્ચે ગાડાનું પૈડું અડી ગ્યું તું ને ?''

''બળદેય, મામી, હવે હાજો-નરવો થૈ ગ્યો સે, પનરક દી પગ નો માંડયો ને અનરવો રિયો, પણ ભાયા ભરવાડનાં ઓહડિયાંએ ભારે કાહરી કરી. અટાણે તો ચારે પગે ધોડતો થૈ ગ્યો સે.''

મામાએ ભાણેજના હાથમાંથી ઘોડી દોરી લીધી ને ઢાળિયામાં લઈ ગયા. દળી, તંગ ને પેંગડાં ઉતારીને ગમાણમાં મૂકયાં. ઘરમાં જઈને સૂંડલો ભરીને બાજરો લાવ્યા ને ઘોડીને જોગાણ મૂકીને ઓસરીએ આવ્યા. મામીએ તૈયાર રાખેલાં વાળુ કાઢયાં. સુખદુઃખ ને વહેવારની વાતું કરતાં કરતાં મામા-ભાણેજ મોડી રાતે ચળું કરીને ઊભા થયા. મેડીએ ખાટલા ઢાળીને બેય સૂતા ત્યારે મામાએ પોતાની જુવાન દીકરીના સંબંધ બારામાં ભાણેજને ભલામણ કરીને મનનો ભાર હળવો કર્યો.

બીજે દી રોટલા શિરાવીને ભાણેજ વાવડીએ જવા સાબદા થયા ત્યારે મામા-મામીએ બે દી રોકાઈ જવા ખૂબ તાણ કરી. પણ ભાણેજ ધરાહાર એકના બે ન થયા, એટલે કચવાતા હૈયે બેય જણાંએ આંબા પટેલને રજા આપી. મામા પાદર સુધી વળાવવા આવ્યા ને રામરામ કરી બેય છૂટા પડયા. આંબા પટેલે વાવડીના મારગે ઘોડી રમતી મૂકી. બેએક ગાઉ કાપ્યા ત્યાં

ઓતરાદી કોર્યથી કાળો ડિબાંગ મેહુલો ચડી આવ્યો. ડોકના ત્રણ-ત્રણ કટકા કરીને 'મેઆઉ', 'મેઆઉ' કરતા મોરલા ગહેંકી ઊઠયા. પહાડોએ પડઘા દીધા. આકાશમાં કાળાંભંઠ વાદળાં હડિયાપાટી લેવા માંડયાં, પળાક....ધબાક પળાક....ધબાક વીજળી થવા માંડી.

ત્યાં તો ત્રમઝટ તડડડ, ત્રમઝટ તડડડ, હૂડુડૂ હમમમ.....ગર્જના કરતો મેહુલો સાંબેલાની ધારે ધરતી માથે મંડાણો.

મારગ માથે પચરક-પચરક ગદરો ખૂંદતી આંબા પટેલની ઘોડી વહી જાય છે. એવામાં તળાજાનો ડુંગર દેખાણો ને પટેલ શેતરુંજીને કાંઠે આવીને ઊભા. ઉપરવાસ ભારે વરસાદને કારણે શેતરુંજીમાં ઘોડાપૂર બઘડાટી બોલાવે છે. આઈ શેતલ જાણે માથાના વાળ છુટ્ટા મેલીને રમણે ના ચડી હોય એમ એનાં પાણી ઘુઘવાટા મારે છે ! બેય કાંઠે પચાસ પચાસ માણસ પૂર ઊતરવાની રાહ જોતું બેઠું છે. આંબા પટેલને આંખની ઓળખાણવાળા બે પાંચ આદમીએ આવીને રામ-રામ કર્યા.

શેતરુંજીમાં પાણીના લોઢે ઊછળતા જોઈને આંબા પટેલ ઘડીભર મૂંઝવણના વમળમાં ફસાયા :

''મારી બેટી, ભૂંડી કરી! વાવડી પોગાય ઈમ નથી ને મણાર પાછા ફરાય ઈમ નથી. ઘરે સંધાય મારી મે' ઘોડયે વાટ જોઈને અર્ધાઅર્ધા થઈ જશે. આજ ઘરે પોગ્યા વિના તો છૂટકો જ નથી.'' એમ વિચારીને આંબા પટેલે કેડય બાંધીને ઘોડીનું ચોકડું ડોંશીને જેવી એડી મારી એવી જ ઘોડી છલાંગ દેતીક ને શેતરુંજીમાં ખાબકી, સમુદ્રમાં પથ્થરની શિલા પડે એમ. કાંઠે બેઠેલાં સંધાય આદમી અરેકારો કરતા ઊભા થૈ ગયા. સૌના મોંમાંથી એક જ વેણું સરીને બહાર પડયું કે, 'માળો ભારે છાતીસલો આદમી...!'

શેતરુંજીના ભારે પૂરમાં ઘોડી હૂબડક ફડાક, હૂબડક ફડાક કરતી પાણી કાપી રહી છે. પાણીનાં મોજાં ઘોડીને દડાની જેમ ઉછાળે છે. કાંઠે ઊભેલા સૌ એ જાય....એ જાય કરે છે. ઘોડી તો પગના સેલારાથી નદીનો પટ કાપી રહી છે. આંબા પટેલને ઘડીભર તો થયું કે 'મારું બેટું, તાણ ભારે છે. આવા તાણમાં ઘોડી બાપડી તાકાતેય કેટલી કરે? મેં પૂરમાં પડવાની છોકરમત ન કરી હોત તો ઠીક થાત.' જેમતેમ કરતી ઘોડી કાંઠા ઢૂકડી પહોંચીને હડફ કરતી સતલાંગ મારીને કાંઠે જઈ પડી. ત્યાં જાતવાન ઘોડી કળી ગઈ કે પોતાનો ધણી પાણીમાં રહી ગયો છે. નસકોરાં ફુલાવતી ઘોડી ઘડીયે થોભ્યા વિના પાણીમાં ખાબકીને ધણીની ગોત્યે નીકળી. આંબા પટેલ પાણીના વહેણમાં તણાતા હતા. તરવાની કાહરી ફાવતી નહોતી. તેઓ હરેરી ગયા હતા. ત્યાં સડ સડ સડાક કરતી ઘોડી આંબા પટેલ ઢૂકડી જઈ પહોંચી. ઘોડીને જોતાં જ આંબા પટેલ સઘળી તાકાત ભેગી કરીને ''બાપ ઢેલ, તું આવી કે ?'' કહેતા એને ગળે વળગી ગયા. ચતુર ઘોડીએ પાણીમાં પંથ કાપવા માંડયો. પાણીના વહેણમાં ફંગોળાતી-ફંગોળાતી ઘોડી મહામુસીબતે કાંઠે આવી.

''બાપ ઢેલ, તેં આજ જીવતરનાં દાન દીધાં છે.'' કહેતાં આંબા પટેલની આંખ્યુમાંથી ડબક-ડબક દેતાં બોર આંસુ સરી પડયાં. તેમણે કયાંય સુધી ઘોડીના વાંસા પર હાથ ફેરવ્યા કર્યો.

આંબા પટેલ જયારે વાવડીના પાદરમાં પોગ્યા ત્યારે ઠાકર મંદિરની ઝાલર બજી રહી હતી. ઘોડી માથેથી ઊતરીને પટેલ ઠાકર મહારાજને બે હાથ જોડીને પગે લાગ્યા :

''કાળિયા ઠાકર ! તારી દયાથી આજ ઘોડીએ મારો જીવ બચાવ્યો છે ને હું હેમખેમ ઘર્યે પોગ્યો છું. તારો ગણ કેમ કરીને ભુલાય ? ''

ઘેર આવીને આંબા પટેલે ઘરવાળાંને સઘળી વીતકકથા વર્ણવી ત્યારે પટલાણી બોલ્યાંઃ ''આ ઘોડીએ તો મારો ચૂડલો અમર રાખ્યો છે. ખમ્મા બાપ ઢેલ! તારો ગણ જિંદગી લગી શેં ભુલાશે ?''

એમ કહેતાં પટલાણીએ રહોડામાંથી ઘીનો ઘાડવો લાવીને આંબા પટેલ કને મૂકયો ને બોલ્યાંઃ

''બાપડી ઢેલ, પાણીમાં બહુ મઉ થૈ ગઈ હશે. ઈ ને ઘી પાવ ત્યાં લગણ હું કોઠીમાંથી ગોળની ભેલી કાઢી લાવું છું.''

**('લોકસાહિત્યની અશ્વકથાઓ'માંથી)**

### શબ્દ-સમજૂતી

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**માવજત**-સંભાળ; **આગંતુક**-આવી ચડેલું; **ઓલાદ**-સંતાન(અહીં) જાત; **છાતીસલો**-હિંમતવાળો; **ગોહિલવાડ**- કાઠિયાવાડનો ભાવનગર રાજ્યનો ભાગ; **ઝોક**-નેસડાનો ઢોર બેસતાં હોય તે ભાગ, ઘેટાં-બકરાંનો વાડો; **અહૂરવેળા**-કસમય, અસૂરવેળા; **ગજર ભાંગવો**-એક પ્રહર પૂરો થવો; **મઝરો મઝરો**- ઝાંખો ઝાંખો; **હુમચી ખૂંદવી**-(અહીં) ઘોડી તાનમાં આવી ઊછળકૂદ કરે તે; **અનરવો**-માંદો; **હડિયાપાટી**-દોડાદોડી, દોડધામ કરવી; **ગદરો**-ગારો, કાદવ; **ધરાહાર**-ધરાર, બિલકુલ; **બગદાટી**-ધબધબાટી; **કાહરી ફાવવી**-પ્રયત્ન સફળ થવો; **હરેરી જવું**-નાહિંમત થવું

### તળપદા શબ્દો

**ખોરડું**-માટીની ભીંત કે ગારવાળું નાનું મકાન; **સંધાય**-બધાં, સૌ; **બકોરવું**-બોલાવવું; **મૂલવવું**-કિંમત આંકવી; **જડવું**-હાથ લાગવું, મળી આવવું; **રેવાળ**-ઊછળે નહિ છતાં વેગવાળી એવી ઘોડાની ચાલ; **ભોં**-ભોંય; **સંધેવો**- સંદેશો; **ઓહાણ**-ખયાલ, યાદી; **વાવડ**-સમાચાર, સગડ; **વાળું**-સાંજ પછીનું ભોજન; **ચંત્યા**-ચિંતા, ફિકર; **વાંહે**-પાછળ; **સડપ**-ઝડપથી, એકદમ; **હવારે**-સવારે; **મોહુંઝણું**-પરોઢિયાનો સમય; **સોમાહું**-ચોમાસું, વરસાદના દિવસો; **ભરૂહો**-ભરોસો; **બિકાળવા**-બીક લગાડે તેવાં (અહીં)બીકણ; **લગણ**-લગી; **ઘોડયે**-ની જેમ; **સળાવો**-(વીજળીનો)ચમકારો; **મઉ થઈ જવું**-ભૂખથી ટળવળતું (અહીં)ખૂબ ભૂખ લાગવી; **ગણ**-ગુણ

### રૂઢિપ્રયોગ

**સોંસરવું નીકળવું**-મુશ્કેલીમાંથી સફળ રીતે બહાર આવવું; **આંખો ફાટી જવી**-આશ્ચર્યચકિત થઈ જવું; **પેટ દેવું**-મનની વાત કહેવી; **હડી કાઢવી**-દોટ મૂકવી; **એકના બે ન થવું**-વાત પર મક્કમ રહેવું; **બે ઘોડે વાટ જોવી**-આતુરતાથી રાહ જોવી; **જીવતરનાં દાન દેવાં**-કુરબાન થઈ જવું; **મોળું ઓહાણ આપવું**-માણસ નાહિંમત બને, ઢીલો પડે એવું કહેવું; **અર્ધાઅર્ધા થવું**-ચિંતાતુર થવું; **એકના બે ન થવું**-મક્કમ રહેવું; **ખાટુંમોળું થવું**-બગડી જવું

### શબ્દસમૂહ માટે એક શબ્દ

**દળી**-ઘોડાના સવારને બેસવા માટે ઘોડાની પીઠ પર રાખવાનું રૂ કે ઊનનું આસન; **તંગ**-ઘોડાના પેટ ફરતો તાણીને બાંધેલો પટ્ટો; **પેંગડું**-ઘોડેસવાર જેમાં પગ રાખે છે તે કડું; **ગમાણ્ય**-ગમાણ, ઢોરની નીરણ માટે આડું લાકડું રાખી કરેલી જગા; **જોગાણ**-ઘોડા, બળદ વગેરેને ખાવા માટે અપાતું અનાજ

### સ્વાધ્યાય

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :**

(1) આંબા પટેલની ઘોડીની ચાલ કેવી હતી ?

(A) ખદડ (B) રેવાળ
(C) ઉભડક (D) ઠેકતી

(2) 'ઢેલ જેવી જાતવાન ઘોડી રાંગમાં રમતી હોય પછી ચંત્યા શાની ?' આ વાકય કોણ બોલે છે?

(A) ગામ લોકો (B) મામા
(C) ગણેશની બા (D) આંબા પટેલ

**2. એક-એક વાકયમાં ઉત્તર આપો.**

(1) 'પટલાણીની દીકરી થૈ ને મને મોળું ઓહાણ આલો છો?'- આ વાત આંબા પટેલ કોને કહે છે?

(2) 'શેત્રુંજી જેવી સાત નદિયું આડી ચ્યમ નથી પડી?'- આ વાકય કોણ બોલે છે?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાકયોમાં ઉત્તર આપો.**

(1) આંબા પટેલને મણાર શા માટે જવું પડયું ?

(2) પૂરમાં ડૂબતા આંબા પટેલને કેવી રીતે જીવનદાન મળ્યું ?

4. **નીચેના પ્રશ્નનો સાત-આઠ લીટીમાં જવાબ આપો.**

(1) ઢેલ ઘોડીની વફાદારી અને ખાનદાની વિગતે વર્ણવો.

## વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- અન્ય પ્રાણીકથાઓ શોધો. તે વાંચીને તેની ખૂબીઓ વર્ગખંડમાં મૌખિક રીતે રજૂ કરો.
- શિક્ષકની મદદથી આ લોકકથાનું નાટ્યરૂપાંતર તૈયાર કરો અને શાળામાં ભજવો.
- લોકકથા રજૂ કરતા હોય તેવા કલાકારને વાર્ષિકદિનમાં બોલાવીને તેમની પાસેથી લોકકથા સાંભળો.

## ભાષા અભિવ્યક્તિ

વર્ષાઋતુ વિશે તમે અનેક વખત નિબંધ લખ્યો હશે. તમારા એ વર્ણનથી અલગ પડે એવું સરસ વર્ણન લેખકે અહીં કર્યું છે તે તપાસો અને લેખકના આ વર્ણનમાં કઈ કઈ બાબતો અલગ અને વિશિષ્ટ છે તે તારવતાં શીખો.

''ઓતરાદી કોર્યથી કાળો ડિબાંગ મેહુલો ચડી આવ્યો. ડોકના ત્રણ-ત્રણ કટકા કરીને 'મેઆઉ', 'મેઆઉ' કરતા મોરલા ગહેકી ઊઠયા. પહાડોએ પડઘા દીધા. આકાશમાં કાળાંભઠ વાદળાં હડિયાપાટી લેવા માંડ્યાં, પળાક.....ધબાક.... પળાક.....ધબાક....વીજળી થવા માંડી......ત્રમઝટ તડડડ, ત્રમઝટ તડડડ, હુડૂડૂ હમમમ.....ગર્જના કરતો મેહુલો સાંબેલાની ધારે ધરતી માથે મંડાણો. આ વર્ણનમાં મેહુલાનો ટહુકાર પણ અને મેઘની ધારાનો અવાજ પણ વર્ણવાયો છે. કાળો ડિબાંગ અને 'કાળાંભઠ'જેવાં વિશેષણો ચિત્રો સર્જે છે. વળી હડિયાપાટી લેવી, સાંબેલા ધારે પડવું જેવા રૂઢિપ્રયોગો પણ છે જેણે વર્ણનને સબળ બનાવ્યું છે. અહીં તળપદા શબ્દો દ્વારા સૌરાષ્ટ્રની બોલીની મીઠાશ અને એ દ્વારા ઊભું થતું વાતાવરણ ધ્યાન ખેંચે એવું ભર્યું-ભર્યું અને રસપૂર્ણ બન્યું છે. જુઓ... મોર્ય, સંધાય, સંધેવો, ઓહાણ, ચંત્યા, વાંકે, પનરક દી, આવા અન્ય શબ્દોની નોંધ કરો.

## શિક્ષકની ભૂમિકા

માણસો કરતાં પણ પશુ વધુ વફાદાર નીવડયું હોય તેવા અનેક પ્રસંગો નોંધાયા છે. શ્વાન, ઘોડા, હાથી, નોળિયો, બાજપક્ષી વગેરેની સ્વામીભક્તિ વિશે અનેક વાર્તાઓ અને પ્રસંગો પ્રચલિત છે. તેની પૂર્વભૂમિકા બાંધવી.

પ્રસ્તુત કૃતિમાં આંબા પટેલનો અશ્વપ્રેમ અને તેના ઉપરનો વિશ્વાસ નોંધનીય છે. તો સામે ઘોડી પણ પોતાની જાત પર ખેલી જીવના જોખમે પોતાના માલિકને નદીના પૂરમાંથી હેમખેમ બહાર કાઢે છે તે સંબંધ અંગે વિસ્તૃત ચર્ચા કરવી.

જાતવંત ઘોડીની માવજત, સંતાન જેવો અનર્ગળ પ્રેમ અને તેના પર મૂકેલો વિશ્વાસ વાર્તાને અંતે કેવો રંગ લાવે છે તેની સમજ આપવી. લોકબોલીના ઉચિત ઉપયોગ અંગે પણ વિદ્યાર્થીઓનું ધ્યાન દોરવું.

ઘોડી ને ઘોડેસવાર- ઝવેરચંદ મેઘાણી

જુમો ભિસ્તી- ધૂમકેતુ

પિથુભાનો રેલ્લો - રઘુવીર ચૌધરી(નવલકથાખંડ)

ઉપર્યુકત વાર્તાઓનું વર્ગખંડમાં વાચન કરવું અને મનુષ્ય-પશુ પ્રેમની ચર્ચા કરવી.

•

# લેખનકૌશલ

## એકમ 6 — અર્થવિસ્તાર, અહેવાલલેખન, સંક્ષેપીકરણ, નિબંધ

ભાષાસજ્જતા કેળવવી એટલે યોગ્ય અભિવ્યક્તિક્ષમતા કેળવવી તે. કઈ ભાષામાં તમારી કેટલી હથોટી કેળવાઈ છે, તે પ્રશ્નોત્તર કરતાં લેખનવિભાગમાં વધુ જોઈ શકાય. તમે જ્યારે નિબંધ લખો છો ત્યારે તમારા વિચાર કે અનુભૂતિને તમે અન્ય વાચક સુધી યોગ્ય રીતે પહોંચી શકે તે રીતે મૂકી શકો છો કે કેમ, તેનો ખ્યાલ આવે છે. અહીં તમારા વિચારોને તમે તર્કબદ્ધ ક્રમમાં સચોટ અને ચુસ્ત રીતે મૂકી શકો તેવી સજ્જતા અપેક્ષિત છે. તો અહેવાલલેખનમાં તમે ઘટના કે કાર્યક્રમનો, તમારી અંગત અનુભૂતિને વચ્ચે લાવ્યા વિના, યથાતથ ચિતાર આપતાં શીખો છો. અર્થવિસ્તાર અને સંક્ષેપીકરણ તમારી કલમની સજ્જતાનું સ્તર કેળવે છે. અર્થવિસ્તારમાં તમે એક બુંદ જેવા વિચારને સાગરની જેમ વિસ્તારતાં શીખો તેનું મહત્ત્વ છે. તમે ચિંતનાત્મક અભિગમ અને સહજ વહેતી પ્રવાહી ભાષામાં એ વિચારને ખોલવાની અને આલેખવાની કેળવણી મેળવો છો. તો સંક્ષેપીકરણ તેનાથી તદ્દન વિપરીત દિશામાં લઈ જાય છે. વિસ્તારથી કહેવાયેલી વીગતનો મર્મ તમે પામી શક્યા છો કે કેમ તે સમજવાનું છે. એ મર્મને ઓછા અને સચોટ શબ્દમાં તમે મૂકી શકો છો કે કેમ - તે શીખવાનું છે.

અર્થાત્, કોઈ પણ વિચાર કે વાતને ટૂંકામાં કહેવી કે વિસ્તારથી કહેવી, અંગત અનુભૂતિ સાથે સ્વૈરવિહાર સાથે આલેખવી કે તદ્દન પર રહીને માહિતીલક્ષી જ આલેખન કરવું - આ શીખવું તે લેખનકૌશલ. આ લેખન કૌશલના વિભાગમાં તમારી એ ભાષાસજ્જતાની કેળવણી અપેક્ષિત છે. ભાષાસજ્જતા કેળવવાય તે જ તમારો ખરો ભાષા-અભ્યાસ.

### અર્થવિસ્તાર

કોઈ પંક્તિ કે ગદ્ય-ઉક્તિના વિચારને, અર્થને કે મર્મને ખોલીને, વિસ્તારીને વર્ણવવું તે અર્થવિસ્તાર અથવા વિચારવિસ્તાર. સાહિત્યમાં મુક્તક, સુભાષિત વગેરેમાં ઉત્તમ જીવનસત્ય વણાયેલું હોય છે. જ્યારે અર્થવિસ્તાર કરવામાં આવે છે ત્યારે મર્મરૂપ રહેલા વિચારને, અર્થને ખોલવામાં આવે છે. તેમાં અન્ય દૃષ્ટાંત, પંક્તિઓ વગેરે મદદરૂપ થાય છે.

તમે આ પહેલાં પણ અર્થવિસ્તાર કર્યા છે. તમને ખ્યાલ છે કે અર્થવિસ્તાર કરવા માટે સૌથી પહેલું પગથિયું છે - જે-તે પંક્તિના શબ્દો સમજાવા - તે. કારણકે પંક્તિ જ ન સમજાય તો? આ માટે સતત વાચન ઉપયોગી રહે છે. અર્થવિસ્તાર કરવા માટે -

- અપાયેલી પંક્તિને ધ્યાનપૂર્વક વાંચો. બે વાર - ત્રણ વાર વાંચો.
- તેના બધા શબ્દોનો અર્થ સમજો. શક્ય છે કે એકાદ શબ્દ ન સમજાય, પણ જો એને અવગણીને ચાલો અને એ જ શબ્દ પંક્તિને ખોલવાની ચાવી હોય તો મર્મ નહીં પકડાય. આ સંજોગોમાં પંક્તિમાં રહેલા સંદર્ભને ઉકેલવાની કોશિશ કરો.
- પંક્તિના વિચારને સમજ્યા બાદ એ અર્થને ખોલવામાં મદદરૂપ થાય તેવા દૃષ્ટાંતો, પ્રસંગો વિચારો, અન્ય પંક્તિઓ યાદ કરો. અને પંક્તિના મૂળ અર્થની નજીક હોય તો તેવી, મર્મને ઉપયોગી નીવડે તેવી વીગતોનો ઉપયોગ કરીને વિચારનો વિસ્તાર કરો.
- અન્ય દૃષ્ટાંતો કે પંક્તિઓ ટાંકતી વખતે ધ્યાનમાં રાખવું જરૂરી છે કે મૂળ પંક્તિના મર્મથી વિષયાંતર ન થઈ જાય. અથવા પંક્તિઓનો અતિરેક ન થાય.
- સુંદર રીતે અર્થવિસ્તાર કરવાની ક્ષમતા કેળવવાનો ઉત્તમ ઉપાય છેઃ વાચન. લેખનની ગુણવત્તા સતત વાચનથી વધે છે.

પંક્તિવાચનનો મહાવરો પણ અર્થવિસ્તાર કરવામાં મદદરૂપ થઈ શકે. નીચે આવી કેટલીક પંક્તિઓ આપી છે, જેમાં જીવનનું રહસ્ય કે જીવનનું કોઈ સનાતન સત્ય વણાયેલું છે. તમે આ અને આવી પંક્તિઓ વાંચજો. જેથી તમે આવા શબ્દોથી પરિચિત થઈ શકો. એટલું જ નહીં, સમાન અર્થ ધરાવતી પંક્તિઓનું જૂથ પણ કરી શકો કે જેથી કોઈ અર્થવિસ્તાર કરતી વખતે તે મદદરૂપ નીવડી શકે.

1. અમને નાંખો જિંદગીની આગમાં,
   આગને પણ ફેરવીશું બાગમાં.
2. આજ કરશું, કાલ કરશું, લંબાવો નહિ દહાડા,
   વિચાર કરતાં વિઘ્નો, વચમાં આવે આડાં.
3. આવ નહીં, આદર નહીં, નહીં નયનોમાં નેહ;
   તે ઘર કદી ન જઈએ, કંચન વરસે મેહ.
4. આળસ એ તો જીવતા માણસની કબર છે.
5. ઊંચી નીચી ફર્યા કરે જીવનની ઘટમાળ,
   ભરતી એની ઓટ છે, ઓટ પછી જુવાળ.
6. કડવા હોય લીમડા, પણ શીતલ તેની છાંય,
   બાંધવ હોય અબોલડા, તોય પોતાની બાંય.
7. કદમ અસ્થિર હો એને કદી રસ્તો નથી જડતો,
   અડગ મનના મુસાફિરને હિમાલય પણ નથી નડતો.
8. કે હીન જન્મે નવ હીન માનવ,
   કે હીન કર્મે કરી હીન માનવ.
9. ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ,
   અણદીઠેલી ભોમ પર, યૌવન માંડે આંખ.
10. ત્રણ વાનાં મુજને મળ્યાં; હૈયું, મસ્તક, હાથ,
    બહુ દઈ દીધું નાથ, જા, ચોથું નથી માંગવું.
11. નિશાન ચૂક માફ, નહિ માફ નીચું નિશાન.
12. સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી;
    ચણાયેલી ઈમારત તેના નકશામાં નથી હોતી !

## અહેવાલલેખન

અહેવાલ એટલે વૃત્તાંત, નિવેદન. કોઈ પ્રસંગ, ઘટના કે કાર્યક્રમની હકીકત જણાવવી, તેનું વર્ણન કરવું. અહેવાલ વાંચવાથી સંસ્થાને અથવા અન્ય લોકોને જે - તે કાર્યક્રમ, પ્રસંગ કે ઘટના વિશેની સાચી અને મહત્ત્વની વીગતો મળી શકે. આ અહેવાલ કેવી રીતે લખાય તે સમજીએ.

- અહેવાલ સંપૂર્ણપણે તટસ્થ આલેખન હોય છે. તેમાં અહેવાલ લખનારના દૃષ્ટિકોણ, અભિપ્રાય કે મંતવ્યને કોઈ અવકાશ હોતો નથી.
- અહેવાલમાં કાર્યક્રમ, પ્રસંગ કે ઘટનાનું યથાતથ નિરૂપણ અપેક્ષિત છે.
- અહેવાલમાં વીગતોનું સચોટ અને ટૂંકું વર્ણન કરવામાં આવે છે.
- જે દિવસનો કાર્યક્રમ હોય તેનાં તારીખ, દિવસ અને સમયગાળો ચોકસાઈપૂર્વક નોંધવાં.
- પ્રસંગ, ઘટના કે કાર્યક્રમની વીગતોની ક્રમિક નોંધ લેવી.
- અગત્યની વીગતો ચૂકી ન જવાય તેની કાળજી રાખવી અનિવાર્ય છે.
- જે કોઈ મુખ્ય વક્તા હોય તેમના વ્યાખ્યાનમાં જણાવાયેલી મહત્ત્વની, સારરૂપ વીગત અવતરણરૂપે લઈ શકાય.
- અહેવાલની ભાષા અન્ય સાહિત્યરૂપો કરતાં અલગ હોય છે, તે ખાસ ધ્યાન રાખવું.

- પરિચિત શબ્દો ધરાવતી સાદી અને સરળ ભાષા હોવી જોઈએ.
- આલંકારિક ભાષાનો ઉપયોગ ટાળવો જોઈએ.

- આવશ્યકતા અનુસાર બે કે ત્રણ ફકરામાં અહેવાલ સમાઈ જવો જોઈએ.
- બિનજરૂરી લંબાણ, પુનરાવર્તન અહેવાલને શિથિલ પાડી શકે.
- સામાન્ય રીતે અખબાર કે સામયિકમાં અહેવાલ પર હેડલાઈન હોય છે. પરંતુ અહીં તમારે સચોટ શીર્ષક પ્રયોજવું.

તમારી શાળામાં કોઈ કાર્યક્રમ થાય કે તમે ક્યાંક મુલાકાતે ગયા હોવ તો તમે તેનો અહેવાલ લખી શકો.

નીચે કેટલાક કાર્યક્રમો કે પ્રસંગો આપ્યા છે. તમે તેની ક્રમિક વીગતો વિચારી શકો? તેને સરળ અને સચોટ ભાષામાં લખી શકો?

- તમે જોયેલા જીવલેણ અકસ્માતનો અહેવાલ લખો.
- તમારી સંસ્થાના નિવૃત્ત થતા શિક્ષક - અધ્યાપકના વિદાય સમારંભનો અહેવાલ લખો.
- તમારી શાળાએ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે શરૂ કરેલ પુસ્તકબૅન્કના ઉદ્‌ઘાટનપ્રસંગનો અહેવાલ લખો
- તમારી સંસ્થામાં યોજાયેલ 'સ્વચ્છતા અભિયાન'નો અહેવાલ આપો.
- તમારી સંસ્થાના બારમા ધોરણના વિદ્યાર્થીઓના વિદાય-સમારંભનો અહેવાલ તૈયાર કરો.
- તમારી સંસ્થામાં યોજાયેલ રમતોત્સવનો અહેવાલ તૈયાર કરો.
- તમારી શાળામાં યોજાયેલ 'શિક્ષકદિન'ની ઉજવણીનો અહેવાલ આપો.
- તમારી સંસ્થામાં સ્વાંતત્ર્યદિનની ઉજવણીનો અહેવાલ તૈયાર કરો.
- તમારી સંસ્થામાં રેડક્રોસ સાથે મળીને યોજાયેલ રક્તદાનશિબિરનો અહેવાલ લખો.
- તમારી સંસ્થામાં યોજાયેલ પુસ્તકપ્રદર્શનનો અહેવાલ તૈયાર કરીને તમારી સંસ્થાના સંચાલકમંડળને મોકલો.
- તમારી સંસ્થામાં યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમનો અહેવાલ લખો.

## સંક્ષેપીકરણ

સંક્ષેપીકરણ એટલે વિસ્તારથી કહેવાયેલી વીગતના મર્મને સમજીને, તેમાંની વધારાની લાગતી વીગતોને દૂર કરીને, મર્મને હાનિ ન પહોંચે તે રીતે, ટૂંકમાં અને સચોટ રીતે મૂળ વાતને ફરીથી મૂકવી તે. સામાન્ય રીતે સંક્ષેપીકરણ એટલે મૂળ લખાણના, પરિચ્છેદનો ત્રીજો ભાગ લખવો તે.

નોંધઃ અહીં એક વાત ખાસ યાદ રાખવી કે ત્રીજો ભાગ એટલે તમારે અપાયેલા પરિચ્છેદના શબ્દો કે વાક્યો ગણીને તેનો ત્રીજો ભાગ કરવો - એવો અર્થ નથી. એટલેકે ફકરાનાં 18 વાક્યો ગણ્યા હોય તો તે જ ફકરાનાં કોઈ 6 વાક્યો ભેગાં કરીને મૂકવાથી સંક્ષેપીકરણ ન થાય.

સંક્ષેપીકરણ એટલે ભાષાનો કરકસરભર્યો ઉપયોગ. જરૂર ન હોય તો નિપાત કે સંયોજક પણ ન વાપરવાં તે કરકસર.

સંક્ષેપીકરણ માટે બે તબક્કામાંથી પસાર થવું પડે.

1. મૂળ લખાણનું યોગ્ય અર્થગ્રહણ કરવું, તેના મર્મને - મહત્ત્વની વીગતોને સમજવી, સારરૂપ વીગતો સમજવી.
2. અર્થગ્રહણ થયા પછી વધારાની આલંકારિક રજૂઆતો, દૃષ્ટાંતો, પુનરાવર્તનો આદિને દૂર કરી મર્મને ઓછા અને સચોટ શબ્દો દ્વારા સઘન પુનર્લેખન કરવું.

યોગ્ય સંક્ષેપીકરણ માટે જરૂરી પ્રક્રિયાઃ

આખા પરિચ્છેદને ત્રણ વખત વાંચો. પહેલી વખત વાંચો ત્યારે એમાં શું કહેવાયું છે, તે સમજો.

બીજી વાર વાંચો ત્યારે તમે જે સમજી રહ્યા છો, તેમાં કાંઈ ચૂકી નથી જવાતું, તે તપાસો, ત્રીજી વાર વાંચો ત્યારે

તમે સમજેલા મર્મને વ્યક્ત કરતા શબ્દોને રેખાંકિત કરો. -

- ફકરામાં કઈ વીગતો દૃષ્ટાંતરૂપ છે, તે સમજો, તે સંક્ષેપ કરતી વખતે ટાળવાની થશે.
- તે જ રીતે પુનરાવર્તન પામતી વીગતો પણ ટાળવાની છે, તે વીગતો તારવો.
- મર્મને સીધી ન સ્પર્શતી હોય તેવી વિશેષણ, ક્રિયાવિશેષણ, ગૌણવાક્ય વગેરે જેવી ભાષાસામગ્રી પણ ન લેવી.
- મૂળ ફકરાનાં વાક્યો યથાતથ લેવાનાં નથી, તે ખાસ યાદ રાખો.
- શબ્દો, જે મૂળ બાબત વ્યક્ત કરે છે તેને યોગ્ય વાક્યરચનામાં ગોઠવો.
  - તમે અત્યાર સુધીમાં સંધિ, સમાસ, શબ્દસમૂહ માટે એક શબ્દ, રૂઢિપ્રયોગ, કહેવત આદિનો અભ્યાસ કર્યો છે. તેનો સંક્ષેપીકરણની પ્રક્રિયામાં ઉપયોગ કરી શકો.
- આ વાક્યોને મૂળ પરિચ્છેદના સઘન સંક્ષેપરૂપ ફકરા તરીકે લખો.
- મૂળ પરિચ્છેદ અને સંક્ષેપ રૂપે લખાયેલા લખાણને ફરી એક વાર વાંચો અને તપાસો કે કોઈ મહત્ત્વની વીગત સંક્ષેપીકરણ વખતે ચૂકી નથી જવાઈ ને!

ટૂંકમાં, સંક્ષેપીકરણ કરતી વખતે ખાસ યાદ રાખો કે અહીં અર્થ કેન્દ્રસ્થાને છે, કહેવાયેલી મૂળ વાતનો વિચાર - મર્મ કેન્દ્રસ્થાને છે અને ભાષાનો કરકસરભર્યો ઉપયોગ અપેક્ષિત છે.

## નિબંધ

મિત્રો, તમે વર્ષોથી નિબંધ લખો જ છો. અહીં આપણે થોડી નોંધપાત્ર બાબતો જોઈશું જે તમારા નિબંધને વધુ અભિવ્યક્તિક્ષમ અને વધુ ચુસ્ત બનાવી શકે.

● તમે પહેલાં નક્કી કરો કે તમે કયા પ્રકારનો નિબંધ વધુ સારી રીતે લખી શકો. તમને ખ્યાલ તો હશે જ કે નિબંધ વિવિધ પ્રકારના હોય છે. પ્રકૃતિવિષયક, માહિતીપ્રધાન, ઘટનાપ્રધાન, ચિંતનપ્રધાન, આત્મકથા - જેવા નિબંધો લખવાના થતા હોય છે.

● તમે જે નિબંધ લખવા માંગો છો તેમાં કઈ વીગતો આવી શકે, તે વિચારો અને નોંધો. તેના મુદ્દા તારવો. આ મુદ્દાની કાચી યાદી બનાવો. ત્યાર બાદ મુદ્દાની ક્રમિકતા નક્કી કરો. કયો મુદ્દો પહેલા લેવાથી તમારો નિબંધ વધુ ચુસ્ત બનશે અને લખાણ વધુ પ્રવાહી લાગશે.

● તમે સમાનાર્થી શબ્દો, વિરુદ્ધાર્થ શબ્દો, રૂઢિપ્રયોગ, કહેવત, દુહાઓ વગેરેનો અભ્યાસ કર્યો છે. તેનો ઉપયોગ કરો અને તમારા લખાણને વધુ સચોટ અને અસરકારક બનાવો.

● પસંદ કરેલા નિબંધ અનુસાર તમારી ભાષા હોવી જોઈએ.

● જો તમે પ્રકૃતિવર્ણનનો વિષય પસંદ કર્યો હોય તો તેમાં પ્રકૃતિનું દૃશ્ય નજર સામે ઊભું થઈ જાય તેવું, સૂક્ષ્મ વીગતો સાથે વર્ણન કરવું જોઈએ. પ્રકૃતિના રમ્ય - રૌદ્ર રૂપની વાત કરતી વખતે તેને માનવસ્વભાવની સંકુલતા સાથે પણ સાંકળી શકાય. પ્રકૃતિ મન - હૃદયને સ્પર્શતી હોય છે. તેથી તેમાં પ્રયોજાયેલાં ભાવવાચક, ઉદ્‌ગારવાચક વાક્યો પણ નિબંધને વધુ હૃદયસ્પર્શી બનાવી શકે.

● જો તમે માહિતીપ્રધાન નિબંધ લખવા માગતા હોવ તો તમારી પાસે મુદ્દાઓને અનુરૂપ માહિતી હોવી જોઈએ. જરૂરી પરિભાષા, તેના લાભ-ગેરલાભ અંગે અથવા પક્ષ-વિપક્ષ અંગેની માહિતી, તેનાં કારણો, ઉપાયો વગેરે જેવી વીગતો સમાવી લેવી જોઈએ.

● ઘટનાપ્રધાન નિબંધ લખવા માગતા હોવ તો એ ઘટનાનું તમારે મન શું મહત્ત્વ છે, વ્યક્તિગત અથવા સામાજિક સંદર્ભોમાં એ ઘટના વિશેષ છે ? તમારા મનમાં રોપાયેલી ઘટના વાચનારના મનમાં રોપાય તેવું વર્ણન ઘટનાપ્રધાન નિબંધને આસ્વાદ્ય બનાવી શકે.

● જો ચિંતનાત્મક નિબંધ લખવો હોય તો શીર્ષકના શબ્દોને ખોલીને ઉદાહરણ - દૃષ્ટાંત દ્વારા તેની પરિભાષાને સ્પષ્ટ કરીને તાર્કિક ક્રમિકતાથી બધી વીગતો ચુસ્ત રીતે મુકાવી જોઈએ. પ્રકૃતિવિષયક કે ઘટનાપ્રધાન નિબંધમાં થોડો સ્વૈરવિહાર થઈ શકે. પણ ચિંતનાત્મક નિબંધમાં સ્વૈરવિહાર તેની નબળી બાજુ બને.

● જો તમારે આત્મકથનાત્મક નિબંધ લખવો હોય તો તમે વિચારી જુઓ કે તમને કેવી વાત સાંભળવામાં રસ પડી શકે? કોઈ પોતાની આત્મકથા કહે તો કોણ સાંભળે. ક્યારે સાંભળે? તેથી આ પ્રકારના નિબંધમાં બોલચાલની લઢણ નિબંધને આકર્ષક બનાવી શકે. વળી, જે પોતાના જીવનના અંતિમ તબક્કામાં હોય, તે પોતાના જીવનના સારરૂપ કોઈ સંદેશ આપે, તેથી કોઈ પણ આત્મકથા જે જીવનસંદેશ આપતી હોય તો તેનું મહત્ત્વ હોય.

● આમ, નિબંધને યોગ્ય ભાષા, રૂઢિપ્રયોગ - કહેવત - અલંકાર આદિના ઉપયોગથી ઉપસતી આકર્ષક શૈલી, તાર્કિકતા, પ્રવાહિતા વગેરે તમારા નિબંધને વધુ આસ્વાદ્ય બનાવી શકે.

**નિબંધનું માળખું:**

નિબંધના લખાણને મુખ્ય ત્રણ ભાગમાં વહેંચી શકાયઃ (1) આરંભ (2) વિષયવસ્તુ (3) સમાપન.

● આરંભઃ નિબંધનો આરંભ વિષયનો પ્રવેશ કરાવનાર હોવો જોઈએ.કાવ્યપંક્તિ, સુભાષિત કે પ્રસંગથી થતો આરંભ આકર્ષક લાગે છે.

● વિષયવસ્તુઃ નિબંધનો આ ભાગ મહત્ત્વનો છે. તેમાં મહત્ત્વના મુદ્દાઓ સ્પષ્ટ રીતે, તર્કબદ્ધ રીતે મુકાયેલા હોવા જોઈએ.

● સમાપનઃ આખા નિબંધના અંતે વીગતના સારરૂપ ફકરો, આવવો જોઈએ. એમાંય જો સૂત્રાત્મક રીતે મૂકી શકાય તો અંત વધુ આકર્ષક અને સચોટ બને.

નીચે નિબંધનાં કેટલાંક શીર્ષક આપ્યાં છે. તમે એ નિબંધ વિશે વિચારી જુઓઃ

1. શૈશવની રમતનાં મારાં સંસ્મરણો
2. જીવનમાં રમત-ગમતનું મહત્ત્વ
3. મિત્રતાની મીઠાશ
4. વર્ષાઋતુ
5. સિદ્ધિ તેને વરે જે પરસેવે નહાય
6. પરિશ્રમ એ જ પારસમણિ
7. જનની અને જન્મભૂમિ સ્વર્ગથી મહાન છે.
8. ખબર છે એટલી કે માતની હાકલ પડી છે.
9. સાગર તટે સંધ્યા
10. પાણી બચાવો - પ્રાણી બચાવો
11. મારો પ્રિય સર્જક
12. પ્રકૃતિનું રક્ષણ એ જ જીવનનું રક્ષણ
13. જો હું કવિ હોઉં તો...
14. દીકરી, ઘરની દીવડી
15. મારો પ્રિય તહેવાર
16. વિદ્યા વિનયથી શોભે છે.
17. જીવનમાં પ્રામાણિકતાનું મહત્ત્વ
18. પ્રાર્થના - જીવનનું બળ
19. મારું પ્રિય પુસ્તક
20. માતૃભાષાનું મહત્ત્વ
21. ગામડું બોલે છે.
22. વૃક્ષ ઉગાડો, પર્યાવરણ બચાવો.
23. નેત્રદાનઃ મહાદાન
24. રક્તદાનઃ મહાદાન
25. વૃદ્ધાશ્રમની મુલાકાત
26. મારી પ્રેરણામૂર્તિ
27. વસંત - વનમાં અને જનમાં
28. માનવી - પશુની નજરે
29. આધુનિક સાધનો - શાપ કે આશીર્વાદ?
30. સૃષ્ટિનો છે એક જ પોકાર, દીકરી બચાવી કરો ઉદ્ધાર

# પૂરકવાચન

## 1 બહાદુર બાળકો

ભારત દેશનાં વિવિધ રાજ્યોમાં બાળકોએ કરેલાં બહાદુરીનાં કાર્યોનો અહીં પરિચય આપવામાં આવ્યો છે. બાળકોની સાહસિકતા અને જીવના જોખમે અન્યને મદદરૂપ થવાની ભાવના આ પ્રસંગો દ્વારા વ્યક્ત થઈ છે, જે સૌ કોઈ માટે પ્રેરણાત્મક છે.

**(1) વિશાલ બેચરભાઈ કટોસણા (ઉંમર-10 વર્ષ) ગુજરાત**

ઘટના તારીખ 14-10-2013. બપોરના વખતે સાત વર્ષનાં દિવ્યા અને યશ 15 ફૂટ ઊંડા તળાવમાં નહાવા ગયાં હતાં. વિશાલની દાદી કિનારે કપડાં ધોઈ રહ્યાં હતાં. તેમણે બંને બાળકોને ડૂબતાં જોયાં તો મદદ માટે બૂમો પાડવા લાગ્યાં. એ વખતે વિશાલ પોતાની દાદીને કપડાં આપવા આવ્યો હતો. તેને ડૂબતાં બાળકોના હાથ દેખાયા, તે તુરત તળાવમાં કૂદી પડ્યો. પોતાના હાથનો આધાર આપીને બંને બાળકોને સુરક્ષિત રીતે પાણીની બહાર લઈ આવ્યો. પોતાના અદમ્ય સાહસથી બે જિંદગીને વિશાલે બચાવી લીધી. એ બદલ તેનું રાષ્ટ્રીય સન્માન થયું.

**(2) ગુંજન શર્મા (ઉંમર 13 વર્ષ) આસામ**

શિવસાગર જિલ્લાના સિમલુગુડી વિસ્તારમાં તા.4-12-2013ની બપોરે એક હોસ્ટેલમાંથી અચાનક એક બદમાશ બંને હાથમાં બંદૂક લઈ બહાર નીકળ્યો અને લોકોને ડરાવવા હવામાં ગોળીબાર કર્યો. બંદૂકની અણીએ તેણે સ્કૂલવાનને બંધક બનાવી, ડ્રાઈવરને મથુરાપુર તરફ લઈ જવા ફરજ પાડી. બધા વિદ્યાર્થીઓ ડરવા લાગ્યા. તેમાં સૌથી મોટી ગુંજન શર્માએ અપહરણકર્તાને વિનંતી કરી કે તેને બંદી બનાવીને બધાં બાળકોને મુક્ત કરે. ત્યાં અચાનક વાન એક ખાડામાં જઈ પડી. ડ્રાઈવર અને દશ બાળકોને છોડીને અપહરણકર્તા ગુંજનને લઈને ગાઢ જંગલમાં થઈ પડોશી રાજ્યની હદમાં ચાલ્યો ગયો. સવારે ચારેક વાગ્યે ગુંજનને છોડીને ભાગી નીકળ્યો. એક કલાક સુધી ચાલીને ગુંજન એક ઝૂંપડી પાસે પહોંચી. તેમાં રહેનાર વ્યક્તિએ તુરત પોલીસને જાણ કરી, ગુંજનને શોધી કાઢવામાં આવી. ગુંજન શર્માએ પોતાના સહાધ્યાયીઓને અપહરણકર્તાની ચુંગાલમાંથી બચાવીને અડગ સાહસ અને કર્તવ્યપરાયણતાનો પરિચય આપ્યો. એ બદલ તેને ગીતા ચોપરા ઍવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.

**(3) જીલ જિતેન્દ્ર મરાઠે (ઉંમર 13 વર્ષ) ગુજરાત**

તા.20-2-2014ના રોજ શિવરાજપુરમાં એક શાળાના વિદ્યાર્થીઓનો પ્રવાસ ગોઠવાયો હતો. સાંજે પાછા વળતાં બસના ડ્રાઈવરે કાબૂ ગુમાવ્યો અને બસ પલટી મારીને 100 ફૂટ જેટલી ઢસડાઈ. બાળકો ઊછળીને પટકાયાં અને ચીસાચીસ થઈ ગઈ. બસ બેકાબૂ થઈ ત્યારથી જ જીલ સતર્ક થઈ ગઈ હતી. બસના તૂટેલા કાચમાંથી જીલ બહાર નીકળી અને ઘાયલ થયેલાં બાળકોને બહાર નીકળવામાં મદદ કરવા લાગી. તેના શિક્ષકો પણ ઘાયલ થયેલા હતા. શિક્ષકના મોબાઈલમાંથી જીલે પોલીસ અને ઍમ્બ્યુલન્સને ફોન કર્યા. રસ્તે જતાંને મદદ માટે વિનંતી કરી. ઍમ્બ્યુલન્સ ન આવી ત્યાં સુધી જીલ ઘાયલોને આશ્વાસન આપતી રહી. પછી ઘાયલોને એમ્બ્યુલન્સ સુધી પહોંચાડવામાં મદદ કરી. જીલે પોતાના નિર્ભીક અને સાહસિક કાર્યથી કેટલાંયનાં જીવન બચાવ્યાં એ બદલ એનું રાષ્ટ્રીય ગૌરવ કરવામાં આવ્યું.

**(4) રીપા દાસ (ઉંમર 7 વર્ષ) ત્રિપુરા**

આ ઘટના તા.24-4-2014ના રોજ સવારે બની ત્યારે રીપા દાસના ઘર સામેની ચાની દુકાનમાં અચાનક આગ લાગી. ભરચક વસતીવાળા વિસ્તારમાં આગ ચારે તરફ જલદીથી ફેલાઈ ગઈ. રીપા દાસ પોતાના એક વર્ષના ભાઈ સાથે

ઓરડામાં સૂતી હતી.આગને કારણે થતા કોલાહલથી તેની આંખ ઊઘડી ગઈ. જોયું તો આગ ઝડપથી ફેલાઈ રહી હતી. જોખમ પારખીને રીપાએ પોતાના ભાઈને બરાબર કસીને તેડીને આગની  જવાળાઓ વચ્ચેથી બહાર દોડી ગઈ. આ ભયાનક આગમાં ત્રણ દુકાનો અને સાત ઓરડા બળીને ભસ્મ થઈ ગયા હતા. રીપાએ પોતાના જીવની પરવા કર્યા વિના નીડરતાથી પોતાના ભાઈને બચાવીને અભૂતપૂર્વ સાહસનો પરિચય આપ્યો એ બદલ એનું ગૌરવ કરવામાં આવ્યું હતું.

**(આલેખકઃ મનસુખ સલ્લા)**

## શબ્દાર્થ/સમાનાર્થી  શબ્દો

**અદમ્ય**-દબાવી ન શકાય તેવું; **સુરક્ષિત**-રક્ષાયેલું; **સાહસ**-જોખમ લઈને કરેલું શૂરવીરતાનું કામ; **હદ**-સીમા; **ચુંગાલ**- મજબૂત પકડ, સકંજો; **કર્તવ્યપરાયણતા**-કર્તવ્યનિષ્ઠા, ફરજને વળગી રહેવું; **બેકાબૂ**-કાબૂ બહારનું, વશમાં ન રહે તેવું; **નિર્ભીક**-નીડર, ભય વિનાનું; **ભસ્મ**-રાખ; **પરવા**-દરકાર, કાળજી

•

# 2 નદીવિયોગ

**પ્રફુલ્લ રાવલ**
**(જન્મ: 5-9-1948)**



પ્રફુલ્લ જગજીવનદાસ રાવલનું વતન વીરમગામ છે. ચરિત્રનિબંધ અને લલિત નિબંધમાં તેમનું વિશેષ પ્રદાન છે ‘નોખાં - અનોખાં’, ‘બા એટલે’, ‘ચરિત્ર મુકુર’, ‘નહિ વીસરાતા ચહેરા’ એમનાં નોંધપાત્ર ચરિત્રાલેખનો છે. ‘આવતી કાલની શોધમાં’ અને ‘મિનોઈ સાચું કહેતી હતી’ તેમના કાવ્યસંગ્રહો છે. ‘નાજુક ક્ષણ’ અને ‘સાવ અચાનક’ તેમના લઘુકથાના સંગ્રહો છે. ‘શબ્દતીર્થ’ તેમનો વિવેચનસંગ્રહ છે તેમનો કૃતિઓ પુરસ્કૃત પણ થઈ છે.

વતનપ્રેમ દરેક વ્યક્તિના મનમાં સચવાયેલો રહે છે. પોતાના ગામને પાદરે પહેલાં જે નદી હતી તે હવે લુપ્ત થઈ ગઈ છે તેથી નદી ન હોવાનો વિયોગ આ કૃતિમાં ભારોભાર અનુભવાય છે. ક્યાંક જોવા મળતી કાવ્યાત્મક શૈલી નિબંધને મનભર બનાવે છે. લોકમાતા તરીકે સર્વસ્વીકૃત નદીની પ્રવાસિતાને લેખક યાત્રાધામ તેમજ જ તીર્થસ્થાન માનીને સ્મરે છે.

---

જ્યારે ગામના કોઈ વૃદ્ધ પાસે ગામનો ઇતિહાસ સાંભળું છું ત્યારે મન ઘડીભર અતીતમાં રમમાણ થઈ જાય છે. ભવ્ય વારસો ધરાવતા નગરનો હું નાગરિક છું એ મારી મોટી ઉપલબ્ધિ છે. એમ જ ક્યારેક સાંભળું છું કે મારું ગામ નદીકિનારે હતું ત્યારે રોમાંચિત થઈ જાઉં છું. વહેતી નદીની કલ્પના કરું છું. કેવા સરસ દિવસો હશે એ, જ્યારે ગામની ભાગોળે નદી વહેતી હશે ! મારા પૂર્વજોએ એ નદીકાંઠે જીવન પસાર કર્યું હશે ! હું એ પૂર્વજોની અત્યારે મીઠી ઈર્ષ્યા કરું છું. ખળખળ ઘોષ કરતી નદી તે મારા ગામની ઘોષા નદી. પણ આજે એનું ક્યાંય અસ્તિત્વ નથી. નથી મળતા એના સગડ. નદી હતી તેને વર્ષો થઈ ગયાં. આજની પેઢીએ નદી જોઈ નથી. નદી હતી એ વાત પણ વિસરાઈ ગઈ છે. મારા ગામની નદી મારે માટે, માત્ર મારે માટે નહીં, સહુના માટે એક દંતકથા સમી છે. છતાંય આ દંતકથાને હું વાગોળું છું- કહો કે પંપાળું છું. જેમ કોઈ માતા નાના બાળકને પંપાળે તેમ. તો ક્યારેક આ દંતકથામાં હું ઘૂંઘટવાળી નવોઢાની અનુભૂતિ કરું છું. જેના મુખારવિંદની મને ઇચ્છા છે.

આજે મારા ગામમાં નદી હોત તો... આ માત્ર કલ્પના છે. છતાંય એમાં રાચવું મને ગમે છે. કેમ કે મને નદી ગમે છે અને નદીકિનારે મારું ગામ નથી એ ખ્યાલથી હું ખિન્ન થાઉં છું. હું કેટલો કમભાગી છું ! કશું મારી પાસે ન હોત પણ માત્ર નદી હોત તો હું કેટલો ભર્યોભર્યો હોત ! હું નદી માટે ઝૂરું છું. નદી માટેનો મારો આ ઝુરાપો જન્મજાત છે.

નાનપણમાં રેલગાડીમાં બેસીને બાપા સાથે અમદાવાદ જતો ત્યારે સાબરમતી નદી ઉપર ગાડી પસાર થતી. હા, નદીનું નામ સાંભળીને હું જરૂર કૉળી ઊઠું છું. પ્રવાસમાં ક્યાંય વચ્ચે નદી આવે તો વહાલથી નજર કરી લઉં છું અને મને મારી ઘોષા નદી યાદ આવી જાય છે.

સાબરમતી સતત વહેતી નદી નથી. ક્યારેક જળ જોવા મળે. ઓછું જળ અને વધુ રેત એ નદીની મારી પહેલી ઓળખ. પણ એની વિશાળતા આહ્લાદિત કરી ગઈ હતી. સાબરમતી નદીનાં દર્શન પછી તો પાણીથી ભરપૂર અનેક નદીઓ જોઈ. વહેતું જળ જોઈને હું છલોછલ થઈ જાઉં છું. કબીરવડ જોવા જતાં નર્મદા નદીને ઓળંગવાનો પ્રસંગ આવ્યો ત્યારે નદીની ગરિમાએ મારી નદી ઝંખનાને પલ્લવિત કરી. નદી વગર સ્નાન ક્યાં કરું ? સૂર્યનમસ્કાર ક્યાં કરું ? અર્ઘ્ય ક્યાં આપું ? નદી વગરનો હું નિરાધાર છું. ગામ છોડીને નદીકાંઠાના ગામે રહેવા જવાની ઇચ્છા કરું છું. પણ પાછું ગામ મને પકડી રાખે છે, જકડી રાખે છે. મને શ્રદ્ધા છે કે ક્યારેક ભૌગોલિક પરિવર્તન થશે અને મારા ગામથી દૂર થયેલી, દૂર ફંટાયેલી, રિસાયેલી નદી પાછી ધસમસતી આવીને બાહુ ફેલાવી ગામની ભાગોળને ભેટશે. એનાં નીરથી ભાગોળ ભીની ભીની થઈ જશે. અને હું એ ભીની માટીનું મારા ભાલે તિલક કરીશ.

નદીનું મારું આકર્ષણ છે એની ગતિ. આમ તો નદી એટલે જ ગતિ એવી મારી સમજ છે. આ ગતિમાં વેગ છે પણ આવેગ નથી. અને જ્યારે ક્યારેક એનામાં આવેગ આવે છે ત્યારે એનું રૂપ સુંદરતાને ગુમાવી દે છે અને બની જાય છે રૌદ્ર. પણ એવું તો ભાગ્યે જ બને છે. એટલે તો એ માતા છે. પ્રવાસ એનું કર્મ છે, સહુને આપવું એનો ધર્મ છે. અટકવું એના ભાગ્યમાં

નથી. એ ફંટાઈ જાય છે, પણ અટકી જતી નથી. હા, ક્યારેક પૃથ્વીના પેટાળમાં સમાઈ જાય છે, અદશ્ય થઈ જાય છે. ઘોષા નદી પણ ક્યાંક અદશ્ય થઈ ગઈ છે. મારા ગામની આ ઘોષા નદી એ ક્યાંક લુપ્ત થયેલી સરસ્વતી તો નહીં હોય ને !

હું નદીમાં નિત્ય પ્રવાસીનાં દર્શન કરું છું. એનો પ્રવાસ યાત્રા છે. માટે જ નદી સ્વયં એક ગતિશીલ યાત્રાધામ છે. હું પ્રવાસી નદીનો ભક્ત છું. નદી મારે મન દેવી છે, જેમાં સત્યનો અંશ છે. માટે હું મારા ગામમાં નદીને શોધું છું. એ ખોવાઈ ગઈ છે, લુપ્ત થઈ છે. આજે નહીં તો કાલે, કાલે નહીં તો પરમ દિવસે, નહીં તો ગમે ત્યારે મારાથી વિખૂટી પડેલી નદી પાછી ફરશે. મને જડશે. એ દિવસ મારા માટે ઉત્સવ બની રહેશે. પણ ક્યારે ? કાળદેવતાને પૂછું ? જોકે મને એનો પણ ભય છે. કાળ ક્યાંક મને કોળિયો કરી જશે તો ? અત્યારે મને થાય છે કે ક્યાંક નદી મારામાં સમાઈ ગઈ છે, હું જ નદીનો એક અંશ છું. મારી ગતિ એ નદીના અદશ્ય સ્પર્શનો જ ચમત્કાર છે. નદી મારામાં છે. હું નદીમાં છું. હું અને નદી અન્યોન્યમાં સમાવિષ્ટ થઈ ગયાં છીએ અને હું નદી બની ગયો છું !


**('હું અને...'માંથી)**

### શબ્દાર્થ/સમાનાર્થી શબ્દો

**અતીત**-ભૂતકાળ; **રમમાણ**-લીન, મગ્ન; **વારસો**-વારસાઈ, ઉત્તરાધિકાર; **ઘોષ**-અવાજ, મોટો ધ્વનિ; **સગડ**-નિશાની, પગેરું, પદચિહ્ન, પગલાં; **નવોઢા**-નવવધૂ, નવપરિણીતા; **ખિન્ન**-ગમગીન, ઉદાસ; **ઝૂરવું**-યાદ કરીને ટળવળવું, તલસવું; **ઝુરાપો**-કલ્પાંત, વિરહનું દુઃખ; **મુગ્ધતા**-મોહ પામેલું, મોહકતા; **ગરિમા**-ગૌરવ; **પલ્લવિત**-પૂરેપૂરું વિકસેલું; **અર્ઘ્ય**-દેવોને અપાતો બલિ, પૂજા; **ભાલ**-કપાળ, લલાટ; **લુપ્ત**-લોપ પામેલું, નાશ પામેલું

•

# 3 તારે પગલે



**રવીન્દ્રનાથ ટાગોર**

**(જન્મ: 07-05-1861, અવસાન : 07-08-1941)**

રવીન્દ્રનાથ દેવેન્દ્રનાથ ટાગોરનો જન્મ કોલકાતામાં થયો હતો. તેમણે કાવ્ય, વાર્તા, નવલકથા, નાટક, ચરિત્રલેખો, નિબંધો દ્વારા બંગાળી સાહિત્યમાં વિપુલ અને સમૃદ્ધ પ્રદાન કર્યું છે. 'માનસી', 'ચિત્રા', 'ચૈતાલી', 'બલાકા' એમના મહત્ત્વના કાવ્યસંગ્રહો છે. એમના 'ગીતાંજલિ' કાવ્યસંગ્રહને સાહિત્યનો વિશ્વવિખ્યાત નોબેલ પુરસ્કાર મળેલો. 'પોસ્ટ માસ્તર', 'કાબુલીવાલા', 'દીદી', 'નષ્ટનીડ' એમની ઉત્તમ વાર્તાઓ છે. 'ઘરે બાહિરે' અને 'ગોરા' એમની વિશ્વવિખ્યાત નવલકથાઓ છે. ગુજરાતી અને તમામ ભારતીય ભાષાઓમાં એમનું સાહિત્ય અનુવાદિત થયેલું છે.

'તારે પગલે' ગીત પ્રકૃતિનાં વિધવિધ રૂપોની રમણીયતા પ્રગટ કરે છે. કવિને તમામ રૂપોમાં મધુમય છંદનો અનુભવ થાય છે. કવિ જાણે પ્રકૃતિને અને તેનીય પાછળ પ્રભુને પગલે પગલે આ અનુભૂતિ કરી રહ્યા છે. સંધ્યારાણી, ગોપિકાઓ અને ઉત્સવગાનમાં મિલનનું ગીત ગૂંજી રહ્યું છે. ગીત જાણે મૂળ ગુજરાતીમાં લખાયું હોય એટલું ભાવવાહી રીતે કવિ સુન્દરમ્ અનુવાદિત કર્યું છે.

---

કોણ મધુમય છંદે આજે ગાયે

તારે પગલે, તારે પગલે...

રંગ ઢોળી બેઠી જોને સંધ્યારાણી

કુમકુમે રંગી એના પગની પાની

ઝંખવાઈ જાયે મૃદુ ફૂલ શેફાલી...તારે પગલે...(2)

નિત ચિર યૌવનની બંસરી બાજે

ઘૂંઘટમાં કોનું મુખ આનંદે રાજે

જોઈ ગોપિકાઓ જેનું મર્મર રાચે, તારે પગલે...(2)

ઓ...રે ઓ...રે આજ ઉત્સવ ગાને

જીવનની મધુવીણા વાગવા ટાણે

મિલનનાં મધુગીત ગાયે...તારે પગલે...(2)

**અનુવાદ - સુંદરમ્**

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**મધુમય**-મધ જેવી મીઠાશવાળું (અહીં) છંદનું નામ; **ઝંખવાઈ જવું**-ઓછપ અનુભવવી, ઝાંખા પડી જવું; **મૃદુ**-કોમળ; **શેફાલી**-ફૂલનું નામ; **ચિર**-લાંબું; **યૌવન**-યુવાની; **બંસરી**-વાંસળી, બંસી; **બાજે**-વાગે; **મર્મર**-અવાજ, ધ્વનિ, (અહીં) હાસ્ય; **ઉત્સવ**-આનંદનો પ્રસંગ; **પાની**-પગનો સૌથી નીચેનો પાછળનો ભાગ; **ઘૂંઘટ**-સાડીથી ઢાંકેલું મુખ; **મધુ**-મધુર, મધ; **વીણા**-સંગીતનું તારથી વગાડવાનું સાધન(તંતુવાદ્ય); **ટાણું**-સમય, પ્રસંગ

•

| 4 | મારી બા |
|---|---|

**શરીફા વીજળીવાળા**

**(જન્મ: 04-08-1962)**



શરીફા કાસમભાઈ વીજળીવાળા ભાવનગર જિલ્લાના જીંથરી ગામનાં વતની છે. પીએચ.ડી.નો અભ્યાસ કર્યો છે. એમ.ટી.બી. કોલેજમાં અને હાલ નર્મદ યુનિવર્સિટીમાં ગુજરાતીનાં અધ્યાપિકા છે. વિવેચક, અનુવાદક, સંપાદક તરીકે વિખ્યાત છે. 'સંબંધોનું આકાશ' એમનો રેખાચિત્રોનો નોંધપાત્ર સંગ્રહ છે. 'ટૂંકી વાર્તામાં કથનકેન્દ્ર', 'વાર્તાસંદર્ભ', 'સંપ્રત્યય', 'નવલવિશ્વ' તેમના નોંધપાત્ર વિવેચન ગ્રંથો છે. 'મન્ટોની વાર્તાઓ', 'વિભાજનની વાર્તાઓ', ઇંતિઝાર 'હુસૈનની વાર્તાઓ', 'સ્ટેફાન ત્સ્વાઈકની વાર્તાઓ'ના તેમના અનુવાદો જાણીતા છે. અસગર વજાહતના ઉર્દૂ નાટક 'જેણે લાહોર જોયું નથી' ના અનુવાદ માટે તેમને સાહિત્ય અકાદમી, દિલ્હીનો અનુવાદ પુરસ્કાર એનાયત થયેલો છે. સંપાદક તરીકે પણ તેમનું કાર્ય નોંધપાત્ર છે.

બાળકના મનમાં માતાનું સ્થાન અનન્ય હોય છે. ખૂબ મુશ્કેલીઓ વેઠીને બાળકને ઉછેરતી માતા તેમની જરૂરિયાતોને સમયસર યથાશક્તિ પૂર્ણ કરવાનો પ્રયત્ન કરે છે. જરૂર જણાય ત્યાં તેને ટકોરે છે. વાત્સલ્યમૂર્તિ એવી માતા બાળકનો સંસ્કારપિંડ ઘડે છે તેની સમજ મોટી ઉંમરે દરેક બાળકને થાય છે. ત્યારે માતા પ્રત્યેનો અહોભાવ વધી જાય છે. સરળ અને બોલચાલની લઢણની શૈલીથી રચના રસાળ બની છે.

---

આ ધરતીના પડ પર ભાગ્યે જ કોઈ માનાં જણ્યાં એવાં હશે જેમને પોતાની મા વિશે કાંઈ કહેવાનું ન હોય. બધાંને મારી જેમ પોતાની મા નોખી ભાત્યની જ લાગતી હશે ને ?

મારી બાના કપાળે સાવ નાનેથી જ ભીંતમાં માથાં અફાળી મારગ કાઢતાં મોટા થવાનું લખાયેલું હતું. એમના બાપુને ઘરે દોમદોમ સાયબી. પણ હજુ તો આને બદામ કહેવાય ને આને કાજુ કહેવાય એવું બા સમજતાં થાય એ પહેલાં એમના બાપુ રંગૂન મેલીને આવતા રહ્યા. હજી તો 10-12નાં થયાં ત્યાં ચૂલો સળગાવવાની અને માલીપા કંઈક ઓરવાની સામટી જવાબદારી બાના ખભે આવી પડી. ઘર સાથે જ ખેતરની મજૂરી બહુ વહેલી વળગી. સવારના ચાર વાગ્યે દિવસ ઊગી જાય પછી આથમે ક્યારે એનું કાંય નક્કી નહીં. આવી કાળી મજૂરી કરી ઘર ચલાવતી બા ચૌદમા વર્ષે એના જ ગામમાં પરણી ત્યારે બાપુની ઉંમર હતી પચીસ વર્ષ, ગામના પોલીસપટેલના દીકરા સિવાયની એમની કોઈ ઓળખ નો'તી. બાને તો 'ઘરના દાઝ્યા વનમાં ગયા તો વનમાંય લાગી આગ' જેવો ઘાટ હતો. દાદાના તોરનો તાપ જો ગામ ન ઝીલી શકતું હોય તો બાનું તો શું ગજું?

ગામડાંઓમાં મોસમે મોસમની ચીજો વેચતા... બરફથી માંડીને બોરની ફેરી કરતા બાપુ એકાંતરે ધંધા બદલતા. પણ એમની તકદીર બદલવાનું નામ નો'તી લેતી. છાપાની એજન્સી મળતાં રખડવાનો પટ સાંકડો થયો પણ આવકમાં ઝાઝો ફેર ન પડ્યો. ચાદર હતી એવડી ને એવડી જ રહી'તી પણ પગ લાંબા થતા ગયેલા. 400 રૂપિયાની આવક ને અમે પાંચ ભાઈબેન ઉમેરાયાં હતાં.

ઘર જીંથરી ગામે... ને બાપુ આસપાસનાં બજુડ-સણોસરા, ધોળા, સોનગઢ વગેરે ગામો સુધી સાઈકલ પર ફેરી કરે... અમારું ઘર જીંથરીના દવાખાનાની હદની બારું. બાવળ-બોયડી ને ઇંગોરિયાના ઝુંડ સિવાય અમારે કોઈ પાડોશી નો'તા. લાઈટ તો છેક 1983માં લીધી. આને કાજળકાળી રાત કહેવાય એવી જ્યારે ખબર નો'તી પડતી ત્યારે બા અમને ઢબૂરીને વાટ જોતી બેસી રહે... બાપુ આવે, ન પણ આવે... કાંય ઠેકાણું નહીં. એક વાર તો ધંધાની ભીંસે મૂંઝાયેલા-અકળાયેલા બાપુ હારીથાકીને વગર ટિકિટે ગાડીમાં ચડી બેઠા, છેક અજમેર સુધી... તે ચાર દા'ડે પાછા આવ્યા'તા. કઈ ધીરજે બા બેસી રહી હશે એ ચાર દા'ડા એ તો એ જ જાણે. અમારી કોઈની સમજ એના રડવામાં સૂર પુરાવવાથી વધારે નો'તી એ સમયે.

એ કાઠા કાળમાં ડોક ઊંચી રાખીને ટકી રહેવા ઝાવાં નાખવાં પડતાં. ટંક ચૂક્યાં નો'તાં. પણ ચૂકી જવાની ધાસ્તી તો કેટલીય વાર અનુભવી'તી. જે ઉંમરે છોકરાં નિશાળેથી આવી માને ચૂપચાપ બેઠેલી જોઈ સમજી જાય કે 'નક્કી આજે કશુંક હશે' ત્યારે અમે સમજી જતાં કે મા ચૂપચાપ બેઠી છે તે 'નક્કી આજે કંઈ જ નહિ હોય !' ને કંઈ બોલ્યા વગર થેલાનો ઘા કરી રમવા દોડી જતાં. લોકો કહે છે. ડહાપણની દાઢ સોળ-સત્તર વર્ષે ઊગે... પણ અમને ભાઈબેનોને સાત-આઠ વરસની ઉંમરે જ

ફૂટી ગયેલી. બાળપણને બહુ વહેલું હળવેકથી 'આવજો' કહી દીધેલું. કાઠા કાળમાં વખત સાથ છોડે એ પહેલાં માણસો સાથ છોડી દેતા હોય છે એનો અમને નાનેથી અનુભવ. ગામની એકમાત્ર કરિયાણાની દુકાન હોરો ચલાવે. થોડાઘણા પૈસા દઈએ ને ઝાઝું બાકી ચાલે. એમાં એકાદ મહિનો કાંય નહીં દેવાયું હોય... બા ચીજું લેવા ગઈ. શેર ને અર્ધો શેરનાં પડીકાં બંધાવ્યાં. જેવી પૈસાની વાત આવી કે ડોકમાં સીધી કાતળીવાળી મારી બાએ આજીજી શરૂ કરી... આજેય આંખ બંધ કરું તો એ દૃશ્ય એવું ને એવું દેખાય છે. હોરાના બોલ કાનમાં એવા ને એવા પડઘાય છે :

'ભલે પડ્યાં પડીકાં, પૈસા આવે ત્યારે લઈ જજો.' બા આમ તો ટંકણખાર જેવી. ઝાઝી વાર ભાઈબાપા ન કરી શકે. એ દિવસથી એણે જાણે કે ગાંઠ વાળી લીધી મનમાં. એક ખંભો ધર્યા વગર આ સંઘ દ્વારકા નહીં પહોંચે એવી એને ખાતરી થઈ ગઈ ને એણે ઘરને બે પૈડે ચલાવવા કમર કસી. ભળકડે ઊઠી ચા-ભાખરી કરી છાણનો સૂંડો લઈ નીકળી પડે. કોક કોક દિ એકાદી બેન પણ ભેળી જાતી. કડકડતી ટાઢય કોને કહેવાય એ તો હવે શાલ ઓઢીએ છીએ ત્યારે ખબર પડે છે... એ સમયે તો જળી ગયેલા ફરાકમાંય નોતી લાગતી. અમારી જંગી જમાત ઊઠે એ પહેલાં હાથ એકનું જાળું ખડકીને ફળિયામાં ઠાલવી દ્યે... પાણિયારેથી હેલ્ય લેતીક દસ બાર હેલ્ય પાણી ભરી આવે. પછી અમને ધમારતી જાય, લૂગડાં ધોકાવતી જાય ને નવ-સવાનવ થાય ત્યાં અમારી ટિંગર માટે રોટલા શાક તૈયાર હોય. બધાંને નિશાળે વળાવી, 'લુશલુશ ખાઈ'. ઢાંકોઢૂંબો કરી સીવવાની થેલી લઈ હડી કાઢે પડખેના સોનગઢ ગામે... અમે સાડાપાંચ-છએ પાછાં આવીએ ત્યારે થાળી જેવડી ભાખરિયું કાં બાજરાના બઢા ને બટેટાનું રસાવાળું ફળફળતું શાક હાજર જ હોય. આખ્ખા પાડોહની બાયું તડાકા મારતી હોય પણ બાએ એવા મોહમાં અમને ટાઢું ખવડાવ્યું હોય એવું યાદ નથી.

ઉનાળો આવે એટલે છાણને બદલે બળતણ ભેળાં કરવાની મોસમ શરૂ થાય. વહેલી સવારે કુવાડી ને સીંદરાં લઈ પાંચ-સાત બાયું નીકળી પડે દોઢ-બે ગાઉ આઘેની કાંટ્યમાં. ટિનની બરણીમાં પાણી ભરી, એને ઉલાળતી હું કાયમ ભેળી જ હોઉં. હું કામગરી એવી હતી કે એક સળીના બે કટકા નો કરું. ઘરમાં ડાંડો વળે જ નહીં. ચોપડીમાં માથું ખોસી વાંચ્યે રાખું પણ એક કામ નો કરું એટલે બેઉ બેનો મને બા ભેળી જ વળાવે. ભૂતના ભાઈની જેમ હું કાંટ્યમાં આથડતી, અડાયાં વીણ્યે રાખું. બા ભારો બાંધે એટલી વારમાં હું એક ગાંહડી અડાયાં ભેળાં કરી લઉં... ઘરે આવી પગ ફેલાવી વાંચ્યે રાખું પણ બા તો લુશલુશ ખાઈ, ઠામડાં ઊટકી, થેલી લઈ વેતા મેલે સોનગઢ ભણી... પૂરાં ચાર વરસ એણે એવા ધોડા કર્યા ત્યારે સીવતાં શીખી.

બેઠી દડીનું શરીર પણ બા વા હાર્યે વાતું કરતી જાય. અમારી જંગી જમાતનું રોજિંદું કામ, છાણાં બળતણ ને ઘરનાં ને ગામનાં લૂગડાં સીવતી જાય. ઉનાળે ગોદડાં કરવાનાં. શેવ-પાપડ વણવાનાં. ચોમાસે ભીંત્યુંને થાપ દઈને ત્રાટાં ભીડવાનાં. દિવાળીએ ગારિયાં ખૂંદી ગાર્યું કરવાની... ધોળ કરવાનો... આજે ઘરમાં સગવડો વધી છે. કામ કરનારા હાથ પણ વધ્યા છે ને તોય ક્યારેક કામ બાબતે ટપાટપી થાય ત્યારે વિચાર આવે કે બા આ બધું એકલે હાથે કઈ રીતે કરતી હશે ? એની પાસે કાંઈ જાદુની છડી તો હતી નહીં... એય થાકતી તો હશે જ ને ? પણ તોય એણ્યે અમને છાણબળતણ ને વાસણ સિવાયના કામમાં ભાગ્યે જ ઘસડ્યાં છે... 'અમને તો અમારા બાપાએ નિશાળ નો દેખાડી.... પણ તમે ભણો તો ક્યાંક દી ફરે.' બાપુને છેતરવા એટલે કોઈના પણ ડાબા હાથનો ખેલ... પણ બાને બાટલીમાં ઉતારવી બઉ અઘરી. મારા બાપુના વ્યક્તિત્વથી મારી બા એકદમ જ સામા છેડાની. બેયની ઊંચાઈ ને ઉંમરમાં જેટલો ફેર એટલો જ સ્વભાવ ને સમજણમાં ફેર. બા જેટલાં હિંમતવાળાં ને વ્યવહારકુશળ એટલા જ બાપુ રઘવાયા, ભોળા ને ભુલકણા...પણ બાપુ જેટલા ઠંડા દિમાગના, બા એટલી જ તપેલી... ઘડીકની વારમાં ધગેલ ત્રાંબા જેવી થઈ જાય. મોજમાં હોય ત્યારે ગીતો-ભજનોની રમઝટ બોલાવે પણ મગજ છટકે ત્યારે કોઈનીય નહીં.... પોતાનો કક્કો ખરો કરાવ્યે પાર કરે. ભાર છે કોઈના કે સામો અવાજ ઉઠાવે?

પોતે નિશાળનો ઉંબરો નોતો ભાળ્યો એટલે બા-બાપુ બેયને અમને ભણાવવાનો ભારે રસ. જોકે બાને અમારા ટકા સાથે નહીં નંબર સાથે લેવાદેવા. અમે પરિણામ લઈને આવીએ ત્યારે ઝાંપે ઊભી હોય... પેલો નંબર આવ્યો એટલું જાણી હરખભેર કામે વળગી જાય. અમે બાને ઘઉં, બાજરાનું દરણું કરતી હોય ત્યારે આંગળીઓ વડે કક્કો શિખવાડીએ... એમાં એ વાંચતાં શીખી ગઈ પણ લખતાં ન આવડ્યું ને પછી તો વાંચવાની એવી લત પડી કે મુનશી, મેઘાણી, પન્નાલાલ, ગુણવંતરાય આચાર્યનું લગભગ બધું વાંચી કાઢ્યું. વાંચે, અમારી પાસે વંચાવે પણ લખતાં ધરાર ન જ શીખી. એ જમાનામાં પોસ્ટ-ઑફિસમાં વાસણ-પાણી-વાળવાના એને મહિને ચૌદ રૂપિયા મળતાતા.

ઘરમાં તો એક સાંધે ત્યાં તેર તૂટે એવું હતું. પણ બચતના ગાંડા શોખની મારી એ ચૌદ રૂપિયા રોકડા પોસ્ટ ઑફિસમાં

જમા કરાવે. દર મહિને ધ્રૂજતે હાથે અંગૂઠો પાડીને આવે ત્યારે ખુશખુશાલ હોય. આજે પણ જો અમે 'સહી કરતાં તો આવડવું જ જોઈએ' એવું કહીએ તો 'હંધાયને હંધું નો આવડે - બધાં માણહ હરખાં હોય ને તો દુનિયામાં કોઈ એકબીજાને હાલવા નો દ્યે...' એવું કહીને છટકી જાય.

આ વર્ષોએ અમને પૈસાની કિંમત બરાબર સમજાવી આપી. બા બધાંને 'પૈસા ઉછીના લેવાય પણ વ્યાજે કદી ન લેવાય' એવું ગાંઠે બંધાવતી, પણ '72-73ના કાઠા કાળે ઉછીના આપનારનોય દુકાળ પડ્યો ને અમારે વ્યાજના કૂંડાળામાં પગ દેવો પડ્યો. અમે કોઈ ખેલ, કોઈ તમાશો જોયા વગરના રહી ન જઈએ એનું સમય જાણે પાકું ધ્યાન રાખતો'તો. ગામ આખુંય વેરશી પાસેથી પૈસા વ્યાજે લે... પાંચ હાથ પૂરો... હાથમાં રૂપાનો તોડો જડેલી લાકડીવાળો વેરશી મૂછે વળ દેતો પૈસા દેવા આવે ત્યારે મધથીય મીઠો લાગે, પણ પાછા લેવા ટાણે જમનો ભાઈ જ જોઈ લ્યો. વેરશીની વ્યાજની શરત સાવ સરળ. પાંચસો રૂપિયા લો તો છ મહિના એય ને કરો જલસા... છ મહિને મુદ્દલ પ્લસ 300 રૂપિયા દેવાના. જોકે એવું ભાગ્યે જ બને... છ મહિને 300 રૂપિયા જ દેવાય માંડ ને મૂળગા એમ ને એમ ઊભા જ રહે. જોકે વર્ષો સુધી મુદ્દલ ન આપો તોય વેરશીને એમાં જરાય વાંધો નહીં. એને છ મહિને 300 રૂપિયા મળવા જોઈએ. એ ન મળે તો પછીથી વ્યાજ 800 રૂપિયા પર ગણાવાનું શરૂ થઈ જાય... ગામમાં જેના ફળિયામાં વેરશીનાં પગલાં પડે ત્યાં ઘડી બે ઘડીમાં જ ગોકીરો બોલે. આજેય વ્યાજખોરોની વાતું વાંચું ત્યારે મૂછે વળ દેતો વેરશી મારી આંખ્ય સામે ખડો થઈ જાય છે. એને ધીરે બોલવા કરગરતી બા દેખાય છે.

બા પણ બાપુ જેવી મોઢાની મોળી થાય તો ગાડું ચાલે કઈ રીતે ? કદાચ દુનિયા સામે બાખડી બાંધવાનો, એકલા હાથે દુનિયાને ઘોળીને પી જવાનો ગુણ અમને બેનોને બા પાસેથી જ મળ્યો છે. બાની ખુમારી ને ખુદ્દારીએ અમને લડતાં શિખવાડ્યું છે. એકલા હાથે ઝૂઝતાં શિખવાડ્યું છે.

પાસે બેસાડીને લાડ કરવાનો કે વાર્તા સંભળાવી સુવડાવવાનો વખત તો એ કાળમાં દીવો લઈને ગોતો તોય જડે એમ નોતો. થાકીને ટેં થઈ જતી બા માંડ ખાટલો ભાળતી હોય એમાં વાર્તા ક્યાં કહે ? પણ અભરાઈ ઊટકતાં, ગારિયાં ખૂંદતાં, ગાર્યું કે દયણાં કરતાં, ભીંત્યુંને ત્રાટાં બાંધતાં બાએ વાર્તાયું કીધી છે અને અલકમલકનાં ગીતોય સંભળાવ્યાં છે. કોઈ ગામડું એવું તો હોય જ નહીં જ્યાં ભૂત-પ્રેતની વસ્તી ન હોય ! રૂંવાડાં ઊભાં થઈ જાય એવી શૈલીથી, કંઈક ભૂતને ભાળ્યાં હોય એવી ઢબે બા વાતું માંડતી...

કાયમ ઊંચા માથે લડી શકાય, બોલી શકાય એ માટે સાચું બોલવું ને સાચું કરવું પડે એવું એણે વગર કહ્યે શિખવાડ્યું છે. આટલાં વર્ષોમાં ક્યારેય કોઈ ભાઈબેનને કોઈ જાતનો પ્રશ્ન પૂછ્યો નથી. કોઈના નિર્ણયની આડે આવી નથી. કોઈ નિયમો કે નિયંત્રણો વગર જ બાએ અમને મોટાં થવા દીધાં છે. વિશ્વાસ અને જવાબદારીનો પાઠ અમે એના આવા વલણથી જ શીખ્યાં હઈશું ને ?

ગામડામાં મોટા થવાને કારણે ધર્મ બધાંના ઘરના ઉંબરાની અંદર જ રહેતો. ગણેશચોથે અમારા ઘરે તપેલું લાડવાથી છલકાઈ જાય ને ઈદના દિવસે એ બધાં ઘરોની ગણતરી પ્રમાણે જ ખીર બને. ગુરુકુલમાં ભણવાને કારણે મેં શુદ્ધ શાકાહારી બનવાનું નક્કી કર્યું ત્યારે બા કંઈ ન બોલી... પણ મારા ચાંદલા સામે એનો વિરોધ લાંબો ચાલેલો.

હું કેટલી આડી છું એ હવે એણે સ્વીકારી લીધું છે એટલે મારા બદલાની માનતા પણ એ જ માને છે. મારી મણકાની તકલીફ જન્મજાત છે એવું કેટલીવાર સમજાવું તોય મારી પીઠ માટે એ પોતાની પીઠ વળી જાય એટલી બાધા આખડી રાખીને બેઠી હશે.

આજે બા મારી પાક્કી દોસ્તાર છે... હું ઘરે જાઉં ત્યારે એની વાતું ખૂટતી નથી... અહીં જાણે હું ખાતી જ ન હોઉં એમ એ વેકેશનમાં મારી થાળીનું ધ્યાન રાખે... અને પાછી આવું ત્યારે ભેળા ડબ્બા બંધાવે... વાતોના કલાકો ટૂંકા પડે છે આજે. પણ નાનપણમાં અમારે બેઉને બારમો ચંદરમા હતો. હું નાનેથી જ કામની ચોર ને થોથાંઓની શોખીન. ઘરમાં તો ક્યાંય ખાલી ખૂણો હતો નહીં એટલે વાડ્યના છાંયે કે લીમડા હેઠળ ગમે ત્યાં ખાટલો ઢાળી ચોપડી લઈ વાંચ્યે રાખું. બાનું ધ્યાન જાય એટલે કાળઝાળ. ઘરમાં બડાબૂટ કામ પડ્યું હોય, બા પહોંચતી ન હોય, વેકેશન હોય ને તોય આપણા રામ એયને ચોપડી વાંચતા હોય. પછી ઘીની નાળ્યું જેવી બાની ગાળ્યુંનો વરસાદ વરસે... જોકે મને ભાગ્યે જ અસર થતી. મોટા ભાગે તો ચોપડીમાં જ ધ્યાન હોય. ને ધારો કે રડ્યુંખડ્યું કાને પડી જાય તો એક કાનેથી સાંભળી બીજા કાને કાઢી નાખતી... વળી નાનપણમાં બા નાનાભાઈનો પક્ષ જરા વધુ પડતો લેતી એટલે હું અકળાતી, ભાઈને કામ કેમ નથી ચીંધતી એવો પડકાર ફેંકતી. 'ભાઈ થાળી

ઉપાડે છે ? વાસણ ઊટકે છે ? તો હું શા માટે ?' વાળી દલીલથી બા મગજ ગુમાવતી. બધી વાતે સામો જવાબ વાળું જ એટલે મારે ને બાને જામી ન હોય એવો દિવસ ગોત્યો ન જડે.

આજેય વાતો કરતાં કરતાં બા અચૂક કબૂલે છે : 'પાંચ ભાંડરડાંમાંથી કોઈને ટાપલીય નથી અડાડી... પણ તેં મારા હાથનો માર બહુ ખાધો છે. પણ તું હતી જ જિભાળી.' મારા ચોપડાના કબાટ સામે જોઈને નિસાસો નાખે : 'તનેય બેન ખરું ભૂત ભરાણું સે આ થોથાનું, વાર્તાયું તો ઠીક પણ આ બીજા બધાયને તું શું કરીશ ?' એ મારી સાથે થોડાક દા'ડા રહેવા આવી ત્યારે 'ભગવદ્‌ગોમંડળ'નું પાર્સલ આવેલું. આદતવશ એણે કેટલા રૂપિયા થયા?' પૂછ્યું ને મેં બિલ ધર્યું. બિલ જોતાંવેંત ભડકો થઈ ઊઠીઃ 'વાલની વીંટી જેટલું સોનું તો છે નંઈ તારી પાંહે ને આવાં થોથાંમાં પૈસા કાં બાળતી હઈશ?' વૅકેશનમાં ચોપડીને હાથ અડાડું એટલે એ અચૂક પૂછેઃ

'ભણવાની છે ?'

'ના'

'તો પછી આંખ્યું કાં ફોડતી હઈશ ?' કાંક્ય વાતું કર્ય, વાર્તાયું કે.. આ થોથું લઈને કાં બેહી ગઈ...' મને લાગે છે એના આ વિરોધની સામા થવાની ચાનકમાં જ નાનપણથી મારો પુસ્તકપ્રેમ વધતો ગયો હશે.

'74-75'નાં વર્ષોમાં રૅશનકાર્ડ પર પટ્ટાવાળું 25 મીટર કાપડ મળતું. મેલખાઉ રંગના એકસરખા કાપડમાંથી અમારાં ભાઈબેનનાં કપડાં સિવાતાં એટલે આજે જ્યારે હું ભાઈની દીકરી માટે પરી જેવાં રૂપાળાં ફરાક લઈ જાઉં છું ત્યારે મેં ભાગ્યે જ બાને રાજી થતી જોઈ છે. ફરાક પર હાથ ફેરવીને 'તમને તો હું કેવા સીવી દેતી નંઈ ?' એવું અચૂક બોલે... કિંમત પૂછ્યા વગર સાડલો ન પેરી શકે. ભાર્યે લૂગડું ઘરમાં થોડું પેરાય ! એ એની દલીલ. અમે લાખ સમજાવીએ કે પૈસાની કંઈ કિંમત નથી. પૈસો આવે ને જાય.. અત્યારે છે ત્યારે જલસા કરને... પણ બાનો જીવ ધરાર ન ચાલે. એ અમને ત્રણ થરાં થીગડાં મારી દેતી એ ન ભૂલી શકે... અમેય મનમાં તો ઘણુંય સમજીએ કે જેણે પાઈ પાઈની કિંમત જાણી હોય, નાખી દેવા જેટલી રકમ માટે કડવા ઘૂંટડા ગળ્યા હોય એને પૈસાની કંઈ કિંમત નથી, એ કઈ રીતે સમજાવી શકાય ?

દુનિયા સામે એને ઝાઝા સવાલો નથી.. પણ મારી સામે છે.. ભણી લીધા પછી કેમ વાંચવાનું ? લખવા નો બેહાય તો કોણ પાણો મેલવા આવે છે લખવા માટે ? નો લખે તો તારું કાંય જાય ? ઘરથી આટલી આઘે નોકરી કેમ ? બદલી કેમ નથી કરાવતી ? તને પોતાને તો વાર્તાયું લખતાં આવડતી નથી તો બીજાની પંચાત શું કામ કરતી હઈશ ? આ બધા મારી બાના કાયમી પ્રશ્નો છે. ને નાનપણમાં બધી વાતે સામા જવાબ દેનારી પાસે એકેય પ્રશ્નનો એને ગળે ઊતરે એવો જવાબ નથી.

**('સંબંધોનું આકાશ'માંથી)**

## શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**નોખી**-અલગ, જુદી; **હાટડી**-નાની દુકાન, હાટ; **માલીપા**-અંદરની બાજુએ; **કાંય**-કાંઈ, કંઈ; **ઝાવાં નાખવાં**-વલખાં મારવાં, પ્રયત્નો કરવા; **ધાસ્તી**-દહેશત, બીક, ભય; **આજીજી**-વિનંતી, કાલાવાલા; **શેર**-લગભગ 480 ગ્રામ જેટલું; **ભળકડે**-વહેલી સવારે; **ભેળી**-સાથે; **ધમારવું**-સ્નાન કરાવવું; **ગાંહડી**-ગાંસડી; **અડાયાં**-થાપ્યા વગરનાં, રસ્તામાં પડીને સૂકાઈ ગયેલાં છાણાં; **ભેળું**-ભેગું; **ઠામડાં**-વાસણ, ઠામ, પાત્ર; **ધોડાં કરવા**-દોડાદોડી કરવી; **હાર્યે**-સાથે; **લત**- ટેવ, આદત; **ધરાર**-પરાણે, બળજબરીથી; **મુદ્દલ**-મૂળ મૂડી, રકમ; **ચાનક**-ઉત્તેજન, ઉત્સાહ; **ટિંગર**-બાળકોની ટોળી; **બઢો**-મોટો જાડો રોટલો; **ફળફળતું**-ગરમાગરમ; **પાડોહ**-પડોશ; **સીંદરા**-દોરડા; **ડાંડો**-કેડ; **લુશલુશ**-ઉતાવળે; **વેતા મેલવા**-જવું; **ત્રાટું**-ભીંતનું વરસાદ સામે રક્ષણ કરવા સાંઠીથી ગૂંથેલી આડશ; **ખૂબ ગરમ**-(અહીં) ગુસ્સાવાળું; **કાઠું**-ઘણું મુશ્કેલ; **બાખડી બાંધવી**-સામનો કરવો; **આખડી**-અગડ (કશુંક ન ખાવું કે ન વાપરવું); **બડાબૂટ કામ**-અપાર કામ; **જિભાળું**-ખૂબ બોલનારું, જવાબ આપનારું.

•

# 5 વીરભૂમિ



**અરવિંદ પંડ્યા**

**(જન્મ: 28-10-1945)**

અરવિંદ એમ. પંડ્યાનું વતન સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર પાસેનું રાયગઢ છે. હાઈસ્કૂલના આચાર્ય તરીકે કામગીરી કરી હાલ નિવૃત્ત જીવન ગાળે છે. 'વિછૂડો', 'મહાકાલ', 'મોહભંગ', 'વીરભૂમિ' તેમનાં ત્રિઅંકી નાટકો છે. 'તૃષ્ણા', 'ગુલાબી સ્વપ્ન', 'જઠરાગ્નિ', 'હું નથી' તેમનાં એકાંકી નાટકો છે. નાટ્યલેખક, દિગ્દર્શક અને અભિનેતા તરીકે તેમનું મહત્ત્વનું પ્રદાન રહ્યું છે.

અંગ્રેજોએ ભારત દેશને ગુલામ બનાવ્યો. સ્વતંત્ર થવા માટે તમામ ભારતવાસીઓએ સઘન પ્રયત્ન કર્યો. ગાંધીજીના રાહે ચાલીને આઝાદી મેળવી. ગુજરાતમાં આદિવાસી ગરાસિયા (ભીલ) લોકોએ આઝાદી માટે અનેક બલિદાન આપ્યાં પરંતુ તે ઘટનાને પ્રસિદ્ધિ મળી શકી નહિ. જલિયાંવાલા બાગના હત્યાકાંડથી પણ ભયાનક હત્યાકાંડ અંગ્રેજોએ પાલ-દઢવાવ સ્થળે આચર્યો હતો જેમાં1200 જેટલાં વનવાસીઓએ પોતાના પ્રાણનું બલિદાન આપ્યું હતું.

ગુજરાત સરકારે દઢવાવ (સાબરકાંઠા જિલ્લા)માં શહીદોને શ્રદ્ધાંજલિ સ્વરૂપે સ્મારક પણ બનાવ્યું છે. શાળામાં ભજવી શકાય તેવું આ નાટક આઝાદીમાં અપાયેલા આદિવાસીઓના બલિદાનોને વાચા આપે છે.

---

**પાત્રસૃષ્ટિ**

(1) પ્રવક્તા (2) મોતીલાલ તેજાવત (3) જીવાકુશકા ખરાડી (4) સુરજી નિનામા (5) જનરલ ચટ્ટન (6) અંગ્રેજી તથા દેશી સોલ્જર-4 (7) આદિવાસી નેતાઓ તથા સ્ત્રીઓ-પુરુષો-બાળકો.

પ્રવક્તા :- અરવલ્લીની ગિરિમાળામાં આવેલા સાબરકાંઠા જિલ્લાના ઈશાનિયા ખૂણે આવેલ આદિવાસી વિસ્તાર પાલ દઢવાવની આ સત્ય ઘટના છે.

તા.7-3-1922 ના ગોઝારા દિવસે અંગ્રેજોએ જલિયાંવાલા બાગના કુખ્યાત હત્યાકાંડને શરમાવે તેવો ઘોર હત્યાકાંડ અહીં આચર્યો હતો.

1200 જેટલા ભોળા અને નિર્દોષ આદિવાસી વનપુત્રોની નિર્મમ હત્યા કરી હતી. વળી આ ઘટનાને છુપાવી પણ હતી. ગુજરાત સરકારે આ સ્થળને શહીદ સ્મારક વીરભૂમિ બનાવી શહીદોને શ્રદ્ધાંજલિ આપી છે.

વર્ષોથી આ પહાડી પ્રદેશમાં ખમીરવંતા, ડુંગરી-ભીલ-આદિવાસી વનપુત્રો સરળ અને સ્વતંત્ર મિજાજી વનજીવન જીવતા હતા. આ ભોળા આદિવાસીઓ પર ગોરા અંગ્રેજી શાસનનો કાળો પડછાયો પડ્યો હતો. તેમની સ્ત્રીઓનાં શિયળ લૂંટાતાં... ઢોર પડાવી લેવાતાં... કમરતોડ વેઠો કરાવાતી... નવા નવા ચિત્ર-વિચિત્ર વેરા લેવાતા. છેવટે આ વિસ્તારના પ્રજાજનોએ વિદેશી શાસનના ત્રાસથી કંટાળી, સંગઠિત બની, આઝાદી માટે એકતાનો શંખ ફૂંક્યો. એના નેતા હતા રાજસ્થાનના મેવાડ - કુલીયારી ગામના વણિકપુત્ર નરશાર્દૂલ મોતીલાલ તેજાવત.

(ઊભેલા મોતીલાલ ઉપર પ્રકાશ)

પ્રવક્તા - આજે અંગ્રેજો વિરુદ્ધ તેમણે અહીં મોટી સભા બોલાવી છે. આઝાદી માટે ચિનગારી ચંપાઈ છે. બારસોથી પંદરસો જેટલા આબાલ વૃદ્ધ આદિવાસી પ્રજાજનો ડુંગરે ડુંગરેથી નાચતાં ગાતાં ઉમટી પડ્યાં છે.

(બાજુમાં ઊભેલા જીવા કુશકા ઉપર પ્રકાશ)

પ્રવક્તા - આ છે જીવા કુશકા ખરાડી, મોતીલાલનો જોડીદાર. ચપળ અને કુનેહબાજ આદિવાસી નેતા. (ફૂલ લાઈટ) સભા ભરાયેલી છે.

**પ્રજાજનો:** મોતાબાવજીની જે... મોતાબાવજીની જે... જીવા કુશકા ખરાડીની જે...

**મોતીલાલ:** મારાં આદિવાસી ભાઈઓ તથા બહેનો... પાલ સ્ટેટના શાસનકર્તાને અંગ્રેજ ગોરાઓએ નિર્દયી બનાવ્યા છે, પણ તમે આત્મસન્માનથી જીવજો, કોઈની આગળ રતીભાર પણ ઝૂકશો નહીં... આઝાદી એ જ ઉપાય છે.

**જીવા કુશકા:** હેતા (બધા) ભાઈઓ અને બુનો. મોતાબાવજીએ રાઈટ બાત કીધી હૈ. આપણે બધાએ, એક સ(એક જ) થવાનું સેં... હવે ગમે ઈમ થાય લા, જીવ કાઢી આલો... મરો કે મારો લા...(દૂરની ટેકરી પરથી ભયસૂચક ઢોલનો સંકેત આપતો અવાજ સંભળાય છે. બે-ત્રણ આદિવાસી નેતા ઊભા થઈ જાય છે.)

**આદિવાસી નેતા-1:** (સાંભળીને) જોખમનો ઢોલ વાગે હૈ...

**જીવા કુશકા:** મોતા બાવજી તમારા સાથે જોખમ સે... મને ઈનો અણસાર આવી ગ્યો તો.. જુઓ પવનવેગી હોંઢણી પેલી પૂંઠે તૈયાર હૈ... તમારા માટેસ તૈયાર હૈ, હોંઢણી પર બેહી (બેસી) ને નાહો (નાસો).

**બધા:** તમ તમારે નાહોં (નાસો).

**મોતીલાલ:** હટ્... (દૃઢતાથી) કોઈ જોખમ નથી. તમારું જોખમ એ જ મારું જોખમ છે.

**આદિવાસી નેતા-2:** તમારા માથે અંગ્રેજને ખાર (વેર) હૈ, બાવજી.

**મોતીલાલ:** નહીં... નહીં તમને રેઢા મૂકી હું કદી નહીં જાઉં.

**જીવા કુશકા:** તમને કંઈ ના થવું જુજ્જે (જોઈએ), તમો અમારી ચંત્યાં (ચિંતા) હૈં (કેમ) કરો હા(મોતીલાલ દૃઢતાથી ના પાડ્યા કરે છે, બધા બળજબરીથી ઊંચકીને 'નહીં બાવજી, નહીં બાવજી, નાહી સૂટો (છૂટો)' કરતા સ્ટેજની એકબાજુએ અંદર લઈ જાય છે... અને સોંઢણી પર બેસાડી રવાના કરી દે છે.)

(સ્ટેજની બીજી બાજુએથી પરેડ કરતાં અંગ્રેજ જનરલ ચટ્ટન, બે અંગ્રેજ સોલ્જર તથા બે આદિવાસી સોલ્જર, સુબેરદાર સુરજી નિનામા વગેરે દમામથી પ્રવેશે છે.)

**સુરજી નિનામા:** (આંખો કાઢી) આંઈ (અહીં) ઢોકળિયા કૂવા માથે બધા ભેગા થયા હોં એમ કે? મોતીલાલ કિમનો ગીજ્જો (ગયો) મુ પુંછું હું, કિમનો ગીજ્જો મોતીલાલ.

**જનરલ ચટ્ટન:** એય ટુમ લોગ ઈતને સારે બદમાસ, ક્યા કરટે હો? કિઢર ગયા મોટીલાલ? બોલો, નહીં તો માર ડાલુંગા...

(જીવા કુશકા તથા બીજા મોતીલાલને રવાના કરીને આવતા જુએ છે, શંકાશીલ થઈ)

એય... ટુમને ભગા ડીયા ઉસકો કીસ ટરફ ભગાયા મોટીલાલ કો?

(મોતીલાલ ગયો તે બાજુ જોઈ ચોંકે છે.) કમ ઓન સોલ્જર... ક્વીક, દોડો. ઈધર હી હોગા, પકડો ઉસકો... ચલો... (ચટ્ટન તથા બીજા સોલ્જરો તેની સાથે દોડે છે. ફક્ત સુરજી નિનામા સ્ટેજ ઉપર આ ટોળાને સંભાળે છે.)

**અંગ્રેજ સોલ્જર:** (દોડતાં દોડતાં) ખડા રહે... ઢેમ... હેવાન... (બધા વિગમાં જતા રહે છે)

(બંદૂકની ચાર ગોળીઓ છૂટવાનો અવાજ સંભળાય છે.)

**અંગ્રેજ સોલ્જર:** (અંદરથી) ભાગ ગયા... સાલ્લા... ઉસ તરફ દોડો...

(ટોળું હાશકારો કરે છે) (સ્ટેજ ઉપર સુબેરદાર સુરજી નિનામા અને જીવા કુશકા તથા પ્રજાજનો સામ સામે આવી જાય છે.

**જીવા કુશકા:** (સુરજીને) એલા, તું તો આપડાવાળો ભીલ હૈ લા, આપડી નાતનો હૈ, ચિતરિયા પાલનો હૈ!

**આદિવાસી નેતા-1:** ચિતરિયા પાલનો હૈ ?

બધા સભાજનો - હૈ... હૈ... ચિતરીયા પાલનો હૈ...

**સુરજી નિનામા:** હા, હા... હું સુરજી નિનામા... અંગ્રેસ પલટનનો એમ.બી.સી. સુબેરદાર હું.

હું ચિતરિયા પાલનો હું. મારી પાહેં બંધૂકવાળી આપડાવાળા ભીલોની મોટી પલટન હૈ... બોલ ?

**જીવા કુશકા:** તું હૈ (કેમ)અણાના (તેમના) હાથે થઈ ગીજ્જો હૈ ?

**આદિવાસી નેતા-2:** પણ... આંઈ કીમ (કેમ) આજયો (આવ્યો) હૈ ?

**જીવા કુશકા:** એ તો અંગ્રેજ રાજનું માનવી હૈ લા...

**સુરજી કુશકા:** શબા... હો... (શાબાશ), ભીલ થઈને ભીલને જ ભડાકે દેહે લા, આજ મગરાં (ડુંગરાં) નો માનવી થઈને આ જ મગરાંના લોકોને મારહેં લા... ને આ અંગ્રેજ હાકેમના કહેવાથી?

હાક... થૂ... (બધા સભાજનો ડચકારા બોલાવી) હાક... થૂ... આપડાવાળો થૈને ?

**આદિવાસી નેતા-1:** મારા હાહરા (સસરા) ખોદહા (પૂતળા) એ ભોપાના નેજા (ધજા) નેંચેં (નીચે) પેંઠો હૈ...લા...

**આદિવાસી નેતા-2:** આપડાવાળા થૈ ને ?

**અંગ્રેજ સોલ્જર:** (પ્રવેશીને) (જીવા કુશકાને) તુમને ભગા દિયા ઉસકો ? મેં ટુજે ગોલી માર ડુંગા...

**ચટ્ટન:** (ગુસ્સે થઈ જાય છે)... એય... ભીલ ક્યો બૈઠે હો અભી ટક ? ચલો... જિસ કો જિંદા રહના હૈ, ટુરટ ભાગ જાઓ ઈધર સે... જાઓ... (કોઈ ખસતું નથી)

**સુરજી:** એકવાર કિયેં હૈ (કહીએ છીએ)... નાહોં (નાસો) બધા.

**ચટ્ટન:** જો દસ ગીનને ટક નહીં ભાગેગા, ઉસકો ગોલી માર ડેંગે.

**બધા સભાજનો:** (મોટેથી) કાળિયા દેવની જે... કાળિયા દેવની જે...

**સુરજી:** હેલા મગરાં ઉપર... ઓટોમેટિક મશીનગન સડાવી (ચઢાવી) હેં, લબલબી દબાવેં એટલીસ વાર હૈ... લા..., તમારાં તીર કામઠાં કામ ની લાગે... જાઓ અબીને અબી નાહી સૂટો બધા.

બધા સભાજનો - (મોટેથી) નહીં નાહવાના...

**સુરજી:** મશીનગન ચેવી (કેવી) હૈ, જાણાં સાં (જાણો છો)... એંહ... એકબાજુ ગોળીઓ ઓરાતી જાયને બીજી બાજુ ફૂટતી જાય... ને... ધા સાફ...

**ચટ્ટન:** એક... દો.... તીન....

**જીવા કુશકા:** (હિંમતથી આગળ આવી) કોઈ ની (નહીં) ભાગવાનો, (સુરજીને બતાવી)કોઈ આની જેમ બાયલો કે બીકણ નહીં. આપડે તો એક સ (એક જ) થઈને વટ રાખવાના, આઝાદ થવાના

બોલો... મોતા બાવજીની જે... મોતીયા પીરની જે...

(ગગનભેદી જયજયકાર થાય છે, કોઈ ભાગતું નથી.)

**સુરજી:** અણામાં (અહીયાં), મી (હું) એકલો ભીલ નહીં, એં... મશીનગન ચલાવવા વાળો, ને આખી રેજિમેન્ટ ભીલનીસ હેં... લા... આ જગા ગોઝારી થાહેં... બૈરાં સોરાં રવડી પડહે... હાસું (સાચું) કઉં (કહું) હું (છું). (ટોળા સભામાંથી કોઈક છૂપી રીતે દેશી તમંચા દ્વારા ચટ્ટન ઉપર ફાયરિંગ કરે છે. ચટ્ટનનો ટોપો માથેથી નીચે પડી જાય છે)(સોલ્જરો પોઝિશન લઈ લે છે.)

**ચટ્ટન:** (ગુસ્સે થઈને, સભાજનોને) કીસ ને, કીસને મેરા ટોપા ઉછાલા (બધા હસી પડે છે, મશ્કરી કરે છે, ચટ્ટન વધારે ગુસ્સે થઈ જાય છે.)

માર જાયેંગે સબ ગરાસિયે કો... ચલો... ભાગ જાઓ...

બધા - નહીં... ની... હટવાના...

**આદિવાસી ટોળું:** ગણકા ખાંમદ (ગણપતિ ભગવાન) ને નવ લાખ દેવીઓ આપડી સાથે હૈ... લા...

**આદિવાસી ટોળું:** કાળિયો દેવ આપડી હાથે હૈ...

**આદિવાસી ટોળું:** હોળીની રમણા કરો ને અતારિયો (અંધારિયો) યુગ પૂરો કરો.

**આદિવાસી ટોળું:** આકો કરી અંગ્રેજોને પીયાલામાં ઘાલો લ્યા...

**આદિવાસી ટોળું:** શાબા... હો...., ઓવે... પાઈ ઓવે... કો ની નાહવાના...

(બધા ચિચિયારીઓ પાડે છે, ઝનૂન વ્યાપે છે. થોડાંક તીર છૂટે છે)

(ચટ્ટન આદેશ કરે છે, ફાયર! ગોળીબાર શરૂ થાય છે. ઓટોમેટેક મશીનગનથી ગોળીઓ દડાધડ છૂટે છે. સ્ત્રી-પુરુષો-બાળકો આગળને આગળ આવે છે. અંગ્રેજોને શાપ આપે છે. ગુસ્સો ઠાલવે છે, ગાળો બોલે છે, પથ્થરો મારે છે, ભાલા ફેંકે છે. મરે છે. જેમ જેમ મરે છે તેમ તેમ બીજા આગળ આવતા જાય છે.)

**આદિવાસી સ્ત્રી:** તને.. તને ગરતિયો પીર ભરખે મૂઆ રાખ્ખસ.

**બીજી આદિવાસી સ્ત્રી:** (રણચંડી બનીને) તને પેરવ (ભૈરવ) ખપ્પર ભરી ભરખે મુવા! લોહીની નદીઓ ખડૂકા (ધોધ) લેહે... પણ બધા આઝાદ થહેં. (કલાકારોની ગોળાકાર અવર જવર ગોઠવવી જરૂરી) લાશો પડે છે... લાશોના ઢગ ખડકાઈ જાય છે. કેટલીક કુવામાં પડે છે. દર્દનાક ચીસો, ઉંહકારા સંભળાય છે. બધા જ આદિવાસી મરી જાય ત્યાં સુધી ખૂની ખેલ ચાલે છે.)

**સુરજી નિનામા:** (બધા મરેલા ઉપર નજર ફેરવી) (ચટ્ટનને સલામ ભરી) યહ, સબ લાશોં કા ક્યા કરેંગે સર...

**ચટ્ટન:** યે કુએ મેં ફેક દો... સબ...

**સુરજી નિનામા:** સર, આ લાશોથી કૂવો ભરાઈ જાહે સર...

**ચટ્ટન:** બાકી લાશોં કો ઉસ નદી મેં ગાડ દો, કિસીકો પતા ન ચલે.
(સોલ્જરો ઊંચકીને કૂવામાં નાખે છે. તે પહેલાં તેમનાં માદળિયાં કાનની બુટ્ટીઓ વગેરે લૂંટી લે છે. કેટલાંકને જીવતા જ કૂવામાં નાખી દે છે.)

**જીવા કુશકા:** (સંતાયેલો છે. વિકરાળ થઈ વાઘની જેમ છલાંગ મારી પાછળથી ચટ્ટન પર કુદે છે. તેને પાડી નાખે છે. તેની રિવોલ્વર ખેંચી લઈ તેને મારવા ઉગામી ઘોડો દબાવવા જાય છે.)
હત્યારા....

**સુરજી નિનામા:** (તુરત ઓચિંતો પોઝીશન લઈ, જીવા કુશકાની પીઠ ઉપર ગોળી મારે છે) લે... આપડાવાળા.

**જીવા કુશકા:** (પીઠ પર ગોળી વાગવાથી, મરતાં મરતાં સુરજી સામે જોઈને) સાલે... કાલે.. અંગ્રેજ... થૂ... થૂ...

**ચટ્ટન:** (હાથ ખંખેરી ઊભો થઈ) થેન્કસ... દેશી... થેન્કસ... (આશ્ચર્ય)
બાસ્ટર્ડ... કોઈ બી ભીલ યહાં સે ભાગા નહીં, સબ કે સબ ગરાસિયે મર ગયે સાલ્લે... કમાલ કે લોગ હૈ યે... આઝાદી કે દીવાને....
**સ્ટેજ પર ધીરે ધીરે અજવાળું થાય છે.**

**પ્રવક્તા:** આવાં અનેક હિંસક અહિંસક આંદોલનો પછી 1947માં દેશને આઝાદી મળી, ત્યાર પછીનાં ત્રણ વર્ષ બાદ 1950નો એક દિવસ જુઓ. (કૂવાના થડા પર ઊંધો પડી જીવતા મડા જેવો સુરજી નીનામા હૈયાફાટ રુદન કરે છે. ગાંધીવાદી બનેલા વૃદ્ધ મોતીલાલ હાથમાં લાકડી લઈ પ્રવેશે છે. સુરજી... મોતીલાલના પગ પકડી લે છે. રડે છે.)

**મોતીલાલ:** છાનો રે.. ભૂંડા, તારા ભાઈઓનું કાસળ કાઢતાં કાઢતાં હવે નિવૃત્ત થયો ને દેશ અહિંસક તાકાતથી આઝાદ થયો છે. સ્વાધીન થયો છે.
અહીં લોકો ભેગા થાય તે પહેલાં... તું તારા ઘર ભેગો થઈ જા. ને સુખેથી આરામ ફરમાવ.

**સુરજી નિનામા:** મુ... મારા વતનના ખોલરા (ઘર) માં પગ નઈ મેલું, આ ઢોકળિયા કૂવામાં મારાવાળા સુતા સે... મનથી મરી જયો સું, બાવજી ! (ગાંડાની જેમ દોડે છે) તમારી રાહ જોતો હતો. મને હવે રોખશો નહી... બાવજી.
(આક્રંદ કરતો કૂવામાં કૂદી પડે છે, મોટેથી બોલે છે)... હે... રામ.

**મોતીલાલ:** (કૂવામાં ડોકિયું કરી)... હે... રામ, આદિજાતિ પ્રજાના વજ્જર જેવા દેહ અને ફૂલ જેવા કોમળ હૈયાનો ક્યાંય... જોટો નથી... હે... રામ.

**('વીરભૂમિ'માંથી)**

## શબ્દ-સમૂજતી

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**નિર્મમ**-મમત્વ વિનાનું; **નિર્દય**-દયા વગરનું; **રતીભાર**-સહેજ પણ; **દમામ**-દબદબો, ભપકો; **ચિતરિયા પાલ**-સાબરકાંઠા જિલ્લાનું એક ગામ

### તળપદા શબ્દો

**રવડી પડહે**-ખડી જશે; **ગોઝારી**-હત્યારી; **બૈરાં સોરાં**-બૈરી છોકરાં; **કાળિયો દેવ**-શામળિયાજી; **રમણા**-ઉજવો; **ખડૂકો**-ધોધ; **મડા**-મડદું; **ખોલરું**-ઘર; **રાખ્ખસ**-રાક્ષસ

●●●